સંવત ૨૦૦૯]　　　　પ્રથમ આવૃત્તિ, નકલ ૧૧૫૦　　　　[સને ૧૯૫૦

પ્રકાશક
ભીખાભાઈ કૃ. પટેલ
મંત્રી, ચારુતર વિદ્યામંડળ　વલ્લભવિદ્યાનગર

મુદ્રક — શ્રી ભીખાભાઈ કૃ. પટેલ, ગ્રામોદ્ધાર મુદ્રણાલય વલ્લભવિદ્યાનગર

આમુખ

શ્રી ગોકુલદાસ ખાંભડાઈનું કચ્છ સૌરાષ્ટ્રના કર્મયોગીઓમાં અનેરું સ્થાન છે. ઈકોતર બોતેર વર્ષની પાકટ વય સુધી એકધારું સંશોધન કરનાર આ વનસ્પતિશાસ્ત્રી કચ્છના પ્રખર વનસ્પતિશાસ્ત્રી સદ્‌ગત જયકૃષ્ણ ઈન્દ્રજીના પટ્ટશિષ્ય છે. તેમની સાદાઈ, નિખાલસતા વિદ્યાપ્રેમ, ખંત અને નમ્રતા આજના વિદ્યાર્થીને અનુકરણીય ગણાય.

"વનસ્પતિ સૃષ્ટિ"નું નામ અને તેમનાં બહાર પડતાં પ્રકાશનો. મહાગુજરાતે અત્યાર સુધીમાં વિસારેલ 'વનસ્પતિશાસ્ત્ર'ના અભ્યાસની ત્રૂટી દૂર કરે છે. તદ્ઉપરાંત તે વનસ્પતિ સૃષ્ટિને લગતાં સાહિત્યમાં ગૌરવભર્યું સ્થાન લે છે. વનસ્પતિશાસ્ત્રને લગતા આપણા સાહિત્યની ઉણપ આ ગ્રંથોએ પૂરી પાડી છે.

"વનસ્પતિ સૃષ્ટિ"ના પહેલા અને બીજા ખંડમાં શ્રી. ગોકુલદાસ ખાંભડાઈએ આધુનિક પદ્ધતિએ વનસ્પતિઓનું સમુહ રચના પ્રમાણે જુથ વિચારીને તથા અવયવોના મળતાપણાને ધ્યાનમાં લઈને વૈજ્ઞાનિક વિભાગીકરણ કર્યું છે.

મેળવી શકાય તેટલા બધા જ પાશ્ચાત્ય તેમજ ભારતીય ગ્રંથોનું દોહન કરીને દરેકે દરેક વનસ્પતિના આહારિક, ઔષધીય અને આર્થિક ગુણ, ઉપયોગ અને સ્થળની રસભરી માહિતી આપી છે. તેટલું જ નહિ પણ દરેકે દરેક વનસ્પતિના ગુજરાતી ઉપરાંત અંગ્રેજી અને લેટીન ભાષાના નામોની અક્ષર અનુક્રમણિકા 'વનસ્પતિ સૃષ્ટિ' ના બીજા ખંડને છેડે આપી છે. વળી ત્રીજો આખો સ્કંધ વિષય અનુક્રમણિકાનો કર્યો છે. શ્રી ગોકુલભાઇ ખાંભડાઇની આ અનુક્રમણિકાઓ.

(૧) આજના વનસ્પતિશાસ્ત્રમાં રસ લેતા વૈદકીય તથા ડોક્ટરી લાઈનમાં દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓને.

(૨) વનસ્પતિશાસ્ત્ર શીખાડતા પ્રોફેસરોને (Botanists) ને.

(૩) અંગ્રેજી પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ કરે તેમને.

(૪) આર્થિક વિષયના અભ્યાસીઓને આ સમયે 'વનસ્પતિ સૃષ્ટિ'ની એક અમૂલ્ય ભેટ છે. તે માટે મહાગુજરાત લેખકનું કાયમનું ઋણી રહેશે.

વનસ્પતિ સૃષ્ટિના પરના મન ખશ હજાર હજાર પાનાના થાય છે. આ ગ્રંથ તેથી ... ભાગ થયો છે. તે ... પ્રકાર ... ભાઈ શ્રી ગોકુળભાઈનો નિર્ણય ... તેમની આ ... જગતીને તેમનામાં ... સેવા ... તેવી

શ્રી ગોકુળભાઈ ... વનસ્પતિ સૃષ્ટિની આરામમાં જ વિચરી ગયા ... ચોથો ખંડ (... પ્રગટ થાય છે) તે જનતાને ...

આ ગ્રંથ ... માં તેઓએ (૧) આહારિક (૨) ઔષધીય (૩) આર્થિક ઉપયોગની દૃષ્ટિએ વૈજ્ઞાનિક ... અભ્યાસ બનાવી ... વિભાગ ... પોતાના ... ની સચોટ રીત દર્શાવવા ... સાથ ... ઉત્પન્ન ... આ ... અને ... પ્રથક્કરણ કર્યું છે ... વિવેચન ... જ ઉપયોગી થાય ... તેમ છે.

આ ... આ ગ્રંથે ... વિશાળ ... કોઈ ભાઈબહેનને ઉપયોગી ... વેપારી ઉદ્યોગપતિ અને વિદ્યાર્થીઓ ... આ ... શાસ્ત્ર ... મળશે.

શ્રી ગોકુળભાઈ ... આ પ્રમાણે ... જનતા ... તેઓ ... ચોથો ખંડ તૈયાર કરવાની ઉંમરે ... છે. આ ઉંમરે તેમની ધગશ ... તેમનું આરોગ્ય સાચવે અને તેમના હાથે ... ભગીરથ કાર્યમાં તેમને ... કોઈ સાથ આપે. મહાગુજરાતની જનતાને તો મારી એ જ વિનંતિ છે કે આવા પવિત્ર ... વનસ્પતિના જ અભ્યાસ ... છે તેવા આ ગ્રંથ પુસ્તકની સેવાની ... છે.

ડા. એ. બી ત્રિવેદી,
... કોમર્સ કોલેજ
... નગર

તા. ૨૭-૮-૫૨

અધ્યાય ત્રીજો

આર્થિક

ઉરુગ્વે	૧૩૯	...						
વેનેઝુએલા	૩૯૧					૧૩૭	૯૨	૫૦
એશિયા						૩૦૦	૪૮૩	
ચીન	૬૪૮૭					૬૧૨૪	૭૪૬૭	૬૫૦૦
મન્ચુરિયા	૨૦૦૭							
ભારત	૧૬૪૭					૨૧૬૧	૧૭૯૦	૨૦૩૦
ઈન્ડોચાયના	૫૩૮							
જાવા મદુરા	૧૯૫૮					૧૩૧૩	૧૬૦૦	
પાકીસ્તાન	૩૬૪					૪૧૪	૪૧૯	૪૩૦
ફીલીપાઈન	૪૨૭					૪૬૬	૪૭૫	૬૨૦
તુર્કી	૫૫૭					૫૩૧	૬૮૬	૬૦૦
યુરોપ								
આલ્બેનિયા	૧૩૪					૧૪૦		
ઓસ્ટ્રિયા	૧૭૦					૮૯	૧૦૦	૧૦૨
બલ્ગેરિયા	૯૧૨					૭૮૩	૮૯૦	
ઝેકોસ્લોવેકિયા	૨૨૫					૧૧૫	૨૫૨	૨૩૧
ગ્રીસ	૨૪૬					૨૭૬	૨૨૮	૨૪૦
પોર્ટુગાલ	૨૯૫					૩૫૮	૩૫૮	૨૨૦
સ્પેન	૭૦૮					૪૧૦	૮૮૦	૫૪૦

ઓટ *Oat* *Orge*

દેશ — ૧૦૦૦ મેટ્રીક ટનમાં

દેશ	૧૯૩૦	૩૪–૩૮	૧૯૪૪	૧૯૪૫	૧૯૪૬	૧૯૪૭	૧૯૪૮	૧૯૪૯
દુનિયા	૫૨૮૦૦	૪૫૦૦૦	૪૪૯૦૦	૪૬૨૦૦	૪૭ ૦૦	૪૦૮૦૦	૪૯૨૦૦	૪૭૬૦૦
કેનેડા	૬૫૨૬	૫૦૧૮	૭૭૦૬	૫૮૮૫	૫૭૨૩	૪૨૯૮	૫૫૩૪	૫૯૦૩
ફ્રાન્સ	૪૧૫૧	૪૫૭૨	૨૫૮૦	૨૫૮૮	૨૭૭૦	૨૮૧૩	૩૩૮૦	૩૨૨૪
જર્મની	૫૬૫૬	૪૪૫૫	૩૩૬૮	૨૫૫૪	૩૧૦૦	૨૫૮૯	૨૭૩૧	૪૧૪૦
પોલેન્ડ	૨૩૪૮	૨૮૩૦	૨૪૦૪			૧૭૬૭	૨૪૦૨	૨૩૩૩
યુનાઇટેડ કીંગડમ	૨૩૦૨	૨૦૧૮	૩૦૦૦	૩૨૯૭	૨૯૫૦	૨૫૪૯	૩૦૧૦	૩૦૪૨
યુનાઇટેડ સ્ટેટસ	૧૮૫૦૧	૧૩૯૭૩	૧૬૬૮૨	૨૨૨૯૦	૨૧૭૪૨	૧૭૪૧૦	૨૧૬૭૫	૧૯૨૦૩

રશિયા	...	...	...	...	...	...	...	...
આફ્રિકા								
આલ્જિરીઆ	...	૧૫૦			...	૬૨	૧૧૭	૧૪૨
દ. આફ્રિકા	...	૧૦૬			...	૧૨૩	...	...
દ. અમેરિકા								
અરજેન્ટાઈન	...	૭૪૮			...	૮૦૧	૭૦૦	૭૦૦
ચાઇલ કે ચીલી	...	૧૦૮			...	૭૨	૮૫	૪૪
એશિયા								
ચીન	...	૮૮૨			...	૭૦૩	૭૯૦	૭૩૦
જાપાન	...	૧૭૬			...	૬૭	૯૦	૮૭
તુર્કી	...	૨૨૩			...	૧૯૬	૩૨૩	૨૩૯
યુરોપ								
ઑસ્ટ્રિયા	...	૪૩૮			...	૧૯૩	૨૨૫	૨૮૬
બેલ્જીયમ	...	૬૫૫			...	૬૦૯	૩૮૫	૫૮૭
બલ્ગેરિયા	...	૧૨૨			...	૭૭	૧૦૫	...
ઝેકોસ્લોવેકિયા	...	૧૨૧૨			...	૭૧૪	૯૦૮	૧૧૦૭
ડેન્માર્ક	...	૧૦૨૪			...	૮૭૨	૯૮૮	૯૮૨
ફીન્લેન્ડ	...	૬૫૪			...	૪૩૩	૬૪૦	૬૩૩
જર્મની								
ટ્રીઝોન	...	૨૮૬૫			...	૧૬૯૬	૧૯૨૨	૩૦૫૩
સોવિએટ	...	૧૫૯૦			...	૮૯૩	૮૦૯	૧૦૮૭
હંગેરી	...	૨૭૦			...	૧૬૭	૩૩૪	...
આયર્લેન્ડ	...	૫૭૪			...	૬૬૩	૮૦૫	૫૬૮
ઇટાલી	...	૪૩૯				[illegible]	૪૮૬	[illegible]
નેધરલેન્ડ	...	૩૫૧					૩૧૬	
નોર્વે	...	૧૮૩					૧૭૭	
પોર્ટુગાલ	...	૯૬						
રોમાનિયા	...	૫૩૮						

જાડું અનાજ *Rye Seigle*

દેશ							૧૦૦૦ મેટ્રીક ટનમાં	
	૧૯૩૦	૩૪–૩૮	૧૯૪૪	૧૯૪૫	૧૯૪	૧૯૪૭	૧૯૪૮	૧૯૪૯
દુનિયા	૨૫૭૦૦	૨૧૦૦૦	૧૬૭૦૦	૧૧૭૦૦	૧૪૨૦૦	૧૩૯૦૦	૧૮૮૦૦	૧૯૮૦૦
અરજેન્ટાઇન	૧૦૫	૨૫૪	૧૮૮	૨૯૦	૫૫૨	૫૨૧	૨૫૦	૨૨૫
ઝેકોસ્લોવેકિયા	૧૭૮૮	૧૫૬૮	૧૨૧૪	૮૦	૧૧૩૬	૯૮૮	૧૧૨૪	૧૩૩૮
ફ્રાંસ	૭૨૧	૭૬૮	૨૩૪	૨૬૮	૪૬૨	૩૮૪	૬૩૮	૬૫૦
જર્મની	૭૬૭	૫૧૮૨	૪૨૩૮		૩૪૧૧	૩૪૪૧	૪૬૮૦	૫૫૩૪
હંગેરી	૭ ૨	૮૮૭	૬૪૬	૩૦૪	૪૨૪	૪૮૯	૭૮૬	
પોલેન્ડ	૬૯૫૮	૬૮૫૪	૬૦૦૫			૪ ૦૬	૬ ૦૪	૬૭૫૮
સ્પેન	૫૨૭		૩૮૦	૨૨૦	૪૭૦	૩૫૫	૨૮૦	૪૬૦
યુગોસ્લાવિયા	૧૫૫૩	૯૮૦						
રશિયા	૨૨૬૦૦	૨૫૫૦૦						
અમેરિકા								
કેનેડા		૮૦				૨૨૬	૬૪૪	૨૫૪
એશિયા								
તુર્કી		૨૨૬				૨૪૦	૧૪	૨૫૦
યુરોપ								
ઓસ્ટ્રિયા		૫૨૮				૬૦	૨૮૮	૬૧
બેલ્જિયમ		૪૨૪				૧૬૨	૭૮૪	૨૫
બલ્ગેરિયા		૨૬૪				૯૫		
ડેન્માર્ક		૬				૧૭૦	૪૦૦	૪૬૮
ફીનલેન્ડ		૪૦				૧ ૬	૧૮૯	૨૦૬
જર્મની								
ટ્રાઇઝોન		૬૧૪				૮૦૨૩	૨૭૪૯	૩૫૦
સોવિયેટ		૨૦૭૮				૧૪૧૮	૧ ૪૧	૨૦૩૫
ગ્રીસ		૫૭				૪૦	૪	૩૦
હંગરી		૧૪૧				૯૭	૧૧૨	૧૨૫
નેધરલેન્ડ		૪૯૬				૩૧૮	૩૮૨	૫૧૭
પોર્ટુગાલ		૧૦૬				૧૫૧	૧૨૪	૧૩૩
રોમાનિયા		૨૬૫				૬૬		
સ્વીડન		૪૦				૧૪૩	૩૨૨	૨૮૦
યુનાઇટેડ કીંગડમ		૮				૨૨	૪૮	૫૧
ઝેકોસ્લોવેકિયા		૨૦૮					૨૫૧	

ભૂમિકા

સને ૧૯૪૦ માં આ પુસ્તકનો પહેલો ખંડ છપાવ્યો છે તેની પ્રસ્તાવનામાં જણાવ્યા પ્રમાણે વનસ્પતિ જ અંગોમાંથી આહારિક, ઔષધીય, અને આર્થીક ઉપયોગની વસ્તુઓ મળે છે, પાછળ પહેલા અધ્યાયમાં આહારિક અને બીજામાં ઔષધીય વિષયનું વર્ણન જણાવ્યું. હવે આર્થીક વિષયનું જણાવું.

આર્થીક વિષયની વસ્તુઓના ઉપયોગનું વર્ણન ભારતના આર્યોના વખતના અથર્વ વેદની અંદર લખાયેલું છે એમ સાંભળેલ છે. મૌર્ય વંશના રાજા ચંદ્રગુપ્તના મુખ્ય સચીવ ચાણક્યે અર્થશાસ્ત્ર નામનું પુસ્તક રચ્યું હતું એમ પણ સાંભળેલું છે, આ હસ્ત લેખીત પુસ્તકોની નકલો હાલમાં ક્યાં છે, તેની માહિતી નથી, અને તેમાં આ આર્થીક વિષયની હકીકત લખાયેલી છે કે નહિ, તેની સત્યાસત્યની ખાતરી થઇ શકી નથી.

વળી એમ પણ સાંભળ્યું છે કે અગાઉના કોઇ કોઈ રાજાઓએ અર્થશાસ્ત્ર ઉપર ગ્રંથો લખાવ્યાં હતાં તે નાદીરશાહ જેવા આક્રમકોએ બાળી નાખ્યા કે પોતાના દેશમાં લઈ ગયા હતા, અકબર બાદશાહે આઇન અકબરીમાં લખાવેલ હતું. આની પણ પૂરી ખાતરી નથી.

છતાં દિલમાં તો એમ લાગે છે કે જે ભારત શોધકોએ અથાગ સંશોધન કરી, આહાર, ઔષધી, ખગોળ, ગણીત, શિલ્પસ્થાપત્યકળા. સંગીત અને તત્વજ્ઞાન જેવા વિષયો પર શ્રેષ્ટ પુસ્તકો લખ્યાં હતાં, જેના અમૂલ્ય અંશો વર્ષોથી જળવાઇ રહ્યાં છે, જેની પાશ્ચાત્ય નિસ્પૃહી વિદ્વાનો મુક્ત કંઠે પ્રશંશા કરે છે, એવા સંશોધકો આર્થીક વિષય પર કંઇપણ ન લખે એમ ન બને. આ પુસ્તકના વાચકોમાંથી કોઇને આર્થીક વિષયના ભારતમાં પુરાતન કાળમાં લખાયેલાં પુસ્તકોની માહિતી હોય તો જણાવે એવી પ્રાર્થના કરૂં છું. અને તે મળશે તો બીજા ખંડમાં ઉમેરો કરાશે.

આ વિષય પર શ્રી બુદ્ધના વખતમાં સારૂં લખાયું હતું અને બુદ્ધના અનુયાયીઓની શંકરાચાર્ય સાથેના શાસ્ત્રાર્થમાં હાર થતાં તેઓ ભારતને તજી ચીનમાં અને ટિબેટમાં ગયા, એ વખતે એ વિષયના હસ્ત લેખીત ગ્રંથો સાથે લઇ ગયા, ત્યાં એ દેશોના બુદ્ધ મઠોમાં જળવાયાં છે એમ પણ સાંભળ્યું છે, તેની પણ સત્યાસત્યની ખાતરી નથી. ઇજીપ્તના દેવાલયોની ભીંતોપર અને ઝાડોના પાંદડાં પર લખાયેલાં હસ્ત લેખોમાં આર્થીક વિષયની ઘણી બાબતો છે, બેબીલોનિયન, ગ્રીક, અને રોમન વિદ્વાનોએ આ વિષયમાં સારું લખેલું છે અને તેનો લાભ અત્યારના યુરોપના ગોરાઓએ લીધો છે, એવી માહિતી તો મેં પુસ્તક કે ચોપાનિયા દ્વારા વાંચીને કદી કદી મેળવી છે, જો કે જે પુસ્તક કે છાપાં ચોપાનિયામાં વાંચી હતી તેનાં નામો નોંધી લીધાં નથી. મોઢે પણ યાદ નથી.

યુરોપવાસી ગોરાઓ પંદર સોળ સૈકામાં વિજ્ઞાનમાં આગળ વધતાં તેઓએ તો આ વિષયમાં ખૂબ જ લખ્યું છે, એકેક વિષયપર જુદા જુદા લેખકો તરફથી અનેક પુસ્તકો લખાયાં છે, તેથી આપણે હવે આપણા પૂર્વજોની શોધના ઉંડાણમાં થોડું ઉતરતાં એઓના જ્ઞાનનો લાભ લઈએ એ ઘણું જરૂરી છે.

ભારતમાં બ્રીટીશ સરકાર આવતાં એ સરકારે ઉચ્ચ કેળવણીના વિષયો અંગ્રેજી ભાષામાં અપાવવા પ્રબંધ કર્યો. આને લીધે કેળવાયેલા વર્ગના નાના મોટા ભાગને અંગ્રેજી ભાષાનો જ મોહ ચોંટયો, આ કેળવાયેલા વર્ગે ઔષધી વિષયના અંગ્રેજી ભાષામાં તેમ જ પ્રાંતિક ભાષામાં સારા પુસ્તકો

રચ્યા છે, આહાર વિષેનું પણ અને ભાષામાં નવું ઓછું લખ્યું છે, પણ મને જણાવતાં દિલગીરી થાય છે કે માતૃભાષા તો બાજુએ રહી પણ તેઓને વરેલી અંગ્રેજી ભાષામાં પણ આર્થિક વિષયના કોઈ ભારતિ વિદ્વાને પુસ્તક રચ્યા હોય એમ મેં જાણ્યું નથી. સિવાય કે પૂજ્ય જયકૃષ્ણ ઇન્દ્રજીએ વનસ્પતિ-શાસ્ત્ર અને કચ્છની જડી બુટી નામના ગ્રંથોમાં થોડું લખેલું છે.

પરંતુ પરદેશી ગોરાઓએ લખ્યું છે તેથી પૂરું નહિ તોપણ થોડે અંશે સર તો મી વૉટની *એકોનોમિક પ્રોડક્ટસ ઓફ ઇન્ડીયાની ડીક્શનેરી જેવા ૭ વોલ્યુમ મોટા કદના ભારતિય વનસ્પતિના* આર્થિક ઉપયોગના લખાયા છે. એ બધાના દોહન રૂપે એક જુદો સંક્ષેપે પુસ્તક લખાયો છે, તે અને બીજા ગેમ્બલ જેવાઓએ થોડું લખ્યું છે, જો કે એઓએ બ્રીટીશ સરકારના રાજ્ય અમલને લાભ મળે, પોતાના દેશ બંધુઓ ભારતમાંથી લાભ મેળવી શકે એ દૃષ્ટિએ એ ગ્રંથો રચ્યાં હતા, પણ આપણા માટે પણ તે ખુલ્લા છે, તેથી તેનો લાભ લઈ શકીએ છીએ એથી પણ આપણે તેઓના આભારી છીએ.

વળી મી. ઠક્કર જેવા પ્રખર ઓર્ગેનિસ્ટે ભારતની લગભગ એકેએક વનસ્પતિ પર સાત વોલ્યુમમાં તેના અંગોના વર્ણન લખી એ વનસ્પતિનો આપણે પતો મેળવી શકીએ, જુદા જુદા પ્રાંતોના લખાયેલા કેટલાક પણ બીજા યુરોપિયન ઓર્ગેનિસ્ટોએ લખ્યા છે. જેઓનો લાભપણ લઈ શકીએ છીએ. ભારતિય જનતાનો મોટો ભાગ વનસ્પતિની ગણના ફક્ત ઔષધી પુરતી જ કરે છે, સ્વરાજ્ય મળતા સરકાર આર્થીક વિષયના સંશોધન કરાવે છે પણ તે હજુ બ્રીટીશ સરકારના ચોગઠે ગોકળગાયની ગતીએ અને અંગ્રેજી પરભાષામાં જ થાય છે.

આપણી સુજલામ સુફલામ ભારતભૂમી એક વખત આખી દુનિયામાં પોતાની અનેક જાતની વસ્તુઓના ગૃહઉદ્યોગોથી આર્થિક વિષયમાં પંકાયેલી હતી. તે ભૂમીના સંતાનો પરદેશી સત્તા વખતે તો ઠીક પણ આજે પાંચ પાંચ વર્ષ થયા સ્વાધીનતા મળ્યા છતા તેનો મોટો ભાગ બેકારી, અન્ન, વસ્ત્ર અને રહેઠાણની તંગીને લીધે સબળી રહ્યો છે એ ખુબ શોચનિય છે

જે દેશ વિપૂલ સાધનો, કાચા દ્રવ્યો અને રસાયણિક પદાર્થોથી ભરેલો છે, જે દેશમાં હોશિયાર *કારીગરો અનેક વર્ષોથી પરદેશમાં પોતાની કળા ખીલવી રહ્યા હતા, જે દેશમાં સાહસિકતા હતી.* જે દેશમાં જુદી જુદી ઋતુ, જુદે જુદે સ્થળે જુદી જુદી આબોહવા છે તે દેશ આજે હજી અધોગતીમાંથી છુટી શકતો નથી, એ ખરે કમભાગ્ય જ ગણાય

આજે આપણી રાષ્ટ્રીય સરકાર મુડીવાદને પથે ચઢેલી છે દેશ નેતાઓ પર વર્ચસ્વ દેશી પરદેશી યંત્ર ઉદ્યોગ પતીઓ, જમીનદારો અને વેપારીઓનો છે, અન્ન વસ્ત્ર જેવી જીંદગીની જરૂરિયાત વસ્તુઓની બાગડોર પણ એ સર્વસ્વ ધરાવનારાના હાથમાં છે તેઓ પ્રજાના રુધિર સાથે પૈસા કમાઈ રહ્યા છે, બેકારી ભૂખમરો ચોરી લૂંટફાટ અનેક જાતના રોગો, કજીયા તકરારો વધી રહી છે સદીભર લોકો હજુ ઉપવાસની મોજ કરે છે કરોડો લોકો બે હાલ થઈ ગયા છે એ સ્થિતિમાં આર્થિક વિષયની સુધારણા થવી અશક્ય છે, છતા ઈશ્વરે ભારતને મહાત્મા ગાંધીજી જેવા ત્યાગી અને દેશ રત્ન, સુભાષ બાબુ જેવા વીર રત્ન, લાલા લજપતરાય, ભગતસિંહ જેવા આત્મભોગી, સમ્પ્યા હતા છતાં પણ સ્વા દેશ રાજ્યોના દિનમાં આ સ્થિતિ બાળી આગ જલી રહી છે, તે દેશ ફરી ગુલામીમાં નહિ જ પડે, એમાંથી પણ ક્રાંતિ જાગી પોતે મુક્ત થશે આખા જગતને પાઠ શીખવશે એવી ઉંડી ઉંડી અંતરાત્માની લાગણીએ આ વિષયમાં પણ જે મારાં વસ્તુ મળી શકી છે તે દર્શાવું છું

રેસા · *Fiber Fibre*

કુદરતે વનસ્પતિ અને પ્રાણી શરીરની રચના અંદરના ભાગમાં અતિ સૂક્ષ્મ અને કરોડોની સંખ્યામાં કોસ–Cells–ગોઠવીને કરેલી છે. એ કોષોની અંદર એ બંનેની શરીર રચના માટે અને પોષણ માટે નત્રજ, વસા, કર્બોદિત આદિ ભરેલાં હોય છે અને એ કોષો છૂટા તેમ સમુહમાં ગોઠવાઈ શરીરનાં જુદાં જુદાં કાર્યો કરે છે. આ કોષોમાં કેટલાક કોષ વનસ્પતિના શરીરને ટટાર રાખી શકે, પવનના ઝપાટાને લીધે ઉખડી ન જાય એ કારણે લાંબા, ચીવટ, મજબૂત અને કેટલાક બીજા દ્રવ્યો સાથે ચોંટેલા હોય છે. એનું વિસ્તારથી વર્ણન પ્રાથમિક વિવરણમાં જોવામાં આવશે કે જે આ પુસ્તકની શરૂઆતમાં "બે બોલ" ની અંદર જણાવ્યા પ્રમાણે હવેથી છપાવવાનું છે.

આ રેસાઓ પર આવરણ Cell wall–હોય છે, જે પ્રાણી શરીરમાં પાતળી, બીન ઉપયોગી છે. પણ વનસ્પતિના શરીરમાં વધુ અને મજબૂત હોય છે તેથી મનુષ્ય જાતિને માટે એ રેસા કાપડ બનાવવા, દોરી, દોરડાં, થેલાં, તાલપત્રી, વગેરે બનાવવા ઉપયોગી થાય છે. અત્યારે તો રેસા પરના આવરણ શેલ વૉલમાંથી સેલ્યુલોઝની અનેક વસ્તુઓ, અને તેના સાથે કેટલાક મિશ્રણથી પ્લાસ્ટીકની વસ્તુઓ બને છે.

આ રેસા વનસ્પતિઓની છાલ અને પાંદડાંઓમાં હોય છે. તે તો ઉપર જણાવ્યા પ્રમાણે સમજી શકાએ કે વનસ્પતિ શરીરને ટટાર રાખવા અને ઉખડી જતાં બચાવ માટે કુદરતે બક્ષેલાં છે. પણ કપાસનાં ફળોના બીજ પર જે રેસા હોય છે, તે બીજા કોઈપણ દ્રવ્ય સાથે ચોંટેલા હોતા નથી. સફેદ, મૃદુ, ચીવટ, વળ ચડી શકે તેવા અને એ છોડ જલદી અને પુષ્કળ ઉગી નીકળે એવા હોવાથી એમ અનુમાન થઇ શકે કે કુદરતે વનસ્પતિને તેનો ઉપયોગ મનુષ્ય જાતિને મળે એ માટે બક્ષેલાં હોવાં જોઈએ. આવા રેસા બીજા પણ કેટલીક જાતના ફળો પર બીજા દ્રવ્ય સાથે ચોંટયા વગરના મળે છે, પણ તેઓ બહુ લીસાં કે ટૂંકા તારનાં હોવાથી વણાટ માટે નકામાં હોય છે, કુદરતે તે રેસા, મનુષ્ય જાતિ ગાદી ગાદલાં જેવા ઉપયોગમાં લઈ શકે એ માટે બક્ષેલાં હશે? અત્યારના શોધકોએ વનસ્પતિમાંથી જુદી જુદી જાતના રેસા મળે એવા એક હજાર જાતિઓ (સ્પીસીઓ) શોધેલી છે, જેઓમાં ફીલીપાઇન ટાપુઓમાં ૭૫૦ આશરે નોંધે ચડેલી છે. પણ જેના વાવેતર થઇ, વેપારિક બની છે, નિકાસ કરી શકાય એવી તો આંગળીને વેઢે ગણાય એટલી જ છે. બાકીની થોડી સ્થાનિકે જ વપરાય છે

અજબ જેવું તો એ છે કે જે જાતિઓ ભારતમાં પુરાતન કાળથી શોધાયેલી છે, તેમનાજ મોટે માટે વાવેતર થઇ વેપાર ચાલે છે, નિકાસ થાય છે, જો કે તેના વાવેતર વિજ્ઞાનની રીતે બીજ, ખાતર, આબોહવા વગેરેને અનુલક્ષીને કરવામાં આવે છે તેથી તેની નરમાશ, ચીવટ, લંબાઇ વગેરે વધારી શકાયાં છે.

ઉપર જણાવ્યા પ્રમાણે કપાસના રેસા નર્યા સેલ્યુલોસના હોય છે, પણ છાલના રેસામાં અળસીના થડ પરની છાલના રેસા બીજા દ્રવ્યોથી જલદી છૂટાં કરી શકાય તેવા હોવાથી ઇજીપ્તમાં પુરાતન કાળમાં જે વખતે ત્યાં રૂનો વાવેતર થયો ન હતો, તે વખતે સાફ કરી કાપડ વણાતું હતુ. ચીનમાં અલપાકા નામનું ચકચકતું પણ ખરસટ કાપડ એ રેસામાંથી બનતું હતું. ઇજીપ્તમાં કપાસના વાવેતર થતાં અળસીના રેસાનો ઉપયોગ કાપડ વણાટમાં હવે થોડો રહ્યો છે, પણ તેના બીજા ઉપયોગ વધ્યા છે તેથી તેના વાવેતર પણ અગાઉ કરતાં વધુ થાય છે જે તેના વિષયમાં જોવામાં આવશે.

જે રસ શકીને નીતનના ાાર તેને નગ નડાનન ેના કામ કે સુતરરૂપ બન ાગમા
મ ાવે દોરા ાની બની શકે ત રેસા સા ા ગ ાય છે ની રીત તના ે વિભાગ પાડી શકાય છ

૧ ન મારી Soft fiber આ રેસ મ ે ભાગે િ ા નમદમાથી મળ છ નબા મા મોટે ભાગે
મા ચમ ા રેસા ામ વાગે છે તેગો ાણીમા ભીજવા ત ન મળી ના ાથી

૨ બુારી Hard fiber આ રેસા મોટે ભાગે એ ગ મમુદમાથી મળ છ તેઓમા મોટે
ભાગે ખ મર અ અને પ ગીમા જતની મળી જનાર હોન છે જેવુ કે નાળિયેરના ફળના રેસા મળી
કે ગનનામના પા ાના ાાિક રેસા કે ન ાતી ાના રેસા પાણીમા ટમાઈ રહે એના પણ એ ચમુદમા
મળે છે ીજી રીત તેઓના ની ભેદ આ છે—

Surface fiber

કુદરતે ઝાડો જેઆ એક માત્રથી છગ ાય તેઓન મર મ ા ાર કર્યું છે આ રેસા
કેના નગીના જુદી જુદી જાતિ ાના ક ાની અન્દર ીજ પર ચોટેલા કે િટનાનેના હોન તે
નીચેની જાતિઓમાથી મળ છ

(૧) કૌટુંબિક નમ ૧૩ર માનવેમીની ામ ગોમાર્વરમની કેવી જાતિમા ા જાની
અ ના માજ ા

( ) કૌટુ ા વર્ગ ૧૧ માલ્મેસીની નમ મોમ્મેલ અન હરિયાડે ન ચેઇકિમિના માસ્રોમા
આ બધા ટ્રકા નાગના ાય છ ા ા તળીયા ભ ા વેપારિક છે

(૩) કૌટુંબિ નગ કાગનો પમેઈની કાચ્યેપ્પર ગી નાઇરિયમ વેપારિ છે ાની અન્દર
બીજ પર રિટગાલય તે નાન રગના અને ટ્ર ા તાગના હ ા છે ગાની તળીના ભગ્સ
નરાન છ

(૪) કૌટુંબિક વગ ૨૭૦ એ ાામાઇનેસીની કેગલીક ઝનસો ી ાીરીઓની ફળીઓની અ ા
બીજ પર ચોટેલ રેશમ જેવા ચમકતા લીસા કોડિકાઇ ના ર–૩ ઇચ લા ા પગ ણવાના
ઉપયોગમા ાીઆને માટે ઉપયોગી ાથી ગાની તળીના ભગ્ાજ નરાન છ

(૫) કૌટુંબિક વર્ગ ૨૭૧ એગ્ડનેસીગેીની ાી જાતિઓની ફળીઓમાથી ીજ પર ચોટેલ
ઉપર ા જેવાજ લગભગ એ પણ ગાની તળીના ભરાાજ નપગા

(૬) કૌટુંબિક વર્ગ ૨૩૮ સ્પોઝીગીની થોડી ાીઓના ફ ર આ રેસ ા ટૂંકા અને
જાજ નમા ામા મળી શકે નેથી તના ઉપયોગ િ થા શ ના ાથી

૨ *Bast fiber, Folia fiber, Root fiber*

એઓમા છાન ાને ા ાદ ાર પ ાને કેળીના ાદ ા અને મગનાને રૂ ફૂદ ર ઢે છ
ચણે ા ઉદ્યોગ મળ્યા હે ન રેસાઓ ના (વીગામ) નને ગાળા ા કે કોહવાણ (ગતેસ) ા
મિશ્રણથી બનેલા હોર તેથી નનો ઉપયોગ કા ા ક ાન છૂગા ાયા પછી થા શકે આ છૂગા કરવાની
ક્રિયા અગ્યની ાન કે ાક ગસાર્ણિક પ ાર્થોન ાગ કરી શકાય છ તની સાથ ચાગના લીગના
ગર ાથી છ ા ા દ મળના ા જ રદ ા ગ જ તેના ઉપયોગ લાયક માટે કે ીરા િ ા

માટે થઇ શકે. જેમ વધારે લાંબા હોય, સારી નરમાશ હોય, વિભાજ્યતા (ડિવિઝિલીલીટી) એટલે જલદી એક બીજાથી છૂટા થઇ શકે એવા હોય, વળ ચડાવે વળ ટકી રહે એવા હોય, તે સારા કે શ્રેષ્ટ ગણાય છે. વળી જે છાલ, પાંદડાં કે મૂળમાંથી લેવા હોય તેમાં તેઓનું પ્રમાણ વધુ હોવું જોઇએ, નહિ તો ખર્ચ અને મહેનતનું પ્રમાણ વધી જઈ મોંઘા પડે. બીજાં દ્રવ્યોને છૂટા પાડયા વગર તેનું કાપડ કે દોરડાં વગેરે વસ્તુ બને તો તે મેલાં ખરબચડાં બને.

એકદળ સમુહની જાતિઓ કરતાં દ્વિદળ સમુહની જાતિઓનો લાભ વધુ પ્રમાણમાં મળે છે. સાથે દ્વિદળ સમુહના મોટે ભાગે નરમાશી (સૉફ્ટ) હોય છે, જ્યારે એકદળના મોટે ભાગે કઠણ (હાર્ડ) હોય છે. જેમ સેલ્યુલોઝનું પ્રમાણ રેસાઓમાં વધું હોય તેમ સારા. જેઓમાં સેલુલોઝનું પ્રમાણ ઓછું હોય તેઓનું વજન પાછળથી ઘટી જાય છે.

સેલુલોઝ સાથેના બીજા દ્રવ્યો છૂટા કરવા માટે જો કે હાલમાં ઘણી જાતના રાસાયણિક પદાર્થોને સંયોગે ઘણી જાતની યાંત્રિક ક્રિયાઓ કરવામાં આવે છે, પણ હિંદમાં મોટે ભાગે ડાળી થડ, મૂળ પરની છાલ કે પાંદડાં જેની આંતરરચનામાં એ રેસા ગુંથાએલા હોય તેઓને નદી નાળાંના વહેતાં પાણીમાં ઉપર વજન રાખીને બૂડાવવા રાખવામાં આવે છે, નદીનાળાં નજીક ન હોય તો ખાડા ખોદી તેમાં મીઠું પાણી ભરી ઉપર લાકડાનું વજન રાખી બૂડાડવા રખાય છે. પાંચ આઠ દહાડે તેઓ છૂટા પડે છે. પાણીની અંદર હાથથી મસળી, બીજા દ્રવ્યો છૂટાં કરી સાફ થાય, એટલે તડકે સૂકવી દાંતીએથી સીધાં અને એક બીજાથી છૂટાં કરી વેપાર માટે મોકલાય છે. રશિયામાં અળશી, ભાંગ વગેરેના કીંમતી રેસા મોટા પીપમાં ભરી, એ પીપનાં મોઢાં બંધ કરી પેટાળમાં થોડા વીંધ બનાવી–કે જેથી અંદર પાણી હેરફેર થઇ શકે એ પીપ કેટલાક દહાડા મીઠા પાણીમાં રાખી હિંદનાં જેમ મસળી છૂટાં કરે છે. પીપ નદી નાળાંમાં તણાઇ ન જાય તે માટે તેને રસીથી કિનારાનાં ખુંટામાં બાંધવામાં આવે છે. આ રીત સાદી, ઓછી ખર્ચાળ અને સહેલી છે. પીપમાં ભરેલી નદી નાળાંની માટી તેને ખરાબ અને મેલાં કરી શકતી નથી. આ રેસાઓમાં કોઇ કોઈ છોડના તો ૪–૬ મહિને કે મોટા ઝાડોના એક બે વર્ષ સૂકાયા પછી જ પાણીમાં રખાય તો જ રેસા છૂટા થાય છે.

આર્થિક, વ્યાપારિક દૃષ્ટિએ સમૂહ

આર્થિક દૃષ્ટિએ સચોટ વર્ગ પાડવા તો મુસ્કેલ છે. એક પેટા સમુહના બીજા પેટા સમુહમાં પણ કોઇ કોઈ વપરાય શકે છે. છતાં ઘણે અંશે ભેદ દર્શાવી શકાય તેમ હોવાથી, ભેદ નીચે પ્રમાણે પાડયા છે.

૧. Textile fiber **વણાટી રેસા** : આ રેસા એકબીજા સાથે વળ ચડાવી (કાંતી) તેનું સૂતર કે સુતલી બનાવી, તેને વણીને કાપડ, કે ગુણપાટ, તાલપત્રીઓ રૂ ભરવાના થેલા, મચ્છરદાની, ચંદરવા, વહાણોના સઢ, શેતંજી, જાજમો, વણાય છે. માછલાની કે જાનવરો પકડવાની જાળ ગુંથાય છે. દોરડાં, દોરી, વહાણો માટેના જાડાં દોરડાં બને છે. કોઈકનાં તો એટલાં ચીવટ હોય છે કે ધનુષ્યની દોરી અને પીંજણની તાંત માટે વપરાય છે,

૨. Brush and Broom fiber : આ ખરસટ અને અક્કડ રેસાના બ્રશ, અને સાવરણા બને છે. કાથાનાં દોરડાં, રસી બને છે. તેઓને પણ આ સમૂહમાં જ ગણી શકાય.

૩ Plaiting and rough weaving fibers આ રેસા ખરસટ હોય છે પણ બહુ ટકાઉ નથી હોતા, વાળવાથી ભાગી નથી જતા તેથી તેમાથી દોરડા સૂતળી પગલુછણા, ચોટલા પર મેમનાના ખાસ્તમા દરી પગની છાજ વગેરે ગુથણકામ થાય છે

૪ Filling fabric આ રેસાઓ ગાદી ગદેલા કોચ ખુરસી તકિયા અને માન ભરવાના ખાખામા ભરવા વપરાય છે પાણીની જમીન કે પાટીયાની ભીતોની સાધોમા ભરી તેને રક્ષણ કરવા માટે સપાટ બનાવવા વહાણોના પાટીયાની સાધોમાથી પાણીને આવતુ અટકાવવા તેની સાધોમા ભરવા તેલ કે બીજા ચીકણા પદાર્થોમા ભીંજવી વપરાય છે આ રેસા કુદરતી સમહના પહેલા મકૅમના વનસ્પતિ વર્ગના સિવાયના તમામ અને બીજા બાગ કે મોટા સમુહના તમામ કામે લાગે છે

૫ Natural fabric કેટલાક વર્ગોની થોડી જાતીઓની મોટા ઝાડોની મોટી છાલ થડ પરથી છુટી થઇ શકે છે આ છાલના રેસા એકબીજા સાથે ચાટેલા કે કુદરતી રીતે વણેલા હોય છે એ છાલને સૂકવી કરી ભીંજવી ટીપીને સપાટ બનાવી તેના ઓઢણા પાથરણા કપડા પર મઢવાની દોર ઝાલરા અને માન ભરવાના થેલા બને છે ટોપી ના ટોપી મુકિઓ જે વખત પહેરતા તે આ છાલ છે

૬ Paper making fiber કાગળનો માવો બનાવવા મુખ્યત્વે રેસા જ વપરાય છે

૭. Wicker work **પાટી ગુથણકળા** આને રેસા ન કહી શકાય કારણ કે તેની ડાળીઓ કે પાંદડા વચ્ચેની નસો કે આખા કે ચીરેલા પાંદડાનુ જ ગુથણ કામ થાય છે કિલ્લા સમહની વાસીઅર ઝાડપાનના વાંસ નેતર ખજુરી નાળીએરના પાંદડા અને વલ્લી નસો ઘણીના પાંદડીઓ, ઘાસના પાન ડાળીઓ વગેરે ટોપલીઓ સુંદર હેટ ટોપીઓ તુર્કી ટોપીઓ, પાકે ચેના હાથ પગના મોજા પાદુકા વગેરે ગુથવા વપરાય છે કેટલીક જાડી ડાળીઓ તો એટલી ચીકણી હોય છે કે નદીનાળા પરના પુલ એ ડાળીઓને ગુથી બનાવવામા આવે છે, તે પર ગાડી ગાડા અને હજારો મનુષ્યોની આવજાવ થઇ શકે છે આ વસ્તુઓનુ ચીકણાપણુ તેની અંદર રહેલા ચીકણા રેસાનેજ આભારી છે

કપાસ (*Cotton*)

કપાસ કનુ વર્ણન સન ૧૯૪૦મા પહેલો ખંડ બહાર પાડ્યા તેની અંદર કૌટુંબિક વર્ગ ૧૨ મા વેમીની અંદર વિસ્તારથી કરેલ છે પણ એ ખંડ બહાર પાડયા પછી આ વિષય અનુક્રમણિકા ૧૧-૧૨ વર્ષ બહાર પાડી શકાય છે જેથી વચગાળાના સમયમા આ વસ્તુની બીજી માહિતી પુષ્કળ મળી છે આ માહિતી બીજી આવૃતિમા લેવા કરતા અહીંજ વેપાર તો પહેલી આવૃતિ અને બીજી આવૃતિમા લાંબ ફેરફાર ન જણાય બીજી આવૃતિ તાજેતરમાં છપાઇ શકે એવા સંજોગ નથી તેથી વાચકને એ માહિતી અહી દર્શાવતા જાણી મળી શકશે

કપાસ કેનુ જ મુળસ્થાન ભારત ગણાય છે પુરાતન કાળથી શોધાઇ આજ પર્યત તેનો ભોગ વાવેતર થાય છે પણ સને ૧૪૯૨મા અમેરિકા શોધાયુ ત્યારે તેના એન્ડેસ પર્વતની ખીણોમાથી પણ ભારત જેવી, તેમજ તેને કરતા પણ ઘણી જાત જોવામા આવી હતી

કુદરતે જે ૯૨ તત્વો રચ્યાં છે તેનો લાભ વનસ્પતિ તેમ જ પ્રાણીઓ વધુમાં વધુ લઈ શકે છે. પણ પૃથ્વીમાં તેમ જ સૂર્યની અંદર એ તમામ તત્વો રહેલાં છે. જેમાંથી પૃથ્વી ૪૦ આપે, તે ઉપરાંતના બાકીના સૂર્યકિરણો દ્વારા મળી શકે અને એટલા માટે ઉપરોક્ત તત્વો સાથે તાજી હવામાંથી પ્રાણવાયુની પણ જરૂર રહે છે. જે આહાર તાલિકા આપું છું તેથી સ્પષ્ટ સમજી શકાશે.

હવે હું આ તાલિકામાં દર્શાવેલ તત્ત્વોના દરેકના સ્પષ્ટતાથી વિવરણ કરું છું: —

તંદુરસ્તી બક્ષ સૂર્યપ્રકાશ

આપણા સૂર્યમાં, આપણી પૃથ્વીની અંદરના બધા તત્વો પણ હોય છે એવી કલ્પના અત્યારના વિજ્ઞાનીઓની કેટલાક સાબિતી પુરાવાને લીધે બંધાઇ છે. અને તેથી સૂર્યના કિરણોમાંથી સવાર–સાંજ શરીરને એ કિરણો સામે ખુલ્લું મૂકવામાં આવે તો એ તત્વોનો લાભ શરીરને મળે, એવો અત્યારના ખોરાક શાસ્ત્રીઓનો મત છે. અને તેને આપણા પ્રાચીન ઉપનિષદોનું અનુમોદન છે. ઉપનિષદની ગાયત્રીની પ્રાર્થનામાં સવાર–સાંજ સૂર્યને સામે લંગોટભર કે નાની પોતડી પહેરી ખુલ્લે શરીરે બેસી, બન્ને હાથો ઊંચા કરી સૂર્ય સામે રાખવાના હોય છે. એટલે ઇશ્વરભજન, એકાગ્રતા, સાથે સૂર્યસ્નાનનો લાભ મળે એ ઉદ્દેશ પણ એ ગાયત્રી મંત્રની ક્રિયા બતાવનારનો હોવો જોઈએ. આપણે ફક્ત આહારનો જ વિચાર સુખાકારી માટે કરીએ તો ન જ ચાલે. વિહારની બાબતો પણ લક્ષમાં લેવી જોઇએ. સૂર્ય-પ્રકાશની ખોરાક જેટલી જ શરીરને જરૂર રહે છે. સૂર્યપ્રકાશ ન પહોંચતો હોય તેવી ગલીઓના ઘરોની વસ્તીમાં મરણપ્રમાણ વધુ હોય છે. જે ખીણોમાં કામ કરનાર મજૂર વર્ગ હોય છે તેઓને ખાસ દર્દો થઇ આવે છે. જડ કે ચેતન દરેક પદાર્થને સૂર્યમાંથી જ શકિત આવે છે. વનસ્પતિને જો અંધારામાં વાવવામાં આવે તો પીળી પડી જાય છે. ઉદા.—દશેરાના અંધારામાં વાવી દેવીને જવારા ચડાવવામાં આવે છે તે પીળાં પડેલાં હોય છે. સૂર્યપ્રકાશ મળવાને લીધે વનસ્પતિ જડ–માટીમાંથી ચૈતન્યથી છલકતાં પત્ર, ફૂલ, ફળ અને ધાન્ય વગેરે ઉત્પન્ન કરી શકે છે. જે ખોરાક વનસ્પતિ દ્વારા પ્રાણીઓને પૂરો પડે છે તે સૂર્યના પ્રકાશ વિના ઉત્પન્ન થઇ શકતો નથી. તેની પૂરતી સમજ સ્કંધ પહેલામાં પ્રાથમિક વિવરણની અંદર દર્શાવી છે. સૂર્યપ્રકાશમાં ત્વિપ કિરણો હોય છે તે બહુ ગુણકારી છે. એ કિરણો બહુ તેજસ્વી કે અતિ ઉષ્ણ–ચામડી બાળી નાખે એવા–નથી. એ વસ્ત્ર, ધુમ્મસ કે કાચ સોંસરા પણ નીકળી શકતા નથી. છતાં તેમાં વિદ્યુત રાસાયણિક શકિત (ઇલેકટ્રો કેમીકલ) રહેલી છે. એ કિરણો સૂર્યોદય અને સૂર્યાસ્તની વખતે ખુલ્લે શરીરે સૂર્ય સામે બેસતાં સહેલાઈથી મળી શકે.

પૂરતો સૂર્યપ્રકાશ ન મળે તો લોહીમાં રક્તાણુની સંખ્યા ઘટી જાય છે. અને રક્તરસ (બ્લડ સેરમ)નું એટલે કે લોહીના ફિક્કા પ્રવાહી પદાર્થનું પ્રમાણ વધી જાય છે. પછી રોગ થાય છે. આ સૂર્ય-સ્નાન જો બની શકે તો ઘરમાં લેવા કરતાં જંગલમાં જઇ લેવાથી પંથની–કસરત કરવાનો અને ખુલ્લી હવાનો લાભ પણ મળી શકે.

સૂર્યપ્રકાશ જેવી એકે જંતુનાશક દવા નથી. શરીરના ચાંદા, ખરજવા, દાદર જેવા દરદો સૂર્યસ્નાનથી મટી જાય છે. પણ એ વાત પણ લક્ષમાં લેવી જોઇએ કે સવાર–સાંજને બદલે સખ્ત તાપ શરીર પર લેવામાં આવે તો તેથી શરીરને નુકસાન થાય છે. એકવેડોર–કે જ્યાં અતિ ગરમી પડે છે, ઉષ્ણ કટિબંધ પ્રદેશ કે જ્યાં સૂર્યના કિરણો સીધા પડે છે તે પ્રદેશના લોકો કરતાં સમશીતોષ્ણ કટિબંધ

કે જ્યા સૂર્યના કિરણો ત્રાસા પડે છે, ત્યાં વસતા લોકોની સુખાકારી વધુ સારી રહી કદ મોટાં બને છે.

આપણા ભારત દેશમા સ્ત્રીઓનો મોટો ભાગ ઘરમાં ગોંધ્યો રહે છે. એઓને માટે શહેર-ગામોથી થોડે દૂર મર્યાદાવાળા સૂર્યસ્નાન-ગૃહોની રાષ્ટ્રીય સરકારે સગવડ કરાવી દેવી જોઇએ.

શ્રી એરોકાકર્યું અને ડૉ. રોલિયરે અનુભવ કરાવી દેખાડયુ છે કે કોઇ પણ દવા વગર સૂર્યપ્રકાશ, અને પ્રાણવાયુ પૂરતા મળે એવી સગવડ, આરામ અને યોગ્ય સારો ખોરાક આબાલ વૃદ્ધ તમામના શરીરો સુધારી શકે છે. રોગને આવવા જ દેતા નથી.

તાજી હવા

તાજી હવામા પ્રાણવાયુનુ જે તત્વ (ozyzen, ozogen) રહેલ છે, તે શરીરની અંદર વિદ્યુતશક્તિ અને પ્રાણશક્તિ પૂરી પાડે છે તેથી, શરીરની શક્તિને ટકાવી રાખવા માટે તથા રોગોને કાઢવા માટે તાજી હવાની અનિવાર્ય જરૂર રહે છે તાજી હવા વગર કોઇ પણ પ્રાણી જીવી શકે નહિ.

હવા એક જ તત્વની બનેલી નથી તેમા પ્રાણવાયુ તો છે જ પણ તે એકલું ભારે પડે, તેથી હવામા નત્રવાયુ (નાઇટ્રોજન) અંગાર વાયુ (કારબન ડી ઓક્ષાઇડ), ભીનાશ (Moistur), એમોનિયા અને બીજા વાયુના સૂક્ષ્મ અંશો પણ તેમા રહેલા છે.

હવામા રહેલા અંગારવાયુનુ પ્રમાણ દશ હજારે ચાર ભાગ જેટલુ હોય છે. પણ તેનુ પ્રમાણ વધે તો હવા ઝેરી બની જાય. ભીનાશનો અંશ ઋતુ અને સ્થળ પર આધાર રાખે છે ભીનાશને લઇ હવામા અનેક જાતના જીવાણુઓ પેદા થાય છે, આ જીવાણુઓ કોહાણ-સડો-કરનાર બને છે.

શરીરની અંદર, ચૂલામા, અને દીવા-બત્તીઓમા જ્યા અગ્નિ બળે છે ત્યા તે, હવામાથી પ્રાણવાયુનુ ભક્ષણ કર્યે જાય છે, અને તેને બદલે હવામા અંગારવાયુ ઉમેરાતો જાય છે. પ્રાણવાયુનુ ભક્ષણ કર્યા વિના કોઈ પણ અગ્નિ ટકી શકે નહિ જ્યારે કોઇ સ્થળમા નવી તાજી હવા આવવાનું બંધ થાય ત્યારે તે હવામા રહેલા જીવાણુઓ, સ્થાનિક પ્રાણવાયુનો જેમ જેમ ઉપયોગ કરતા જાય તેમ તેમ ત્યાનો પ્રાણવાયુ ઓછો થતો જાય અને અંગારવાયુ ઉમેરાતો જાય. પ્રાણવાયુ કમી થવાને લીધે તેમ જ નવો અંગારવાયુ ઉમેરાવાને લીધે ત્યાની હવામાનુ અંગારવાયુનુ પ્રમાણ ઝપાટા બંધ વધી જાય છે, એટલું જ નહિ પણ એમોનિયા અને બીજા વધારે ઝેરી વાયુઓનુ પ્રમાણ પણ વધી જાય છે

એક ઓરડીમા બંધ બારણે ઘણા મનુષ્યો સૂવે અગર ઓઢી સૂવે, પણ સગડી કે બત્તીને સળગતી રાખીને સૂવે, અગર તો કોઇ મનુષ્ય વડે ઓઢણને ચારેકોરથી દબાવીને સૂવે ત્યારે પણ ઉપલા જ કારણે ઝેરી વાયુઓનુ પ્રમાણ ઘણુ જ વધી જાય છે તેવી સ્થિતિમા ઊંઘનારા માણસો તાજા થઇને ઉઠતા નથી.

બહારની ચોખ્ખી હવાનો આપણે શ્વાસ લઇએ છીએ તેમા, અને તે જ હવાને વાપરીને ઉચ્છ્વાસ તરીકે કાઢીએ છીએ તેમા, કેટલો બધો ફેર પડે છે તેના આંકડા આ પ્રમાણે છે —

વાયુ	શ્વાસ	ઉચ્છ્વાસ
નત્રવાયુ	૭૮·૩૫	૭૮·/૫
પ્રાણવાયુ	૨૦·૭૭	૧૬·૮૦
અંગારવાયુ	૦·૦૪	૪·૩૫

એટલે કે અંદર લીધેલી હવા કરતાં બહાર કાઢેલી હવામાં અંગારવાયુ સો-સવાસો ગણો વધી જાય છે. અને એક મનુષ્ય જેટલો અંગારવાયુ કાઢે છે, તેના કરતાં એક દીવો સાતગણો અંગારવાયુ કાઢે છે. એટલે દીવો રાખીને સૂવું કેટલું હાનિકારક છે તે સમજી શકાશે.

થોડા જ મનુષ્યોને ખ્યાલ હોય છે કે પોતે જેટલી હવા વાપરે છે તેનું વજન તેના નક્કર ખોરાક કરતાં ઘણું વધારે થાય છે. લોહીમાં રક્તાણુનું પ્રમાણ સારું હોય તો એક મનુષ્ય ચોવીસ કલાકમાં દોઢ શેર ને સવા રૂપિયાભાર તો માત્ર પ્રાણવાયુ જ વાપરે છે. બચ્ચાંને પ્રમાણમાં વધારે પ્રાણવાયુ જોઈએ. શાન્તિથી ઊભાં ઊભાં જેટલો પ્રાણવાયુ વપરાય છે તેના કરતાં ચાલવામાં ત્રણ ગણો વપરાય અને ટેકરા ઉપર ચડવામાં પાંચ ગણો વાપરી શકાય છે. આ ઉપરથી સમજાશે કે શારીરિક શ્રમ અને શરીરનું બંધારણ તાજું ને તાજું થતું રહે તે માટે ગમે તેવી ઋતુ હોય તો પણ ખુલ્લી હવામાં નિયમિત શ્રમ, કસરત અને પંથ કરવાની ટેવ રાખવી. એ રીતે દીર્ઘાયુ થવાય છે. કાયાકલ્પ થાય છે.

શરીરને પ્રાણવાયુની જરૂર દિવસે છે તેના કરતાં રાત્રે વધારે છે. કેમ કે કુદરત રાત્રે આરામ દરમ્યાન શરીરનું સમારકામ કરે છે. તેથી તે વખતે ફેફસાં બમણા વેગથી કામ કરે છે. જે ઘોરવાના અવાજથી સમજી શકાય તેમ છે. કુદરત સમારકામ કરી બીજા દિવસ માટે શરીર રૂપી બેટરીમાં નવો પાવર ભરી રાખે છે. એટલા માટે સૂવાના સ્થળે તાજી સ્વચ્છ હવાની જોગવાઇ રાખવાનું ખાસ જરૂરી છે. કમનસીબ ભારતના કરોડો મનુષ્ય ભોંયતળિયાના ઘરોમાં હવા-પ્રકાશનો લાભ લઇ શકતા નથી તેથી તેઓની ત્રણ-ચાર માળ પર રહેનાર કરતાં તન્દુરસ્તી ખરાબ રહે છે. જે કારણ રાષ્ટ્રીય સરકારે ધ્યાનમાં લેવું જોઇએ. શરીરને હવા લાગ્યાથી શરદી થઈ આવશે. એવો ભય તદ્દન ખોટો છે. શીતકાળમાં પણ મોઢું બંધ કરી સૂવું ન જ જોઈએ.

તીવ્ર પ્રાણવાયુ Ozone જે પાછળ તાલિકામાં દર્શાવેલ છે તેનાથી તો ઘણા મહારોગો મટી શકે છે.

શ્રમ અને આરામ—એ જીવનના અતિ જરૂરિયાતના છે. શરીરની અંદર આપણે અનાજ, ફળો વગેરે ખાઇએ છીએ તે જો પૂરતી રીતે શરીરમાં શ્રમ થાય તો જ બધા પ્રમાણના હજમ થઇ શકે. પણ જો શ્રમ ન કરવામાં આવે તો દિન પર દિન થોડો થોડો ભાગ અંદર જઠરમાં કે આંતરડામાં કે બીજી નલિકાઓમાં ભરાઇ રહી તેમાં સડો થઈ ઘણી જાતના ઝેરો પેદા કરી, જુદી જુદી જાતના રોગો ઉપજાવે છે. શરીરને તન્દુરસ્ત રાખવા માટે, અતિ થાક ન લાગે તેટલો શ્રમ કરવામાં આવે તો હૃદય અને નાળિશિરાઓમાં લોહીની ગતિ ઝડપથી ચાલી જે અંદર કચરો ભરાઇ ગયો હોય જેને મળ, મૂત્ર, પરસેવા દ્વારા બહાર કાઢે. સ્નાયુ મજબૂત બનાવે. શરીર ટકાવવા જેટલી પાણી અને ખોરાકની અગત્ય છે, તેટલી જ શ્રમની આવશ્યકતા છે. સંચાઓની શોધ થતાં ગ્રહ-ઉદ્યોગોથી જે શ્રમ મળી શકતો તે ગયો અને રોગો વધ્યાં. સ્ત્રીઓ માટે શહેર-ગામથી બહાર પાણીના બેડાંથી પાણી લાવવાની કસરત ખૂબ જ આશીર્વાદ રૂપ હતી. અને હજી ઘણા ગામડીઓમાં રહી છે. તેથી કમ્મર મજબૂત બને છે, મસ્તકના મજ્જાતંતુ જોરદાર બની ખીલે, ખુલ્લી હવાનો અને પંથનાં શ્રમનો આખા શરીરને લાભ મળે. લોટ દળવાની ઘંટીથી છાતી ફેફસાંને કસરત મળી કદ્દ વૃદ્ધ થાય. અત્યારે તો પાણીના શ્રમનું કામ શહેરોમાં ઘેર ઘેર નળ થવાથી અને ઘંટીનું કામ આટા ગીરનીએ હરી લીધું છે. પરિણામે સ્ત્રીશરીર દિન પર દિન નબળા થતાં હિસ્ટીરિયા, આર્તવ દોષ, પ્રદર, કુસુવાવડ, બાળ મરણ વધતાં જાય છે. ગામોગામ પ્રસૂતિકાગ્રહના મોટા ખરચે આડંબર થાય છે. પણ પ્રસૂતિ દુઃખદાયક શા કારણથી થાય છે તેના કારણ તપાસવા કોઇને ગરજ નથી. જે રીતે ઝાડા, પેશાબ જો શરીર

તન્દુરસ્ત હોય તો હાજત લાગી માફ આવી જાય, તે રીતે પ્રસૂતિ પણ શરીર મજબૂત હોય તો જરા પણ અડચણ વિના સહેલાઈથી થાય એ ઘણી માતાઓ એવી જોઈ છે કે જેઓને દશ-બાર સંતાનો થયા હોય છતાં એકપણ સુવાવડ અડચણ વગર તેણે પસાર કરી હોય, બધા સંતાનો બચ્ચા હોય અને વૃદ્ધાવસ્થા સુધી શરીર બળવાન હોય અને તેના કારણ તપાસતાં શ્રમ નિયમિત આહાર-વિહાર, આરામ જ તેઓને એ સ્થિતિએ રાખનાર માલૂમ પડ્યા છે.

ખોરાકમા ગેહો અને સાકરનો ભાગ હોય છે. તેમાથી સ્નાયુશર્કરા (Glycogen) બને છે, અને તે સ્નાયુઓમા સંગ્રાહે છે. જ્યારે સ્નાયુ ક્રિયાત્મક થાય છે, ત્યારે એ શર્કરા વપરાવા લાગે છે. એની વપરાશમાથી લેક્ટિક એસીડ નામનું ઝેર પેદા થાય છે. તેથી સ્નાયુ અમ્લ બને છે અને ત્યાં રહેલી કાળી નસામા અંગારવાયુ (કારબન)નું પ્રમાણ વધે છે. એ પણ ઝેર છે. જ્યારે આ બન્ને ઝેરનુ પ્રમાણ અમુક હદથી વધે છે ત્યારે તેની અસર તે ભાગ પર ચોખ્ખી જણાય છે. તેને આપણે થાક કહીએ છીએ. પ્રાણવાયુ એ ઝેરોને અસર વિનાના કરી શકે છે. તે માટે જ કામ કરવાની સાથે શ્વાસ જલદીથી ચાલે છે અને શરીરમા વધારે પ્રાણવાયુ દાખલ થાય છે, પણ પ્રાણવાયુ ફેફસામા જાય તેથી તે લોહીમાં પણ વધારે ભળે એવુ નથી. લોહીમા લોહ અને સોડિયમના ક્ષારો જેટલા પ્રમાણમા હોય તેટલા પ્રમાણમા જ તેમા પ્રાણવાયુ ભળી શકે છે એ ક્ષારો ઓછા હોય તો ફેફસામાં પ્રાણવાયુ હાજર હોવા છતા લોહીમા ભળી શકતો નથી. લોહીમા પ્રાણવાયુ ભળે એટલે થાક વહેલો લાગે. જો લોહીમા લોહ અને સોડિયમના ક્ષારો સારા પ્રમાણમા હોય તો પ્રાણવાયુ સારા પ્રમાણમા ભળે અને લેક્ટિક એસીડની અસર થાય નહિ એટલે કે થાક લાગે નહિ મતલબ કે લોહ અને સોડિયમ વધારે પ્રમાણમા હોય તેથી લીલોતરી, ખાસ કરી પાદડાની ભાજીઓનો પૂરતો ખોરાક લેવામા આવે તો સ્નાયુની સહનશક્તિ વધારે રહે છે તથા જલદી થાક લાગતો નથી શ્રમજીવીઓને અને વ્યાયામની અગત્ય સમજનારને આ વાત લક્ષથી બહાર રાખવી જોઈએ નહિ.

શ્રમથી હાથ-પગ જેવા બહારના અવયવોને જ ફાયદો થાય છે એમ નથી, પણ ફેફસા, હૃદય, આતરડા, આમાશય મૂત્રમગાશય, મજ્જાતતુઓ નાડિશિરાઓ વગેરે અદરના ભાગના અવયવોને પણ ફાયદો થાય છે. કસરતથી શ્વાસ વધારે લેવાય જેને લઈ ફેફસા વધારે કામ કરે હૃદયની ગતિ વધે તેથી લોહીનુ ભ્રમણ જોશથી થઈ જે જે અવયવોમા મળ બાઝેલા હોય તેને ઉખેડી મળ-મૂત્ર-પરસેવા માર્ગે બહાર કાઢે તેને લીધે જ્ઞાનતતુઓ સતેજ થાય. અને એ રીતે આખુ શરીરયંત્ર પોતાનુ કામ સરખી રીતે ચલાવી શકે.

જે વ્યક્તિઓને બુદ્ધિનુ કામ ઘેર રહીને જ વધુ કરવાનુ હોય, નિયમિત બહાર ફરવા થોડું બની શકે, તેઓએ ઘરની અગાસી કે આગણામા ખુલ્લી હવા-પ્રકાશવાળા સ્થળે વ્યાયામ—આસન સાથે—કરવો અને બની શકે ત્યારે પથ પણ કરવુ પણ વૃદ્ધ કે અશક્ત કે બાળકો માટે તો માઈલ-બે માઈલ પથ જ જરૂરી છે. અને એ ચાલવાની કસરત જો બની શકે તો સૂર્યોદય પહેલા શરૂ કરી, સૂર્યોદય થતાં જ તે સ્થળે ખુલ્લે શરીરે બેસી જઈ સૂર્યસ્નાન કરવુ. સાજે પાચ-છ વાગ્યા પછી ચાલુ કરી સૂર્યાસ્ત વખતે પણ સૂર્યસ્નાન કરવુ. ચાલવાની વખતે ઉતાવળી ચાલે છાતી બહાર કાઢી, ગરદન જરા પાછલી બાજુ નમાવી હાથ ઝૂલતા રાખી પથ કરવુ.

તરવાની કસરત ઘણી ઉત્તમ છે બાવનના દશથી ત્રીશ વર્ષની ઉમરના સ્ત્રી પુરુષો માટે તે અત્યુત્તમ છે.

શ્રમ કે કસરતના પ્રમાણમા લોહીમા અમ્લતા (એસિડિટી) વધે છે. તે દૂર ન થાય તો શરીર બગડે. આથી શ્રમ કે કસરત પછી આરામ કરવુ જોઈએ આરામને સમયે કુદરત અમ્લતાને ધોઈ

કાઢવાનું કામ કરે છે. અને એ આરામની સારામાં સારી સ્થિતિનું નામ તે ઊંઘ. ઊંઘ દરમ્યાન એ અમ્લોના ઝેરો ઝડપથી ધોવાઇ જાય છે. પણ તે ધોવા માટે લોહીમાં પ્રતિઅમ્લક તત્ત્વો હોવા જોઇએ. ઊંઘ પોતે અમ્લહર છે. પરંતુ લોહીમાં જેમ અમ્લવિરોધી તત્ત્વો વધારે હોય તેમ જલદીથી થાક ઉતરે. શ્રમના પ્રમાણમાં ઊંઘ અને આરામ પણ તેટલાં જ જરૂરી છે. જંપીને ન બેસનાર બાળકને દરેક મનુષ્ય કરતાં વધારે ઊંઘ જોઇએ. તેના ખોરાકમાં પણ અલ્કલ તત્ત્વો (આલ્કેલાઇન) વધારે પ્રમાણમાં હોવાં જોઇએ.

અત્યારે બુદ્ધિમાન વર્ગ કે શ્રીમંતોના પુત્રોને યુરોપિયન રહેણીકરણીનો છંદ લાગેલ છે, તેથી અર્થાત્ ક્રિકેટ, ટેનિસ જેવી રમતો જેઓ ગુમાન વધારી જનતા પ્રત્યે તુચ્છકારથી વર્તાવે છે, તે રીતની કસરત ન કરતાં જર્મની, રશિયાના યુવાનો જે રીતે લોકોપયોગી—રસ્તા સાફ કરવા, બાંધવા, ઝાડો ઉછેરવા, પાણીના નેસ સુધારવા વગેરે કરે છે. તેવા કરવાથી શ્રમ સાથે દેશસેવાના કામો ઝડપથી થઇ શકે.

આરામનો તો નાટક, સિનેમા અને હોટેલોએ ઘાણ કાઢ્યો છે. વળી આજના કેળવાયેલ યુવકો પણ મોડી રાત્રિ સુધી કલબ કે ગંડળીઓમાં પડી રહી કે પુસ્તકો વાંચી, લગી સવારના આઠ—નવ વાગે ઊઠે, એ પણ તંદુરસ્તીને બગાડે. વીશ વર્ષ પછી રાત્રિના રો. ટાઇમ ૧૦ થી પ્રભાતના ૫ સુધી ઓછામાં ઓછા સાત અને વધુમાં વધુ ૮ કલાક નિદ્રા લેવી જોઇએ. પચાસ વર્ષ પછી બપોરે અડધો કે વધુ તો એક કલાક તે પણ ઉનાળામાં જરૂરી થાય.

જળવર્ગ

આ વર્ગ બે તત્ત્વો—ઉદજ અને પ્રાણવાયુના સંયોગે ઉત્પન્ન થાય છે. જીવ-વનસ્પતિ અને પ્રાણી-શરીર માટે તે અતિ મહત્ત્વનું છે. મનુષ્ય તેના વગર માંડ એક—બે દિવસ જીવી શકે. તેના અભાવે શરીરના બધા રસો શોષાઇ જાય. સર્વાંશે શુદ્ધ જળ તો નદી, સરોવર, વાવ, કૂવા તો ઠીક, પણ વર્ષાનાં અધ્ધર ઝીલેલા પાણી સુધ્ધાંનું તદ્દન સ્વચ્છ હોવા અલભ્ય છે. સામાન્ય રીતે વરસાદનું પાણી સ્વચ્છ ગણાય છે. પણ હવામાં રહેલી રજ અને બારીક જંતુઓ તેની અંદર હોય જ. મુશળધાર વરસતા વરસાદ વખતે અધ્ધર ઝીલેલું પાણી, તાજું લગભગ શુદ્ધ હોય છે. પણ એ કંઈ નિરંતર ન મળી શકે. બજારમાં વેચાતો કે ઊંચા પહાડો પર જામેલો બરફ પણ શુદ્ધ ન હોય. પારદર્શક, રંગ વિનાનું કોઇ પણ જાતના બીજા બારિક અણુ વિનાનું સુસ્વાદીલું (જેને આપણે મીઠું પાણી કહીએ છીએ) રાસાયણિક દૃષ્ટિએ શક્યતમ અંશે સેંદ્રિય પદાર્થ વિનાનું અને હજારે એક ભાગથી ઘને તેટલા ઓછા પ્રમાણમાં ખનીજ ક્ષાર વિનાનું નિરોગી ગણાય. સારું પાણી જાણવાનું સાધન સાબુ છે. જે પાણીથી સાબુ કપડાને લગાડતાં જલદી પુષ્કળ ફીણ આવે તે પાણી હલકું અને ન આવે તે ભારે ગણાય.

તદ્દન સ્વચ્છ પાણી તો વનથી જ પુરું પાડી શકે. તેનાં તાજાં ફળો, શાકભાજી, (શાકફળો અને પાંદડાં) કંદમૂળ તો ઠીક, પણ સૂકાં અનાજ, કઠોળ. બીજ (એકાદ વર્ષ સુધીના)માંથી પણ મળી શકે છે. નાળિયેર ફળ, કે સુસાફરી કેળ કે શેરડી, જુવારીનાં સાંઠા, કે બીજી કેટલીક વનસ્પતિના અંગોમાંથી તે પુષ્કળ પ્રમાણમાં મળી શકે છે. શુદ્ધ જળ શરીર માટે બહુ ઉપયોગી છે. ઘણાં રોગો તેનાથી સુધરી શકે છે.

માનવશરીરમાં બે ભાગ પાણીના અને એક ભાગ જ બીજા નક્કર પદાર્થનો છે. પાણી વચ્ચે જ કોઇ પણ જીવન ટકી શકે છે. શરીરની અંદરના અંગેઅંગ અને અણુએ અણુ પાણીમાં તરબોળ રહ્યા કરે છે. પાણી વિના અવયવોમાં શક્તિ પેદા થઇ શકતી નથી; પાણી વિના ખોરાક હજમ થઇ શકતો નથી, અને પાણી વિના શરીરની અંદર પેદા થતું ઝેર—ધોવાઇને બહાર નીકળી શકે નહિ.

આપણે જેટલું પાણી પીધું હોય તેના ૫૦ ટકાથી વધારે ભાગ પેશાબ રૂપે, ૨૫ ટકા ભાગ પરસેવા રૂપે, ૧૭ ટકા ભાગ ફેફસામાંથી ઉચ્છ્વાસ રૂપે, અને ૪ ટકા મળ સાથે બહાર નીકળે છે. જેમ સૂકવવા નાખેલ કપડામાંથી પાણી નીકળતું આપણે દેખી શકતા નથી તેમ જ ઉચ્છ્વાસમાં કે સામાન્ય પરસેવા રૂપે નીકળતા પાણીને આપણે દેખી શકતા નથી. પણ ચામડીમાંથી પરસેવા રૂપે દરરોજ સવાથી અઢી શેર (૫૦ થી ૧૦૦ તોલા) પાણી નીકળે છે, અને તેથી પહેરેલાં કપડાં દરરોજ ધોવાં જોઈએ. દરરોજ શરીર ચોળી નહાવું જોઈએ.

પાણી કેટલું પીવું:—શ્રમ, ઋતુ અને ખોરાક કેટલીક બાબત ઉપર તરસનો આધાર રહે છે. જેમ શારીરિક શ્રમ વધારે તેમ પાણીની જરૂર વધારે. તાજાં શાકભાજી અને ફળોમાં ૮૦ થી ૯૫ ટકા, કંદ-મૂળોમાં ૫૦ થી ૭૫ ટકા, મૂળા જેવામાં તો ૯૫ ટકા. એક વર્ષની અંદરનાં સૂકાં બીજ, ફળ, દાણા ૧૦ થી ૧૫ ટકા-પાણી હોય છે. અને તે પણ વળી કીમતી મેન્દ્રિય ખનીજ યુક્ત; તેથી તે શરીરને બહુ ફાયદાકારક છે. સરેરાશ પુષ્ટ શરીર માટે શાક ફળ, અને અનાજમાંથી ઓછામાં ઓછું ૧૬ ઔંસ મેળવી એક દરે રોજ ૫૦ થી ૭૦ ઔંસ પાણીની જરૂર રહે છે. તે બાકી સ્વચ્છ જળ પીવામાં આવે તો પણ તન્દુરસ્તી સારી રહે છે. અસાધારણ તરસ લાગવાનું કારણ વધારે પડતો નત્રિત તત્ત્વ વાળો (પ્રોટીન વાળો) કઠોળ, તેલ ઘી, અને મસાલેદાર ખોરાક છે. તેઓમાંથી જે કચરો અને ઝેર પેદા થાય છે તેને ગાળીને કાઢવા માટે શરીરને વધારે પડતા પાણીની જરૂર પડે છે. અથાગ શ્રમ, તડકા કે અગ્નિના તાપ પાસે બેસવાના કારણે, પિત્તજ્વર વખતે કે એવા કોઈ કારણે બહુ તરસ લાગે અને એ વખતે ફળ કે શાકભાજીમાંથી પાણી ન જ મળી શકે તેમ હોય તો એ વખતે તળાવ, નદી કે વાવ-કૂવાનું પાણી પી લઈ તૃષા શાન્ત કરવી. તૃષાને મારવી નહિ, મારવાથી શરીર બગડે.

અજ્ઞાનને લીધે કેટલાક એવું માને છે કે જેમ વધારે પાણી પીવાય તેમ શરીર ધોવાઈને સાફ થાય. પણ શરીર એ કાંઈ ગટર નથી, શરીરશુદ્ધિની ક્રિયા તો જીવન્ત કોષોની વિગુન રાસાયણિક ક્રિયા છે. શરીરમાં જે ઝેરો પેદા થાય છે (મૂત્ર તેજાબ, યુરિક એસિડ, ગંધકી તેજાબ, સલ્ફ્યુરિક એસિડ, અંગારિક તેજાબ, કાર્બોનિક એસિડ) તે પહેલાં કોઈ પ્રતિઅમ્લક તત્ત્વ સાથે મળે પછી જ લોહીમાં ભળીને બહાર ધોવાઈ શકે છે, શાકભાજી અને ફળો લેવાય તો તેમાં આ પ્રતિઅમ્લક એટલે કે આલ્કલ પ્રધાન તત્ત્વો સારી રીતે રહેલાં હોવાથી એ પાણીથી શરીર સારી રીતે સાફ થઈ જાય. ફળો અને શાકભાજી ખાધા છતાં પણ જો પાણીની તરસ, અથાગ શ્રમે કે ઉષ્ણ કાળે લાગે તો તે કુદરતી તરસ છે. હલકું સ્વચ્છ પાણી પીને તે છિપાવવી.

ખોટા ખોરાકથી જ અસાધારણ તરસ લાગે છે. પછી તો ટેવને લઈને વધારે પાણી પીવાય છે. શરીરના કુદરતી જરૂરિયાત ઉપરાંત પાણી પીવાથી આરોગ્યને નુકસાન પહોંચે છે. જમતી વખતે કે જમ્યાથી પહેલાં કે પછી તુરત પાણી ન પીવું જોઈએ. તે વખતે તરસ લાગે તો જમ્યા પછી મિષ્ટ ફળો ખાવાં જોઈએ. બરફ નાખેલું કે શીતકાળમાં માટલીમાં રાખેલું અતિ ઠંડું પાણી જઠરને અને આંતરડાંને સંકુચિત કરી મળને બહાર નીકળતા અટકાવે છે. ગરમ પાણી પણ સારું નથી. બીમારી વખતે ગરમ કરી પીવાની જરૂર રહે કે કોઈ સ્થળે સ્વચ્છ ન હોવાની શંકા લાગે ત્યારે પણ ગરમ કરી ઠંડું પાડયા પછી જ પીવું જોઈએ.

પાણીની દુષ્ટતા

૧. વનસ્પતિના ખાધ થાકી ફ્યુબળી પાદડાં રાખ્યા વગરના મળી.
૨. વનસ્પતિના ખાધ સહેજ પાણી નાખી કે ભાદથી રાખેલા ખોરાકમાથી.

૩. ફળો મિષ્ટમાંથી.

૪. ફળો શાકી ધીમી આંચે બાફેલા, પાણી નાખ્યા વગર રાંધેલ કે સહેજ પાણી નાખી રાંધેલામાંથી.

૫. કંદ મૂળો, પાણી નાખ્યા વગર ધીમી આંચે બાફેલા કે સહેજ પાણી નાખી બાફેલામાંથી.

૬. આગળ, બાજુના પાનામાં કોઠામાં દર્શાવેલાં વનસ્પતિ અંગોમાંથી.

૭. સામાન્ય વર્ષા વખતે અધ્ધર ઝીલેલું.

૮. ધોધમાર વર્ષા વખતે બીજી રીતે ઝીલેલું.

૯. વાવ, કૂવા, તળાવ, નદી, વહેળા, ઝરણાનું સ્વાદિષ્ટ (જેને આપણે મીઠું પાણી કહીએ છીએ) જેનાથી સાબુ વડે કપડામાં જલદી ફીણ આવે, ત્રાંબા પિત્તળના વાસણો કાળાં ન પડે. ઉજળાં બને તે.

૧૦. ટાંકામાં ભરી રાખેલું વરસાદનું, (ટાંકામાંથી બહાર કાઢ્યા પછી તડકામાં રાખી કે ગરમ કર્યા વગરનું રોગી થાય)

૧૧. ધોધમાર વર્ષાનું બાટલીઓમાં પેક કરેલું

શુદ્ધ જળ પૂરતી રીતે તૃષા છિપાવે. સાથે કેટલાક ઉમદા તત્વો વાળું વનસ્પતિની નીચે દર્શાવેલી જાતોનાં અંગોમાંથી મળે છે, તે નિર્મળ, પચવામાં હલકું અને કેટલાક રોગોને મટાડનાર છે.

દરજ્જો	દેશી કે અંગ્રેજી નામ	જીનસ	સ્પીશી	વર્ગ	ગોત્ર	અંગ	વતની
	Water vine	Tetracera	Lianus	૮૫	૬	ફળ, થડ	અમેરિકા
		Eucalyptus	Gunni	૧૧૮	૩૦	થડ	આસ્ટ્રેલિયા
	લીંબડો	Melia	Azedirachta	૧૯૭	૭	થડ	હિંદ
			Succisa	૨૩૬	૫	પાન	અમેરિકા
	Travellartree	Scabiosa	Madagas-	૨૮૮	૧	થડ	આફ્રિકા
	મુસાફરી કેળ	Ravenala	carcnsis	૩૦૭	૩૦	દાંડી	કેપકોલોની
	તાજીતાડી ખજુરી	Witsenia	Maura	૩૧૪	ઘણી	પુષ્પદંડ	વિશ્વ
	કેટલીક જાતનાં તાડ	Palmae	Spp				ઉષ્ણ કટિ-
	નાળિયેર	Cocos	Nucifera	૩૧૪	૧૯૬	ફળ	બંધ
	Palm honey	Jubaea	Spectabilis	૩૧૪	૨૦૦	થડ	અમેરિકા

કેટલીક વનસ્પતિના થડમાંથી ગાય ભેંસના જેવું દૂધ મળે છે. આ દૂધની અંદર શુદ્ધ જળ ઉપરાંત ચુનમ પોટાસ જેવાં ઘણા સારાં તત્વો હોય છે.

Brazilian milk						
Hevea latex	Hevea	Brasilensis	૧૩૬	૭૩		બ્રાઝીલ
Cow tree	Brosimum (Galaetodendron	Galectodendron Utile)	૧૬૭	૨૪		અમેરિકા
Masarandula milk	Mimusops	Elata	૨૨૨	૨૨		અમેરિકા
" "	Couma	Guetmalensis	૨૩૦	૧૦		"
કાકોલી ?	Gymnema	Lactilfera	૨૩૧	૧૦૧		હિંદ

આ ઉપરાંત નીચેની બે જાતોમાંથી એવું જ ગુણકારી દૂધ મેળવી શકાય છે

૧ તાજા સોયાબીન્સને ખાંડી કપડામાં ઘાની દાબવાથી નીચે દૂધિયું રસ પડે છે એકનું કે જરા મધ કે ગોળ નાખી પીવાય

૨ તાજા કોપરાને ખમી કપડામાં ઘાની દાબવાથી દૂધિયું રસ પડે એ પણ એકનું કે મધ કે ગોળ સાથે મેળવી પીવાય

નત્રજ નત્રવાયુ યુક્ત [Nitrogenouse compound]

વનસ્પતિ, જમીનની અંદરથી નત્રવાયુ અને એમોનિયા સોલ્ટના યોગે પોતાના શરીરમાં એક બનાવટ કરે છે આ સાથે કાર્બ (કાર્બન) પ્રાણ (ઑક્ષીજન) ઉદજ (હાયડ્રોજન) વાયુ અને ગંધક (સલ્ફર) અને ફોસ્ફરસ મળેથી તેના સંયોગે વળી એક બનાવટ થય છે તેને નત્રજ (Protein) Proteid કે Albnminoids કહે છે આ ઉપરાંત વળી તેના ઉપર પેપસીન ટ્રીપ્સીન ઇત્યાદિ પાચક રસોની અસર થાય છે ત્યારે તે દ્વિઅમ્લક (Amino acid) બને છે મનુષ્ય શરીર માટે સામાન્ય નત્રજ-પ્રોટીન કરતા દ્વિઅમ્લક વધારે સારુ (Symplex) છે નત્રજ કોષકના મત મુજબ પચાસ અને બીજા કેટલાકના મત મુજબ સો આશરે શોધાયા છે તેઓ વનસ્પતિ તેમ જ પ્રાણી એમ બન્ને શરીરમાંથી મળી આવે છે એઓમાં મુખ્ય આ છે

* Gluten protein આ નત્રજ તૃણધાન્ય (Cereal) આમીની વર્ગના ઘઉં, જવ, બાજરી ચોખા વગેરેમા હોય છે એ અનાજોમા તેનુ પ્રમાણ સારા ખાતર-પાણી અને ખેડથી મનેન અનાજમા સાત ટકા સુધી હોય છે પણ સામાન્યમા ૭ થી ૧૦ ટકા હોય છે તેની અંદર નત્રવાયુ ૧૫ ૫૦ ટકા સુધી હોય છે આ નત્રજ સાદુ અને સામાન્ય શરીર વાળા માટે સારુ છે સરસ ન ગણાય

૨ Legumin protein આ નત્રજ કઠોળ ધાન્ય, (Pulse) બીજમા હોય છે કઠોળમા સોયાબીનની અંદર ૪૪-૫૫ ટકા સુધી હોય છે પણ મગ, તુવેર, વટાણા વગેરેની અંદર ૨૦થી ૨૫ ટકા હોય છે આ પ્રોટીન સોયાબીન જેવા થોડા સિવાય જો કે પ્રાણીજ પ્રોટીનના જેવુ પચવામા ભારે હોય છે છતા પ્રાણીજનું પ્રોટીન શરીરની અંદર વખતે વખતે સડો પેદા કરે છે તેમ આ કરતું નથી આ પ્રોટીન માસ પ્રોટીનના જેમ વૃદ્ધ અશક્ત બીમાર માટે હિતકર નથી

૩ Emulsin protein કે Symoptase protein આ નત્રજ સુકા મેવા બીજ, ખાસ કરી મેવાની બદામ (Almond)માથી અને તલ મોગરીમ સરસર જેવા તેની બીજમાથી મળે છે ઉપલા બન્ને કરતા આ ચડતા ગુણોનુ છે પણ પચવામા ભારે હોવાથી વધુ ન લેવાય

૪ Diastase proetin આ નત્રજ જવના દાણામા તથા બીજા કેટલાક અનાજમા હોય છે અના જનું Malt બનાવવા વપરાય છે

૫ પ્રાણીજ નત્રજ - જો કે આ પ્રસ્તકમા તેની સાથ સબંધ નથી પણ સુકાબલા માટે સહેજ નામ જણાવુ છું —

(૧) Albumen ઇંડાની સફેદીમા હોય છે સરસ ગણાય

(૨) Fibrin પ્રાણી શરીરના લોહી માસમા હોય છે

(૩) Casein જાનવરો તેમ જ મનુષ્ય સ્ત્રીના દૂધમા હોય છે સરસ ગણાય

ઉપલાઓમાં ઇંડા અને દૂધના સારાં છે. ફ્રીબ્રીન પચવામાં અનાજ અને પ્રાણીજ નત્રજો કરતાં સૌથી વધારે ભારે છે. ઉપલા ત્રણે તેમ જ. પ્રાણીજ નત્રજ બધાઓમાં—દૂધ સુધ્ધાંનામાં જલદી જંતુ પડી સડો લાગે છે.

મિષ્ટ અને શાકી ફળોમાં નત્રજ બહુ ઓછું—ત્રણથી પાંચ ટકા અને પાંદડાની ખાદ્ય ભાજીમાં ૮ થી ૧૩ ટકા જ હોય છે, પણ એઓ વધુ સારાં–શ્રેષ્ઠ–ની ગણતરીમાં છે. ગરીબ વર્ગ માટે આશીર્વાદ રૂપ છે.

હિંદમાં મસુર કે અડદ જેવા નત્રજ બક્ષનાર કઠોળને અને ડુંગળી, લસણ જેવાં કંદોને ધાર્મિક કારણ આપી વર્જ્ય ગણવામાં આવ્યા છે, એ ઘણું શોચનીય છે.

ચીન, જાપાન જૂની સંસ્કૃતિ ખોઇ બેઠા હતા. પશુભક્ષ કરી તેનું નિકંદન થતાં દૂધ-ઘીથી વંચિત થયા હતા. તેઓની તંદુરસ્તી સોયાબીનના નત્રજે બચાવી હતી. બચાવી રહેલ છે.

અનાજની અછત વખતે બીજાં સસ્તાં (જો કે પચવામાં ભારે) નત્રજ બક્ષનાર થોડાં ખાદ્ય તેલી બીજના ખોળ છે. ભોયશીંગ, કોપરા, જેવાં સારાં તેલી બીયાંના ખોળ સ્વાદિષ્ટ હોય છે. તલનું સહેજ ઉગ્ર હોય છે, પણ બીજાં સ્વાદી પદાર્થો સાથે ખાઇ શકાય. ચીના, જાપાનીઓ, અને યુરોપના ગરીબ લોકો ખોળને ખજૂર કે ફળોના રસમાં ભીંજવી ખાવા માટે વાપરે છે. પણ ખોળમાંથી નત્રજ લેવા માટે એક ખાસ સાવચેતીની જરૂર છે, તે એ કે તે તાજું, જો હાથ-ઘાણીથી પીસેલાં તેલી બીજનું મળે તો તે જ લેવું જોઇએ. કારણ તેમાં થોડે વખતે જીવાત લાગી સડો થાય છે. તેથી ખાંસી. ઉદર-રોગ થાય છે. તાજું હોય તો પણ લાવ્યા પછી વાપરવાથી પહેલાં તેને ગરમ પાણીથી ધોવું જોઈએ. સોયાબીનનું મળે તો સૌથી શ્રેષ્ઠ છે. તેલી બીયાં, સોયાબીન્સ, ભોંયશીંગ, કોપરાને ભીંજવ્યા વગર ઉપરનાં ફોતરાં ઉતાર્યા વગર જ પીલાવવાં. બીજ પરની કીંમતી તત્વો વાળી ત્વચા (ફોતરાં) નો લાભ ગુમાવવો નહિ.

આ ખોળનું નત્રજ ઢોરો માટે તો ખૂબ જ આશીર્વાદ રૂપ છે. ઢોરો તેથી માતેલાં બની દૂધ-માખણ સારી રીતે આપે છે.

બધાં નત્રજ Azotised products કહેવાય છે.

દરરોજનાં ખોરાકમાં નત્રજની મનુષ્ય માત્રને અનિવાર્ય જરૂર છે. નત્રજ પૂરા પ્રમાણમાં ન મળે તો મળ-મૂત્રાશયમાં બગાડો થઈ અંદર છિદ્રો પડે છે. માંસ સૂકાઈ શરીર દુર્બળ બને છે.

નત્રજ વાળો ખોરાક બુદ્ધિપ્રદ, સ્મૃતિપ્રદ, શરીરનું ઓજસ-કાંતિ વધારનાર છે. પણ એ 'સિંહણ કેરું દૂધ તે સિંહણસુતને ઝરે' ના સૂત્ર પ્રમાણે અશક્ત, વૃદ્ધ, બીમાર–ખાસ કરી ઉદરરોગ વાળા માટે અહિતકર છે. વૃદ્ધાવસ્થામાં તો ફક્ત અઠવાડિયે બે વખત સાદા નત્રજ વાળો જ ખોરાક લેવો જોઇએ.

નત્રજ, છોડ–વનસ્પતિ અને પ્રાણી–શરીરના કોષ- (Cells) અને પેશી ગુચ્છ- (Tissue) ને તથા સ્નાયુ, મજ્જાતંતુઓને બનાવનાર છે. સ્થૂળ દેહને બાંધનાર છે. તેની બનાવટમાં બીજાં તત્વો કર્બ, ગંધકાદિ સાથે જે નત્રવાયુ છે તે જો કે ઓછાં પ્રમાણમાં હોય છે, છતાં તેની શક્તિ બધાં તત્વો કરતાં વધુ હોય છે.

પ્રાણી શરીરમા નત્રજ પેટમા ગયા પછી તેના પરમાણુઓનુ વિશ્લેષણ થવા માડે છે, એટલે તત્વો છૂટાં થવા માડે છે પચતા પચતા નત્રજ હવે દ્વિઅમ્લક રૂપમા ફેરવાઈ જાય છે પછી દ્વિઅમ્લકને હવા લાગતા તે પર કાર્ય ચડે છે—ઓક્ષાડેશન થાય છે ત્યારે નાઈટ્રેટ, એમોનિયા, યુરિયા, યુરિકએસિડ નામના પદાર્થો રૂપાતર થાય છે, અને એ પદાર્થો અપાનવાયુદ્વારે કે ઓડકારના નામ વગ અને મળ-મૂત્ર સાથે શરીરમાથી બહાર નીકળી જમીનમા ભળી ખાતર તરીકે જમીનને ફળદ્રૂપ બનાવવા ઉપયોગી બને છે. એમ છવાચક્ર ચાલ્યા કરે છે

નત્રજ ખોરાક માટે અત્યાર સુધી ખોરાકશાસ્ત્રીઓનો જે મત છે, તે સામે જબ્બર મતભેદ હવે ઊભો થયો છે

અત્યાર સુધી મોટા ભાગનો આ મત છે —

'દરરોજના ખોરાકમા નત્રજ પ્રમાણ — (૨૦ ગ્રામનો તોલો)

૧૮ થી ૬૦ વર્ષના પુરુષને ૬૫ ગ્રામ
૧૮ થી ૬૦ વર્ષની સ્ત્રીને ૫૦ „
૧૦ થી ૧૭ વર્ષના છોકરાને ૮૦ „
૧૦ થી ૧૭ વરની છોકરીને ૭૦ „
૭ થી ૯ વર્ષના બાળકને ૬૦ „
૭ વર્ષ સુધીના બાળકને ૪૦ થી ૫૦ ગ્રામ

સ્તનપાન કરતા ૬ માસ સુધીના બાળકને ધાવણમાથી પાચ ટકા મળે છે

ગર્ભવતી સ્ત્રીને સ્તનપાન કરાવતી માતા કે ધાવન, ઋતુસ્રાવ વખતે યુવતીને, પ્રસૂતા સ્ત્રીને આ વસ્તુની વધારે જરૂર રહે છે

હવે આધુનિક ખોરાકશાસ્ત્રના થોડા પ્રવીણ નિષ્ણાતો સચોટ દલીલોથી શો મત ધરાવે છે તેના બે દૃષ્ટાંત આપુ —

અમેરિકાના કેલિફોર્નિયાના ખાગકશાસ્ત્રી શ્રી એ ટાકાકર્ષુના 'ધી વાલ્ટન ફેક્ટ અબાઉટ ફૂડ' પરથી —

'નત્રજ શરીર બધનાર અને ઘસારાને પૂરો કરનાર છે એવી સમજણથી શરીરશાસ્ત્રીઓ હમણા સુધી એક એવા ભુલાવામા હતા કે જેમ શ્રમ વધારે તેમ નત્રજ વાળો ખોરાક વધારે ખાવો જોઈએ આ ભૂલને લીધે દુનિયામા અનેક રોગ ચાલુ થયા છે, પણ હવે સમજાયુ છે કે શ્રમના પ્રમાણમા નત્રિલ ખોરાક વધારવાની જરા યે જરૂર નથી, પણ નત્રજેતર પદાર્થ એટલે (આગળ જોવામા આવશે તે) કર્બુદિત અને વસા ખોરાક એ વખતે વધારવો જોઈએ શક્તિ પૂરી પાડનાર તે જ પદાર્થો છે દેહની ગરમી ટકાવી રાખવા માટે શરીરને કર્બુદિત અને વસાને બદલે નત્રજનો ઉપયોગ ક્વચિત્ જ થાય કર્બુદિત અને વસાનુ પ્રમાણ ઓછુ હોય તો પોતાની શક્તિ જાળવવા માટે શરીર, પોતાના કોષોની આસપાસ રહેલુ છૂટું નત્રજ વાપરવા લાગે છે પણ ગરમી પેદા કરવાના કામ સારુ નત્રજમા રહેલા કર્બજ માત્ર ખાવામા આવે છે અને નત્રજમાથી કર્બ છૂટો પડ્યા પછી જે નત્રાણુ વધે છે તેને શરીર બહાર નકામો ફેંકી દેવો પડે છે આ વધરાની નકામી તકલીફને અગે કાળજા અને મૂત્રપિંડ (કીડની)ને નાહકનો મોટો ઉઠાવવો પડે છે વળી નત્રિલ ખોરાક (ઈંડા, માસ) વધારે મોંઘા હોવા છતા કર્બુદિત-વસાથી વધારે ગરમી આપી શકતો નથી'

જર્મન વિજ્ઞાનિઓએ પ્રયોગ કરીને બતાવ્યું છે કે, 'સમજણપૂર્વક ખોરાક લીધો હોય તો શરીરને (ત્યાંના હૃષ્ટપુષ્ટ શરીરને. ભારતમાં તો ઓછાં.) દરરોજના ૪૦ ગ્રામ (૪ તોલા) થી વધારે નત્રજની જરૂર નથી. છતાં ડોકટરો જૂના ભણતરને વળગી રહેલા હોવાથી લોકોના મનમાંથી ઝાઝું નત્રજ ખાવાની માન્યતા હજી ઉખડી નથી.

નત્રજનો ખરો ઉપયોગ શરીરનો ઘસારો પૂરો કરવા માટે છે, શક્તિ પૂરી પાડવા માટે નથી. જો ખોરાકમાં અલ્કલ (Alkaline) તત્વો પૂરા પ્રમાણમાં હોય તો શ્રમ કરવા છતાં શરીરને બહુ જ ઓછો ઘસારો લાગે છે. જ્યારે ખોરાકમાં અલ્કલ તત્વો પૂરા પ્રમાણમાં નથી હોતાં ત્યારે તે ખોટ પુરી કરવાને ખાતર ઉપર જણાવ્યું તેમ શરીરને પોતાના કોષોને તોડી નાખવા પડે છે. અને એ રીતે તેને નકામો ઘસારો વહોરી લેવો પડે છે. આમ શરીરના કોષો તૂટે તેથી બીજી રીતે પણ નુકશાન થાય છે. એ રીતે અલ્કલ ક્ષારો વપરાઇ જવાથી તેનો એકંદર જથ્થો ઘટે છે, અને રોગ સામે ટક્કર ઝીલવા માટે શરીર તેટલું અશક્ત બને છે.

પણ જો આપણે તાજાં મિષ્ટ અને ખાટાં ફળો અને લીલાં પાંદડાની શાક–ભાજી સારા પ્રમાણમાં ખાઇએ તો સોડિયમ, કેલ્સ્યમ અને લોહના ચેતન ક્ષારો આપણને પૂરતા પ્રમાણમાં મળી રહે. તેથી શરીરના કોષોને તૂટવું ન પડે. શરીરમાં પેદા થતા ઝેરો ધોવાઇને નીકળી જાય. શરીર તન્દુરસ્ત રહે, અને ગમે તેટલો શારીરિક શ્રમ કરતા હોઇએ તો પણ ૩–૪ તોલા નત્રજથી વધુ જરૂર ન રહે. જે આ ફળોમાંથી મળી શકે.

જો આપણે વધારે પડતો નત્રિલ કે બીજો કોઇ અમ્લક ખોરાક લઇશું તો આપણને ખૂબ ખોરાક જોઇશે. તેમાંથી પુષ્કળ ઝેરો પેદા થશે. શરીરનો કચરો એકદમ નીકળશે નહિ, અને શરીર રોગને અનુકૂળ બનશે. તેથી ઊલટું જો આપણે વધારે પડતું નત્રજ ન હોય એવો કે બીજો કોઈ પ્રતિઅમ્લક ખોરાક લઈશું તો થોડા ખોરાકથી ચાલશે. તેમાંથી થોડા જ ઝેર પેદા થશે, શરીરનો કચરો એકદમ નીકળી જશે, અને પરિણામે શરીર તથા મન અજબ રીતે તંદુરસ્ત અને સહનશીલ થયાનું અનુભવાશે.

ધાવણની રચના તપાસતાં પણ જણાય છે કે, બાળકના જન્મ વખતે ધાવણમાં જેટલું નત્રજ હોય છે તેનું પ્રમાણ પછીથી ધીમે ધીમે ઘટતું જાય છે, તે એટલે સુધી કે છ માસમાં અર્ધાથી પણ ઓછું થઈ જાય છે. એથી પણ નક્કી કરી શકાય છે કે મનુષ્યને સામાન્ય રીતે ઝાઝું નત્રજ ખાવાની જરૂર નથી.

નત્રજ મેળવવા માટે જો કઠોળ કે અનાજ વાપરવો હોય તો પ્રવાહી ન બનાવતાં રોટી બનાવી ખાવી, કે તેને ચાવી શકાય.

નત્રજ અનિવાર્ય જરૂરનું છતાં જોખમી તત્વ છે. એનો બારીક વિવેક રાખવો ઘટે છે. ફકત ફળો અને પાંદડાની ભાજીનું નત્રજ સારું હોવાથી તેના તરફ વધારે ભાર રાખવો ઘટે છે. અનાજનું નત્રજ અપૂર્ણ છે. તેથી એક જ અનાજને વળગી ન રહેતાં ફરતાં ફરતાં વાપરવા. આમ કરવાથી એકબીજામાં રહેલી ખોટ કેટલેક અંશે ટળી રહે, અને તે છતાં તેનો પૂરો લાભ ઉઠાવવા માટે અનાજની સાથે તાજાં શાકભાજીની જરૂર તો ઊભી રહે જ છે. થોડા કઠોળ નત્રજની પણ ખરી.

નત્રજ, રસાયણિક ક્રિયાથી છૂટું કરી શકાતું નથી. તેનો લાભ જે વસ્તુ–વનસ્પતિ કે પ્રાણી–ના અંગોમાં તે હોય તેનું ભક્ષણ કરવાથી મેળવી શકાય છે.

શરીર બાંધવા માટે કે તેને ટકાવવા માટે જરૂર હોય તેટલા પ્રમાણથી થોડું વધુ લેવાય તો કર્બુદિત કે વસા (ચરબી)ના જેમ તે શરીરમાં ગરમાવો પણ લાવે છે. પણ તેથી વધુ લેવાય તો શરીરની અંદર

ઝેરી અસર કરી સડો ઉત્પન્ન કરી રોગો પેદા કરે છે ઉત્રવાયુ ઉપજાવે છે અને પાછળ જે નત્રજ માટે વખાણુ અને જરૂરિયાત બતાવી છે તે સામે અમેરિકન ખેરાક નિષ્ણાત ખોરાકશુંએ જે મત દર્શાવ્યો છે તે જ યોગ્ય છ

વનસ્પતિ ખોરાકમા કઇ કઇ વસ્તુમા નત્રજ કેટલા પ્રમાણમા છે તે નિચેના કોઠાથી જણાશે.

વૃષધાન્ય [અનાજ Cereal કે Grain]મા

જવ	૭૬૪ થી ૧૭૯૦	કુદું	૯૭૫ થી ૧૭૯૦
મકાઇ	૬૪૧ થી ૧૭૦૨	ઓટ } oat }	૮૩૫ થી ૨૧૮૮
Rye	૮૩૯ થી ૧૭૩૮	ઘઉં	૮૩૦ થી ૯૭૮૧ (મોટા ફુદલમા)
ચોખા	૬૪૯ થી ૧૨૮૧	જુવાર	૭૦૦ થી ૯૧૦
બાજરી	૯૦૦ થી ૧૧૦૦		

કઠોળ

સે વાબીન્સ	૨૪૩૮ થી ૪૮૧૦	Kidney beans	૨૨૫૩ થી ૩૬૪૬
સોયબીંગ બીજ	૨૫૩૮ થી ૩૩૭૩	Lima „	૧૫૯૪ થી ૨૫૬૩
વગાણા	૨૧૫૯ થી ૩૨૯૪	Gtring „	૧૩૦૬ થી ૨૦૧૯
ચણા	૧૭૦૦ થી	Vicia faba „	૩૧૦૦ થી ૩૬૧૦
મસુર	૧૪૫૮ થી ૩૪૧૪	Lypinas „	૧૫૬૨ થી ૬૧૨૭
તુવેર	૧૩૦૦ થી		
મગ અડદ, મઠ	૨૩૦૦ થી		
ચોળા	૨૧૦૦ થી		
કળથી	૧૮૦૦ થી		

સુકા મેવા બીજ (Nut)મા

Beech nut	૨૫૦૦ થી ૩૫૦૦	મેવા બદામ	૧૭ ૦ થી ૨૬૬૨
Cacao „	૦૭૩૨ થી ૧૫૭૪	પિસ્તા	૨૨૬૦ થી
Cocoa „	૦૯૭૫ થી ૦૮૯૦	અખોડ	૧૮૪૦ થી
Chest „	૦૫૧૫ થી ૧૫૭૫	ચારોલી	૨૯૦૭ થી
Hazel „	૧૬૨૩ થી ૨૧૨૨	કાજુ	૨૧૧૯ થી
Brazil „		સે પશીંગ	૨૯૮૦ થી
Pine „		નાળિયેર કોપરા	૦૫૭૦ થી

તેલી બીજ

અળશી બીજ	૧૮·૪૯ થી ૩૩·૮૦	સૂર્યમુખી બીજ	૦૫·૬૭ થી ૩૩·૮૯
રાઈ	૧૫·૫૦ થી ૩૯·૬૬	તલ	૩૫·૦૦ થી
રેપસીડ	૧૫·૧૮ થી ૨૮·૧૪	કરડી	

શાકભાજીમાં

પાન ડાળી.		ફળ.	
પાલખ ભાજી	૨૭·૫૦ થી ૪૫·૨૩	કાકડી	૨૧·૩૮ થી ૨૬·૦૬
કોબી (ફૂલકોબી)	૧૭·૨૩ થી ૩૭·૭૫	ભૂરું કોળું	૩૦·૩૧ થી ૩૬·૩૫
એસ્પેરેગસ	૧૫·૧૨ થી ૩૩·૫૨		
સેલેરી	૮·૪૪ થી ૨૫·૧૯		

શાકી કંદમૂળમાં

સ્યુગર બીટ	૦૩·૧૧ થી ૨૩·૦૨	ગાર્ડન બીટ	૦૪·૧૯ થી ૨૯·૬૭
ગાજર	૦·૭૯ થી ૧૬·૬૪	લસણ	૦૧·૧૭ થી ૧૩·૫૦
પાર્સનિપ	૦૬·૩૮ થી ૧૩·૫૦	બટાટા	૦૨·૨૧ થી ૧૭·૫૯
સકરિયાં રતાળુ	૦૧·૭૦ થી ૧૯·૬૧	મૂળા	૧૩·૦૦ થી ૨૨·૧૩
ટરનિપ (સલગમ)	૦૪·૦૧ થી ૨૧·૦૦	ડુંગળી	૦૧·૬૦ થી
		સૂરણ	૦૧·૨૪ થી

મિષ્ટ ફળોમાં

સફરજંદ (સેવફળ)	૦·૨૨ થી ૧·૩૨	લીંબુ	૦·૪૯ થી ૨·૯૦
એપ્રીકોટ	૦·૧૩ થી ૧·૭૯	મુસ્ક મેલન	૪·૧૯ થી ૨૨·૨૩
કેળાં	૩·૩૭ થી ૭·૭૫	મોસંબી સંત્રાં (oramge)	૨·૨૪ થી ૪·૮૩
ચેરી	૦·૯૭ થી ૪·૭૫		
કુરેન્ટ	૧·૧૧ થી ૧·૪૪	પીચ	૦·૨૩ થી ૧·૬૭
અંજીર	૦·૯૧ થી ૨·૫૮	નાસપતી	·૧૯ થી ૦·૯૬
ગુઝબેરી	૦·૨૧ થી ૦·૯૪	પ્લુમ્સ (આલુજરદાલુ)	૦·૫૯ થી ૦·૬૯
દ્રાક્ષ (grapc)	૦·૨૨ થી ૧·૨૦	સ્ટ્રોબેરી	૦·૩૫ થી ૧·૦૫
રાસ્પબેરી	૦·૧૮ થી ૧·૪૭	ખજૂર	૨·૧૦ થી

તેજાના (Shices)માં

આનીસુન	૧૬·૩૧ થી ૧૮·૧૫	એનચી	૦૫·૫૦ થી ૧૪·૭૭
ગરચા	૧૧·૨૦ થી ૧૬·૨૮	Caraway	૧૯·૪૩ થી ૨૦·૨૫
લવિંગ	૪·૭૩ થી ૧૭·૦૬	તજ	૦·૦૧ થી ૮·૦૦
ધાણા	૧૦·૯૪ થી ૧૩·૦૩	હળદર	૯·૧૮ થી ૧૨·૫૬
સુવા	૬·૭૫ થી ૨૦ ૫૬	વરીયાળી	૧૬·૨૮ થી ૧૭·૧૯
સૂંઠ	૩ ૨૭ થી ૧૦·૮૩	જાવત્રી	૪ ૫૫ થી ૭·૮૦
જાયફળ	૫·૧૬ થી ૦ / ૧૨	રાઇ	૧૫·૫૦ થી ૩૯·૬૬
મરી	૧૫·૧૮ થી	Paprica (પીપર ?)	૧૦·૧૯ થી ૨૭·૧૬
ભુછત્ર (Agaricus campestris)	૨૦·૬૩ થી ૬૨·૯૪	કોફી બીજ	૧૭·૧૧ થી ૨૫·૦૯
		Sea weeds	૫·૫૬ થી ૩૯ ૨૫

અદ્રાવ્ય કર્બુદિત ચરબિયલ કે ઘટ્ટ તેલ

[ETHER EXTRACT, INSOLUBLE CARBOHYDRATES FATTY OR FIXID OIL]

ચરબી-પ્રાણીજ તેમજ વનસ્પતિજ-શરીરનુ બધારણ અંગાર વાયુ (Carbon), ઉદક વાયુ (Hydregen) અને પ્રાણ વાયુ (Oxygen), મય હેય છે. પ્રાણુ વાયુ થોડા પ્રમાણુમા હોય છે. આ ત્રણે વાયુ એક બીજાથી જોડાયેના હોય છે, તેથી બીજા કર્બુદિતની જેમ એની પણ ગણના કર્બુદિતની અંદર જ કરવામા આવી છે, પણ બીજા કર્બુદિત પદાર્થો પાણીમા ઓગળનાર-દ્રાવ્ય હોય છે, અને ચરબી અદ્રાવ્ય Unsoluble હોય છે. તેનુ બધારણ (Formula) C. 57 H. 164 O. 6 છે. હાનમા ન ઓગળનાર-Insoluble પદાર્થોને મોટે ભાગે કર્બુદિતને બદલે તેના પોતાના નામ વસા Fat થી જ સબોધવામા આવે છે. દ્રાવ્ય-solubleન જ કર્બુદિત તરીકે ગણવામા આવે છે. ચરબી બે ક્રિયાથી ઉદ્ભવે છે. (૧) ચરબિયન તેજાબ્નો Fatty acids (૨) Glycerides આ બે દ્રવ્યો, ચરબી—પ્રવાહી અને જામેલી-ને જોડનાર છે. જ્યારે પહેલે સ્વરૂપે પ્રવાહી હોય ત્યારે તેને તેલ કહે છે. સૂક્ષ્મદર્શક યત્રથી જોતા તેની અંદર નાની ગોળીઓ વિવિધ કદની જોવામા આવે છે. ચરબી, દ્વિજ-પ્રાણી અને વનસ્પતિના બધા જીવત જીવરસ (Living protoplasm)મા થોડા પ્રમાણુમા હોય જ, પણ વનસ્પતિ માટે ખાસ ખોરાક તરીકે તો ઘણા બીજમા અને કોઇક ફળોમા મોટા પ્રમાણુમા હોય છે. કદ (Tubur) થડ ડાળી (Stem), ફૂલ, અને બીજા અંગામા જુજ જાતિઓમા, ને તે પણ થોડા પ્રમાણુમા હોય છે. તે જીવરસના ઉપયોગમા આવે તે પહેલા સાદા પ્રવાહિક સ્વરૂપમા ફેરવાય છે (Have to be digested before they can be utilized

કર્બુદિતના બે વિભાગ (૧) ઉપરોક્ત વસા (૨) આગળ આવનાર કર્બુદિત જેમા—શર્કરા મેદા વગેરે. એઓ । નત્રજેતર Non (nitrogensus substanse) કહેવામા આવે છે.

ચરબી. સાકરની જેમ વનસ્પતિઓના પાંદડાંઓમાં સૂર્યના કિરણોમાંથી કારબન ડી. ઓક્સાઇડ અને જળાતત્ત્વ ખેંચાઇ આવેથી પેદા થાય છે. ત્યાંથી જુદા જુદા અંગોને પોષણ આપી, અમુક જથ્થો ખાસ અવયવો—બીજ, ફળ, કાષ્ટ, ફૂલ, મૂળ—માં સંગ્રહાય છે. પ્રાણીઓ માટે તે બીજા દ્રાવ્ય કર્બુદિત કરતાં અઢી ગણી શક્તિ આપનાર છે. પ્રાણીશરીરને તે ત્રણ રીતે ખોરાકમાંથી મળે છે.

(૧) ચરબીવાળા પદાર્થ—તેલ, ઘી, પ્રાણીજ ચરબી ખોરાકમાં ખાવાથી. (૨) દ્રાવ્ય કર્બુદિત પદાર્થો—મેંદો સાકરવાળા બીજ, ફળ, કંદ વગેરેની અંદર હોય તે ખાવાથી. (૩) નત્રજ—પ્રોટીન—ના વિશ્લેષણથી. ચરબી, ઘણા દ્રાવણોને સયોગે ઓગળે છે, પણ ઇથરના સંયોગે જલદી ઓગળે છે, તેથી Etherial કે Exctractive કહેવાય છે.

વનસ્પતિજ ચરબી Fatty ole કે Fixed oil ચપલ ઉડ્ડયન તેલ (Essential oil કરતાં તે તદ્દન જુદા પ્રકારનું અને જુદી ખાસિયતનું હોય છે. તે દેખાવમાં મેલું, ચીકટ, સ્વાદ વગરનું કે અણગમતા સ્વાદનું, કોઇક તો (Bland) અને અણગમતી વાસનું હોય છે. પણ આ બધા તેલોની અંદર પણ કંઇક ઉડ્ડયન ચપલ તેલના અંશ હોય છે. તે તેલ સુગંધી હોય અને જ્યારે જરા વધારે પ્રમાણમાં હોય તેવા તેલોમાં સહેજ મીઠાસ, તીખાસ, અને સહેજ સુગંધ હોય છે. ઉદા.—ભોંયશીંગ, સરસવ, કરડી આ તેલ ગરમીને લીધે વરાળ થઇને કે હવાથી ઊડી જતું નથી. ચપલ તેલની માફક વરાળયંત્ર વડે છૂટું કરવું પડતું નથી. પીલીને કે ઉકાળેથી સાદી ક્રિયાથી મળી આવે છે. પ્રાણીજ અને વનસ્પતિજ તેલો રસાયણિક દ્રષ્ટિએ એક જ બંધારણના અને ગુણ ખાસિયતના છે. તેની અંદર આશરે નવ ભાગ ચરબિયલ તેજામ્લ (Fatty acids) અને એક ભાગ ગ્લીસરીડેસ (Glycerides) ના હોય છે. જે સામાન્ય ઉષ્ણતામાને પ્રવાહી સ્વરૂપે હોય તે તેલ કહેવાય છે, અને તેની અંદર Oleic acid હોય છે, પણ જે તેલો સામાન્ય ઉષ્ણતામાને જામેલાં રહે છે તેની અંદર સ્ટીરિક અને પાલ્મીટિક એસીડ હોય છે અને બાકીનો ભાગ ખરી ચરબી રહે છે આ તેલ પાણીમાં ઓગળતાં નથી. પણ જુદી જુદી જાતનાં સેન્દ્રિય દ્રાવણમાં ઓગળે છે. આ ચરબીનું એ દ્રાવણોથી પૃથક્કરણ કરવામાં આવે ત્યારે ચરબી, અમ્લો અને ગ્લીસરાઇન છૂટાં મળી શકે છે.

તેલોમાં કેટલાક ખાદ્ય છે. જ્યારે કેટલાક ઝેરી વનસ્પતિઓનાં હોઇ અખાદ્ય છે, ઉદા.—એરંડ, નેપાળો માલકાકણાં, એઓને ખોરાકી વિષયમાં ન દર્શાવવાં જોઇએ, પણ આર્થિક વિષય અને ઔષધી વિષયના હોવાથી એ વિષયમાં જણાવવાં જોઇએ, પરંતુ એમ કરતાં તેલ વિષય ત્રોટક બની જાય, વળી હાલનાં વિજ્ઞાનીઓ અખાદ્ય, બેસ્વાદ કે ઝેરી હોય તેમાંથી અખાદ્ય તત્વોને કાઢી, શુદ્ધ બનાવી ખાદ્ય કરી શકે છે. તેથી ખોરાકી વિષયમાં જ તેને સમાવ્યા છે, કોઠામાં ખાદ્ય—અખાદ્યના ભેદ બતાવ્યા છે.

આ તેલોની સાથે અલ્કલી Alkali (પોટાસ, સોડા) વગેરે ક્ષારો ઉકાળવામાં આવે ત્યારે સાબુ બને છે. તેમાં પણ જ્યારે પોટાસ કે લાઇ Lye સ.થે ઉકાળવામાં આવે ત્યારે નરમ સાબુ બને છે. સોડા સાથે ભેળવાથી કઠણ સાબુ બને છે.

ચરબિયલ તેલો ઉષ્ણ કટિબંધ અને સમશીતોષ્ણ બન્ને પ્રદેશની વનસ્પતિઓમાંથી મળે છે. તે મોટે ભાગે બીજમાં મોટા પ્રમાણમાં હોય છે. થોડા ફળો, કંદ (Tubers) થડ, મૂળમાંથી પણ મળે છે. તેની અંદર વખતે વખતે (Often) નત્રજ—પ્રોટીન—સહાયક તરીકે હોય છે. આ વખતે તે જે ખોરાકી વસ્તુઓની અંદર હોય છે તે વસ્તુ પ્રાણીને જીવનશક્તિ બક્ષે છે. વનસ્પતિઓનાં બીજને ઉદ્‌ગમ માટે ખાતર તરીકે ઉપયોગી બને છે. તેની અંદર [illegible]

તેઓના ગુણધર્મો તે જગ આદિષ્ટ કે ઉગ્ર કે દુર્ગંધી બને છે એ ઉત્પન્ન તેમના અંશને લીધે એ તેલ મગ અગકાવનાર બના છે જો એ ઉત્પન્ન તેલ સુગંધી કે ચિરપરા હોય તો ખાદ્ય બને છે અને આ તેલોની અંદર નત્રજ-ગ્લોબીન-ઓછા વધુ પ્રમાણમા હોય છે પણ તે જ્યારે વધુ પ્રમાણમા હોય અથવા કોઇ તેનમા પ્રાણવાયુ (Oxygen) કે ગંધક (Sulphur) વધુ પ્રમાણમા હોય ત્યારે તે અખાદ્ય બને છે એવા તેલોનુ ખોળ પણ ઢોરો માટે ઝેરી બને છે હાલમા તેલોનો ખાવા માટે વપરાશ ખૂબ વધ્યો છે તેથી અખાદ્ય તેલોમાથી ઉપરોક્ત નત્રજ, પ્રાણવાયુ, ગંધક વગેરે આકરા તત્વોને રસાયણિક ક્રિયાથી છૂટા કરવા હાઇડ્રોજિનેશન ક્રિયા કરવામા આવે છે આ ક્રિયાથી તેલોને પ્રવાહીમાથી ઘટ તેમ જ ઘટ્ટમાથી પ્રવાહી બનાવી શકાય છે પ્રવાહી તેલને ૨૧૨° માથી ૪૦૦° F સુધી ઉષ્ણતામાન આપી તે સમયે સાદીરૂપ નિકલ ઝિંક અને પ્લેટિનિયમ ધાતુ રાખવાથી પ્રવાહી તેલ ઘી જેવુ ઘટ્ટ બને છે

આ ક્રિયાથી ચરબીમાનુ Oleic acid મે અણુ લઈ લે છે અને સ્ટીરીક એસિડના રૂપમા ફેરવાઇ જાય છે આ ક્રિયાને હાયડ્રોજેનિક ક્રિયા કહેવામા આવે છે

વનસ્પતિજ પ્રવાહી તેલ ચરબી જેવુ તેલ અને મીણુ એ ત્રણેનુ બંધારણ કાર્બન ઉદકના ક તત્વ કાર્બન હાઇડ્રોજન અને ઓક્સીજન મયનુ છે ત્રણે પાણીમા ન ઓગળનાર In soluble છે છતા ત્રણેના અંદર કેટલાક ભિન્ન તત્વો છે પ્રવાહી ન સૂકાય એવા તેલની અંદર Oleic acid મોટા પ્રમાણમા હોય છે ચરબીની અંદર Trihydric alcohol હોય છે Pilmitic તથા Stearic acid વધારે પ્રમાણમા હોય છે જ્યારે મીણની અંદર ઊંચી જાતનુ એક હાઇડ્રિક આલ્કોહોલ જેના વિભાગ Cetyl Choleterol અને Myrestol હોય છે વનસ્પતિજ મીણના બંધારણમા આ હાઇડ્રિક આલ્કોહોલ તેના વિભાગો વાળુ-અલ્પ અંશે હોય છે

તેલ અને ચરબી-વનસ્પતિ તેમ જ પ્રાણીજ-મા બીજી રીતે પણ થોડો ભેદ છે જામેલા તેલ સામાન્ય ગરમીથી ઓગળી પ્રવાહી બને છે જ્યારે ચરબીને તપાવતા જરા નક્કર રૂપ પકડે છે કોકો બટર, કોકોનટ તથા ઉષ્ણ કટિબંધના દેશોમા ઉનાળામા પ્રવાહી બને છે અને શીતકાળમા કે ઊંચા પહાડો પર જામી જાય છે

પ્રાણીઓના શરીરમા ખાદ્ય તેલ ચરબીરૂપ પકડે છે ખાસ કરી ગરમ લોહી વાળા જાનવરોમા ચરબી વધુ પેદા થાય છે (દા. ભેંસો) દૂધની અંદરથી મળતી ઘી રૂપ ચરબી અને પ્રાણીઓના હાડકા પર ચોંટેલી ચરબીમા નૈસર્ગિક રીતે ફરક નથી પણ વનસ્પતિજ ચરબીની અંદર કંઈક જુદા એસીડોની લીધે સહેજ ફરક રહે છે જે વેજીટેબલ ઘી વિષયમા શ્રી રામકૃષ્ણ વૈષ્ણવના લેખથી વિસ્તારથી આગળ જોવામા આવશે.

માનવશરીરને જરૂરી પોષક તત્વો પૂરા પાડવામા અને ઉદ્યોગોમા કાચી વસ્તુઓ તરીકે વનસ્પતિ તેલ ખૂબ મહત્વનો ભાગ ભજવે છે સાબુ રંગ રોગાન વેજીટેબલ ઘી ચરબી દવાઓ, લબ્રિકેટીંગ ઑઈલ (સાંચાની દીવા રાખવા અને કાટથી બચાવવાનો) જ્યોત બાળવાનુ તેમ જ બીજા ઉદ્યોગોમા વનસ્પતિજ તેલનો સૌથી મોટો ઉપયોગ નાના કે મોટા પાયા પર થાય છે વનસ્પતિ તેલનો સૌથી મોટો ઉપયોગ ખાવામા થાય છે અને આનો પુરાવો હિંદમા અનાદિ કાળથી ચાલતી આવેલી બળદ કે ઊંટ ઘાણીઓ પૂરો પાડે છે એવી જ રીતે દીવેલ અને કણજીયામાથી ઘેરઘેર સાબુ બનાવતા હતા એરંડા તેલનુ દીવેલ નામ એ તેલ દીવા માટે વપરાતુ તેની પ્રતીતિ કરાવે છે

હિંદમા કેરોસીન એમ વીજળિક વપરાશ શરૂ થયા ત્યારથી જ્યોત બાળવા તરીકે વનસ્પતિ તેલની મહત્તા ઘટવા લાગી પણ બીજી બાજુ દેશના ઔદ્યોગિક વિકાસે વનસ્પતિજ તેલની માગ ખૂબ વધારી

મૂકી. યાંત્રિક ઉદ્યોગોનો વિકાસ જેમ જેમ મોટા પાયા પર થતો ગયો તેમ તેમ આ તેલની માગ વધવા માંડી, એટલે એક તરફ જ્યોત બળતણ તરીકે તેની માગ ઘટી જ્યારે બીજી તરફ ઉદ્યોગમાં કાચા માલ તરીકે માગ વધી. આનાથી એના ઉત્પાદનને વધારે વેગ મળ્યો.

નિકાસ વેપાર

ઉદ્યોગોમાં વનસ્પતિજ તેલની વપરાશ વધી એ હકીકત છે, તો યે ધ્યાનમાં રાખવા જેવી બિના એ છે કે વનસ્પતિજ તેલનો ઉપયોગ ખાવામાં જ સૌથી વિશેષ થાય છે. કારણ કે તેલમાં ચરબીનું પ્રમાણ વધુ હોવાથી તે માનવશરીરને જોઇતી ગરમી પૂરી પાડે છે. ચરબી આપનાર પ્રાણીજ—ઘી, માખણ—બ્રિટિશ સરકારના હિંદમાં આગમન પછી મોઘાં થયાં છે. ગરીબ જનના માટે દુર્લભ બન્યાં છે. તેથી તેલનો ઉપયોગ બહોળા પ્રમાણમાં ખાવા માટે થાય છે, એ સ્વાભાવિક છે.

યુરોપ, અમેરિકામાં ઔદ્યોગિક પ્રગતિ થવા લાગી તેમ તેમ હિંદમાં વનસ્પતિજ તેલની માગણી થવા લાગી. આથી હિંદમાં તેલીબિયાંના ઉત્પાદનને ઉત્તેજન મળ્યું. અને બિયાંની નિકાસ એ મુલકોમાં દિનપર દિન વધુ થવા લાગી. પણ પરદેશી બ્રિટિશ સરકાર એ કાચો માલ દેશમાંથી ઉપાડી જતાં હિંદને મોટા ગેરલાભ થયા. એક તો તેલને બદલે કાચાં બીજ જતાં પૈસા ઓછા મળતા. કાચાં બિયાં નિકાસ થવાથી તેલ પીલવાનો ધંધો ખીલ્યો નહિ. તેલમાંથી તૈયાર થતી પરદેશી ચીજોના ભાવ ચાર ગણા ચૂકવવા પડે. સૌથી આર્થિક ફટકો તો એ પડ્યો કે જે જમીનમાંથી આપણા તેલીબિયાં પકવીને નિકાસ કરતા, તે જ જમીનને એ તેલ પીલતાં જે ખોળ રૂપી ખાતર મળે અને તેથી પાક વધે તેથી વંચિત બન્યાં. ઢોરોને એ ખોળ મળેથી માતેલાં બને તે લાભ પણ જતો.

તપાસ પંચ

સરકારની આ નીતિ સામે હિંદી પ્રજાનો વિરોધ બળવત્તર બન્યો. અને તેલીબિયાંની નિકાસ પર નિકાસ-જકાત નાખવાની જોરદાર માગણી દરેક સ્થળેથી થવા લાગી. આથી તપાસ પંચ નીમાયું. તેના સમક્ષ દરેકેદરેક સાક્ષીઓએ ભારપૂર્વક નિકાસનો વિરોધ કર્યો. પણ આ પંચે જવાબ આપી આ ઉહાપોહને દાબી દીધું કે હિંદમાં જ આ બિયાં પીલવાનો ઉદ્યોગ વધે તો તેલ અને ખોળની હિંદમાં ખપત એટલી નથી. હિંદનો ખેડૂત ખોળનો ખાતર તરીકે ઉપયોગ કરવા ટેવાયેલો નથી.

તપાસ પંચ આ ઉડાઉ અભિપ્રાય આપે એમાં નવાઇ ન લાગે. કારણ કે તે પરદેશી બ્રિટિશ સરકારનો એ પંચ ભાડુતી હતો. એ સરકારને પોતાના યુરોપના કારખાનાઓ માટે હિંદનાં બિયાં સસ્તા ભાવે દર સાલ લેવા જોઇએ; માલ મળે તો જ તેનાં કારખાનાં ચાલે, પ્રજા અને સરકારને કમાઇ થાય.

હિંદના તેલીબિયાં અને તેલ ઉદ્યોગ.

તેલીબિયાં અને તેના ઉદ્યોગના મહત્વ ઉપર આપણે જેટલો ભાર મૂકીએ તેટલો ઓછો છે. તેલીબિયાંમાં હિંદ દુનિયાના સૌથી મોટા ઉત્પાદક દેશો પૈકીનો એક છે. દુનિયાના ૬૨ ટકા જેટલો પાક તેનો હિંદમાં થાય છે. એમાં યે ભોંયશીંગમાં તો તે સૌથી મોખરે છે. જ્યારે અળશીમાં તે આર્જેન્ટીનાથી બીજે દરજ્જે આવે છે. એરંડામાં દુનિયાના ૨૧ ટકા જેટલો છે. એ બિયાં મનુષ્યશરીરને કિંમતી ચરબી તત્વ આપે છે. ઘણી જાતના આર્થિક ઉપયોગ માટે બહુ અગત્યના છે. તેનો ખોળ ઢોરોના ખોરાક માટે અને ઉમદા ખાતર અર્પનાર છે.

હિંદમા કુલ વાવેતર ૨૬૧૦ લાખ એકરમા થાય છે. જેમા તેલીબિયાનુ ૨૩૦ લાખ એકરનુ છે. સને ૧૯૫૦ મા ઉત્પાદન અદાજ ૫૦ લાખ ટનનુ અને આવક અંદાજ ૭૦૫ કરોડનુ હતું. આ રીતે ખેતીના ઉત્પાદનમા તેલીબિયાનો હિસ્સો મોટો છે. અને એ મહત્વના કારણે તેલીબિયાના વાવેતર ઉત્પાદન અને સુધારણા પ્રત્યે યોગ્ય ધ્યાન આપવુ એ આવશ્યક છે.

ભાવોની દૃષ્ટિએ જોઇએ તો ગત લડાઇમા અન્ય ચીજોના જેમ તેલીબિયાના ભાવો પણ સારા પ્રમાણમા વધતા પામ્યા હતા સરેરાશે લગભગ પાચ-છ ગણા થતા પામ્યા આ ભાવ વધવાના કારણ જો કે સટ્ટાની બની છે છતા એ મદીને ઉત્તેજક ખરા કારણો પણ નીચે બે લખ્યા છે –

૧. દુનિયામા વધતી જતી તંગી અને તેની માગ

૨. વધતો જતો જીવનનિર્વાહ ખર્ચ.

હિંદમા ખેતી વિષયક સરકારી ખાતાઓની આકડાની હકીકત રાષ્ટ્રીય સરકાર હોવા છતા પણ જોઇએ તેટલી આધારભૂત મળી શકતી નથી. એ ખરેખર શોચનીય છે એ પ્રત્યે સરકારે યોગ્ય લક્ષ સત્વેગાએ આપવુ જોઇએ અત્યારે તો જે આકડા વેપારી ગણતરી મુજબ મળ્યા છે, તે પરથી જણાવુ —

શીંગદાણા	૨૨ લાખ ટન	અળસી	૪ લાખ ટન	સરસી	૪ લાખ ટન
કરડી	૨ લાખ ટન	રામતિલ	૨॥ લાખ ટન (ખરસાણી તલ)	એરંડા	૧ લાખ ટન
મહુડા	૧ લાખ ટન	તલ	૪ લાખ ટન	સરસવ રાઇ જાબો	૧ લાખ ટન

ભારત માટે ચત્રી કે એવી પરદેશી વસ્તુઓના મોહમા પડેલી સરકારને પરદેશી હુડિયામણ રાખવામા જો કે તેલીબિયા મહત્વનો ભાગ ભજવે છે, પણ સને ૧૯૫૦-૫૧ મા તો એ અનાજને ભોગે એટલુ જ નહિ, પણ હિંદની પ્રજાના એક મહત્વના શરીરપોષક તેલના પણ ભોગે જ

તેલીબિયાનુ મહત્વ જેમ જેમ અન્ય ક્ષેત્રોમા સાબિત થતુ જાય છે, તેમ તેમ પશ્ચિમના દેશો એનો પાક વધારવા માટે પુષ્કળ પ્રયાસ કરી રહ્યા છે જ્યારે હિંદમા એવા ખાસ પ્રયત્નો થતા નથી

સને ૧૯૩૯-૪૦ મા તેલીબિયાનુ વાવેતર ૧૬૨૯૩૯૧૮ એકરમા હતુ

ભારતમાં તેલની જીવલેણ તેજી

દુનિયાના આગેવાન દેશોમા જે સમયે તેના મદીના ભણકારા વાગી રહ્યા છે, ત્યારે હાલે ભારતમા તેલ દુર્લભ બની ગયુ છે ભારતની પ્રજાનુ જીવનનિર્વાહ ખર્ચનુ ચક્ર એ એક જ તેજીની દિશામા ફરી રહ્યુ છે રાષ્ટ્રીય સરકારના ફુગાવા વિરોધી પગલાની અસર ક્યાય દેખાતી નથી જીવન જરૂરી તમામ વસ્તુઓના ભાવ વધ્યે જ જાય છે અનાજ ઘી, તેલ ખાડ, ગોળ વગેરે જીવન જરૂરી ખાદ્ય વસ્તુઓ —આમાની કોઇપણ વસ્તુમા—મદી દેખાતી નથી આગ ઢાકવા વસ્ત્ર પણ કદી ન જોયેલા, ન સાભળેલા ભાવે પુરતા નથી મળતા આજ સગેલુ અને હ ઉપરાત મોઘુ, પ્રાણીજ ઘી તો મધ્યમ અને ગરીબ વર્ગ માટે અશક્ય જ. શ્રીમતો માટે પણ શુદ્ધ ભાગ્યે જ મળે. અને તેલ જેને શ્રીમતો તો કદી કદી કે ફરસાણ કે વઘારમા જ વાપરતા વૈદ-હકીમો કરી (પત્થ્ય) પળાવતી વખતે ભનામણ આપે કે તેલ (અને ! મરચુ ખટાઇ) નહિ ખાતા આતી શ્રીમતો માટે હલકી ગણાતી, ગરીબો અને મધ્યમ વર્ગ માટે પોષકમાની જરૂરી વસ્તુ, પણ અશક્ય બની છે, અથવા વેજીટેબલ ઘી જેવા તદુરસ્તીને નુકસાન કરનાર, મોઘા ભાવના તેલ કે સ્પામનેરની બનાવટ વ્હાઇટ ઓઇલ કે અળસી જેવા તદુરસ્તીને નુકસાન કરનાર તેલના

ભેળવાળી મળે છે. વ્હાઇટ ઓઇલનું ભેળ કરવા વેપારીઓ અમેરિકાથી જથ્થાબંધ માલ મંગાવે છે. તેનો એટલો મોટો જથ્થો સાંચા કામ કે અન્ય ઉપયોગ માટે વપરાય છે કે ખોરાકીમાં ભેળ થાય છે. તે તપાસવાની સરકારને દરકાર નથી. પ્રજામાંથી અતિ પોકારો થતાં સરકારે તો દરકાર ન કરી, પણ તેલ મિલો વાળાએ 'કોણ કહે છે ગાંપડીનો ઘા છે' ની રીતે જાતે જ ગભરાઈ સાગિરતો દ્વારા એવો ખોટો ઉહાપોહ કર્યો કે તેલ મિલ વાળા દારૂડીના તેલ (Agemon oil)નું ભેળ કરે છે. આથી સરકારે રાસાયણિક શાસ્ત્રીઓ દ્વારા તપાસ કરાવી અભિપ્રાય મેળવ્યો કે દારૂડીનું વાવેતર થતું નથી. જંગલમાં ક્યાંક ક્યાંક ઊગે છે. તેના બારીક બીજમાંથી ભેળ કરવા જેટલું તેલ ન જ મળી શકે. આથી વ્હાઇટ ઓઈલના ભેળની વાત પણ આવી ગપ હશે ગણાઇ, દબાઈ ગઇ. તુક્કો કાર લાગ્યો.

બીજી લડાઇ પહેલાં ભોંયશીંગ, તલ જેવા ખાદ્ય તેલના ભાવ મણ દીઠ રૂા. ૩–૮–૦ હતા. ૧૯૪૦ માં ઘટીને ૩ થઇ ગયેલા. આ પછી તેમાં અત્યાર સુધી કોઇ પણ દિવસ મંદી આવી નહિ. ૧૯૪૯ માં ભાવ ૨૫ સુધી પહોંચ્યા. અને તે પછી અત્યારે ૩૦થી૪૦ સુધી ગયા છે. બીજી લડાઇ પહેલાં ઘીનો ડબો ૨૨–૨૩ રૂપિયે મળતો. ૧૯૪૯ માં તેલનો ડબો ૩૦–૩૨ રૂપીએ અને હાલમાં ૩૫ રૂપીએ માંડ મળે છે. આ તેજી પાછળ મુખ્ય ત્રણ કારણ છે—

૧. અનાજ અછતને કારણે સરકાર તરફથી ખેડુતો પર તેલીબિયાંના વાવેતર પર અંકુશ.

૨. ઘી મોઘું થતાં તેલની વધુ વપરાશ.

૩. ભોંયશીંગનું તેલ જે પુષ્કળ પ્રમાણમાં પ્રજાને મળતું તે ભોંગશીંગ ઘણુ વેજીટેબલ ઘીના કારખાનાવાળા જ મોટે ભાગે ઉપાડી જાય છે.

૪. સરકારની નિકાસનીતિ.

પહેલાં બે કારણોનો નિકાલ તાત્કાલિક લાવી ન શકાય, પણ આગળ વેજીટેબલ ઘીના વિષયમાં જણાવ્યા પ્રમાણે તેનો નિકાલ તો તે જ વખતે લાવી શકાત, પરદેશી નિકાસ પણ તરત જ બંધ કરી શકાય તેમ હતું. અને આ વખતે પણ કરી શકાય, કરવું જોઇએ જ.

તેલના બીજા ઉપયોગ.

એરંડિયું, અળસી અને કોપરેલ તેલનો ઉપયોગ સાબુ બનાવવા થાય છે. ૧૯૪૮ માં ભારતની અંદર સાબુનું ઉત્પાદન એક લાખ સાઠ હજાર ટન અંદાજવામાં આવેલું જ્યારે એનો વપરાશ એક લાખ પચીસ હજાર ટનનો. માથા દીઠ બાર ઔંસનો છે. અમેરિકામાં માથા દીઠ ૨૨ થી ૨૫ રતલ છે.

વનસ્પતિજ તેલી બીજનો મોટો ઉપયોગ હાલ વેજીટેબલ ઘી બનાવવામાં થાય છે. એ ઘીનું ઉત્પાદન (૧૯૪૯) એક લાખ ચાલીસ હજાર ટનનું હતું. એ ઘી બનાવનારા અઠ્ઠાવીસ કારખાનામાં ૨૫ કરોડની થાપણ છે. તેનું ખાસ વર્ણન આગળ જોવામાં આવશે.

વિમાનનાં યંત્રો આંજવા માટે એરંડિયું સારામાં સારું તેલ ગણાતું હોવાથી લડાઇના વખતમાં એને ઘણું જ મહત્વ આપવામાં આવેલું.

એરંડિયાના તેલનો ઉપયોગ હિંદના મોટા ભાગના ગામડાઓમાં દીવા પ્રગટાવવા થાય છે. અને એ તેલનો ઉપયોગ કરી શકાય એવી જાતના ફાનસ વર્ધામાં સફળ રીતે તૈયાર થયેલાં, પણ વિશ્વ યુદ્ધને લીધે એનો પ્રચાર થઇ શક્યો ન હતો. જો એવા ફાનસ તૈયાર કરી તેમાં દીવેલનો ઉપયોગ કરવામાં આવે તો

ક્રોડો રૂપિયાનુ કેરોસીન જે શરીરને નુકસાન કરનાર છે, ગળવાં ખાવી કરાવે છે, વખતોવખત ઓશિ-શાળા બનાવે છે, તેની મુશ્કેલીમાથી બચી શકાય.

વનસ્પતિજ તેલનો ઉપયોગ ૧૯૪૪ મા જુદા જુદા હેતુઓ માટે હિંદમા કરવામા આવેલ, તેના આંકડા ટનમા —

(૧) ખાવા માટે	૯૦૦૦૦૦	(૪)	વેજીટેબલ ઘી બનાવવા	૧૩૦૦૦૦
(૨) દીવા, માલીસ, વાળ તેલ	૧૦૦૦૦૦	(૫)	રંગ–રોગાન બનાવવા	૨૫૦૦૦
(૩) સાબુ બનાવવા	૧૦૦૦૦૦	(૬)	બીજા ઉપયોગોમા	૫૦૦૦૦
				૧૩૦૫૦૦૦

જુદા જુદા તેલીબિયાનુ ઉત્પાદન હિંદમા નીચે પ્રમાણે ટનમા.

	સને ૧૯૩૯–૪૦	સને ૧૯૪૫ ૪૬	સને ૧૯૪૬–૪૭
એરંડા	૧૦૭૦૦૦	૧૨૩૦૦૦	૧૯૫૦૦૦
અળસી	૪૫૧૦૦૦	૩૫૨૦૦૦	૩૬૯૦૦૦
ભોયસીંગ	૩૨૬૫૦૦૦	૩૪૬૬૦૦૦	—
તલ	૪૧૬૦૦૦	૩૫૪૦૦૦	—

૧૯૪૮ મા વનસ્પતિજ તેલોની દુનિયાની વપરાશ.

ઓસ્ટ્રેલિયા	૩૦૦૦૦ ટન	નોર્વે	૧૨૦૦૦
બેલજિયમ	૭૦૦૦૦ ,,	સ્વીડન	૫૧૦૦૦
કેનેડા	૭૧૦૦૦ ,,	યુનાઇટેડ કીંગડમ	૫૭૮૦૦૦
ડેન્માર્ક	૪૯૦૦૦ ,,	યુનાઇટેડ સ્ટેટ્સ	૧૦૪૬૦૦૦
ફ્રાન્સ	૭૨૦૦૦ ,,	ભારત	૧૫૦૦૦૦
હોલેન્ડ	૧૦૦૦૦૦ ,,	(ઉપરના બધા દેશો કરતાં હિંદની વસ્તી વધુ હોવા છતા)	

દુનિયાના તેલીબિયાંની નિકાસ.

(હજાર ટનમા)

જાત	લડાઇ પહેલા	૧૯૪૮	૧૯૪૯
કોપરા	૧૧૨૫	૧૪૦૦	૧૩૫૫
કપાસિયા	૯૩૨૫	૮૯૫૦	૧૦૭૬૫
પામકર્નલ	૬૫૩	૫૫૦	૬૯૦
ભોયશીંગ	૪૧૯૫	૪૭૦૭	૪૯૬૭
અળસી	૩૦૭૦	૩૩૧૯	૨૯૨૨
સરસવરાઇ	૧૨૫૦	૧૫૮૫	૪૮૬૩
સોયાબીન્સ	૫૭૭૦	૧૦૩૨૫	૧૦૨૬૬
તલ	૫૨૫	૧૧૭૦	૧૧૨૫
ઓલીવ ઓઇલ	૩૨૦૦	૩૯૦૦	૩૩૦૦
સૂર્ય મુખી	૨૦૫૦	૩૫૭૫	૪૮૪૦
એરંડા	૨૫૫	૨૮૫	૫૦૦
ભાગ	૬૦૦	૭૦૦	૭૦૦
અન્ય બિયાં	૧૮૫	૩૩૨	૩૫૦
	૩૨૩૦૩	૪૦૭૮૮	૪૬૫૮૮

ભારતમાં તેલીબિયાંની પેદાશ ૧૯૪૮–૧૯૪૯

જાત	વાવેતર હજાર એકરમાં	પેદાશ હજાર ટનમાં	દુનિયાની પેદાશમાં હિસ્સો
તલ	૩૫૬૭	૨૯૫	૨૬
ભોંયશીંગ	૯૦૭૮	૩૮૭૩	૬૨
સરસવરાઈ	૪૪૫૩	૭૨૬	૧૫
અળસી	૩૮૭૭	૪૩૯	૧૫
એરંડા	૧૪૦૬	૧૦૯	૨૧

ભારતમાંથી તેલ અને તેલીબિયાંની નિકાસ. હજાર રૂપિયામાં.

જાત	૧૯૪૭–૪૮	૧૯૪૮–૪૯	૧૯૪૯–૫૦
એરન્ડા	૨૭૭૩	—	૨૭૫૭
ભોંયશીંગ	૬૭૫૨૧	૩૧૩૨૨	૯૦૧૧૯
અળસી	૩૮૦૮૮	૧૩૯૦૪	૪૫૫૧૫
તલ	૮૭૧	૨૪	૧૩૦
એરંડિયું તેલ	૩૯૯૭૮	૨૧૭૮૧	૬૮૩૩
ભોંયશીંગ તેલ	૪૬૨૭૬	૬૪૫૫૬	૪૫૩૩૫
અળસીનું તેલ	૨૭૬૦૮	૧૪૭૯૭	૧૨૮૩૮
ખોળ	૨૫૮	૫૧૯	૫૯૩

તેલીબિયાં અને તેલનો નિકાસ વ્યાપાર ૧૯૪૮.

જાત	ટન	રૂપિયા
એરંડીઉ	૧૮૨૧૯	૩૧૭૮૪૦૦૦
અળસી બીજ	૪૩૭૮૨	૨૫૩૪૦૦૦૦
અળસીનું તેલ	૧૧૪૪૪	૧૮૭૭૭૦૦૦
ભોયશીંગ દાણા	૫૬૮૦૫	૪૧૬૬૪૦૦૦
,, તેલ	૪૨૧૯૯	૭૩૩૯૪૦૦૦

જુદા જુદા ચલણી વિસ્તારોમાં નીચે પ્રમાણે જુદાં જુદાં તેલીબિયાંની નિકાસ ૧૯૪૯ માં થઈ હતી.

જાત	ડોલર વિસ્તાર	દુર્લભ ચલણ વિસ્તાર	સુલભ ચલણ વિસ્તાર
શીંગદાણા	રૂા. ૩૦૦૨૦૦૦	૧૦૮૫૦,૦૦	૩૯૩૭૫૦૦૦
શીંગદાણાનું તેલ	૫૧૭૩૦૦૦	૩૨૭૯૦૦૦	૬૪૯૪૨૦૦૦
અળસી	૩૩૦૦૦	૮૩૦૦૦	૨૫૨૨૪૦૦૦
અળસીનું તેલ	૨૬૦૦૦	૬૫૦૦૦	૧૮૬૮૬૦૦૦
એરન્ડા	— —	— —	— —
એરંડિયું	— —	૧૬૯૦૦૦	૩૧૬૧૨૦૦૦

નિકાસઃ—વ્યાપાર દ્વારા થતી કુલ આવકનો ૩.૩ ટકા તેલની નિકાસથી અને ૨.૫ તેલીબિયાંની નિકાસથી થાય છે. ૧૯૩૮ માં તેલ નિકાસ કરવાથી [illegible] ટકા આવક થતી હતી. જ્યારે તેલીબિયાંની

નિકાસથી ૯૮ ટકા આવક થતી હતી આ ઉપરથી સ્પષ્ટ થશે કે પહેલા તેલીબિયાં વધુ પ્રમાણમાં નિકાસ થતાં હતાં એમાં હાલ (૧૯૪૮) માં ઘટાડો થવા પામ્યો છે અને એની જગાએ તેલની નિકાસને ઉત્તેજન મળ્યું છે એટલે કે સંચા દ્વારા તેલ પીલવાનો ઉદ્યોગ હિંદમાં ખીલ્યો છે

તેલીબિયાંના ભાવ દિન પર દિન ઊંચા થતા જાય છે ભાવોની સપાટી એટલી હદે ઊંચે ચડતી જાય છે કે સામાન્ય વર્ગને આ ભાવોની સપાટી અસહ્ય જીવન બનાવી દે તેવું છે ભારતની પોતાની જરૂરિયાત પૂરતું પાક તેની માતૃભૂમિ આપે છે છતાં તેનો લાભ તેની મતા—પ્રજાને ન મળતા પરદેશી પ્રજા લઈ જાય એ અસહ્ય છે હવે તો રાષ્ટ્રીય સરકાર છે તે ઘણી જાતની પરદેશી નિરર્થક વસ્તુઓ અને યંત્રોનો મોહ તજી જીવનની અતિ જરૂરિયાત વસ્તુને હિંદ બહાર જતી અટકાવે તેવી પ્રજાએ ફરજ પાડવી જોઈએ

પાકિસ્તાન સાથના ભાગના પછી હિંદી સંઘમાં તેલીબિયાંનું વાવેતર ૨૩૦ લાખ એકરમાં થતું આંકવામાં આવે છે એકંદર પેદાશ (સને ૧૯૪૯) પચાસ લાખ ટન ધારવામાં આવે છે અને એનાથી રૂા ૨૪૦ કરોડની આવક થતી હોય તેવો અડસટ્ટો છે ભાગલાથી હિંદી સંઘને તેલીબિયાંની બાબતમાં કંઈ ગુમાવવું પડ્યું નથી કારણ કે તેલીબિયાંનું એકંદર વાવેતર તેમ જ પેદાશના ૯૫ ટકા હિંદમાં જ રહેવા પામ્યા છે

હિંદના જુદા જુદા પ્રાંતોમાં સને ૧૯૪૮ માં તેલની નીચે મુજબ મિલો કામ કરે છે

મુંબઈ ઇલાકો	૯૯	બંગાળ	૪૪
ત્રાવણકોર } કોચીન }	૯૮	મદ્રાસ	૪૩
		બિહાર ઓરિસા	૩૮
દ હૈ રાબા	૮૧	આસામ	૧૫
મધ્યપ્રાંત, વરાડ	૬૮	માઇસોર	૧૨
સંયુક્ત પ્રાંત	૬૧	કાશ્મીર	૭
પંજાબ	૬૧		૬૨૭

પંજાબ, બંગાળ અને આસામના ભાગલાથી પાકિસ્તાનના ભાગે કેટલીક મિલો ગઈ, તેનો અંદાજ મળી શક્યો નથી

હિંદમાં ખાવા માટે મોયરાંગ ગઈ, સરસવ, તલ અને કોપરાના તેલના ઉદ્યોગ મુખ્ય છે થોડું કરડીનું અને રામતિલનું તેલ વપરાય છે ૧૯૪૪ માં માથાદીઠ પાંચ રતલ તેલ વપરાતું આની સામે અમેરિકામાં અને બ્રિટનમાં ૪૫ ૩ ૪૪ ૪ રતલ તેલની માથાદીઠ વપરાશ હતી બંને વચ્ચેનો તફાવત ગંભીર છે

હિંદમાં આજે (૧૯૫૦) *૩૦૦૦ જેટલી તેલની મિલો છે જેમાં લગભગ ત્રીજા ભાગની મોટી છે તેમાં આશરે ૩૫૦૦ જેટલા એક્ષપેલરો ૧૦૦ જેટલા હાયડ્રો ઇલેક્ટ્રિક પ્રેસ તથા ૧૫૦૦૦ જેટલા ઘાણા છે આ સઘળામાં વાર્ષિક લગભગ ૩૦ લાખ ટન જેટલો માલ પિલાય છે આ ઉપરાંત બીજી પણ નાની મોટી ફેક્ટરીઓ છે જેમાં ચાર–પાંચ લાખ ટન જેટલો માલ પીલાય છે ઉપરોક્ત આંકડા સત્તાવાર રીતે બહાર કરવામાં આવ્યા નથી પણ આધારભૂત વર્તુળો દ્વારા પ્રાપ્ત કરેલા છે એ જોતાં એટલું ચોક્કસ પણે કહી શકાય કે હિંદમાં થતાં બિયાંને પીલી શકાય એટલી પિલાઈ શક્તિ હિંદ ધરાવે છે એટલું કહેવું ભાગ્યે જ જરૂરી છે કે આ શક્તિનો સાચો વિકાસ મુખ્યત્વે યુદ્ધકાળ દરમ્યાન જ થયો હતો.

---

*ઉપર ૧૯૪૯ માં પ્રાંતવાર આંકડા ૬૨૭ મિલોના છે જ્યારે આ ૧૯૫૦ ના ૩૦૦૦ મિલો છે જુ૦ જુદાં પુસ્તકોમાંથી મળ્યા છે કયા સાચા કે કયા ખોટા તે જ વાંચક તપાસ કરે હું નથી કરી શક્યો એ માટે ક્ષમા અર્પે વધુ માટે આ ભાગના પાનાની ફુટનોટ જુઓ

પણ યુદ્ધકાળની જરૂરિયાત એ કૂદકે ભૂસકે વધતી જરૂરિયાત હતી. અને પહોંચી વળવા માટે જે કંઇ સાધનો યોજાયાં અને તેમાંથી જે કંઇ વિકાસ પરિણમ્યો તેમાં નક્કર ભૂમિકા જણાતી નથી. આ ઉદ્યોગને આર્થિક દૃષ્ટિએ સદ્ધર બનાવવા માટે યોગ્ય ધ્યાન આપવું જોઇએ. એ વધુ ને વધુ આવશ્યક બનતું જાય છે. એમ થતાં ઉદ્યોગ વધુ સ્થિર બનશે.

પણ એ માટે કોઈ એકાદ વ્યક્તિના જ પ્રયાસો પૂરતા ન લેખાય. એ માટે સરકાર અગર તો હિંદી મધ્યસ્થ તેલીબિયાં સમિતિ જેવી સંસ્થાએ પ્રયાસ કરવો જોઇએ. અને વૈજ્ઞાનિક તેમ જ પદ્ધતિસરના વિકાસ અર્થે જરૂરી વાતો લક્ષમાં લેવી જોઇએ.

આ ઉપરથી જોઇ શકાશે કે તેલીબિયાં ઉપર આધાર રાખતો તેલઉદ્યોગ આપણા અર્થકારણમાં કેવો મહત્વનો ભાગ ભજવે છે. ૧૯૪૮* માં એવો અંદાજ કાઢવામાં આવ્યો હતો કે જુદાં જુદાં રાજ્યો અને રિસાયતી સંઘોમાં મળીને કુલ ૧૩૪૬ ઓઇલ મિલ્સ આવેલી. આ મિલોની કુલ પિલાઈ શક્તિ ૨૭૭૩ લાખ ટનની છે. તેમાંથી ૧૨૬૮ લાખ ટન અથવા તો આશરે ૪૬ ટકા જેટલી પિલાઈ શક્તિનો ઉપયોગ થાય છે.

૧૯૩૯ દરમ્યાન એવો અંદાજ કાઢવામાં આવ્યો હતો કે દેશમાં ૨૯૪૯૧૩ પ્રાણી—બળદ, ઊંટની—ઘાણીઓ છે. તેની કુલ પિલાઈ શક્તિ ૭૧૩૯ લાખ ટન તેલીબિયાંની છે. પણ એ વખતે પરદેશી સરકાર હતી તેથી ઘાણી પર ધ્યાન ન જ આપે. અત્યારે (૧૯૫૦માં) ઘાણીઓની કુલ સંખ્યા કેટલી છે. અને તેની કુલ પિલાઇ શક્તિ કેટલી છે તેને લગતા કાંઈ ચોક્કસ આંકડા મળી શકતા નથી, છતાં પણ આ અંગે ઉપરના આંકડાઓ ઉપરથી અંદાજ બાંધી શકાય.

એ વખતે એવો પણ અંદાજ કાઢવામાં આવ્યો હતો કે તેલની મિલોમાં આશરે ૧૦ કરોડની મૂડીનું રોકાણ થયું છે, અને તેલની ઘાણીઓમાં આશરે ૪ કરોડનું રોકાણ થયેલું છે. પણ જો તેલ મિલોનો વિકાસ મુક્તપણે થવા દેવામાં આવે તો ઘાણી ઉદ્યોગ તૂટી પડે અને ગામડાંની થોડીઘણી જરૂરિઆતો પણ ઘાણી ઉદ્યોગ સંતોષે છે, તે નષ્ટ પામે. એટલે હવે એ પ્રશ્નનો નિર્ણય કરવાનો સમય આવી પહોંચ્યો છે કે ઘાણીઓના ભોગે તેલ મિલોનો વિકાસ થવા દેવો કે નહિ.

આ પ્રશ્નના નિર્ણય માટે સરકાર તરફથી પ્રયાસો ચાલી જ રહ્યા છે. તેલીબિયાં તપાસ સમિતિની ઘાણી–અભ્યાસ ઉપસમિતિએ એવો નિર્ણય પણ કર્યો છે કે મિલના તેલ ઉપર રતલે ૧ પૈસો 'સેસ' લેવો અને એ રીતે ઉપજતી આશરે ૭૫ લાખની રકમનો ઉપયોગ ઘાણી-ઉદ્યોગના વિકાસમાં કરવો. આ નિર્ણયનાં પરિણામો બહુ દૂરોગામી આવવાના સંભવ છે. કારણ કે એની અસર દેશના સમગ્ર અર્થકારણ પર પડે તેમ છે, એટલે આપણે ઘાણી–ઉદ્યોગની તરફેણની અને વિરોધની દલીલો પણ જોવી જોઇએ.

*પાછળ ૧૯૫૦ માં ત્રણ હજાર આશરે મિલોનો ઉલ્લેખ છે. જ્યારે અહીં ૧૯૪૮ માં ૧૩૪૬ છે. શું બે વર્ષના ગાળામાં એટલો વધારો થયો હશે ? કે બન્નેમાંથી કોઇ આંકડામાં ભૂલ હશે ?

વિરોધીઓની દલીલનો ભાવાર્થ.

(૧) ઘાણી ઉદ્યોગમા તેલનો બગાડ બહુ થાય છે, અમારી આ દલીલને તેલ અને સાબુ ઉદ્યોગ અંગેના સરકારી પેનલનો ટેકો છે તેઓ જણાવે છે કે મિલો કરતા ઘાણીના તેલના ખોળમા પાંચ ટકા તેલ રહી જાય છે. જેનો લાભ ગુમાવાય છે

(૨) વર્ષો થયા આપણા દેશમા ઘાણી છે, છતા દર વર્ષે દસ લાખ ટનથી વધુ તેલીબિયા આપણે ત્યાથી નિકાસ થતી આવે છે તેલીબિયાની નિકાસ થવાને પરિણામે ખેતરો અને ઢોરોને ખાતરનો લાભ ઓછો મળે છે જો મોટી મિલો સ્થપાય તો બિયા દેશમા પિલાઇ ખાળનો લાભ મળે

(૩) ઘાણીના હિમાયતીઓ એવી દલીલો કરે છે કે ખેડુતને ફાજલ વખતમા ધંધો મળી રહેશે એ દલીલ બરાબર નથી જેમ શરતના ઘોડાનો ઉપયોગ ગાડી ખેચવામા થઇ શકતો નથી, તેમ ખેતીના કામમા વપરાતા બળદનો ઉપયોગ ઘાણીના કામમા ન થઇ શકે.

(૪) ઘાણીનો વિકાસ થશે તો પશુઓની સખ્યામા પણ વધારો કરવો પડશે પણ અત્યારે અનાજ અને ઘાસની તગીના સમયમા એ વધારો હિતાવહ થશે કે કેમ એનો સરકારે વિચાર કરવો જોઇએ.

(૫) સરકારના ધ્યેય અનુસાર ગામડાઓને વીજળી પુરી પાડવામા આવશે, ત્યારે ઘાણીનુ સ્થાન વીજળીક પાવર વાળી મિલોએ લેવુ પડશે તેથી ઘાણી પાછળ અત્યારે લેવાતી જહેમત બરબાદ જશે

હિમાયતીઓના ઉત્તરનો ભાવાર્થ.

(૧) મિલો કરતા ઘાણીના તેલમા તેલ રહી જતુ હશે એ સભવિત છે પણ એ તેલ નિરર્થક જતુ નથી ખોળમા રહી જાય છે ને ખોળ ઢોરોના પેટમા જાય છે તેથી તેઓ માતેલા બને છે એ ખોળ ખાતરમા વપરાય તો જમીનને વધુ લાભ મળે

(૨) બિયા પરદેશ મોકલવામા પરદેશી બ્રિટિશ સરકારનો ઉદ્દેશ પોતાના દેશના ઉદ્યોગને ફેલાવવાનો હતો. જો એ વખતે સરકાર આપણી જ હોત તો બિયાને બદલે ઘાણીઓમા તેલ પિલાવીને જ દેશના વપરાશ ઉપરાતનુ તેલ દેશાતરે નિકાસ કરત દેશની ઘાણીઓ દેશમા પેદા થતા તમામ બિયાને પીલવાની શક્તિ ધરાવે છે ઘાણીનુ તેલ દેશાતરે પણ મોકલી શકાય તેવુ હોય છે. વળી દેશમા અત્યારે તો પ્રાણીજ ઘી દુર્લભ થઇ પડ્યુ છે તેલનો વપરાશ વધ્યો છે તેથી ઘાણીની જ હસ્તી દેશને ઉપયોગી છે

(૩) આ દલીલ કરનાર સરકારને અને લોકોને આંખમા ધૂળ નાખનાર છે. હજી ઘાણી ઘણા ગામોમા અસ્તિત્વમા છે. સરકાર તપાસ કરાવે કે જે ખેતીના બળદો ખેતીના વખતમા બહુ મહેનતથી જરા દુબળા થઇ જાય તેઓ જ તેલની ઘાણી વખતે મળતા તાજા ખોળના ખોરાકથી કે શેરડી પીલાતા શેરડીના કુચાથી કેવા રાતા માતા થઇ જાય છે

(૪) ભારતમા પશુઓ દેશાતરથી આવતા નથી તેથી વધારો થશે એમ કહેવુ તદ્દન છેતરવા જેવુ છે તેઓ શુ એમ કહેવા માગે છે કે અનાજ અને ઘાસની તગી છે તેથી ખેતી માટે જ જેટલા ઢોરો જોઇએ તેટલા રાખી બાકીના કપાવી નાખશો ? કે કપાવા માટે પરદેશ મોકલી વેચાવી નાખશો ?

(૫) ગામડાને વીજળીની સગવડ સરકાર કરશે તે વખતે ઘાણીનુ સ્થાન મિલો શુ ફરજિયાત લઇ શકશે ? એ વખતે તમારી મિલો નીકળી જાય તો વીજળીક તેલ મિલો શા માટે ? વીજળીનો ઉપયોગ દેશને હિતકર લાગતા વિષયમા જ થઇ શકશે અહિત વિષયમા ન જ કરાશે

(૬) અત્યારે તેલની મિલો અસ્તિત્વમાં છે તે પર પંચોતેર લાખ રૂપિયાનું ભારણ મિલો પર નંખાશે. તે ભારણ અંતે તો પ્રજા પર જ પડશે.

(૬) પ્રજા એટલા ભારણથી ચગદાશે નહિ. તેને એ ભારણને સામે તાજું અને સસ્તું તેલ મળશે. અત્યારે તો તેલ મિલો તેલોમાં બગડેલાં, જંતુ-વાળાં, તંદુરસ્તીને નુકસાન કરે એવાં અળશી જેવાં, અરે ગ્યાસતેલની બનાવટ વ્હાઈટ ઑઈલ જેવાં તેલોનો ભેળ કરે છે તેથી બચશે.

(૭) ઘાણીના પુનઃસ્થાપનથી મિલોનું અસ્તિત્વ બંધ કરવામાં આવશે તો મિલોમાં કામ કરતા ૧૫૦૦૦ કામદારો, અને ઉપરીઓ બેકાર બનશે.

(૭) તેલની મિલોનું સ્થાપન થતાં લાખો ઘાણીઓ કમી થઈ છે. હજી પણ મિલો વધશે તો તદ્દન નાબૂદ થઈ જશે. તેથી ઘાણીના કરતા સેંકડે પ્રમાણે અનેકગણા મનુષ્યો બેકાર થયા છે અને થશે. તે સરકાર તથા સર્વ નિષ્પક્ષપતિઓ સમજી શકે તેમ છે.

(૮) મિલોનું તેલ શુદ્ધ (રિફાઇન્ડ) કરેલું પણ મળી શકે છે. બગડ્યા વગર લાંબો સમય રહી શકે છે.

(૮) મિલો બધું તેલ રિફાઈન્ડ કરતી નથી: મોટે ભાગે તો ઘાણી જેવું જ કાઢે છે. રિફાઈન્ડ કરેલું તો થોડું કાઢી લગભગ બમણી કિંમતે વેચે છે. અને તેમાં પણ ભેગ કેમ ન કરતી હોય ?

(૯) સફેદ કપડા કરતાં રંગીન કપડા મોહક બને છે. તેથી લોકો તેલ કરતાં ઘીને વધુ ચાહે છે. અને પ્રાણીજ ઘી જેવું જ અમે વનસ્પતિજ ઘી આપીએ છીએ.

(૯) સુંદર વસ્ત્રાભૂષણ સજેલી વેશ્યાને ચાહનાર પૈસે લૂંટાય છે, શરીરે ક્ષીણ અને રોગી બને છે. પોતાનું નૈતિક અધઃપતન કરે છે. તે જ પ્રમાણે આ ઘી તેલ કરતાં મોંઘુ વેચાઇ પ્રજા લૂંટાય છે. તંદુરસ્તી બગાડનાર છે. તેથી શરીર ક્ષીણ થાય છે. તેલ ઘીને નામે કે ઘીમાં ભેળ કરી વેચાય છે. તેથી પ્રજાનું નૈતિક અધઃપતન થાય છે.

(૧૦) ઘાણીના તેલોમાં વાસ હોય છે. વેજીટેબલ ઘીમાં કંઈ પણ વાસ હોતી નથી.

(૧૦) તેલોમાં વાસ તો જૂના થવાથી જ થાય છે. તાજામાં વાસ નથી હોતી અથવા ન ગમે તેવી નથી હોતી. ભોંયશીંગ, કરડી, સરસવ જેવાં તો મિષ્ટ અને લહેજતદાર હોય છે

(૧૧) તેલની મિલો બંધ કરવામાં આવશે તો એ મિલોમાં રોકાએલ કરોડોની મૂડી મિલમાલિકોને સરકારે ભરી આપવી પડશે. તેનો બોજો સરકાર પર પડશે.

(૧૧) લાખો ઘાણીઓ તેલની મિલોએ તોડી પડાવી છે. તેમાં ઘાણીવાળાઓને જે નુકશાન ગયું છે તે મિલમાલિકો કે સરકારે શું ભરી આપ્યું છે ? સરકારે ન જ ભરી આપવું જોઇએ. છતાં અમે મિલોનું અસ્તિત્વ તાત્કાલિક બંધ કરવા માગતા નથી. અખાધ્ય. એરંડા, અળસી જેવાં તેલ, રંગરોગાનો, સાંચાકામ, સાબુ માટે ભલે મિલો પીલે. ખાદ્ય તેલીબિયાં તો ઘાણીમાં જ પીલાવા જોઇએ. હવે નવી મિલો ન બનવાં જોઇએ. છે તેઓ પણ રાષ્ટ્રીયકરણે લેવી જોઇએ.

ચરબી એ આપણા ખોરાકનું એક અત્યંત જરૂરી તત્ત્વ છે અને એ ચરબી આપણને વનસ્પતિજન્ય તેલો (અને એ તેલજન્ય ખોરાક ખાનાર પ્રાણીઓ) માંથી મળે છે એટલે એ તેલો અશુદ્ધ કે ભેળસેળવાળાં હોય તો સ્વાભાવિક રીતે આપણી તંદુરસ્તી ઉપર એની માઠી અસર થવાની આપણે ત્યાં ઘાણીનું એકલીનું જ અસ્તિત્વ હતું ત્યારે તો શુદ્ધ અને તાજું જ તેલ મેળવવામાં કશી મુશ્કેલી આવતી જ નહિ પણ તેલ-મિલો અસ્તિત્વમાં આવી ત્યારથી તેલમાં ભેળસેળની પણ શરૂઆત થઈ છે તેલમિલો ચોખ્ખું અને તાજું તેલ પૂરું પાડવામાં નિષ્ફળ ગઈ છે એ પણ એક હકીકત છે અને તેલ મિલોને પણ એ હકીકતનું ભાન છે એટલે જ તેઓ રો (રિફાઈન્ડ) શુદ્ધ કરેલા તેલની હવે વધુ ને વધુ હિમાયત કરે છે પણ રિફાઈન્ડ ઓઈલનું ઉત્પાદન ખર્ચ ઊંચું હોય છે એટલે જો કે તેલ મિલોનાં ચાલુ તેલો ઘાણીના તેલ કરતાં સસ્તા ભાવે વેચાય છે પણ મોંઘી જાતનું રિફાઈન્ડ તેલ લેવા જઈએ તો ઘાણીના તેલના ભાવથી મોંઘું મળે એ રિફાઈન્ડમાં પણ તંદુરસ્તીને હાનિ કરે એવાં તેલીબિયાંનું ભેળ પણ કેમ ન કરે ? એ હકીકત પાછળ જણાવેલી છે

જાનવરોની તંદુરસ્તીની દૃષ્ટિએ જોઈએ તો ખોળ એ ઢોરોનો અગત્યનો ખોરાક છે જ્યાં સુધી ગામડે ગામડે ઘાણીઓ હતી ત્યાં સુધી એ ગામડાઓનાં ખેતરોમાં જ પાકેલાં સસ્તાં તેલીબિયાં ગામડાઓની જ ઘાણીઓમાં પીલાઈ ખોળ ત્યાં ને ત્યાં સસ્તે ભાવે ઢોરોને મળતો તેલ મિલો શહેરોમાં થતાં તેલીબિયાંના વાહન ભાડાં મજૂરીના ખરચા, મોટા નફા, પાછા શહેરોમાંથી લઈ જવાના ખરચો ચડે ગરીબ ગામડિયાઓ લઈ જઈ ન શકે પરિણામે આ ખોળ સાંચાઓમાં પિલાઈ નિઃસત્વ થયેલો ફક્ત થોડેભાગે ખાતરમાં મોટે ભાગે બળતણમાં જાય છે

તેલ મિલોની સખત હરીફાઈ છતાં હજી પણ ઘણા ભાગોમાં ઘાણી ટકી રહી છે અને ઘણા લોકોને તે પૂરા દિવસની કે ફાજલ સમય માટેની રોજી પૂરી પાડે છે ઘાણીમાં જોડેલો બળદ ખેતીમાં કામ ન લાગી શકે, તેના સુકાતા ને શક્તિના વેડફાટ સાથે કરી એ વિરોધીઓ ખોટો ભ્રમ ઉપજાવે છે ઘણે સ્થળે ખેતીના બળદ ફાજલ સમયમાં ઘાણી કે શેરડીના કોલુ ફેરવે છે ખોળ કે શેરડીના કુચા ખાઈ ઓર વધુ ખેતીને લાયક બને છે એ પ્રત્યક્ષ અનુભવ છે ઘાણી હિમાયતીઓએ નોંધોમાં જણાવેલું છે

જો કે ઘાણીનું તેલ મિલોના તેલ કરતાં આશરે એક આના જેટલું મોંઘું પડે છે પણ ઘાણી-ઉદ્યોગના વિકાસ માટે જો સરકાર અને પ્રજા તરફથી અનુકૂળતા ઊભી કરવામાં આવે તો આટલો તફાવત દૂર કરવો કંઈ અશક્ય નથી અત્યારની ઘાણીના પ્રકારમાં ફેરફાર કરીને નવી ઘાણી જેવી ઘાણીઓનો ઉપયોગ કરવામાં આવે સહકારી ધોરણે એ ઉદ્યોગની વ્યવસ્થા કરવામાં આવે, એ ઉદ્યોગને બજાર તથા નાણાંની સગવડો પૂરી પાડવામાં આવે અને અનુકૂલ સરકારી નીતિ થાય તો આ તફાવત તો ટૂંક સમયમાં જ અદૃશ્ય થઈ જાય બલકે મિલોના ચાલુ તેલથી ઓછે ભાવે શુદ્ધ તેલ પ્રજાને મળે હાથકાંતણ કે હાથવણાટ જેવા ઉદ્યોગો યંત્રો સામે ટકી શકતા નથી પણ જેમ હાથશાળને ઉત્તેજન મળે તો યંત્રો સામે ટકી શકે તે રીતે ઘાણી ઉદ્યોગને પણ ઉત્તેજન મળતાં પૂર્ણ રીતે ટકી શકે

રાષ્ટ્રીય સરકાર ઘાણી ઉદ્યોગને પ્રોત્સાહન આપવા બનતું કરે છે પણ ખરી રીતે તો તેલ-મિલોને ઘાણી સામે હરીફાઈ કરવાની તક જ આપે છે

૩૧ લાખ ટન તેલીબિયાં પીલવાની ઘાણીઓની શક્તિનો પૂરેપૂરો ઉપયોગ થાય તો એ રીતે ઉત્પન્ન થતું ૧૩ લાખ ટન ખાદ્ય તેલ આપણી વસ્તીની જરૂરિયાત માટે પૂરતું થાય પણ અત્યારે તો આપણી ઘાણીઓની ૬૬ ટકા જેટલી પીલવાની શક્તિ ઉપયોગમાં લેવાયા વિનાની જ રહે છે એટલે ઘાણીને પ્રોત્સાહન માટે પૂરતો અવકાશ છે

ભારતની તેલીબિયાંની ઉત્પાદક શક્તિઃ--

મદ્રાસ પ્રાંત ૪૧૩૦૦૦ ટન જેમાંથી ૩૫૯ ટન શક્તિનો ઉપયોગ થાય છે.

સંયુક્ત પ્રાંત ૩૩૧૦૦૦ ,, ,, ૧૬૫ ,, ,, ,, ,,

પશ્ચિમ બંગાળ ૧૪૩૦૦૦ ,, ,, ૭૨ ,, ,, ,, ,,

બીજા પ્રદેશના આંકડા મળ્યા નથી પણ બધે ઉપર જેવી જ સ્થિતિ છે. આ તમામ શક્તિને હાથ-ઘાણી પહોંચી શકે તેમ છે.

યંત્રોમાં પીસેલું તેલ કે વેજીટેબલ ઘી પ્રજાને ખવડાવવાથી કે પરદેશ મોકલવાથી દેશને જરા પણ લાભ નથી.

ઘાણીના તેલ માટે નીચેની બાબતો ધ્યાનમાં લેવી જોઈએઃ--

૧. બિયાંના પાકની બાબતમાં રસ લઇ, બને તેટલી સારી જાતના બિયાં ઉત્પન્ન થઈ શકે એ અંગે પ્રયત્ન થવાં જોઇએ.

૨. આવાં બિયાં ખેડૂતોને જ્યારે જોઇએ ત્યારે તાબડતોબ મળી શકે એ માટે દરેક પ્રાંતોમાં ખૂબ સંભાળથી સચવાય એવાં સંગ્રહસ્થાનોની સગવડ સરકારે રખાવવી જોઇએ.

૩. બિયાંમાંથી તેલ વધુમાં વધુ અને સારામાં સારું નીકળી શકે એ માટે તેને પીલવા અગાઉ કેવા પ્રકારની કાળજી લેવી જોઇએ તે નિષ્ણાતો દ્વારા પીલનારાઓને શિખવવું જોઇએ. તે માટે શક્ય એટલાં નિષ્ણાતોને તાલીમ દેવાવવી જોઇએ.

૪. તેલ તૈયાર થયે કેવી રીતે શુદ્ધતાથી ગાળવું (ફિલ્ટર કરવું) જોઇએ. ફિલ્ટર કર્યો પછી જલદી બગડી ન જાય તેમ સાચવવું જોઈએ.

ભારતમાં

૧૯૪૮-૪૯ (જૂની પુરાંત) ૨૫૦૦૦ ટન
(પાક) ૪૪૪૦૦૦ ,,
૧૯૪૯-૫૦ નો પાક ૪૨૫૦૦૦ ,,
(સરકારી આંકડા મુજબ)

દશ વર્ષના ભાવોની તુલના

સંવત વર્ષ	અળસી છેલ્લા	એરંડા છેલ્લા	શીંગદાણા. છેલ્લા	સંવત વર્ષ	અળસી છેલ્લા	એરંડા છેલ્લા	શીંગદાણા છેલ્લા
૧૯૯૬	૫॥	૩૭।	૨૮॥	૨૦૦૨	૨૪।	૧૧૫	૧૦૮
૧૯૯૭	૮॥	૩૮॥।	૪૧૧॥=	૨૦૦૩	૨૬॥=	૧૩૧॥	૧૪૫
૧૯૯૮	૮।	૬૫॥।	૬૨॥=	૨૦૦૪	૨૫॥।	૧૩૪	૧૬૭
૧૯૯૯	૧૬॥	૯૫	૮૭	૨૦૦૫	૩૩	૧૩૯	૨૧૦
૨૦૦૦	૧૪।	૭૨	૭૧	૨૦૦૬	૪૧॥=	૧૮૭॥	૨૦૦
૨૦૦૧	૧૮।	૭૭	૮૪				

આ ઉપરથી જોઈ શકાશે કે ૧૯૯૬ થી દિન પર દિન ભાવોની સપાટી ઊંચી થતી જાય છે ૨૦૦૫ અને ૨૦૦૬ ના ભાગોમા ઊંચી-નીચી સપાટી પણ ધ્યાન ખેંચે એવી છે ૨૦૦૫ મા નીચામા ૩૩॥॥ ॥ ભાવ થયા હતા. ને ૨૦૦૬ મા ૪૨॥ સુધી પહોંચ્યા છે આ એક વર્ષના ટૂંકા ગાળામા પણ ભાવોએ ઘણી ઊંચી સપાટી પકડી છે આ પાછળ જો કોઈ તત્ત્વ કામ કરતું હોય, તો તે સરકારી નીતિ છે કિંમતની પ્રજાની દૃષ્ટિએ અને દૈનિક વપરાશની જરૂરિયાતની ચીજોની દૃષ્ટિએ આ સપાટી અને આ નીતિ ગરીબ અને મધ્યમ વર્ગને ભીંસી નાખનારી નીવડી છે

બિયાનો પાક ને આવક

જાત	૧૯૪૮-૪૯	૧૯૪૯-૫૦	જાત	૧૯૪૮-૪૯	૧૯૪૯-૫૦
શીંગદાણા	૩૩૬૯૦૦૦	૨૯૮૬૦૦૦	રાઈ	૭૭૪૦૦૦	૭૩૫૦૦૦
અળસી	૪૨૬૦૦૦	૫૪૪૪૦૦૦	તલ	૩૧૭૯૦૦૦	૩૩૩૦૦૦
એરન્ડા	૧૧૮૦૦૦	૧૮૦૦૦			

આ તેલો વનસ્પતિ અંગોમાથી છૂટા કરવાની ક્રિયાઓ જુદી જુદી હોય છે બીજમાથી તેલ છૂટું કરવું હોય ત્યારે કોઈકના કરણ બીજ પરના પડ કાઢી, અંદરની મીંજને પીલવી જોઈએ અથવા બીજના મીંજ ચગદી પાણીમા ઉકાળી (હાઈડ્રોલિક પ્રેસરથી) છૂટું કરવું જોઈએ તેલ કાઢી લીધા પછીના ખોળમા પુષ્કળ નત્રજ-પ્રોટીન-હોય છે તે ખાતર અને ઢોરો માટેનો ઉત્તમ ખોરાક બને છે દબાણથી જે કોષ આવરણ કે જેની અંદર ચરબી હોય છે, તે ભાગી પડે છે અને ચરબી તેલ તેમાથી છૂટા થાય છે તેલો મોટે ભાગે ખાવા માટે વપરાય છે, અને થોડે ભાગે બીજા આર્થિક ઉપયોગ માટે વપરાય છે અખાદ્ય તેલ પણ શુદ્ધ કરી ખાઈ શકાય છે, અને તેથી આ વનસ્પતિસૃષ્ટિના પુસ્તકમા તેની ગણના વિષયમા ગણના કરી છે હાલની ભયંકર લડાઈઓ પછી આર્થિકતાને માટે તેની માગ ખૂબ વધી છે તેથી તેનું વાવેતર અને બનાવટો વધી છે તેમ જ આપણી પૃથ્વીમા નવી નવી તેલી વનસ્પતિઓ શોધવામા આવે છે ચરબી યિન તેલ દવામા પણ બાહ્યોપચાર માટે મોટે ભાગે અને આંતરોપચાર માટે થોડે ભાગે વપરાય છે આ તેલોમા ચાર જાતની ખાસિયત હોય છે

(૧) સુકાઈ જાય એવા (Drying oil) આ જાતના તેલો પ્રાણવાયુને શોષવા શક્તિવાન હોય છે તેઓ રંગ અને વારનિશને જલદી સુકવી શકે છે અખાદ્ય હોય છે.

(૨) અર્ધ સુકાય એવાં (Semi drying) આ જાતના તેલો પ્રાણવાયુનું શોષણ ધીમે ધીમે કરે છે અને તે પણ થોડા પ્રમાણમા કરે છે તેઓ લાંબે વખતે સુકાય છે આમા કેટલાક ખાદ્ય હોય છે બીજા દીવાબત્તી બાળવા કે મચ્છરોને કાટથી બચાવવા અને ઢીલા રાખવા વપરાય છે

(૩) ન સુકાય એવા - આ તેલો સામાન્ય ઉષ્ણતામાને નરમ રહે છે અને પાતળા (Film) બનાવતા નથી આ તેલો તાજા ખાદ્ય હોય છે, કોઈક અખાદ્ય પણ હોય છે જૂના સાબુ બનાવવા માટે અને મચાઓ માટે વપરાય છે

(૪) આ જાતના તેલો સામાન્ય ઉષ્ણતામાને ચરબી જેવા જામેલા, કોઈક તો નક્કર હોય છે તેઓ ખાદ્ય-અખાદ્ય હોય છે ઉપરાંત સાબુ અને મીણબત્તીઓ બનાવવા વપરાય છે

— આ પટ તેલો બીજી રીતે પણ એકબીજાથી ભળતા છે તેઓના સમૂહ બાંધ્યા છે, જે નીચે પ્રમાણે છે-

(a) Olive oil group:– આ સમૂહની અંદર નીચેના તેલોનો સમાવેશ છે. Olive, Almond મીઠી મેવાની બદામ ભોંયશીંગ Pea nut વગેરે. આ સમૂહમાં મુખ્યત્વે Olein (Oleic acid) મળે છે, ઉપરાંત Palmitic Stearic, Arachidic, Ginoleic acids થોડા થોડા પ્રમાણમાં મળે છે. આયોડિન વેલ્યુ અને સેપોનિફીકેશન જરા હોયછે.

(b) Rape oil group:– (Rape, Mustard oils) આ તેલ કૌટુંબિક વર્ગ ૩૯ ક્રુસીફરીની ઘણી જાતિઓના ખાસ કરી Brassica જીનસની–રાઈ, સરસવ, જાંઓ, વગેરેના બીજમાંથી પીલીને મળે છે. તેમાં સાબુઈ તત્વ બીજા તેલો કરતાં બહુ ઓછું હોય છે.

(c) Cotton seed oil group:– કપાસિયા તેલ વર્ગ. આ અર્ધ સુકાય એવાં બધાં તેલોની અંદર Olein અને Ginolion તત્વો મોટા પ્રમાણમાં મળે છે.

(d) Linseed oil group:– આ સમૂહમાં સુકાય એવાં અને અર્ધ સુકાય એવાં તેલોનો સમાવેશ છે. આગળ વિસ્તારથી જણાવેલું છે. આ તેલોમાં Unsaturated acids, linolein અને Linolenic ગ્લીસેરીડસ હોય છે. આર્થિક દૃષ્ટિએ આ સમૂહ વધુ ઉપયોગી છે.

(e) Cocoa Butter. Group:–

Cocoa Butter, Cotton Seed Stearin આ સમૂહનાં છે, વનસ્પતિજ ચરબી, ભારે ચરબીવાળા એસિડ—Myristic, Palnitic, Stearic Oleic, અને Glycerides આ સમૂહમાં ખૂબ મળે છે.

Coconut oil groupe કોપરેલ તેલ, Palm nut oil તથા બીજા પામ વર્ગની કેટલીક સ્પીસીઓના મીંજના તેલો આ સમુહમાં છે. આ તેલોની અંદર ચરબી વિશેપ પ્રમાણમાં હોય છે. સાબુઇ ગુણ પણ વધુ હોય છે. ચરબી, એસીડો અને આયોડીન વેલ્યુ ઓછા પ્રમાણમાં હોય છે.

તેલોમાંથી નીચેના તેજામ્લ Acids અગત્યના મળે છે.

Capric—	નાળિયેરના અને ઓઇલ પામના તેલમાંથી.
Lauric—	Lauracea વર્ગના પીસાના બીજનાં તેલમાંથી તથા એ વર્ગની બીજીના તેલમાંથી, ઉંડીના, કોપરેલના અને બીજા કેટલાક તેલોમાંથી.
Myristic—	ખાસ કરી વર્ગ ૧૪ મીરીસ્ટિકેસીની જીનસ મીરીસ્ટીકાના જાયફળ-તથા જંગલી જાયફળોમાંથી, બીજી પણ કેટલાક વર્ગોની જાતિઓમાથી.
Palmitic—	ખાસ કરી કૌટું, વર્ગ ૩૧૪ પામીમાંથી; ઉપરાંત બીજા કેટલાક વર્ગોની જાતિઓમાંથી.
Stearic—	Cocoa butter, Shea butter ભોયશીંગ અને બીજા ચરબી જેવાં તેલોમાંથી.
Arachic—	ખાસ કરી ભોંગશીગના તેલમાંથી.
Behenic—	સરગવાની સ્પીસીઓના બીજમાંથી.
Lignoceric—	ભોંયશીંગના તેલમાંથી
Tiglic—	નેપાળા અને યુફોર્બીએસી વર્ગની બીજી ક્રોટન અને બીજી જીનસની સ્પીસીઓમાંથી.

Hypogaeic— મોયશીંગ દાણાના તેલમાથી, મકાઇના અંકુરના તેલમાથી, તથા બીજા કેટલાકોમાથી

Lycopodic— Lycopodiumમાથી.

Oleic— ખાસ કરી olive તેલમાથી ઉપરાંત ઘણી જાતના પ્રવાહી તેલમાથી જુજ અંશે ચરબી જેવા તેલોમાથી

Rapic } Eruic }— કોડુ, વર્ગ ૧૯ ક્રુસીફેરીની જીનસ Brassica ની ઘણી ગ્પીસીઓમાથી તથા એ જ વર્ગની બીજી જીનસની ગ્પીસીઓમાથી

Linolic—

Linoleic— મુખ્યત્વે અળસીના તેલમાથી ૮૦ થી ૮૫ ટકા ઉપરાંત બીજા

Isolinoleic— સુકાઇ જાય એવા તેલ ઘણાખરામાથી

Ricinoleic— એરંડ તેલ ઉપરાંત એ જ યુફોર્બીએસી વર્ગની જીનસ Croton tiglium, Jatrophacurcusના બીજના તેલમાથી, દ્રાક્ષના બીજમાથી

Japanic— આ એસીડ વનસ્પતિમા તો જાપાન વેક્ષ જે Rhus succidaneaમાથી મળે છે, તેની અંદરથી મળે છે તે પ્રાણીજ ચરબીના Dibabicના જ ગુણ ધર્મનુ છે

Chaulmoogric— આ ચોલમોગ્રા તેલની અંદરથી મળે છે

Butyric મુખ્યત્વે માખણમાથી, વનસ્પતિજ તેલોમાથી જે તેલો જામી જાય એવા હોય છે તેઓ ઘણાખરામાથી

Acetic— આનુ વર્ણન ઔષધ વિષયના બીજા એસીડો સાથે વિસ્તારથી કરેલુ છે

Caprylic—

Vaccinic આ એસીડ પ્રાણી શરીરમા મોટે ભાગે હોય છે પણ અત્યારના વિજ્ઞાની શોધકોને તે સરસવના તેલ અને મોયાબીનના તેલોની અંદર પણ હોય એમ જણાયુ છે

મુખ્ય ખાદ્ય તેલોની ચિકિત્સા

તેલોની જાત	વિશિષ્ટ ગુરુત્વ Specific gravity	વર્તનશીલ Refractive	સાબુપ્રગુણ saponification	આયોડીન કિંમત Iodine value	Maumene nuon number	મિશ્ર ચરબિયન અમ્લ Mixed fattyacids	તેલના ટકા
Coco-a-butter Theobroma	•૯૬•	૧ ૪૫૦	૧૯૭	૯		૪૯••	૪૦થી૫૦
કોપરેલ Coconut oil	•૯૨૬	૧ ૪૪૮	૨૫૩	૩૨		૨૩ •	૪૦થી૬૭
ખસખસનુ તેલ Poppyseedoil	•૯૨૫	૧ ૪૭૩	૧૯૩	૧૩૬	૨૨•	૧૫૮	૪૮
Soy bean oil	•૯૨૫	૧ ૪૭૫	૧૯૨	૧૨૮	૬•	૧૬ •	૧૮થી૨•

Sun flower oil	૦·૯૨૫	૧·૪૭૨	૧૯૧	૧૨૭	૧૬૭	૧૭·૫	૨૮ થી ૪૭
મકાઈ બીજનું તેલ	૦·૯૨૪	૧·૪૭૨	૧૯૧	૧૨૦	૧૮૦	૧૯·૦	૧૩ થી ૧૫
તલનું તેલ Sesamcoil	૦·૯૨૩	૧·૪૭૧	૧૯૧	૧૦૮	૧૫૫	૨૨·૫	૪૦ થી ૭૦
કપાસીયાનું તેલ Cottonseedoil	૦·૯૨૨	૧·૪૭૧	૧૯૩	૧૧૦		૩૩·૦	૨૫ થી ૩૦ ફળમાંથી ૫૫ થી ૬૫
Palm oil	૦·૯૨૨	૧·૪૫૧	૨૦૦	૫૫		૪૩·૦	૪૦ થી ૬૧ બીજમાંથી
Cottonseed stearin	૦·૯૨૧		૧૯૪	૯૬	૧૫૫	૩૮·૦	૨૦
ભોયશીંગનું તેલ Peanut oil	૦·૯૧૮	૧·૪૬૮	૧૯૦	૯૩	૧૨૫	૨૮·૫	૪૫
બદામનું તેલ	૦·૯૧૭	૧·૪૬૯	૧૯૧	૯૭	૧૧૦	૧૫·૬	૪૦
Mustardoil રાઈસરસવના	૦·૯૧૭	૧·૪૭૨	૧૭૩	૧૦૪	૧૬૦		૩૫
Oliveoil	૦·૯૧૬	૧·૪૬૭	૧૯૦	૯૫	૧૦૦	૨૦૦	૪૦ થી ૬૦ ફળપર
Tea seed oil	૦·૯૧૬	૧·૪૭૦	૧૯૧	૮૯			૩૦ થી ૩૫
Rape oil	૦·૯૧૫	૧·૪૭૧	૧૭૪	૧૦૧	૧૪૦	૧૩·૦	૩૫

ફળોની અંદરથી જો કે બહુ ઓછી–આંગળાને વેઢે ગણાય એટલી જ માંથી તેલ મળે છે, પણ એ તેલ બધા સારા પ્રમાણમાં ખાદ્ય અને ઘણાં આર્થિક ઉપયોગ માટેના મળે છે.

નીચેની જાતોમાંથી મળે છે.

(૧) Palm oil કૌટુંબિક વર્ગ ૩૧૪ Palmaeની જાત Elaeis guineensisના ફળાવરણ Pericarpમાંથી ૧૦૦ ટકા

(૨) Olive oil કૌટુંબિક વર્ગ ૨૨૯ Oleaceae ના Olea europeaના Sarco carp માંથી ૫૮ ટકા

(૩) Cacao butter કૌટું. વર્ગ ૧૩૦ સક્યુલીએસીના Theobroma cacao ફળના ગળ Pulp માંથી.

(૪) Avocado કૌટું. વર્ગ ૧૧ લોરેસીની Persea americana persea gratissimaના ફળગળમાંથી ૩૦ ટકા

(૫) Litsea sebifera કૌટું. વર્ગ ૧૧. જાવાનું છે. તેનાં તેલને ટંગકલા કહે છે. ફળના ગળ Pulpમાંથી મળે છે.

વનસ્પતિજ તેલ, ચરબી, મોટે ભાગે દ્વિદળ સમૂહના બીજમાંથી મળે છે. પણ એકદળ સમૂહનું સારે અંશે સારું, એ સમૂહના તાડવર્ગ ૩૧૪ Palmaeના પ્રખ્યાત નાળિયેર અને ઓઈલ પામ તથા બીજી કેટલીક જાતિઓ. તેના પ્રાણીજ ચરબીના જેવા ગુણથી અને પુષ્કળ ઉત્પન્નથી વાળી આપે છે. થોડી અપુષ્પ સમૂહની જાતિઓ પણ ચરબી આપનારી છે. જે કોઠામાં જણાવેલી છે.

સૂકા મેવા બીજ–Nut–ની અંદર ચરબી પુષ્કળ પ્રમાણમાં–કોઈ કોઈમાં તો ૬૫–૭૦ ટકા સુધી હોય છે. અને તેથી જ તે વધુ ખાવાથી વસમા લાગે છે. એ બીજ મેવા તરીકે જ વપરાતા હોવાથી મોંઘા–

વેચાય છે તેથી તેની અંદરશી ક્વચિત જ કાઢવામાં આવે છે. તેઓનું વર્ણન તેઓના ખાસ વિષયમાં જોવામાં આવશે

મનુષ્ય શરીરની અંદર ચરબીનું પ્રમાણ તેના વજનથી ૧૫ ટકા જેટલું હોવું જોઈએ તેથી વધુ હોય હોય તો શરીર બેડોળ અને લોથ જેવું બને. ઓછું હોય તો અશક્ત બને. તે નત્રજ–પ્રોટીન–ના કરતા ઓછું શક્તિશાળાં છે, પણ કર્બોદિતના ગાંજા પદાર્થો સાકર મેંદો વગેરે કરતા વધુ સવા બે અઢી ગણું ઉપયોગી છે જો શરીરને નત્રજ ઓછું મળતું હોય તો શરીર ખાધ્યા સિવાયનું બીજું કામ અમુક સમય સુધી ચરબી કરી શકે છે.

સૂકાય તેવા તેલો

અળસીનું તેલ Flax oil. linum usitatissimum સૂકાય એવા તેલોમા આ તેલ પહેલે દરજ્જે અગત્યનું છે આ તેલ પકત બીજમાથી ન મળી શકે પણ આપક્વ પુખ્ત બને ત્યારે અથવા પકવ બાજ કેટલાક મહિના ભરી રાખી તેના બીજા ફૂર સુકાઈ નષ્ટ થાય ત્યારે જ કાઢી શકાય બીજને બીજવી તેના પરનુ પડ કાઢો, તાપ આપી પીલી કે તે રથા અથવા બીજા કારણના સંયોગે નીકળી શકે તે પોતાથી ભૂરા રંગનુ, દાહક, સ્વાદ ગંધનુ હોય છે ઓક્ષીડેશન ઉપર તે બહુ ચીકણુ, સ્થિતિ સ્થાપક અને પાતળુ બને છે (On oxidetion it forms a very taugh elastic film) તે રંગ (Paint), વારનીશ લાનોલિયમ અને છાપવાની શાહીની બનાવટમા પડે છે તેનો ખોળ ઢોર માટેનો ખોરાક છ અનસીના બીજનો પેદાશ મુખ્યત્વે આરજેન્ટીનામા થાય છે ત્યા ૩૦૦૦,૦૦૦ એકરમા વાવેતર થાય છે રશિયા હિંદ, ઉરગ્રુય પોલેન્ડ, કેનેડા અને યુનાઇટેડ સ્ટેટ્સમા પણ સારા પ્રમાણમા વાવેતર થાય છે અમેરિકામા માન્નેસોટા અને ડેકોટા મોખરે છ ત્યા વાર્ષિક ઉત્પન્ન આશરે ૧૫૦૦૦,૦૦૦ બુશલ થાય છે. સને ૧૫૮૦ સુધી ત્યા ફક્ત રેસા માટેની જાતનુ જ વાવેતર થતુ હતુ. પણ તે પછી બીજી ઉન્નત જે તેલ આપનારી હતી તે શોધાઇ અને તેમાથી રાસાયણિક ક્રિયાથી તેલ મળી શકે એની શોધ થતા હાલ તેના પણ વાવેતર ઘણા દેશોમા થાય છે હિંદમા મુખ્યત્વે તેલ આપનારી જાતનુ વાવેતર થાય છે હિંદમા તેનુ વાવેતર મધ્યપ્રાંત, વરાડ, સયુક્ત પ્રાંત, બિહાર, ઓરિસા, બંગાળ, મુંબઈ ઈલાકો નિઝામ પંજાબ, કોટામા થાય છે રવી પાક છે ઓગસ્ટથી ઑક્ટોમ્બરમા વવાઈ જાનેવારીથી એપ્રીલમા તૈયાર થાય છે, વાર્નિશ, છાપવાની શાહી, જમીનપર પાથરવાના ગાલીચા પર ચોપડવા, રંગરોગાનો ચોપડવા તથા બીજા ઘણા ઉપયોગ માટે વપરાય છે હિંદનું ઉત્પાદન આ છે.—

હિંદમા અલસીનુ વાવેતર સને ૧૯૪૦ ૪૧મા પોણા છત્રીશ લાખ એકરમા થયુ હતુ. અને તેમાથી ૪૬૧૦૦૦ટન (૪૬૧૦૦૦ ?) ટન બીજ પેદા થયા હતા આર્જેન્ટાઈન દુનિયામા સૌથી વધારે પેદા કરે છે ત્યા હિંદ કરતા લગભગ અઢીગણી પેદા થાય છે હિંદમાથી સને ૧૯૩૮–૩૯મા ૩૧૭૬૪૪ ટન નિકાસ થઈ હતી જેમા બ્રિટનમા અઢી લાખ ટન ગઇ હતી એ વખતે બધી નિકાસની કિંમત રૂપિયા પાચ કરોડ હતી.

ઉત્પાદનના આકડા —

સને	ટન	સને	ટન	સને	ટન
૧૯૩૪ ૩૫	૪૨૦૦૦	૧૯૩૫–૩૬	૩૮૦૦૦	૧૯૩૬–૩૭	૪૨૦૦૦
૧૯૩૭–૩૮	૪૫૭૦૦૦	૧૯૩૮–૩૯	૩૭૮૦૦૦	૧૯૩૯ ૪૦	૪૩૪૦૦૦
૧૯૪૦–૪૧	૪૬૧૦૦૦				

હિંદમા થતી અનસીની મુખ્ય બે જાત છે (૧) ઝીણી (૨) જાડી. એમા પણ હિંદનુ સ્થાન અન્ય દેશો કરતા ચઢિયાતું છે અમેરિકા, કેનેડા અને આરજેન્ટાઈનમા જે અળસી થાય છે તેમા તેલનુ પ્રમાણ

૨૬ ટકાની આસપાસ હોય છે. જ્યારે હિંદની જાડીમાંથી ૩૩ અને ઝીણીમાંથી ૩૦ ટકા મળે છે. હિંદના ખાદ્ય તેલોમાં તેનું મિશ્રણ કારખાનાવાળાઓ ઠીક ઠીક કરી રહ્યા છે. એટલે એની ખપત વધીને વાર્ષિક ત્રણ લાખ ટન જેટલી થઇ છે. યુરોપના દેશો જે અળસી વાપરે છે. તેમાં બીજા દેશોની અળસી કરતાં હિંદની અળસીને પ્રથમ પસંદગી મળે છે.

China wood oil કે tung oils આ તેલ અલસીના તેલની જેમ રંગ અને વારનિશની બનાવટ માટે ખૂબ વપરાય છે. હિંદમાં તે આવતું નથી. તે ચીનની બે જાતિઓના ફળોમાંથી મળે છે. જેવાં કે

Alurites montana. The mu tree દક્ષીણ ચીનનું. તથા China wood oil Alurites tordil tung tree મધ્ય પશ્ચિમ ચીન બીજી જાત ટુંગનું એઓના વાવેતર હાલમાં અમેરિકામાં ફ્લોરીડાની અંદર દાખલ કરતાં ખૂબ સફળતાથી થઇ શકે છે. તે સામાન્ય હલકી જમીનમાં પણ ઉછરી શકે છે. આ ઝાડો વાવ્યા પછી ચોથેથી દશે વર્ષે તેલ મળે એવા પુષ્ક્ત ફળો આપે. બંને જાતોના તેલ એકબીજાને ગુણ-સ્વભાવમાં તદ્દન મળતા છે. આં તેલો વારનીશ ઉદ્યોગમાં કેટલીક વખત હરકત કરી દે છે, કારણ કે તે ઝડપથી સુકાઇ જનાર છે. તેનું કોરીગમ અને બીજા કઠણ રાળથી બનેલા વારનીશ કરતાં બહુ ઓછું ટકનાર વારનીશ બને છે. તે વારનીશ ઉપરાંત લોઢા લાકડાંને દેવાના Paint, લીનોલિયમ, ચામડા પર ચડાવવા, સીમેન્ટને પાણીથી ટકાવવા, (Water proof) વપરાય છે. પકેલું ચીના વુડ ઓઇલમાં રક્ષકશક્તિ સારી હોય છે. તે હવાથી બચાવનાર છે. તેથી ખાસ કરી બહારનાં ભાગ માટે કિંમતી છે. ખલાસીઓ, સમુદ્રનું ક્ષાર પાટીઆને ઓછી અસર કરે એ માટે તેને વધુ પસંદ કરે છે. તે બીજાં તેલોને જલદી સુકવે છે. તેઓનાં ખોળ ઝેરી છે. તેથી ઢોરો માટે વાપરી શકાય નહિ. પણ ખાતર માટે કિંમતી છે.

Cantle nut oil આ તેલ Aleurites mollucana જે મલાયા અને પાસિફિક ટાપુઓનું વતની છે, તેનાં બીજમાંથી મળે છે. તેનું વાવેતર હાલમાં ઘણા દેશોમાં થાય છે. તેમાં સુકાઇ જવાની શક્તિ સારી છે. અલસીના તેલને બદલે લોઢા-લાકડાં પર ચડાવવાના રંગ, વારનીશ, રોગાન, લીનોલિયમ, નરમ સાબુની બનાવટમાં અને વહાણોને તળિયે ચોપડવામાં વપરાય છે. તેનાં મીંજ હવાઇ અને બીજા પોલેનેશિઅન ટાપુઓમાં જ્યોત તરીકે વપરાય છે તેથી તેને Candbc nut નામથી સંબોધે છે. તેનો ખોળ ઝેરી હોવાથી ઢોરોને ન આપી શકાય. તે ખાતર માટે ઉપયોગી છે,

Perilla oil આ ઉત્તર હિંદ, ચીન અને જાપાનના ૩થી૫ ફીટ ઉંચા વર્ષાયુ છોડ Perilla brutescens જે, લેબીએટી વર્ગનું છે તેનાં બીજમાંથી મળે છે. આ તેલ ખાદ્ય છે. જૂના કાળથી પૂર્વના દેશોમાં ખવાય છે, પણ ખાવા કરતાં હાલમાં તેનો વપરાશ બીજા ઉદ્યોગો માટે ખૂબ થાય છે. જાપાનીસ લોકો તેનાં તેલમાંથી પ્રખ્યાત જાપાનિસ ઓઇલ પેપર, સસ્તું રોગાન, કાગળી છત્રીઓ, વરસાદી ડગલા માટે કાપડ, કૃત્રિમ ચામડાં બનાવે છે. તે છાપવાની શાહીની બનાવટમાં પડે છે.

Walnut oil **અખોડનું તેલ.** Juglans regia આ હિંદ અને યુરોપના ઝાડના બીજની મીંજમાંથી તેલ મળે છે, તે સફેદ રંગ, (White paint સફેદો) ચિત્ર કળાનાં રંગો, છાપખાનાની શાહીની બનાવટમાં અને સાબુની બનાવટમાં વપરાય છે. જૂનાં ફળોનાં મીંજ જે ખાવામાં નાલાયક બન્યાં હોય પણ બીજમાંથી છૂટા જલદી થઇ શકે તેવાં ભીજવી તપાવી પીલીને કાઢે છે. તાજા અને તપાવ્યા વગરના મીંજમાંથી કાઢેલું તેલ લહેજતદાર ખાઇ શકાય એવું હોય છે.

Madia oil Madia sativa આ તેલ વર્ગ ૨૩૮ કમ્પોઝીટી વર્ગના બીજમાથી પીલીને કાઢવામા આવે છે એ છોડ અમેરિકાનો વતની છે હાલમા યુરોપ ચીનીમા મોટા પ્રમાણમા અને યુરોપમા થોડા પ્રમાણમા વાવેતર થાય છે ઘણુ ભાગે કચુંબરમા અને ખાવા વપરાય છે

Dwarf sun flower oil આ તેલ કોર વર્ગ ૨૩૮ કમ્પોઝીટીની જીનસ ૫૦૩ Aktinella grandiflora ના બીજમાથી પીલીને કાઢવામા આવે છે એ છોડ કોલોરેડો દેશના પહાડોનુ છે તેલ ઉપરાંત તેના જુદા જુદા અગોમાથી બીજા પણ આર્થિક પદાર્થો મળે છે તેથી તેના વાવેતર મોટા પ્રમાણમા અને લામ્બો વખત થયા રશિયા સ્પેન, ફ્રાંસ જર્મની ઇટાલી ઇજીપ્ત મચુરિયા, જાપાનમા થાય છે અને રોમાનિયા હંગેરી નગેરિયા નેન્ડ અને અમેરિકામા મોટા પ્રમાણમા તાજેતરના દાયકાથી થાય છે સને ૧૯૧૪ ની લડાઈ વખતે એક બીજાના દેશોની વસ્તુઓ આવી જઈ શકતી ન હતી, એ વખતે તે ખૂબ પ્રસિદ્ધિમા આવ્યુ એ લડાઈ દરમ્યાન તેમ લડાઈ પછી તો દિન પર દિન તેના વાવેતર વધુ થાય છે. આ તેલ ઓલીવ તેલ જેવુ છતા તેના જેવી મગફળી વગરનુ મદ્રાસના તેલ જેવા મિષ્ટ સ્વાદનુ હોય છે તે કચુંબરમા નાખી ખાવા તળીને ખાવા માર્ગેરાઈન બનાવવા લોકો લાકડાન ચડાવવાના રંગોમા નાખવા સાબુ મીણબત્તીઓ બનાવટ માટે વપરાય છે ૧ બુશલ બીજમાથી ૧૦ ગ્યાલન સ્વચ્છ તેલ મળે તેના ખોળને તપાવવાથી પણ થોડુ નીકળી શકે જે ચામડા પર ચોપડવા અને દીવાબત્તી બાળવા વપરાય છે તેથી ચામડા નરમ બને દીવાબત્તી બોલ આવે યુરોપમા સને ૧૯૨૩ મા ૧૮૦૦૦૦ ટન પેદા થયુ હતુ તે પછી તો જો કે ચોક્કસ આકડા મળી શકયા નથી પણ એ ઘણુ ઘણી પેદાશ થાય છે એમ વાચ્યુ છે હિંદમા આ છોડ તેના સુંદર ફૂલો માટે બગીચાઓમા વવાય છે પણ તેલ કાઢવામા આવતુ નથી જો વાવેતર કરવામા આવે તો બહુ ઉપયોગી બને

ગોખરુ મોટા Pedalium murex આ કાગવાળા બહુ કાણ ફળની અંદર સુકાય એવુ તેલ સારા પ્રમાણમા મળે આર્થિક દૃષ્ટિએ પરખે એવી શકયતાઓ ધિ જર્નલ ઑફ સયન્ટિફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ ઑફ ઇન્ડીયા સામયિકમા ૧૯૫૦ મા આવ્યુ હતુ કે એ તેલ અશન સુકાઈ જાય એવુ હોય છે આ બીજ પરવુ ઝાડ ચીકણ કાગવાળા કોટના અંદર હોય છે, યાંત્રિક સાધનો વડે પણ કોટલાન તોડી દાણા મુશ્કેલ પડવા તેથી આખા ફળ ને ૨૫ ટકા ગધકના તેજાબમા ચારેક કલાક ભીંજવવાથી આન ને દિવસ તડકે સૂકવવાથી ઉપલુ પડ નરમ બને છે પછી રોલર વચ્ચે દબાવેથી દાણા તૂટી જાય છે નામેથી પડ સહેલાઈથી છૂટુ પડી બીજ કાઢી લેવાય બિયાનુ વજન આખા સૂકાયેલા આખા ફળથી ટૂ ભાગનુ હોય છે તેમા ૩૨ ટકા સુધી તેલ મળે નાગપુરની ખેતીવાડી કૉલેજના ફાર્મમા ૧૯૪૮–૪૯ દરમિયાન એકર દીઠ ૬૩૦ રતલ બિયાનુ સને ૧૯૪૯ ૫૦ મા એકર દીઠ ૪૮૦ રતલ બિયાનુ ઉત્પાદન થયુ હતુ છે જાતે ૧૪૧ ૫ નઆતર રોપ્યા હતા આમ એકર દીઠ ૧૮૫ રતલની પ્રાપ્તિ થઈ હતી હમેશા મ C ના નામા આવતા બીજી જાતના બિયાના તેલની પ્રાપ્તિની સરખામણીમા ગોખરૂનુ તેલ પ્રાપ્તિ ગણાપાત્ર ગણાય

આ તેલના થોડા ભાગ હવા લાગે એ રીતે એક વર્ષ સુધી રાખી મૂકવામા આવ્યો હતો વર પરુ થતા એ સીલ જોતા તેના પર બહુ નીરસ આછુ પીળુ પાતળુ પડ જામ્યુ હતુ એ પડ સહેજ ચીકણુ પણ બીજી રીતે રબ્બર જેવુ હતુ તેલને ગરમ કરવાથી તે જાતનો ઘટ થાય અને આ ગીને બનેલો ગુંદર પદાર્થ ખનીજ તેલો સાથે મિશ્ર કરી શકાય છે ગુંદર જેવી અવસ્થા આ તેલમા સારી નસરણુ શક્તિ હોય છે અને પાતળા પડ જલદી સૂકાઈ જાય છે

સૂર્યમુખીનું તેલ. Sun flower oil. Helianthus annus પેરુનું વતની છે. હાલમાં બધા દેશોના બગીચાઓમાં મોટાં ખૂબસૂરત ફૂલો માટે વાવેતર થાય છે. તેની બે ઉપજાતો–સફેદ અને કાળાં બીજનીમાંથી તેલ મળે છે. જે વારનીશ, સાબુની બનાવટમાં અને ખાવા માટે વપરાય છે. તેલ માટે હમણાં ઘણાં દેશોમાં વાવેતર થાય છે. હિંદમાં તેલ કાઢવામાં આવતું નથી. ફક્ત બગીચાઓમાં શોભા માટે વવાય છે.

ખસખસનું તેલ. Poppy oil Papaver somniferum. આ છોડનું વાવેતર અફીણ માટે અને તેલ માટેના બીજ–ખસખસ–માટે હિંદ, ફ્રાન્સ અને જર્મનીમાં થાય છે. એ બીજમાંથી જે પહેલ-વહેલાં તેલ મળે તે ખાવા માટે વપરાય છે. તે સફેદ હોય છે. પાછળના કૂચામાંથી રતાશ લેતું તેલ મળે તે બત્તીઓ માટે, સાબુની બનાવટમાં વપરાય છે. અને તે પછીનું (Bleaching) કરેલું લોઢા લાકડાં પર ચોપડવાનાં રંગો માટે વપરાય છે.

રામતિલનું તેલ. Guizotia abyssinica. આ વર્ષાયુ છોડ એબિસિનિઆનું છે. હાલમાં હિંદ ફ્રાન્સ, ઇટાલી, જર્મની, અને વેસ્ટ ઇન્ડીઝમાં ખૂબ વાવેતર થાય છે, ઉચ્ચ જાતિનું તાજું ખાવા માટે વપરાય છે. હલકી જાતનું વાસી, બત્તીઓ માટે અને સાબુની બનાવટમાં વપરાય છે.

Camelina oil, Camelina sativa, હોલેંન્ડ, જર્મની, અને યુરોપના બીજા દેશોનું. સાબુ અને દીવાબત્તી માટે.

Hempseed oil, Cannabina sativa. યુરોપનું. સાબુ, ચોપડવાના રંગ, વારનીશ, અને દીવાબત્તી માટે ઉપયોગી, હિંદમાં થતી ભાંગ Cannabis indica ના બીજમાંથી મળે છે કે નહિ તેની માહિતી મળી નથી.

Safflower oil. કરડીનું તેલ Carthamus tinctorius. ઇજીપ્ત, હિંદ અને પૂર્વના દેશોમાં તેલ માટે અને તેનાં ફૂલમાંથી રંગ મળે છે, તે માટે જૂના કાળથી વાવેતર થાય છે. તેલ તાજું ખાવા માટે, ઉપરાંત સાબુ, વારનીશની બનાવટમાં અને દીવાબત્તી માટે વપરાય છે. બીજમાંથી ૩૧.૮૪ ટકા સુધી મળે છે સ્વાદિષ્ટ અને ગુણકર છે.

Sapium sebbiferum, Argemone mexicana દારૂડી, Hevea brasilensis, પારા રબર, Manihot glagiovi. Ceara rubber આ બધાંના બીજમાંથી પણ સૂકાય એવું તેલ મળી શકે છે. પણ તેલ માટે ખાસ વાવેતર થતાં નથી.

Scotch pine Pinus sylvestris, યુરોપનું છે. તેનાં બીજમાંથી તેલ મળે છે.

અર્ધ સુકાય એવાં તેલ. Semi drying oils.

કપાસિયાનું તેલ Cotton seed oil. આ બહુ અગત્યનું તેલ છે. તે ઘણાં ઉપયોગ માટે વપરાય છે. યુનાઇટેડ સ્ટેટ્સ તેનો મુખ્ય ઉત્પાદક છે, બીજા તમામ રૂ ઉત્પાદક દેશોમાં પણ એ તેલનો ઉદ્યોગ ચાલે છે. ૧૧,૫૦,૦૦,૦૦૦ ગ્યાલનથી પણ ઉપર એકલા અમેરિકા, યુ. સ્ટે.માં ઉત્પન્ન થાય છે. આ તેલ હસ્ત ક્રિયાથી કાઢેલું ખાવા લાયક નથી, પણ સંચાઓમાં પીલી શુદ્ધ, (Refinde) કરીને ખાઇ શકાય. યુરોપિયનો આ તેલ કચુંબર (Salad) માં. Table oil તરીકે, loeo margarin ની ખાદ્ય બનાવટ માટે અને Lard ચરબીને બદલે વાપરે છે, ખોળ ઢોરો માટે ઉત્તમ ખોરાક છે. ખાતર માટે પણ કીંમતી છે. તેલ ખાવા ઉપરાંત સાબુની, વોશીંગ પાઉડરની, Oil clothની, કૃત્રિમ ચામડાં (Artificial leather)ની બનાવટમાં, વીજળીક ક્રિયા

માટે (Insulating materals) છાપરાઓ પર ટારની જેમ ચોડવા, લાબી (કાચ બેસાડવાની) બનાવવા, ગ્લીસરાઈન અને નાઈટ્રો ગ્લીસરાઈનમા મેળવવા વપરાય છે આ તેલ સચાઓ માટે નાલાયક છે હિંદમાથી બ્રિટિશ સરકારના વખતમા હિંદના ઢોરોનો પૌષ્ટિક ખોરાક હોવા છતા પોતાના દેશના હિત ખાતર વર્ષે ૬૦૦૦ ટન પરદેશ ચડતા

મકાઈનુ તેલ Corn oil Maizela oil વર્ગ ૩૩૨ ગ્રામીનીના જીનસ Zea mays આ અમેરિકન વામ વર્ગના છોડના બીજ હાલમા ઘણા દેશોમા ખોરાક માટે વવાય છે આ તેલ બીજના ગર્ભ પ્રત્યકુર Embryoમાથી ૫૦થી ૭૫ ટકા સુધી મળે છે યોગ્ય વર્ષો પહેલા આ ગર્ભપ્રત્યકુર મિલો વાળા મકાઈનો આટો બનાવતી વખતે કચરા તરીકે ફેકી દેતા, પણ તાજેતરમા તેની અદરના તેલની શોધ થતા હાલમા તેનો ઉદ્યોગ આગળનો બન્યો છે તેલ શુદ્ધ કર્યા પછી ખાઈ શકાય તે ખોરાકની વસ્તુઓમા મેળવી પાઉં બિસ્કુટ (Backries) ના બનાવટમા અને બીજા તેલોમા મેળવવા વપરાય છે ગુણ સ્વાદમા ઓલીવ તેલ જેવુ હોય છે અશુદ્ધ (Crude) તેલ ઘણા ઉદ્યોગો—જેવા કે રબ્બરને બનાવે, સાબુ અને લોઢા લાકડા પરના રગની સસ્તી બનાવટમા પડે છે તે કપાસિયાના તેલ જેવી માફક સચાઓ માટે નાલાયક છે

Soy bean oil glycine soja આ પૂર્વ એશિયાનો છોડ છે એ દેશોમા આ છોડના બીજ સર્વોપરિ ખોરાક છે બીજમાથી પીલીને કે કેટલાક દ્રાવણોના યોગે તેલ કાઢવામા આવે છે તે અલસીના અને કપાસિયાના તેલો વચ્ચેના ગુણ ધર્મનો છે કેટલીક વખતે તે તદ્દન સૂકાઈ જાય છે કદી કદી અર્ધ સૂકાયુ રહે છે તે શુદ્ધ (Refining) કર્યા પછી ખાઈ શકાય હલકા પ્રકારનુ અને જાતુ મીણબત્તી, સાબુ, વારનીશ, છાપખાનાની શાહી માટે વપરાય છે એના ઉદ્યોગ એ દેશોમા અને યુરોપમા ઝડપથી વધી રહ્યો છે અમેરિકામા તેનો પાક હાલમા મોટા પાકોની કક્ષામા આવી ગયો છે

તલનુ તેલ (Sesame oil Gingelly oil આ હિંદના મૂળ વતની ઝાડનુ વાવેતર હિંદમા પુરાતન કાળથી થાય છે બીજા દેશોમા પણ અત્યારે સારા પ્રમાણમા વવાય છે જોકે ભોયશીંગના તેલે આ તેલને મોટો ધક્કો દીધો છે પણ ગુણમા તે ભોયશીંગના તેલ કરતા ખૂબ ચડતો અને યુરોપના ઓલીવ તેલ જ વનસ્પતિ સામ્રાજ્યમા પૌષ્ટિક તરીકે શ્રેષ્ઠ ગણાય છે તેનાથી સહેજ ઉતરતુ છે જોકે તેના કરતા સ્વાદમા ચડતો છે હિંદમા તે ત્રીશ લાખ એકરમા વવાતા ભોયશીંગનો પાક જમીનની અદર ફળો થતા હોવાથી અને પુષ્કળ ઉતરતો હોવાથી તેમ તેનો પાદડો ચારો ઢોરઉપયોગી હેરથી ખેડુત તલના વાવેતર તરફ એછુ ધ્યાન આપે છે તલ ખાસ કરી શરદ ઋતુનો પાક છે જેથી જુલાઈ સુધીમા વાવવામા આવે છે અને ઓક્ટોબરથી ડીસેમ્બર સુધીમા પાક તયાર થાય છે ઉનાળાની એક જાત રવી પાકની વાવણી ની ફેબ્રુઆરીથી ફેબ્રુઆરીમા થઈ પાક મે થી જુલાઈમા તૈયાર થાય છે હિંદમા તેનુ વાવેતર ભયથી વવાયાથી પહેલા ત્રીશ લાખ એકરથી પણ ઉપરના વિસ્તારમા થતુ હાલે એશિયાના બીજા ભાગોમા આફ્રિકાના પૂર્વ પ્રદેશમા પણ વાવેતર થાય છે બ્રહ્મદેશમા ઠીક ઠીક વવાય છે

હિંદમા તેનુ વાવેતર મુખ્યત્વે સયુક્ત પ્રાત મદ્રાસ ઇલાકો મુબઈ ઇલાકો સિંધ મધ્ય પ્રાત અને વરાડ બિહાર ઓરિસા બગાળ પજાબ અજમેર-મેરવાડા નિઝામ વડોદરા કોટા પ્રમાણમા કચ્છમા થાય છે બ્રિટિશ સરકારના વખતમા ૧૯૪૨થી પહેલા ૪૧ લાખ એકરમા વાવેતર થઈ ચાર લાખ ટન બીજ પેદા થતા

બીજમાં કાળા, સફેદ, ભૂરા વગેરે નાનીમોટી જાતો થાય છે. બીજમાંથી સારી જાતોમાંથી પચાસ ટકા સુધી મળે છે, પણ સામાન્ય જાતોમાંથી સરેરાશ ચાલીસ ટકા મળે છે.

હિંદમાં ગ્યાસતેલ આવ્યાથી અગાઉ દીવાબતી બાળવા મુખ્યત્વે આ તેલ જ વપરાતું. અત્યારે તેનો ઉપયોગ ખાવા ઉપરાંત—

૧ હલકી જાતના સાબુ બનાવટમાં ૩ પરફ્યુમરીની બનાવટમાં.
૩ રબ્બરની બનાવટમાં ૪ સાંચાઓને ઢીલા રાખવા કાટથી બચાવવા.

યુરોપમાં મારજેરાઇન બનાવવા વાપરે છે. હિંદમાંથી બ્રિટિશ સરકારના વખતમાં વાર્ષિક દશ કરોડ રતલ નિકાસ બીજ થતાં.

ઉત્પાદનના આંકડા ટનમાંઃ—

સને	ટન	સને	ટન
૧૯૩૪–૩૫	૩૫૨૦૦૦	૧૯૩૮–૩૯	૩૨૧૦૦૦
૧૯૩૫–૩૬	૪૧૩૦૦૦	૧૯૩૯–૪૦	૪૧૧૦૦૦
૧૯૩૬–૩૭	૪૩૯૦૦૦	૧૯૪૦–૪૧	૪૧૭૦૦૦
૧૯૩૭–૩૮	૪૪૯૦૦૦		

Colza and rape seeds oil. આ તેલ વર્ગ ૩૯ ક્રુસીફરીનો જીનસ Brassica ની ખાસ કરી B. campestris, B. napus અને B. rapa માંથી મળે છે. છેલ્લી રેપનું વાવેતર યુરોપમાં ખૂબ થાય છે. હિંદ અને ચીનમાં પણ વાવેતર થાય છે, હિંદમાં તાજું પીલેલું એમ જ ખવાય છે, પણ યુરોપિયનો શુદ્ધ (Refined) કર્યા પછી જ ખાય છે. મેલું જૂનું દીવાબત્તી માટે, સંચાઓ માટે સાબુ અને રબરની બનાવટમાં વપરાય છે. લાકડાંને ટકાઉ કરવા ચોપડાય છે.

આ તેલોમાં હિંદની અંદર મોટે ભાગે સરસવના બીજમાંથી તેલ કાઢવામાં આવે છે. રાઈના તો બીજ મસાલા તરીકે વપરાય છે. તેમાંથી તેલ કાઢવામાં આવતું નથી. સરસવનું તેલ હિંદમાં કાશ્મીર અને બીજા હિમાલયના શીતળ પ્રદેશમાં ખાવા માટે વાપરે છે. અને તે સ્વાદમાં સહેજ લહેજતદાર હોવાથી ખાઈ પણ શકાય છે. પણ તેની અંદર વાસ ઉગ્ર હોવાથી અને હિંદના ઉષ્ણ કટિબંધ પ્રદેશમાં ગરમ લાગવાથી ફક્ત અથાણા માટે જ કાઢી શકાય એટલું વાવેતર થાય છે. રાઇ અને સરસવના બીજનું ઉત્પાદન નીચે ટનમાં જણાવું છું.

સને	ટન	સને	ટન	સને	ટન
૧૯૩૪–૩૫	૯૦૦૦૦૦	૧૯૩૫–૩૬	૯૫૭૦૦૦	૧૯૩૬–૩૭	૯૬૪૦૦૦
૧૯૩૭–૩૮	૧૦૨૧૦૦૦	૧૯૩૮–૩૯	૯૧૫૦૦૦	૧૯૩૯–૪૦	૪૧૧૦૦૦
૧૯૪૦–૪૧	૪૧૭૦૦૦				

Kapok oil ૧૩૧ વર્ગ Eriodendron anfractnosum (Bombaceae) ની આ જાતિના બીજનું તેલ તાજું અને શુદ્ધ કરેલ યુરોપમાં મારજેરાઇન બનાવવા અને હલકી જાતનું સાબુની બનાવટ માટે વપરાય છે.

ન સુકાય એવા તેલોઃ Non drying oils.

Olive oil આ તેલ વર્ગ ૨૨૯ Oleaceaeની જીનસ Olive europea ના ફળોમાંથી મળે છે. ભૂમધ્ય સમુદ્રના પ્રદેશમાં તેના તેલ માટે જૂના કાળથી વાવેતર થાય છે. હાલમાં થોડા

પ્રમાણમાં ઑસ્ટ્રેલિયા દક્ષિણ આફ્રિકા અને અમેરિકામાં મેક્સિકોની અંદર પણ વાવેતર થાય છે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા, કેલીફોર્નિયા ઍરીઝોના ફ્લોરીડામાં આશરે ૫૦૦,૦૦૦ રતલ ઉત્પન્ન કરે છે પણ એ દેશોની ખપત એથી પણ વધુ ગણી છે ફળો હાથે દબાવવાથી કે યંત્રોથી કાઢવામાં આવે છે ઊંચી જાતનું તેલ હાથે દબાવીને મળે છે, આ તેલ સોનેરી પીળું, સ્વચ્છ અને પારદર્શક, વાસ વગરનું તેમજ ખાદ્ય હોય છે હલકા પ્રકારનું લીલાશ લેતા રંગનું થાય છે તે સાબુ અને સંચાઓ માટે વપરાય છે સંચાઓમાં બે-ત્રણ વાર દબાણ પછીના કુચાઓમાંથી તદ્દન હલકા પ્રકારનું તેલ મળે છે પરિપક્વ ફળોમાંથી મોટા પ્રમાણમાં મળે છે યુરોપમાં તે સર્વોત્તમ ખાદ્ય તેલ છે તે લાંબો વખત બગડ્યા વગરનું રહી શકે છે ફક્ત હવામાં ખુલ્લું રાખવાથી ખોરું થઈ જાય છે તાજા ફળોમાંથી તેલ ૩૦ થી ૪૦ ટકા સુધી મળે સરેરાશ ૨૫ ટકા વનસ્પતિ સામ્રાજ્યમાં શ્રેષ્ઠ ગુણનું ગણાય છે

ભોંયશીંગનું તેલ Pea nut oil આ અમેરિકન છોડનું હાલમાં તેના ખાદ્ય બીજ અને તેલ માટે અમેરિકાના યુનાઈટેડ સ્ટેટ્સ વેસ્ટ ઈન્ડીઝમાં આફ્રિકામાં ગેશિયાના હિંદ અને ચીનમાં મોટા પ્રમાણમાં વાવેતર થાય છે યુરોપ દેશદેશમાંથી બી મંગાવી સંચાઓ દ્વારા તેલ કાઢવામાં દુનિયાની અંદર અગ્રેસર છે બીજને છૂંદ્યા વગર પીલીને કાઢેલું તેલ ખાદ્ય થાય છે યુરોપમાં આ તેલ કચુંબરમાં ભેળવવા સારડીન નામની માછલીઓ રાખવા, માર્ગેરાઈન બનાવવા અને એલિવ તેલમાં ભેળવવા વપરાય છે હલકી જાતનું જે જૂના બીજો તપાવીને કાઢવામાં આવે છે કે પીલવામાં પછીનું ઘણા દિવસ રહી જૂનું ખોરું થયેલું સાબુની બનાવટમાં સંચાઓ માટે ગ્યાસ દીવાબત્તી માટે વપરાય છે એનો ખોળ ઢોરો માટે ઉત્તમ ખોરાક છે તેની અંદર બીજા બધા ખોળ કરતા વધુ અને સારી જાતનું નત્રજ પ્રોટીન-હોય છે આ ખોળ તાજું મનુષ્યો પણ વાપરી શકે, એ માટે જુઓ ખોળ વિષયમાં

ભોંયશીંગ જો કે મૂળ વતની અમેરિકાનું છે પણ બીજની અને તેલ માટેની પેદાશમાં અત્યારે હિંદ દુનિયામાં અગ્રેસર બન્યું છે દુનિયાના ૩૫ ટકા જેટલું વાવેતર હિંદમાં થાય છે

સને ૧૯૪૪ માં દુનિયાના નીચે જણાવેલ દેશોમાં ભોંયશીંગ ઉત્પન્ન થયા હતા.

દેશ	એકરેજ દશ લાખમાં	ઉત્પાદન દશ લાખ ટનમાં	દુનિયાના એકંદરે એકરેજ ટકા	દુનિયાના એકંદર ઉત્પાદન ટકા	વિવેચન ૮-૩૯
હિંદ	૭૦૦	૨૮૩	૩૬ ટકા	૩૫ ટકા	૧૯૩૮-૩૯માં ૮૫ લાખ અને ૧૯૩૯-૪૦ માં ૮૨ લાખ એકરમાં હતું
ચીન	૨૬૦	૨૬૧	૧૯ ટકા	૩૨ ટકા	
મેનેમાપન તથા ફ્રીન્ચ મગરબ	૨૧૦	૧૮૦	૧૧ ટકા	૧૦ ટકા	
	૧૬૬	૫૪	૮½ ટકા	૬½ ટકા	
	૪૦૪	૧૩૧	૨૦½ ટકા	૧૬ ટકા	

ઉપરનાં આંકડા પરથી જાણી શકાશે કે હિંદ અને ચીન અત્યારે લગભગ સરખા ઉત્પાદક દેશ છે. પરંતુ જમીનના વિસ્તાર તરફ નજર કરતાં જણાશે કે હિંદ કરતાં ચીન લગભગ અર્ધા વિસ્તારમાં હિંદ જેટલું ઉત્પન્ન કરે છે. આનું કારણ હિંદના ખેડૂતોની કંગાલ સ્થિતિ છે. હિંદની જમીન ચીન કરતાં સારી છે. વળી હિંદમાંથી બીજનો ૪૦ ટકા જેટલો ભાગ તો કાચો પરદેશ જાય છે, જ્યારે ચીન બધો માલ પોતાના દેશમાં જ વાપરે છે. બ્રિટિશ સરકાર લડાઈના અરસામાં નછૂટકે ઉદ્યોગપતિઓને ઉત્તેજન આપતાં અત્યારે હિંદમાં તેલ પીલવાનાં ૨૨ કારખાનાં થયા છે. (સને ૧૯૪૮ સુધીમાં). (દેશી રાજ્યમાં જુદાં) જેનાં એકંદર વાર્ષિક ઉત્પાદનનો અંદાજ ૧,૮૦,૦૦૦ ટનનો હતો. આમાંના ઘણાંખરાં કારખાના ઉત્તર હિંદમાં થયાં છે દક્ષિણ હિંદમાં માત્ર ચાર જ હતા. જેઓનું વાર્ષિક ઉત્પન્ન ૧૩,૫૦૦ ટનનું હતું. વનસ્પતિજ ઘી દક્ષિણ હિંદમાં પચાસ હજાર ટન વપરાય છે. તેથી ત્યાં હવે વધુ કારખાનાં થતા જાય છે.

હિંદમાં ભોંયશીંગના તેલ સામે બીજો કોઇ દેશ હરીફાઇ કરી શકે નહિ, કારણ કે ચીન જે મોટી પેદાશ કરનાર છે તે દેશની તો મોટી વસ્તીની ખપત એટલી છે કે નિકાશ ન જ કરે. બીજા દેશોની પેદાશ થોડી છે. દૂરથી મોકલતાં ખર્ચ ચડે. અત્યારે હિંદના ખેડુત કંગાળ છે, તેથી અને સરકાર કાચો માલ પરદેશીઓને પરદેશ મોકલવા નિરંકુશી છે તેથી હિંદની પ્રજાને મોટા પ્રમાણમાં તેલની આયાત કરવી પડે છે. હિંદની પેદાશ, આયાત-નિકાસના આંકડા આગળ દર્શાવેલા છે. સને ૧૯૪૨ થી પહેલાં આશરે અઢી કરોડ રૂપિયાના બીજ પરદેશ જતા.

ભોંયશીંગથી કારખાના વાળાઓને બીજા તેલો કરતાં એક વિશેષ લાભ મળે છે. તેનાં ફોતરાં એન્જિનમાં કોલસાને બદલે બળતણ તરીકે કામ લાગે છે. જો કે પેદાશ નજીકના પ્રદેશમાં થતી હોય તો જ. દૂરથી મગાવતાં ફોતરાં સહિતનું રેલવે, વહાણ, સ્ટીમરનું નૂર ભારે પડે. ભોંયશીંગના વાવેતરથી ખેડુતને પણ લાભ છે, તેના લીલા સૂકા પાન ઢોરો માટે ચારા તરીકે ઉપયોગી છે. જો કે એ ચારો ઢોરો ઘાસ કે ગહુ કે ગાંજરના જેમ પ્રેમથી ખાતા નથી. પણ બીજા ચારાને અભાવે તે ઉપયોગી બને છે. તેમાં નત્રજ પ્રમાણ સારું હોવાથી ઢોરો શરીરે દુબળા થતા નથી. સ્વાદ લહેજતદાર નથી હોતો તે થોડે વખતે રેવાઈ જાય છે. વળી બીજા એ વર્ગના ચારા જેમ તેથી ઢોરોને આફરો થતો નથી.

આનું વાવેતર હિંદમાં યુરોપિયન આવ્યા પછી ચાલુ થયું છે. તેની નિકાસ યુરોપ ખાતે ૧૮૪૦માં શરૂ થઇ, પણ ત્યાર પછી ૪૦ વર્ષ સુધી ઉત્પાદન કંગાળ સ્થિતિમાં જ હતું. ૧૮૮૦ સુધી હિંદનું વાવેતર ૧૯૭૦૦૦ એકરથી આગળ ન હોતું ગયું. અને નિકાસ ૧૩૦૦ ટન જેટલી હતી. જ્યારે દેશની વપરાશ પણ નામની જ હતી. ૧૮૯૫-૯૬ નાં સાલમાં વાવેતર વધીને ચાર લાખ એકર સુધી પહોંચ્યું, પણ ત્યાર પછી બિયારણ હલકા પ્રકારનું થઇ જવાના અને પાકને જંતુઓ લાગતાં વાવેતર એક લાખ એકર જેટલું નીચું ગયું. એટલે ઓગણીસમી સદી સુધી હિંદમાં પેદાશ નહિવત જેવી હતી.

પણ સને ૧૯૦૦-૧૯૦૧ માં પાકનાશક તત્ત્વો સામે ટકી શકે અને જેમાં તેલનું પ્રમાણ વધુ હતું. એવાં બિયારણ આફ્રિકાના સેનેગાલ અને મોઝામ્બિકથી સરકારે મંગાવી આપી ખેડૂતોને પૂરાં પાડ્યાં અને પછી ક્રમશઃ વધારે પેદાશ થવા લાગી.

૧૯૧૪ માં યુરોપમાં મહાયુદ્ધ શરૂ થયું. આને લીધે શરૂમાં પાક એકવીસ લાખ એકરમાં અને પાંચ લાખ ટન જેટલે પહોંચ્યો. પણ ૧૯૧૭-૧૬ [illegible] ૧૮-૧૯ દરમિયાન પ્રતિકૂળ સંજોગો નડ્યા [illegible]

નામા ફ્રાન્સની આતરિક સ્થિતિ પ્રતિકૂળ બની કે જ્યા મોટા પ્રમાણમા નિકાસ થતી હતી, અને તે પછી લડાઈને કારણે દરિયાઈ વહેવારમા અડચણો ઊભી થવાના કારણે નિકાસ વહેવાર ખોરવાયો વળી ૧૯૧૮–૧૯ મા વાવેતર સમયે વરસાદ ન થવાથી વાવેતર ઓછુ થયુ અને પાછળ વખતમા મદ્રાસ અને મુંબઈ ધનાકામા સુકારણ્યુ થવાથી પાક ઓછો થયો

પણ એ વર્ષ પછી સારી હદે એકધારી ગતિ આવી બીજા યુદ્ધ પહેલા ૧૯૩૬ ૩૯ મા સરેરાશ વાવેતર ૮૦૨૨૦૦૦ એકરમા થતુ હતુ જે ૧૯૪૪ ૪૫ મા વધીને ૧૦૫૭૪૦૦૦ એકર સુધી પહોચ્યુ ત્યાર પછી થોડો ઘટાડો થયો ૧૯૪૭ ૪૮ મા વાવેતર ૯૭૭૪૦૦૦ એકરમા થયુ હતુ જ્યારે ૧૯૪૮–૪૯ મા ૮૯૨૨૦૦૦ એકરમા થયુ

હિંદમા શીગદાણાના ઉપયોગ ખાદ્ય પદાર્થોમા ક્રમશ વધતો ગયો છે મોટે ભાગે તો વેજીટેબલ ઘીમાં વધતો ચાલ્યો છે આ કારણે એની ખપત યુદ્ધ પૂર્વે લગભગ ૧૩ લાખ ટનની હતી તે વધીને ૧૯૫૦ મા ૨૦ લાખ ટન પર આવી અળસીમા યુદ્ધ પૂર્વે સવા બે લાખ ટનની ખપત હતી તે વધીને ૩ લાખ ટન પર થઇ આમ સ્થાનિક ખપત વધવાને કારણે નિકાસ કરી શકાય તેના પ્રમાણમા ઘટતુ રહ્યુ છે હિંદના ભોયશીગદાણાની જાત અન્યત્ર થતા શીગદાણાની જાત કરતા ચઢિયાતી છે, આફ્રિકા, અમેરિકા કેોડા, આર્જેન્ટાઇન ચીન વગેરેમા જે જાત થાય છે તેમા તેલનું પ્રમાણ ૪૨–થી ૪૭ ટકાનુ હોય છે જ્યારે હિંદનામા ૪૪ થી ૪૬ ટકા સુધી છે હિંદમા શીગદાણાના ઉતર સરેરાશ ૮૭૦ રતલ હોવાનો અદાજ છે પણ પ્રતિકૂળ હવામાન વખતે આ ઉતરમા ઘટાડો થઇ જાય છે

૧૯૩૬–૩૯ વર્ષનો સરેરાશ પાક વીસ લાખ ટનનો થયો હતો જે ૧૯૪૪–૪૫ મા વધીને ૨૬ લાખ, ૧૯૪૭ ૪૮ મા ૨૩ લાખ અને ૧૯૪૮–૪૯ મા ૧૯ લાખ હતો (અદાજ) પાછના બે વર્ષના ઉત્પાદન ઘટાડાના કારણમા વાવેતરનો વિસ્તાર ઘટાડો અને પ્રતિકૂળ હવામાન હતા

હાલ દુનિયામા સૌથી વધારે પાક ભારતમા દુનિયાના ૪૦ ટકા જેટલો થાય છે મદ્રાસ ઈલાકો, નિઝામ રાજ્ય મુંબઈ પ્રાત ખાસ કરીને સૌરાષ્ટ્ર મુખ્ય છે હિંદમા વાવેતર ત્રણ જાતના બીજું થાય છે (૧) જાડા (૨) મદ્રાસી (૩) કવેનાટી આ ઉપરાત સૌરાષ્ટ્રમા સુપીરિયર મોડન નામે ઓળખાતી જાત પાકે છે તેનો પાક જો કે નાનો થાય છે પણ દુનિયાભરના બજારોમા તેનુ મહત્વ વધારે છે હિંદમા જાડાના પાક ૪૦ ટકા, કવેનીટી ૨૦ ટકા મદ્રાસી ૩૫ ટકા અને સુપીરિયર બોલ્ડનુ ૫ ટકા છે

જાડામા તેલનુ પ્રમાણ ૪૭, મદ્રાસમા ૪૨–૪૬ કવેનોટીમા ૪૮ અને સુપીરિયરમા ૪૯ ટકા સુધી થાય છે જો કે હિંદમા મશીનરી નબળી હોવાને કારણે સરેરાશ ત્રણેક ટકા ઓછુ મળે છે

શીગદાણાની ૧૯૩૯ પહેલાની દેશની ખપત આશરે ૧૩–૧૪ લાખ ટન (દાણા) ની હતી જે ૧૯૪૮ મા વધીને ૧૮ લાખ ટન સુધી પહોચી વસ્તીના પ્રમાણમા વધારો વેજીટેબલ ઘીના કારખાના ઓની વધારે, પ્રાણીજ ઘીની અછતથી તેલના વધુ ઉપયોગ એ વધવાના કારણો છે

નિકાસ પણ ક્રમશ વધતી છે —

૧૯૨૪–૨૫ મા ૨૧૦ હજાર ટન ૧૯૩૩–૩૪ મા ૩૭૫ હજાર ટન, ૧૯૩૪–૩૬ માં ૮૭૫ હજાર ટન સુધી પણ સરેરાશ ૭ા લાખ ટન.

બીજા વિગ્રહ પછી જુદી જુદી મુશ્કેલીઓ નડતી રહી છે. શરૂમાં નિકાસ-વ્યવહાર ખોરવાયો. પછીના વર્ષમાં પાકની સ્થિતિ પ્રતિકૂળ બની, અને દેશની ખપત વધી. ૧૯૪૬-૪૯ માં અઢી લાખ ટન (દાણા અને તેલ બંને મળીને) સરેરાસ પરદેશ ગયા હતા. ૧૯૫૦ માં ફક્ત ૧૦૩૦ ટન જ મોકલાયા હતા. હવે શીંગદાણાને બદલે જ્યાં તેલ જઈ શકે તેમ હોય ત્યાં પીલવાના ઉદ્યોગને ઉત્તેજન આપવાની દૃષ્ટિથી તેલના લાઇસન્સ આપવાનું સરકાર લક્ષમાં રાખે છે.

પણ દાણા કે તેલની નિકાસ દેશને અહિત કરે છે. ફક્ત પરદેશથી અનાજ, સાંચા અને નિરર્થકની ફેન્સી વસ્તુઓની આયાતને બદલે જ તે ઉપયોગી નીવડે છે.

(દુનિયાની પાકની દૃષ્ટિએ)

ભારત	૨૫ લાખ	ટન	સરેરાશ	જાવા	૨-૨૧	લાખ	ટન.	સરેરાશ		આંતર વિગ્રહ પછી
અમેરિકા	૫ ,,	,,	,,	બ્રહ્મદેશ	૧।।-૨	,,	,,	,,		
આફ્રિકા	૭ ,,	,,	,	ઇટાલી	૨૦	હજાર	,,	,,		
ચીન (વિગ્રહ પહેલાં	૧૦-૧૨ ,,	,,	,,	ફ્રાન્સ	૩૦	હજાર	,,	,,		

અમેરિકામાં ક્વોલીટી અને આફ્રિકામાં જાડાનો પાક વધુ થાય છે. શીંગદાણાના તેલની દુનિયાની વપરાશનું અંદાજ કાઢવાનું મુશ્કેલ છે.

શીંગદાણાના તેલ બનવવાની ક્રિયામાં ઘાણી પછી ઘાણા અને છેવટે એકસપેલર આવતાં સુધારો થઈ ગયો છેઃ અને તેલ વધુ સ્વચ્છ નીકળવા લાગ્યું છે. બીજી તરફ શીંગદાણા જમીનની અંદર થતા હોવાથી અને દાણાને ફોતરાનું આવરણ હોવાથી પાકને નુકસાનનો ભય ઓછો રહે છે. શીંગદાણા કાઢવામાં મજૂરી ઓછી પડે છે.

ન સૂકાય એવા સામાન્ય તેલો

નેપાળાનું Croton tiglium હિંદનું. બીજમાંથી રેચક દવા માટે ફક્ત કઢાય છે.

રોગલી એરંડો મોગલી એરન્ડાનું Jatropha curcus આના બીજમાંથી અખાદ્ય એરંન્ડના તેલ જેવું મળે છે. દીવાબત્તી માટે અને સામાન્ય ઉપયોગ માટે વપરાય છે.

એરંડ તેલ Castor oil આ ઉષ્ણ કટિબંધ આફ્રિકાનો વર્ષાયુ ઊંચા છોડનાં બીજ માંથી ૨૬ થી ૪૦ ટકા સુધી તેલ મળે છેઃ બીજ પરનાં પડ કાઢી મીંજને ખાંડી પાણીમાં ઉકાળ્યાથી પાણી પર તરી રહે છે, જે પીંછાં વડે જુદું કાઢી તડકામાં સૂકવે, પાણી ઊડી ગયે નર્યું રહે છે. હિંદમાં તે ચામડાંઓ પર ચોપડવા અને ગરીબોનાં દીવાબત્તી બાળવા વપરાય છે. તેલ માટે તેનાં વાવેતર ઉષ્ણ કટિબંધ અને સમશીતોષ્ણ કટિબંધ પ્રદેશમાં થાય છે. યુરોપ-અમેરિકામાં સંચાઓથી પીલી સ્વચ્છ તેલ કાઢવામાં આવે છે. તે સાદું રેચ લેવા, સાબુની બનાવટમાં, સંચાઓને કાટથી બચાવવા તથા ઢીલા રાખવા વપરાય છે. હાલમાં એરોપ્લેનનાં સંચાઓ માટે આ તેલ ખાસ ઉપયોગી જણાયાથી તેની માંગ વધી છે. ટરકીરેડ રંગની બનાવટમાં સલ્ફરીક એસીડ અને આ તેલ મુખ્ય છે. દુનિયાની પેદાશ આ તેલી બિયાંની ૨૫૦૦૦૦ થી ૩૦૦૦૦૦ ટન આશરેની છે. જેમાં ૮૦ ટકા અમેરિકામાં અને ૨૦ ટકામાં ચીન, જાપાન અને હિંદ છે. એનું મૂળ વતની આફ્રિકા પછાત પડી ગયો છે. હિંદમાં એરંડિયાનો પાક

મારો થાય છે છતાં પરદેશી સરકાર પોતાના દેશના યત્રો માટે કાચો માલ લઇ જતી, અને અત્યારે પણ હિંદ સઘ સરકાર હજુ ઓછુ ધ્યાન આપે છે. હિંદના ઉદ્યોગ પર તેઓની દુર્લક્ષતા છે તેથી હિંદમા તેને યત્રોથી પીલવામા આવતા નથી. જાપાને પોતાના દેશમા એ સચા ૧૯૧૪ ની લડાઈના અરસામાં દાખલ કર્યો હતા.

હિંદની એરન્ડા તેલની નિકાસ

હિંદમાથી નજીવી થતી હતી ૧૯૩૭ મા હિંદે ૭૫૦૦ ટનની કરી હતી. પરતુ ત્યાર બાદ લડાઈ દરમ્યાન ઘટતી ગઇ હતી. ૧૯૪૪ મા ફક્ત ૩૦૦ ૧૯૪૫ મા ૫૦૦, ૧૯૪૬ મા ૭૦૦, ૧૯૪૮ માં ૧૮૨૧૭ ટન, રૂપિયા ૩૧૭૮૧૦૦૦ ની થઈ

એરન્ડાનો પાક અને વાવેર

દુનિયામા લડાઇ પછી કેટા ફેરફાર તેમા થયા છે જેના આકડા ઉત્પન્નના હજાર ટનમા અને વાવેતરના એકરમા .

સરેરા શ

સને	ટન	એકર	સને	ટન	એકર
૧૯૩૬–૩૭ થી ૧૯૩૮–૩૯ થી	૧૧૪	૧૨૪૮			
૧૯૩૯–૪૦	૧૦૭	૧૦૦૩	૧૯૪૦–૪૧	૧૦૫	૧૦૧૯
૧૯૪૧–૪૨	૯૧	૯૫૫	૧૯૪૨–૪૩	૧૪૬	૧૩૬૦
૧૯૪૩–૪૪	૧૪૦	૧૫૪૧	૧૯૪૪–૪૫	૧૩૧	૧૪૬૬
૧૯૪૫–૪૬	૧૨૩	૧૪૨૬	૧૯૪૬–૪૭	૧૧૭	૧૩૪૫
૧૯૪૭–૪૮ (અદાજ)	૧૧૮	૧૪૧૪	૧૯૪૮–૪૯	૧૦૯	૧૪૦૬

ભારતમાં ટનમાં

સને	એરન્ડા	તેલ	સને	એરન્ડા	તેલ
૧૯૧૩	૫૩૦૦૦	૭૫૦૦	૧૯૩૮	૧૨૦૦૦	૪૮૦૦
૧૯૩૯	૨૦૦૦૦	૫૪૦૦	૧૯૪૦	૯૫૦૦૦	૫૭૦૦
૧૯૪૧	૧૧૦૦૦	૪૫૦૦	૧૯૪૨	૩૬૦૦૦	૨૫૦૦
૧૯૪૩	૩૨૦૦૦	૪૦૦	૧૯૪૪	૨૧૦૦૦	૩૦૦
૧૯૪૫	૨૩૦૦૦	૫૦૦	૧૯૪૬	૩૭૦૦૦	૭૦૦

હિંદના એરન્ડાની સૌથી પ્રથમ નિકાસ લગભગ પોણી સૈકા અગાઉ થયેલી ૧૮૭૭ ૭૮ મા માત્ર ૨૨૬ ટનની હતી અને ત્યાર બાદ વધતે વધતે ૧૯૦૧ મા ૧૧૩૦૦૦ ટન સુધી પહોચેલી ૧૯૩૪ સુધી હિંદ નિકાસ કરનાર દેશોમા અગ્રપદે હતો. પણ આ પછી પ્રથમ સ્થાન બ્રાઝીલે લીધુ છે ૧૯૪૧–૪૮ મા ફક્ત ૪૯૫૭ ટન થઇ હતી અને ૧૯૪૯ મા તો સદતર બધ થઈ છે આ રીતે ઘરતી જતી નિકાસના મુખ્ય કારણ ચાર છે (૧) બ્રાઝીલની મુખ્ય હરીફાઇ, (૨) વધતી જતી આતરિક વપરાશ (૩) સરકારનું અનાજની અછતને લીધે વાવેતર પર અકુશ (૪) પરદેશ નિકાસ પર અકુશ.

એરંડાનો પાક હિંદમાં ઘણા લાંબા સમયથી થાય છે. સ્વાભાવિક રીતે જે દેશમાં શેરડીનું વાવેતર થાય છે. ત્યાં એરન્ડાની ઉત્પત્તિ અવશ્ય હોય છે. એરન્ડાનું મૂળ વતન હિંદ છે કે નહિ, એ અચોક્કસ છે. જો કે આયુર્વેદમાં પણ તેનો ઉલ્લેખ છે. તેથી તેના વાવેતર પુરાતન કાળથી થાય છે એ ચોક્કસ છે. હિંદમાં બે જાતના (૧) જાડા, (૨) ઝીણા, ઝીણામાં તેલનું પ્રમાણ ૪૦ ટકા જ્યારે જાડામાં ૩૩ થી ૩૫. ઝીણાનો છોડ ૩–૪ ફીટ ઊંચો. જાડાનો ૮–૧૦ ફીટ.

વાવેતર સપ્ટેમ્બરમાં. ઉત્પતિ હિંદમાં મહાગુજરાત, નિઝામ, મુંબઈ પ્રાંતના દક્ષિણમાં, અને મદ્રાસમાં. જ્યારે જાડાનું સંયુક્તપ્રાંત, બિહાર, અને બંગાળમાં. શેરડીના પાક સાથે, અથવા રવી પાક સાથે.

હિંદમાં વાવેતર સરેરાશ ૧૩–૧૪ લાખ એકરમાં. પાક લગભગ સવા ત્રણ લાખ ટન. ઉતાર દર એકરે ૩૦૦–૪૦૦ રતલ.

હિંદની જાતો, પ્રદેશ અને ટકા.

જાતો.	પ્રદેશ.	ટકા.
ચીનુ	વરંગળ, મધ્યપ્રાંત, મદ્રાસ પ્રાંત.	૮
કાઠીઆવાડ	સૌરાષ્ટ્ર, કચ્છ, વડોદરા પ્રદેશ.	૬
મદ્રાસ	મદ્રાસ પ્રાંત અને માઇસોર પ્રદેશ.	૧૦
હૈદરાબાદ (નિઝામ)	હૈદરાબાદ રાજ્ય, અને મધ્ય પ્રાંતનો પ્રદેશ.	૨૫
ગુજરાત	મુંબઈ પ્રાંતનો ગુજરાત પ્રદેશ.	૧૨
કલકત્તા	બિહાર, બંગાળ.	૧૫
સાલેમ	મદ્રાસ અને માઇસોરનો થોડો ભાગ.	૭
કાનપુર	સંયુક્તપ્રાંત, મુંબઇ પ્રાંતનો થોડો ભાગ.	૧૪
પેર્શ (Pares)	મુંબઈ પ્રાંત.	૩

એરન્ડાની માગ મુખ્યત્વે તેના તેલને આભારી છે. આ તેલ સાંચાને ઢીલા રાખવા અને કાટથી બચાવવા આખી દુનિયામાં સર્વોત્તમ બન્યું છે. હિંદમાં ખનીજ તેલની અછત હોવાથી આ તેલની મહત્તા ઘણી છે. આ તેલની બીજી ઉપયોગિતાઃ—

(૧) દીવાબત્તી. જ્યોત ઓછી

(૨) સાબુની બનાવટમાં.

(૩) વાળતેલોની બનાવટમાં.

(૪) રેચ લેવા શુદ્ધ કરેલું.

એરંડામાં હિંદનું સ્થાન. ૧૯૩૫ સુધી દુનિયાના એરંડાના વેપારમાં હિંદનું સ્થાન પ્રથમ હતું. પરંતુ ત્યારબાદ આ સ્થાન બ્રાઝીલે ઝડપી લીધું છે. દુનિયાના અન્ય દેશોના પેદાશના આંકડા વિષેનો અંદાજ (રશિયાના ઉત્પાદનને બાદ કરતાં) આશરે ૩।। લાખ ટનનો છે. જેમાંનો અર્ધો ભગ બ્રાઝીલ અને તેનાથી થોડો ઓછો પાક હિંદમાં થાય છે.

આંતરરાષ્ટ્રીય બજારમાંથી અમેરિકા લગભગ એરન્ડાનો ૬૭ ટકા જેટલો જથ્થો ખરીદે છે. જ્યારે બ્રિટન આશરે ૨૧ ટકા જેટલો ખરીદે છે. એમ કહેવાય છે કે બ્રાઝીલના સારાયે વિસ્તારમાં એરન્ડાનો છોડ લગભગ ખાસ મહેનત વગર ઊગી નીકળે છે. બ્રાઝીલના ઉત્પન્ન આંકડાઃ—

સાલ	પેદાશ	નિકાસ	સાલ	પેદાશ	નિકાસ
૧૯૩૮–૩૯ (સરેરાશ)	૧૨૨૬૦૦	૧૨૫૫૧૪	૧૯૪૬	૧૪૩૦૦૦	૯૯૪૧૯
૧૯૪૭	૧૪૪૭૦૦	૧૬૮૫૪૮	૧૯૪૮	મળ્યા નથી	૧૬૩૫૧૫

એરન્ડાની પેદાશમા અને નિકાસમા બ્રાઝીલે હિંદનુ પ્રથમ સ્થાન ઝડપી લીધુ છે. તેનુ મુખ્ય કારણ બ્રાઝીલની એકર દીઠ મોટી ઉતર પણ છે લગભગ દર એકરે ઓછામા ઓછા ૭૦૦ અને વધુમા વધુ ૨૦૦૦ રતલની સરેરાશ ઉતર આવે છે આ ઉપરાત બ્રાઝીલ અને આરજેન્ટાઇનાએ છેલ્લા વપમા પાકના વાવેતરમા, ઉતર વગેરેમા જે પ્રગતિ સધી છે, તે પ્રગતિ હિંદ નિભાવી શક્યુ નથી તેનુ કારણ મુખ્ય ભાગમા થતો જતો ઘગાડો અને અમુક અંશે ઋતુની પ્રતિકૂળતા મુખ્ય છે

અન્યત્ર નજર કરીએ તો આફ્રિકા, ઇન્ડોનેશિયા, વગેરેમા પણ આ દિશામા પ્રગતિ થઈ છે પણ ત્યાની પ્રગતિ પોતાના દેશ પૂરતી છે

હિંદની નિકાસ

૧૯૩૧ થી ૧૯૪૯ ના ગાળામા હિંદે એરન્ડા અને તેલની કરેલી નિકાસ નીચે મુજબ છે અને બ્રાઝીલના નિકાસ વેપારમા કેવા ફેરફાર થયા તે નીચેના કોઠા ઉપરથી સમજાશે આકડા ટનમા છે.—

હિંદમા એરન્ડા મુખ્ય તો ઝીણી જાતના વધુ વવાય છે જાડા થોડા થાય છે પરશિયા, બ્રાઝીલ, સિયામ, ચીન, આફ્રિકા, ઇન્ડોનેશિયા, વગેરે દેશોમા જાડા વવાય છે તેનો ઉતાર લગભગ ૩૮–૩૯ ટકા જેટલો છે જ્યારે હિંદના એરન્ડાનો ઉતાર ૪૨ થી ૪૫ ટકા જેટલો છે એટલે એની જાત પણ દુનિયાની જાતો કરતા હિંદની ચઢિયાતી છે

ખપતની દૃષ્ટિએ એરન્ડામા યુદ્ધ પૂર્વેના પ્રમાણ કરતા ખાસ કમ ફરક પડ્યો નથી અત્યારની વપરાશ ૫૦ હજાર ટનની છે

હિંદમા કેરોસીન આવ્યા પહેલા મુખ્યત્વે દીવાબત્તી માટે આ જ તેલ વપરાતુ અને તેથી જ તેનું દીવેલ નામ અદ્યાપિ પર્યંત ગુજરાતમા ચાલુ છે.

બ્રાઝીલના એરન્ડા તેલની નિકાસ

છેલ્લા ૧૨ વર્ષમા એરન્ડા અને તેના તેલની નિકાસમા ઝડપી વિકાસ સાધ્યો છે આકડા ટનમા—

સને	બીજ	તેલ	સને	બીજ	તેલ
૧૯૩૬	૧૦૨૦૫૬	૩૬૩	૧૯૩૭	૧૦૯૧૭	૨૦૨
૧૯૩૮	૧૨૫૮૭૪	૧૩૦	૧૯૩૯	૧૨૫૨૭૨	૫૮૩
૧૯૪૦	૧૧૩૪૮૫	૧૨૧૪	૧૯૪૧	૨૨૧૮૧૩	૪૫૦૬
૧૯૪૨	૧૧૬૧૧૯	૭૯૮૭	૧૯૪૩	૧૧૫૬૮૫	૧૨૬૨૯
૧૯૪૪	૧૪૫૪૭૭	૭૮૧૬	૧૯૪૫	૧૫૦૪૪૭	૫૮૪૪
૧૯૪૬	૯૮૮૧૯	૬૭૧૮	૧૯૪૭	૧૬૮૫૪૮	૬૨૬૬
૧૯૪૮	૧૬૩૬૧૫	૫૨૧૨			

ખોળ.

ઢોર–ખાદ્ય નથી. કારણ કે તેમાં રીસીન નામનું ઝેરી તત્ત્વ છે. પણ ખાતર તરીકે બધા પાકમાં ખાસ કરીને ચાના બગીચાઓમાં અને શેરડીના પાકમાં સફેદ ઝીણી કીડીઓ અને બીજાં બારીક જંતુઓનો અને ફુગ જેવી બારીક વનસ્પતિઓ નાશ કરી મોલને બચાવે છે.

ન સુકાય એવા સામાન્ય તેલો

ચાનાં બીજનું:—Tea seed oil. Camelina sasangua.

સરગવાનું તેલ:—Ben oil. Moringa oleifera. ઘડિયાળોનાં સાંચા માટે.

પિસ્તાનું:—Pistachia nut. Pistachia vera. ખાવા માટે.

ચોખાનું તેલ —Oriza sativa. ખાદ્ય છે.

ચોખામાંથી તેલ ગળાતું હિંદમાં સાંભળ્યું પણ થોડાઓએ હશે. હિંદમાં મોટો પાક થાય છે. છતાં કેમ કાઢવામાં નહિ આવતું હોય ? ભુજ ગળાતું હશે ?

બદામ, એપ્રીકોટ, પીચ, આલુ, જરદાલુ, તથા બીજી પ્લમસના બીજનું તેલ, Pili nuts (Canarium ovoctum) દ્રાક્ષના બીજ, ટમાટાનાં બીજ, સરસવ, જાંભા કાળી અને સફેદ રાઈના બીજના એઓમાં પિસ્તાનાં મીઠી બદામનાં, આલુ જરદાલુના બીજની મીંજના, સરસવ રાઈના ખાદ્ય છે, એપ્રીકોટ પીચ પ્લમના પ્રુસીક એસીડમય હોવાથી ઝેરી છે. ચોખામાંથી નીકળતું હશે તો તે બિન ઝેરી અને ખાદ્ય હોવું જોઈએ. ચા, સરગવાના તેલની માહિતી નથી મળી.

વનસ્પતિ જ ચરબી

[VEGETABLE FATS]

કોપરેલ. Coco nut oil. Cocos nucifera.

આ નાળિયેરનાં કોપરાનું તેલ ૭૪°F ની નીચેનાં ઉષ્ણતામાને જામી જાય. કોપરામાંથી ૬૫-૭૦ ટકા મળે. પણ હાલમાં ઉંચા સંચા નીકળ્યા છે તેમાં ૮૦ ટકા કે તેથી પણ વધુ નીકળે છે તાજાં બિન શેકેલાં કોપરાનું સંચામા કાઢેલું, હવા ન લાગે તેમ જાળવેલું હાલમાં ખાવા માટે, અને યુરોપ અમેરિકામાં માર્જેરાઈન બનાવવામાં બહુ વપરાય છે. અને રસાયણિક ક્રિયાથી કૃત્રિમ માખણ બનાવે છે. તેલ ઊંચી જાતના સાબુઓ, કોસમેટિક્સ, સ્નેપ, અંજન, મલમ (Salves) શેવીંગ ક્રીમ્સ, શંપુસ, અને બીજા શરીર શણગારની વસ્તુઓ બનાવવા માટે યુરોપ, અમેરિકામાં વપરાય છે. સંચાઓ માટે બહુ મોટા ભાગે આ તેલ પસંદ થાય છે. તેનો ખોળ ઢોરો માટે શ્રેષ્ઠ ખોરાક છે. એકલા યુનાઇટેડ સ્ટેટસ ઓફ અમેરિકામાં વાર્ષિક પાંચ લાખ ટન કોપરાં તેલ માટે વપરાય છે. કોપરાંની પેદાશ સ્ટેટસેટલમેન્ટ, લંકા, હિંદ, પોલેનેશિયા, ફીલીપાઇન ટાપુઓ, વેસ્ટ ઇન્ડીઝમાં મોટા પ્રમાણમાં અને થોડા પ્રમાણમાં પૂર્વ આફ્રિકામાં. નિકાસ માટે મુખ્યત્વે બે જાતનાં બનાવાય છે. (૧) તડકામાં સૂકવેલ. (૨) બાફથી સૂકવેલ. હિંદમાં તડકામાં સૂકવે છે જ્યારે ફીલીપાઈન. સીંગાપુર, મલાયા, ઇન્ડોનેશિયા વગેરેમાં બાફથી સૂકવે છે. આફ્રિકામાં બંને ક્રિયાં કરે છે. તેનો તેલ ઉતાર ૬૦ ટકા જેટલો ઉતરે છે.

Palm oil. Elaeis guineensis.

આ પશ્ચિમ આફ્રિકાના તાડમાંથી બે જાતની ચરબી મળે છે (૧) રેસાદાર ફળના ગર (Pericarp pulp) માંથી ત્યાંના વતનીઓ દેશી હસ્તક્રિયાથી ૫૫ થી ૬૦ ટકા તેલ કાઢે છે. (એક સ્થળે વાંચ્યું છે કે ૧૦૦ ટકા મળે) તે પીળા નારંગી રંગનું અશુદ્ધ (Crude) મળે છે. સ્થાનિક કાળા લોકો ખાય છે તે સાબુ અને મીણબત્તીઓના બનાવટ માટે ત્યાંથી યુરોપ નિકાસ થાય છે ૨,૦૦,૦૦૦ ટનથી પણ વધારે પેદાશ દુનિયામાં અત્યાર સુમાના, જાવા અને પશ્ચિમ આફ્રિકામાં થાય છે. (૨) બીજું તેલ બીજના મીંજ–કોપરા–માંથી મળે છે તેને Palm kernel oil કહે છે. આ તેલ સફેદ અને વધુ કિંમતી છે. તેમાં સારી વાસ અને સ્વાદ હોય છે. યુરોપમાં માર્ગેરાઈન બનાવવામાં વપરાય છે. એ માટે ઉત્પાદક દેશોમાંથી તેના કોપરા યુરોપ અને યુ. સ્ટે. ઑફ અમેરિકા મોટા પ્રમાણમાં નિકાસ થાય છે ત્યાં તેને હાઇડ્રૉલિક દબાણથી પીલી કે દ્રાવણના યોગે તેલ કાઢવામાં આવે છે. ૫,૦૦,૦૦૦ ટનથી ઉપર કોપરા દર વર્ષે તેલ માટે નિકાસ થાય છે. આ તેલ લગભગ નાળિયેરના કોપરાના તેલ જેવું હોય છે ખોળ ઢોરો માટે ઉત્તમ ખોરાક છે

નીચે જણાવેલ વનસ્પતિમાંથી પણ ચરબી જેવું તેલ મળે છે. પણ તેનો ઉદ્યોગ સ્થાનિક અથવા વેપાર માટે થોડો થાય છે.

Cocoa butter વર્ગ ૧૩૦ સ્ટરક્યુલેસી Theobroma cacao

આ ચરબી, ચૉકોલેટ બનાવવા થોડા પ્રમાણમાં વપરાય છે, પણ મુખ્યત્વે કોસ્મેટિક અને પરફ્યુમરી માટે વધુ વપરાય છે. દવા માટે પણ થોડી વપરાય છે.

Carapa fat. આ ઘટ્ટ સફેદ કે પીળા રંગની ચરબી પશ્ચિમ આફ્રિકા અને અમેરિકાના Carapa guineensis, અને C. molucensis જે પૂર્વ આફ્રિકા, હિંદ, સિલોન અને મોલુક્કાસનું વતની છે, તે ઝાડોમાંથી મળે છે અમેરિકાના મૂળ વતનીઓ શરીરને મચ્છર ચાંચડ માંકડ વગેરે જંતુ ન કરડે તે માટે શરીરે ચોપડે છે સ્થાનિક દીવાબત્તી માટે વપરાય છે

Shea butter Butyrospermum Parkii આફ્રિકાના ઝાડના બીજમાંથી લીલાશ લેતા પીળા રંગની ચરબી સારા સ્વાદ ગંધની મળે છે. કોકોબટર સાથે ચૉકોલેટમાં મિશ્રણ કરવા, અને હલકા પ્રકારના સાબુ, મીણબત્તી માટે વપરાય છે.

મહુડાનું તેલ Mowra fat.

* Madhuca indica syn Bassia, Latifolia. B longifolia B butyracea.

આ ત્રણે હિંદના ઝાડોના બીજમાંથી ચરબી જેવું તેલ ૫૫થી ૬૦ ટકા સુધી મળે છે તે નરમ પીળા રંગનું હોય છે ગુજરાતમાં તેને ડોળીયું તેલ કહે છે સ્થાનિક તે ઘીના જેમ ગરીબ લોકો વાપરે

* Bassia જીનસ કોટુંબિક વર્ગ ૬૧. ચેનોપોડીએસીની પણ છે તેથી હાલમાં ઇન્ટર નેશનલ બોટની સોસાયટીએ આ સેપોટેસી વર્ગની બેસીયા જીનસનું હિંદની સંસ્કૃત ભાષાનું મધુક ઉપરથી Madhuka મધુકા નામ પાડયું છે

છે. આશરે ૬,૬૦,૦ ,૦૦૦ રતલથી ઉપર હિંદમાંથી યુરોપ નિકાસ થાય છે. ત્યાં તે મારજેરાઇન ગના- વવા, ચોકોલેટ બનાવવા અને સાબુની બનાવટ માટે વપરાય છે. ખોળ ઢોરોને ખાવા લાયક નથી હોતો. ખાતર માટે ઉપયોગી છે,

Borneo tallow Shorca eptera.
„ તથા બીજી કેટલીક.

આ ઇસ્ટ ઇન્ડીઝ ટાપુઓના ઝાડના બીજમાંથી ૫૦ થી ૭૦ ટકા ચરબી જેવું તેલ મળે છે સ્થાનિકે દીવાબત્તી અને બીજા ઉપયોગ માટે વપરાય છે, આ અને આ જીનસની બીજી કેટલીક સ્પીસીઓના બીજ યુરોપમાં નિકાસ થઇ સંચાઓથી ચરબી કાઢે છે, જે બધી ઉપલે નામે સાબુની બનાવટ માટે વપરાય. છે. સ્થાનિકે કોઇ ખાવા માટે પણ વાપરે છે.

Chinese vegetable tallow Sapium sebiferum.

બીજ ઉપરનાં આવરણમાંથી કઠણ સફેદ ચરબી મળે છે. તે સાબુ અને મીણબત્તી માટે વપરાય છે. બીજની મીંજમાંથી સૂકાય એવું તેલ મળે છે. જે પણ થોડું કીંમતી છે.

Cohun oil Orbignea cohune. કૌટું. વર્ગ Palmae આ તાડ દક્ષિણ અને મધ્ય અમેરિકાનું છે. તેનાં કોપરાંમાંથી જામેલી પીળા રંગની ચરબી, નાળિયેરના કોપરાના સ્વાદ ખાસિયતની મળે છે. બ્રિટિશ હોન્ડુરસ એકલામાં ૨૦૦,૦૦૦ એકરમાં તેલ માટે વાવેતર થાય છે. એક ઝાડ વાર્ષિક ૧૦૦૦ થી ૨૦૦૦ ગોટલાં આપે. આ ગોટલાં એટલાં સખ્ત હોય છે કે થોડા વર્ષ પહેલાંના સંચાઓ તેને મહામુશ્કેલીથી ભાંગી તેલ કાઢી શકતા, પણ હાલમાં નવી ઢબના સંચા શોધાયા છે, જેથી જલદી નીકળી શકે છે. સસ્તું થયું છે. આ તેલ યુરોપમાં મારજેરાઇન બનાવવા અને સાબુ માટે વપરાય છે. આ જીનસની બીજી પણ કેટલીક સ્પીસીઓમાંથી આવું તેલ મળે છે. જે એ જ ઉપયોગ માટે વેચાય વપરાય છે.

Nutmeg Butter Myristica Fragrans
„ તથા બીજી કેટલીક.

આ ઝાડોના બીજમાંથી ૪૦ ટકા સુધી ચરબી જાયફળના સ્વાદની પીળા રંગની મળે છે, જે જાયફળો તેજાના માટે નાલાયક હોય તેવાને શેકી, લોટ બનાવી ગરમ કરવાથી મળે છે. તે મલમ અને મીણબત્તીઓની બનાવટ માટે વપરાય છે.

કરંજનું તેલ. Pongam oil.	Pongamia	pinnata	સિલોન
	„	glabra	હિંદનું.

આ તેલ સ્થાનિકે દીવાબત્તી માટે અને દવા માટે વપરાય છે.

કુસુમ તેલ. Macassar oil.

Schleichera oleosa
Trijuga } હિંદ, લંકા અને ઇસ્ટ ઇન્ડીઝ ટાપુઓ

આ તેલ સ્થાનિકે ખાવા માટે, વાલ તેલો માટે અને દીવાબત્તી માટે વપરાય છે.

* **ચોલ,મોગરા તેલ**—આ તેલ નૈસર્ગિક વર્ગ ૯૩ ફ્લેકોર્શીઆની ત્રણ જાતમ (૧) Gynocardia odorata (૨) Trrl togenos kurzi (૩) Hidnocorpus Wightiana ના બીજમાથી મળે છે કોઢ અને ચામડીના બીજા રોગો માટે દુનિયામા ખૂબ પ્રખ્યાત થઇ છે

પીસાનુ તેલ હિંદમા ઊંચી જાતના સાબુની બનાવટમા આવશ્યક સામગ્રી તરીકે કોપરેલ બહુ મહત્વનુ છે પણ અત્યારે દેશમા ખાદ્ય તેલોની અછત હોવાથી સાબુની બનાવટમા કોપરેલને બદલે ઉપયોગમા લઇ શકાય એવો બીજો તેલ શોધી કાઢવાની જરૂર ઊભી થઇ છે તેથી હિંદના રાસાયણિક દ્વારા સરકારે શોધ કરાવતા કોપરેલની બદલે વાપરી શકાય એવુ તેલ હિંદના જંગલોમા પુષ્કળ ઉગતા પીસા Act nodaphne Hookeri નામના ઝાડના ફળોની મીંજ લાયક જણાતા ધિ જર્નલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રીઅલ રીસર્ચ મા તેના વખાણ આવ્યા છે આ તેલમા ૯૬ ટકા જેટલુ Lauric acid હોય છે આ પીસાના તેલ સાથે એરન્ડ અને ભોયસીંગ દાણાનુ તેલ મિશ્રણ કરી સાબુ બનાવવાથી સાબુમા ફીણ ઘણુ સારુ આવે છે અને મેલ તરત નીકળી જાય છે

મેદાશિંગડી તેલ Litsea sebifera આ હિંદ મલાયા અને ઇસ્ટ ઇન્ડીઝના ઝાડના બીજમાથી ચરબી મળે છે જાવામા ટગકના નામથી વેચાય છે

Avocado Fruit Fat ફોટુ વર્ગ ૧૧ Lauraceae નો Persea americana P gratissima તથા બીજી ઘણી

આ ફળોની અંદરના ગરભમાં ૩૦ ટકા સુધી ચરબી હોય છે આ ચરબી ઉપર જણાવેલ બીજ ફળો વગેરે અંગોમાથી કાઢવામા આવે છે તે રીતે કાઢવામા આવતી નથી પણ આ જાતની સ્પીસીઓની લગભગ ૫૦૦ ઉપજાતો વેરાઇટીઓ થાય છે, તેના ફળો લીલા મેવા તરીકે આહારને તે મળે છે

લીંબડાનુ તેલ Meli azadirechta વર્ગ ૧૯૭ આ તેલ ખાવા માટે ન વાપરી શકાય પણ સારા પ્રમાણમા મળતુ હોવાથી અને કારબોલિક ઍસિડ જેવુ જંતુનાશક અને જખમમા રૂઝવનાર હોવાથી સાબુના બનાવટ માટે થોડુ વપરાય છે દીવા બાળવા પણ ન વાપરી શકાય કારણ તેની ધુમાડાથી મગજની અસર બગડતી થાય

આ ઉપરાંત બીજા ઘણી જાતના બીજ તેમ બીજા અંગોમાથી મળે પણ તેઓ બહુ ઉપયોગી કે વધુ પ્રમાણમા ન મળતા હોવાથી વાપરવામા આવતુ નથી કે સ્થાનિક જ થોડુ વાપરવામા આવે છે

વેજીટેબલ ઘી

આ ઘી હાલમાં વનસ્પતિજ તેલોમાંથી રસાયણિક ક્રિયાથી બનાવવામાં આવે છે. તેની બનાવટ ગાયના ઘીનાં જેવા પીળાસ રંગી કે ભેંસના ઘી જેવી સફેદ કરવામાં આવે છે. પાશ્ચાત્ય મૂડીવાદી સરકારોએ જનસુખકારી તરફ જરા પણ દરકાર ન કરતાં ખોરાકી જેવા પદાર્થોમાંથી પણ અણસમજુ પ્રજાને મોહક અને સસ્તી વસ્તુઓ બનાવી કેવી રીતે વધુ ધન પ્રાપ્ત થઈ શકે એ જ લક્ષ્યબિંદુ રાખ્યું. એ સરકારોમાંની બ્રિટિશ સરકારે હિંદની ગુલામ બનાવેલી પ્રજાને તો એવી વસ્તુઓ કપાળે વળગાડી છે કે તેથી ઘણુાઓની જિંદગી બરબાદ થઈ પડે છે. ચળકતી પાસાદાર મિલોમાં બનાવેલી સાકર, પોલીશ કરેલા ચોખા ખાવાથી અનેક રોગ થાય છે. તે રીતે હાલમાં વેજીટેબલઘીનો વપરાશ પણ અતિશય વધી ગયો છે. દેશના દૂધાળાં ઢોર, માંસાહારી પ્રજાના વધારે વપરાશથી ખૂબ ઘટી જતાં શુદ્ધ ઘી મોંઘા થયાં, વનસ્પતિ તેલો સંચાઓમાં પીલાતાં તેમાંથી પણ કેટલાક ઉમદા તત્વો કમી થયા, અને ઓછામાં પૂરું આ વેજીટેબલ બનાવટી ઘી વપરાતાં તો જે ચરબી તત્વ Fat મનુષ્યશરીરને માટે અતિ જરૂરી અને સ્વસ્થ રાખનાર છે, તેની આ બનાવટ લાભને બદલે હાનિકર્તા થઈ છે. એ બનાવટી ઘી બનાવનારા ઉદ્યોગપતિઓ અને વેપારીઓ જનતાની આંખમાં ધૂળ નાખતા પુસ્તકો, પત્રિકાઓ અને છાપાઓ દ્વારા અનેક વખાણ કરે છે. પણ ઘણાં જનહિત ધરાવનાર રસાયણ શાસ્ત્રીઓ, ડૉકટરો અને દેશ હિતેચ્છુઓએ પૂરી ચોકસી કરીને આ ઘી માટે ઘણો ખરાબ અભિપ્રાય આપે છે.

એના ઘી જેવા દેખાવથી અજાણ્યા ઘી માને છે, પણ તે બિલકુલ ઘી નથી. વનસ્પતિ તેલની જ બનાવટ છે. અને એ બનાવટ કરી લુચ્ચાઓ તેને ઘીને નામે કે ઘીમાં ભેળ કરી વેચી લોકોને ઠગી જ ખાય છે. આ ઘીની બનાવટમાં નિકલ અને પ્લેટીનમ ધાતુઓનો સંયોગ કરવામાં આવે છે. એ ધાતુઓની ખરાબ અસર પ્રાણી શરીરની પ્રજનન અને ધાવણ શક્તિ પર થાય છે. રસાયણશાસ્ત્રીઓએ ઉંદરોને ખવડાવી પ્રયોગ કરતાં, નર ઉંદરોના અંડમાથી જે વીર્ય જનનેંદ્રિયમાં જાય તે જતું બંધ થાય છે. માદા ઉંદરડીના ગર્ભાશય અને ધાવણ પર માઠી અસર થઈ તે પ્રજોત્પતિ માટે નાલાયક બને છે. તેઓની પહેલી બાંઝ કે મોટા પ્રાણીમાં ત્રીજી સંતતિ આંધળી બને છે, એમ પ્રયોગ પરથી જણાયું છે. મનુષ્યશરીર પર જો કે એ જ અસર થાય છે, પણ સશક્ત શરીરમાં અને ઓછા વપરાશથી બહુ નુકશાન કરતું નથી. તળવાથી અસર કમી થઈ જાય છે. પણ અશક્ત, વધારે સેવન કરનાર, અને તળ્યા વગર ખાનાર પર બહુ ધીમી, લાંબે કાળે, ખરાબ અસર ચોક્કસ થાય છે. તે એટલે સુધી કે ખાનાર કદાપિ બચી જાય, પણ તેના વંશજો પર બીજી કે ત્રીજી પેઢી સુધી અસર થાય છે. હિંદમાં તેનો વપરાશ પ્રથમના મહાયુદ્ધના પાછલા સમયમાં શરૂ થયો. તે વખતે પ્રથમ તે હિંદમાં હોલેન્ડથી આયાત કરવામાં આવતું. હિંદુસ્તાનમાં તેના ઉત્પાદનની પહેલ સને ૧૯૩૦ માં નાના પાયા પર કરવામાં આવી. સને ૧૯૩૩ ના અરસામાં પરદેશથી આવતા એ ઘી પર આયાત જકાત વધારે નાંખવાથી એ પરદેશથી આવતું અટકી પડયું. પણ હિંદમાં તેની પ્રગતિ વધવા માંડી. અને અત્યાર સુધીના ટુંકા અરસામાં તે કૂદકે અને ભૂસકે વધતી ગઈ છે જે છેલ્લે આંકડાથી જણાશે.

પૂજ્ય મહાત્મા ગાંધીજી હિંદની પ્રજાના આરોગ્ય માટે ખૂબ કાળજી રાખતા. અને રાષ્ટ્રીય સરકાર સ્થપાતાં તેઓએ આ ઘીના ગુણ–દોષ માટે સારી તપાસ કરાવી. જે પરથી કુનુર, મુંબઈના હાફકીન ઈન્સ્ટીટયુટ તથા બીજી કેટલીક રાસાયણિક પ્રયોગશાળાઓના અભિપ્રાય પરથી તેઓને આ ઘી માટે

• ચોલ,મોગ્રા તેલ —આ તેલ ક્રૌટ ગિ ૨મ ૯૩ ફનેકે ગીઆની ત્રણ જાતમ (૧) Gynocard a odorata (૨) Tarl togenos kurzi (૩) Hidnocorpus Wightrına ના બીજમાથી મળે છે કોઢ અને ચામડીના બીજા રોગો માટે દુનિયામા ખૂબ પ્રખ્યાત થઇ છે

પીસાનુ તેલ હિંદમા ઊંચી જાતના સાબુ બનાવવામા આવસ્યક સામગ્રી તરીકે કોપરેલ ઘણ મહત્વનુ છે પણ આત્યારે દેશમા ખાદ્ય તેનો ઉપયોગ હોવાથી સાબુ બનાવવામા કોપરેલને બ તેઉપ યોગમા લઈ શકાય એવો બીજો તેલ શોધી કાઢવાની જરૂર ઊભી થઇ છે તેથી હિંદના રાસાયણિક ઠાગ સરકારે શોધ કરાવતા કોપરેલને બદલે વાપરી શકાય એવુ તેલ હિંદના જગલોમા પુષ્કળ ઊગતા પીસા Actinodaphne Hookeri નામના ઝાડના ફળોની મીંજ લાયક જણાતા ધિ જર્નલ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રીસર્ચ મા તેના વખાણ આવ્યા છે આ તેલમા ૯૬ ટકા જેટલુ Lauric acid હોય છે આ પીસાના તેલ સાથે એરન્ડ અને મોવરીગ દાણાનુ તેલ મિશ્રણ કરી સાબુ બનાવવાથી સાબુમા ફીણ ઘણુ સારુ આવે છે અને મેલ તરત નીકળી જાય છે

મેદાલકડી તેલ Litsea sebifera આ હિં મેનાયા અને ઇસ્ટ ઇન્ડીઝના ઝાડના બીજમાથી ચરબી મળે છે જાવામા ટગકના નામથી વેચાય છે

Avocado Fruit Fat કોઠૃ વર્ગ ૧૧ Lauraceae ની Persea americana Pgratissima તથા બીજી ઘણી

આ ફળોની અંદરના ગરામા ૩૦ ટકા સુધી ચરબી હોય છે આ ચરબી ઉપર જણાવેલ બીજ ફળો વગેર અગોમાથી કાઢવામા આવે છે તે રીતે કાઢવામા આવતી નથી પણ આ જાતમની સ્પીસી ઓની લગભગ ૫૦૦ ઉપજાતો વેરાઇટીઓ થાય છે, તેના ફળો લીલા મેવા તરીકે ખાનારને તે મળે છે

લીબળાનુ તેલ Melia azadirechta વર્ગ ૧૯૭ આ તેલ ખાવા માટે ન વાપરી શકાય પણ સારા પ્રમાણમા મળતુ હોવાથી અને મારમોનિક ઍસિડ જેવુ જતુનાશક અને જખમો રૂઝવનાર હોવાથી સાબુના બનાવટ માટે થોડુ વપરાય છે દીવા સ્તી બાળવા પણ ન વાપરી શકાય કારણ તેની ધૂમાડાથી ગળાની અને ૨ બળતરા થાય

આ ઉપરાત બીજા ઘણી જાતના બીજ તેમ બીજા અગોમાથી મળે પણ તેનો બહુ ઉપયોગી કે વધુ પ્રમાણમા ન મળતા હોવાથી વાવેતર કરવામા આવતુ નથી કે ક્યાંનિકે જ થોડુ વાવેતર કરી શકાય છે

વેજીટેબલ ઘી

આ ઘી હાલમાં વનસ્પતિજ તેલોમાંથી રસાયણિક ક્રિયાથી બનાવવામાં આવે છે. તેની બનાવટ ગાયના ઘીનાં જેવા પીળાશ રંગી કે ભેંસના ઘી જેવી સફેદ કરવામાં આવે છે. પાશ્ચાત્ય મૂડીવાદી સરકારોએ જનસુખકારી તરફ જરા પણ દરકાર ન કરતાં ખોરાકી જેવા પદાર્થોમાંથી પણ અણસમજુ પ્રજાને મોહક અને સસ્તી વસ્તુઓ બનાવી કેવી રીતે વધુ ધન પ્રાપ્ત થઇ શકે એ જ લક્ષ્યબિંદુ રાખ્યું. એ સરકારોમાંની બ્રિટિશ સરકારે હિંદની ગુલામ બનાવેલી પ્રજાને તો એવી વસ્તુઓ કપાળે વળગાડી છે કે તેથી ઘણાઓની જિંદગી બરબાદ થઈ પડે છે. ચળકતી પાસાદાર મિલોમાં બનાવેલી સાકર, પોલીશ કરેલા ચોખા ખાવાથી અનેક રોગ થાય છે. તે રીતે હાલમાં વેજીટેબલઘીનો વપરાશ પણ અતિશય વધી ગયો છે. દેશના દૂધાળાં ઢોર, માંસાહારી પ્રજાના વધારે વપરાશથી ખૂબ ઘટી જતાં શુદ્ધ ઘી મોંઘા થયાં, વનસ્પતિ તેલો સંચાઓમાં પીલાતાં તેમાથી પણ કેટલાક ઉમદા તત્વો કમી થયા, અને ઓછામાં પૂરું આ વેજીટેબલ બનાવટી ઘી વપરાતાં તો જે ચરબી તત્ત્વ Fat મનુષ્યશરીરને માટે અતિ જરૂરી અને સ્વસ્થ રાખનાર છે, તેની આ બનાવટ લાભને બદલ હાનિકર્તા થઈ છે. એ બનાવટી ઘી બનાવનારા ઉદ્યોગપતિઓ અને વેપારીઓ જનતાની આંખમાં ધૂળ નાખવા પુસ્તકો, પત્રિકાઓ અને છાપાઓ દ્વારા અનેક વખાણ કરે છે. પણ ઘણાં જનહિત ધરાવનાર રસાયણ શાસ્ત્રીઓ, ડૉકટરો અને દેશ હિતચ્છુઓએ પૂરી ચોકસી કરીને આ ઘી માટે ઘણો ખરાબ અભિપ્રાય આપે છે.

એના ઘી જેવા દેખાવથી અજાણ્યા ઘી માને છે, પણ તે બિલકુલ ઘી નથી. વનસ્પતિ તેલની જ બનાવટ છે. અને એ બનાવટ કરી લુચ્ચાઓ તેને ઘીને નામે કે ઘીમાં ભેળ કરી વેચી લોકોને ઠગી જ ખાય છે. આ ઘીની બનાવટમાં નિકલ અને પ્લેટીનમ ધાતુઓનો સંયોગ કરવામાં આવે છે. એ ધાતુઓની ખરાબ અસર પ્રાણી શરીરની પ્રજનન અને ધારણ શક્તિ પર થાય છે. રસાયણશાસ્ત્રીઓએ ઉંદરોને ખવડાવી પ્રયોગ કરતા, નર ઉંદરોના અંડમાથી જે વીર્ય જનનેંદ્રિયમાં જાય તે જતું બંધ થાય છે. માદા ઉંદરડીના ગર્ભાશય અને ધાવણ પર માઠી અસર થઇ તે પ્રજોત્પતિ માટે નાલાયક બને છે. તેઓની પહેલી બાજી કે મોટા પ્રાણીમાં ત્રીજી સંતતિ આંધળી બને છે, એમ પ્રયોગ પરથી જણાયું છે. મનુષ્યશરીર પર જો કે એ જ અસર થાય છે, પણ સશક્ત શરીરમાં અને ઓછા વપરાશથી બહુ નુકશાન કરતું નથી. તળવાથી અસર કમી થઇ જાય છે. પણ અશક્ત, વધારે સેવન કરનાર, અને તળ્યા વગર ખાનાર પર બહુ ધીમી, લાંબે કાળે, ખરાબ અસર ચોક્કસ થાય છે. તે એટલે સુધી કે ખાનાર કદાપિ બચી જાય, પણ તેના વંશજો પર બીજી કે ત્રીજી પેઢી સુધી અસર થાય છે. હિંદમાં તેનો વપરાશ પ્રથમના મહાયુદ્ધના પાછલા સમયમાં શરૂમાં થયો. તે વખતે પ્રથમ તે હિંદમાં હોલેન્ડથી આયાત કરવામાં આવતું. હિંદુસ્તાનમાં તેના ઉત્પાદનની પહેલ સને ૧૯૩૦ માં નાના પાયા પર કરવામાં આવી. સને ૧૯૩૩ ના અરસામાં પરદેશથી આવતા એ ઘી પર આયાત જકાત વધારે નાંખવાથી એ પરદેશથી આવતું અટકી પડયું. પણ હિંદમાં તેની પ્રગતિ વધવા માંડી. અને અત્યાર સુધીના ટુંકા અરસામાં તે કૂદકે અને ભૂસકે વધતી ગઇ છે જે છેલ્લે આંકડાથી જણાશે.

પૂજ્ય મહાત્મા ગાંધીજી હિંદની પ્રજાના આરોગ્ય માટે ખૂબ કાળજી રાખતા. અને રાષ્ટ્રીય સરકાર સ્થપાતાં તેઓએ આ ઘીના ગુણ–દોષ માટે સારી તપાસ કરાવી. જે પરથી કુનુર, મુંબઇના હાફકીન ઇન્સ્ટીટયુટ તથા બીજી કેટલીક રાસાયણિક પ્રયોગશાળાઓના અભિપ્રાય પરથી તેઓને આ ઘી માટે

મળ્યા બરાબર અભિપ્રાય મળ્યાં. આથી હિંદ સંઘ સરકારના ધારાસભાના સભ્યોને તેઓએ લખી જણાવી એ ઘી ની બનાવટ અટકાવવા સૂચવ્યું, પણ બ્રિટિશ સરકારની હિંદ તરફની બેદરકારી નીતિથી એવા અભિપ્રાય મળ્યા કે અત્યારે દૂધાળાં ઢોર ઘટી ગયાં છે વસ્તી વધી ગઈ છે, તેથી મનુષ્ય શરીરને જે ચરબી તત્વની જરૂર રહે તે પૂરૂં ન પડે, જનતા એ ઘીનો લોભ જલદી છોડી ન શકે, એવા અને ખાસ કરી એ બનાવટી ઘીના ઉદ્યોગપતિઓએ રાસાયણિક પ્રયોગશાળાઓના કેટલાકને લાલચો આપી, એથી આવા સારા અભિપ્રાયો મળ્યા, તેથી મહાત્માજી અને ખોરાક ખાતાના પ્રધાન સર દાતારસિંહે વિચારણા કરી સને ૧૯૪૭ ની ૧ લી માર્ચથી એવો કાયદો પસાર કરાવ્યો છે કે, 'કોઈપણ વેપારી એ ઘીમાં ઓછામાં ઓછું ૫ ટકા તલનું તેલ ભેળવી વેચે એ તેલ એ ઘીની અંદર દેખાતું હોવું જોઈએ જે વેપારી ઢોરના ઘીનો વેપાર કરતો હોય તે આ ઘીનો વેપાર ન કરી શકે' એવી પણ વિચારણા ધારાસભામાં ચાલે છે કે એ ઘીના રંગમાં ઢોરના ઘી કરતા ફેર દેખાય એવી બનાવટ કરવી. જો કે કાયદો ભંગ કરનારા ઉપરોક્ત કાયદાનો અમલ નથી જ કરતા સરકાર તરફથી આંખમીંચામણાં ચાલે છે. વળી રાસાયણિક શાસ્ત્રીઓના અભિપ્રાય છે કે એમાં રંગ ભેળવેલ હોય તે પણ બીજી રાસાયણિક ક્રિયાથી ઉડાડી શકાય એવી કોઈ પણ વસ્તુ શોધાઈ નથી કે એ રંગ ટકી રહે.

આ વેજીટેબલ ઘીને અત્યારે કારખાનાવાળાઓ કે વેપારીઓ ફક્ત 'વનસ્પતિ' જ નામથી સંબોધી વેચે છે તે અત્યારે લોકોની જીભે ચડેલો વિષય છે આ ઘી કે જે ભારતની તંદુરસ્તીને અતિ હાની પહોંચાડનાર છે, સાથે ભારતની કરોડોની પ્રજાના પૈસા શરૂમાં પરદેશીઓથી અને અત્યારે મૂડીવાદી કારખાનાવાળા અને વેપારીઓ દ્વારા લૂટાતી રહી છે, તેને વનશ્રીનું પવિત્ર નામ 'વનસ્પતિ' આપનાર સ્વાર્થાંધ છે જ્યાં સુધી રાષ્ટ્રિય સરકાર તેની હસ્તી અટકાવે નહિ ત્યાં સુધી તેને તો લખાણ માટે તેને 'વેજીટેબલ ઘી' નામે જ સંબોધવું જોઈએ છેલ્લા થોડા સમયથી ચારે બાજુ વિરોધ ચાલી રહ્યો છે

થોડા મહિનાઓ પહેલા ભારતની મધ્યસ્થ ધારાસભા-પાર્લામેન્ટ-માં અને વખતો વખત પ્રાંતિક ધારસભાઓમાં આ વિષે ચર્ચાઓ વખતોવખત ચાલે છે.

સરકારી અને બિન સરકારી વર્તુળોમાં આટલો બધો વિવાદાસ્પદ બનેલો ઉદ્યોગ ભારતમાં ક્યારે અને કેવા સંજોગોમાં શરૂ થયો અને તેનો વિકાસ કેવી રીતે અને કેટલી ઝડપથી વધતો ચાલ્યો છે, તેમ જ ભારતના અર્થતંત્રમાં આ ઉદ્યોગનું સ્થાન કેવું છે. એ જાણવું રસપ્રદ અને ઉપયોગી થશે.

આ ઘીની વપરાશ ભારતમાં પ્રથમ મહાયુદ્ધ પછી જ શરૂ થયેલ ગણાય. એ વખતે એ ઘી શરૂમાં યુરોપમાં બની હિંદમાં આવવો શરૂ થયો હતો. યુરોપમાં આ ઘી લગભગ એક બનાવટ Margarine ચાલીસેક વર્ષ થયા બનતી હતી હોલેન્ડમાં એ ઉદ્યોગના કારખાનાવાળાઓને ભારતવાસીઓને આવું ઘી ખવડાવી તેઓને લૂટવા તમન્ના જાગી. યુરોપવાસીઓ માર્ગેરાઈનને ત્યાં માખણને બદલે વાપરતા હોલેન્ડના એ ઘી બનાવનાર કારખાનાવાળાના પ્રતિનિધિઓ હિંદમાં એ ઘીના ક્ષેત્રની તપાસ કરવા આવ્યા તેઓને જણાયું કે ભારતમાં ઢોરો પુષ્કળ છે તેના ઘી જ તેઓ મોટે ભાગે વાપરે છે તેલનો ઉપયોગ ઓછો કરે છે. તેથી માર્ગેરાઈન જ મોકલવામાં આવે તો તેને તેઓ પસંદ ભાગ્યે જ કરે. તેઓ માટે તો ઘી જેવી જ બનાવટ કરવામાં આવે અને ઘી કરતા સસ્તે ભાવે મળે તો જ તેઓ ખરીદશે આથી તેઓએ ગાયનું ઘી જે પીળાશ લેતા રંગનું હોય છે, તેના જેવી અને ભેંસનું ઘી જે સફેદ દાણાદાર હોય છે, તેના જેવી જ આબેહૂબ બનાવટ કરી તેઓની કલ્પના સત્ય પડી. શરૂમાં ગરીબ લોકો ખરીદવા લાગ્યા. આ આવક વધતી ચાલી. એટલે પરદેશી બ્રિટિશ સરકારને

તેમાંથી કમાઇ કરવા વૃત્તિ જાગી. ૨૫ ટકા જેટલી મોટી જકાત નાખી. આથી ત્યાંથી આવતું એ ઘી મોઘું થયું. છતાં શુદ્ધ ઘીમાં ભેળ કરી સારો નફો મેળવતા, એ અનુભવે ભારતના ઉદ્યોગપતિઓને પણ જિજ્ઞાસા થઈ. ૧૯૩૦ માં શરતું કારખાનું નંખાયું. પરદેશી ઘી પર આયાત જકાતનું પ્રમાણ મોટું હતું. એટલે તેઓને એ ઉદ્યોગ ખીલવવા સારી અનુકૂળતા હતી. પણ બીજા મહાયુદ્ધ સુધી તો પ્રજાને પ્રાણીજ ઘી મળી રહેતું. એ ઘી પર ઘણા લોકોને હજી અભાવ હતો, તેથી વિકાસ ધીમો હતો. પણ બીજા યુદ્ધ દરમ્યાન જાનવરોના ઘીની અછત અને મોંઘવારીને કારણે (લડાઇમાં લડતા લશ્કર માટે માંસ કે પશુઓ હિંદમાંથી સરકાર લઇ જતી હશે, તેથી અછત થઇ હશે ?) આ ઘીની માંગમાં મોટો વધારો થવા પામ્યો. આ ઉપરાંત લડાઇ દરમિયાન લશ્કર માટે આ ઘીનો મોટા પાયા પર ઉપયોગ થવા લાગ્યો. એટલે તેની ગતિ ઔર વધી.

૧૯૪૦ માં ભારતનું ઉત્પન્ન ફક્ત ૬૫ હજાર ટન હતું. તે લડાઇ ખતમ થઇ ત્યારે એટલે ૧૯૪૬ માં—વધીને ૧૩૮ હજાર ટને પહોંચ્યું. આમ લડાઇના ૬ વર્ષે પેદાશ લગભગ બમણી થઇ. લડાઇ પછીથી આ વિકાસ ચાલુ રહ્યો છે. જે આગળ આંકડાઓથી જણાશે..

એ ઘીની તરફેણ કરનાર મિલવાળા કે વેપારીઓનાં ભાડુતી રસાયણશાસ્ત્રીઓ એવી સામી દલીલ કરે છે કે, એ નિકલ વગેરે ધાતુના સંયોગે બને છે, પણ તે નુકશાનકારક નથી. ખોરાકની વસ્તુઓ—ગાજર, ટમેટાં ડુંગળી આદિમાં નિકલના અંશ હોય છે. આ દલીલ જરા પણ ટકી શકે તેવી નથી. નિકલ, મનુષ્યશરીર માટે ઉપયોગી છે, એ ચોક્કસ છે, પણ તે વનસ્પતિની અંદર ચેતન ક્ષાર રૂપે હોય તો જ ઉપયોગી થઇ શકે. વનસ્પતિની અંદર અંશ તો લોઢું. ત્રાંબું, જસત વગેરેના પણ ઘણા છે. પણ કોઇ સખ્સ એ ધાતુ કે ધાતુના ક્ષાર એકલાં છૂટાં (નિરિન્દ્રિય) લાવી ખાય તો તે કેટલા વસમાં લાગે ? દવામાં એ ધાતુ આયુર્વેદ અને એલોપથી વૈદ ડૉકટરો વાપરે છે, તે ઘણાં પ્રયોગને અંતે તેઓને શુદ્ધ કરીને જ વાપરી શકે છે. હાફકીન ઇન્સ્ટીટ્યુટના ડૉ. સાહેબસિંઘ સોખે એવો અભિપ્રાય આપ્યો છે કે આ ઘી ખાવાથી શરીરની અંદર ચૂના તત્વો (Calcium) ખવાઇ જઇ હાડકાં નબળાં પડે છે.

સ્નિગ્ધ પદાર્થો—માખણ, ઘી, પ્રાણીજ ચરબી, પ્રાણીજ તેલ, અને વનસ્પતિજ પ્રવાહી તેમ જ જામેલાં—મનુષ્ય શરીર માટે ઉપયોગી છે. તેઓની અંદર કેટલાક કિંમતી અમ્લ (Acids) હસ્તી ધરાવે છે, પ્રાણીજ સ્નિગ્ધમાં વનસ્પતિજ સ્નિગ્ધ કરતાં કોઇક અમ્લ વધારે છે, કોઇક નથી કે ઓછું છે. સોયાબિન્સની જાતોમાં તો સમાન કે અધિક છે. જ્યારે વનસ્પતિજ સ્નિગ્ધના તેજામ્લોમાં એકાદ બે પ્રાણીજ તેજામ્લો બિલકુલ નથી. સરસવ રાઇનામાં પ્રાણીજ થોડે અંશે છે.

સ્નિગ્ધ પદાર્થો—વનસ્પતિજ તેમજ પ્રાણીજની અંદર કેટલાક તેજામ્લો—એસિડસ—છે ? તેજામ્લો મનુષ્ય શરીર માટે ખૂબ કીમતી છે. પણ તેલ કારખાના વાળા તથા આ વેજીટેબલ કારખાના વાળા તેલોને વધુ વખત સંગ્રહતા હોવાથી એ તેજામ્લો વાળાં તેલ વધુ વખત રહે તો બગડી જાય એ કારણે તેને શુદ્ધ (રિફાઇન્ડ) કરે છે. તેથી તે લાંબો વખત બગડી જતાં નથી. પણ એ શુદ્ધ શબ્દ, કીમતી તેજામ્લોના લાભ ગુમાવ્યા પછીનો છે. એ કીંમતી તેજામ્લો તો ઘાણીનું તાજું તેલ જો ખવાય તો જ મળે રિફાઇન્ડ કરેથી એ તેજામ્લો નષ્ટ થાય છે કે ચેતનમાંથી જડ બની જાય છે નુકસાન કરે છે.

યુરોપમાં આ વેજીટેબલ ઘી જેવી એક બનાવટ કરે છે જેને માર્ગેરાઇન કહે છે. આ બનાવટથી પણ જો કે તાજાં તેલ કરતાં ઘણા તત્વો નષ્ટ થાય છે; પણ ગોરાઓ બનાવટી તૈયાર ખોરાક મોટે ભાગે વાપરે છે. તેઓના દેશમાં તેલીબિયાં થતાં નથી. યંત્રવાદીઓ હોતાં ઘાણીની તો તેઓને સૂગ જ હોય.

પરતુ આ માર્ગેરાઇન બનાવવાના કારખાનાઓ ઉપર નઠુરની ખાતાઓની પુરી ચોકસી હોય છે, તત્વો જળવાઈ રહે એ રીતે પ્રવીણ રસાયણ શાસ્ત્રી ખાનગ ઘડેમા નિયમો ત્યાના કારખાના વાળા ઓ પાળતા રહે છે જ્યારે આપણે ત્યા એવુ કશુ નથી સદ્ભાગ્યે ધણીઓ છે છતા પૈસે લુટાઈ તન્દુરસ્તીનો નાશ કરી રહ્યા છીએ ગ કેટલુ શોચનીય છે

આ વન તિ ઘીને માટે મને બે નિકાનાના અભિપ્રાય મળ્યા છે જેમા એક ગુજરાતીમા છે તે આક્ષર ગ અને બીજા શ્રી રામકૃષ્ણ વાગ્નવ કે જેણે રાષ્ટ્રીય ધારા સભામા આ ઘી માટે સારી ઝુબેશ ઉઠાવી હતી અને તની હકીકત હિંદી છાપાઓમા આવી હતી તેનુ ગુજરાતી તારણ કરી નીચે દર્શાવુ છુ

અભિપ્રાય (૧) * વનસ્પતિનુ જોખમ

દિ ની ખેતીવાડીના ધ્યેયને વરેલુ પત્ર શ્રી ભ ગ ના કાય ના ખરડામા વનસ્પતિ ઘી અટકાવવા મ ટ કરવામા આવેલી માગણી સામે દલીલો કરે છે એ જોઈને નવાઈ લાગે છે આમ છતા મુબઈનુ एग्रिकल्चर अि तेना स्त તેના નવેમ્બર માસના અકમા એમ જ કરે છે વિચિત્ર વાત તો એ છે કે આ ગી ખેતીવાડીના અધિકારીઓને લાગે વળગે છે ત્યા સુધી વનસ્પતિ પોષક તત્વોની દૃષ્ટિએ સારો અને મદે મરુ કે હાનિકર્તા છે એ સવાલની સાથે તેને કશા લેવાદેવા નથી એમ તે માને છે હતી ભાષા વાપરીએ તો આ ખેતીવાડીના અધિકારીઓની બહુ જ સકુચિત દૃષ્ટિ છે વનસ્પતિ નિર્વિવાદ રીતે આરોગ્યને હાનિકારક છે એમ પુરવાર થાય તો સરકારે તેના ઉત્પાદન અને વેચાણ અટકાવવાના પગલા ભરવા જોઈએ એટલુ તે કબૂલ રાખે છે એ આપણા સદ્ભાગ્ય છે

વનસ્પતિ એ કૃત્રિમ ખાદ્ય છે એ સૌ કોઈ જાણે છે તેલીબિયાના તેલને અમુક પ્રકારની રાસાયણિક પ્રક્રિયામાથી પસાર કરવાથી એ બને છે

આ રાસાયણિક પ્રક્રિયાઓ દરમ્યાન

(૧) પચવામા મુશ્કેલ અને પચવામા સહેલા એસિડોનુ મૂળ ૧ ૪નુ પ્રમાણ બદલાઈને ૪ ૧ નુ થઈ જાય છે આને લીધે વનસ્પતિ ઓછુ પાચક છે અને પાચનક્રિયાઓમા ઓછુ મદદગાર બને છે

(૨) ચિકાશવાળુ હોવાને કારણે તેની કેરોટીન શોષવાની શક્તિ ઘટે છે આથી આપણને જ વિટામિનની ઘટ પડે છે

(૩) અનુ ગલનબિંદુ ઘણુ જ ઊચુ હોવાને કારણે એ પચાવવાનુ વધારે કઠણ પડે છે અને નબળા આતરડા તો એ ગ્રહણ કરી શકે જ નહી

(૪) એમા નિકલની હસ્તી કઈ નહી તો શકાસ્પદ છે

(૫) કલ્શિયમ તથા ફોસ્ફરસ પચાવવામા એ મદદરૂપ થતુ નથી

કૃત્રિમ ખોરાકની માઠી અસર વિશે જેટલો ભાર મૂકીએ એટલો ઓછો છે પશ્ચિમ દેશોના ખેડૂતો પોતાની જમીનને કૃત્રિમ ખોરાક (ખાતરના રૂપમા) આપતા હતા એનુ પરિણામ એ આવ્યુ કે જમીન બહુ જ ઝડપથી નાદાર થઈ ગઈ અને જગતના એ પહેલાના સમગ્ર ઇતિહાસ દરમ્યાન જેટલી જમીન

* વનસ્પતિના કૃત્રિમ ઘી (વેજીટેબલ ઘી) ને કારખાનાવાળાઓએ હવે હિંદમા ફક્ત વનસ્પતિ જ નામ આપી વતશ્રીને એબ લગાડે છે

બરબાદ થઇ ગઇ હતી તેનાં કરતાં ૧૯૧૪ ની સાલ પછી વધુ જમીન બરબાદ થઇ ગઇ છે.' પશ્ચિમના દેશોના લોકો પોતાના શરીરને પણ કૃત્રિમ ખોરાક આપવા લાગ્યા એનું પરિણામ મેડિકલ ટેસ્ટમેંટમાં ઇંગ્લંડના અનુભવી દાક્તરો નીચે મુજબ વર્ણવે છે:

'આપણા લોકોને ખાવા માટે તાજું અનાજ પૂરતા પ્રમાણમાં સતત મળ્યા જ કરે એ રીતે આપણા દેશની જમીનને ખાતર આપવું. આજે આપણી જમીન નાદાર થતી જાય છે તે અટકાવવી અને નાદાર જમીનને પાછી ફળદ્રુપ બનાવવી તથા તેની ફળદ્રુપતા કાયમને માટે ટકાવી રાખવી એ આપણે માટે મહત્ત્વના સવાલો છે. કેમ કે પોષક તત્ત્વો અને સારી જાતનો ખોરાક આરોગ્યને માટે અતિ મહત્ત્વની વસ્તુ છે, આપણા શરીર જેનાં બનેલાં છે તે દ્રવ્યો જો શુદ્ધ નહીં હોય તો આરોગ્ય માટેની ગમે તેવી પ્રવૃત્તિ સફળ થઇ શકવાની નથી. આજે એ દ્રવ્યો શુદ્ધ સ્વરૂપનાં નથી.

'અમારા દરદીઓને તેઓ ઘોડિયામાં હોય છે, ત્યારથી તો શું પણ ગર્ભાવસ્થામાંથી જ એવો ખોરાક મળે છે કે તેઓ સાવ નમાલી પ્રજા બને છે અને અમારી ઘણીખરી મહેનત એળે જાય છે. આપણા ગ્રામવાસીઓ સુદ્ધાં મેંદાની રોટી, ટિનમાં સંઘરેલા કૃત્રિમ ખાદ્ય પદાર્થો તથા સૂકવેલા દૂધનો ઉપયોગ કરતાં થઇ ગયા છે. આ બધાની સામે દાક્તરોની મહેનત એળે જાય છે.

'જેને લેવાદેવા હોય તેમને ઉદ્દેશીને અમારું આ કહેવું છે. અને આ બાબત સાથે લેવાદેવા ન હોય એવું કોણ છે ?'

વનસ્પતિ જેવા કૃત્રિમ ખોરાકનો ફેલાવો થવાથી રોગો વધતા જણાય છે. કૃત્રિમ ખોરાક કૃત્રિમ પોષકતત્ત્વો આપશે અને પરિણામે રોગની સામે ટક્કર ઝીલવાની શક્તિ વિનાનાં સ્ત્રીપુરુષો જ પેદા થશે. એમાંથી જેટલાં પચવામાં સહેલા એસિડ અને વિટામિન ઓછા થશે તે બેરીન, સેલીન, શાર્ક ઑઇલ, લીવર એક્સ્ટ્રેક્ટ વગેરે બીજી કૃત્રિમ બનાવટોથી પૂરાં પાડવાં પડશે. એ લેવાનું બંધ થતાંની સાથે જ તબિયત પાછી બગડવા લાગે છે. આરોગ્યપ્રદ ખોરાક પર જીવવું એ શી વસ્તુ છે તેની માણસને કદી ખબર જ પડતી નથી.

આપણાં દુધાળાં ઢોરના વિકાસમાં પણ વનસ્પતિની અસર વિનાશક છે. વાસ્તવમાં એ ખુદ આપણી ગ્રામ-અર્થ-વ્યવસ્થા પર જીવલેણ ફટકો મારે છે. એ આપણી નીતિમત્તા શિથિલ કરે છે અને આપણું ચારિત્ર્ય હલકું પાડે છે. વળી વનસ્પતિ ભેળ કરવામાં પણ વપરાતું હોવાથી એને લીધે ચોખ્ખું ઘી મળવું દિવસે દિવસે વધુ ને વધુ મુશ્કેલ બનતું જાય છે. થોડા વખતમાં ચોખ્ખું ઘી સદંતર અદૃશ્ય થઈ જશે કેમકે વનસ્પતિ દહીંમાં પણ ભેળવી દઇ શકાય છે. એને લીધે દહીંનો દેખાવ એટલો બધો આકર્ષક બની જાય છે કે વાપરનાર એને ભાંગીને છાશ બનાવવા ચાહતો જ નથી. એટલે છાશ બનતી પણ બંધ થઈ જશે. પછી લગભગ આવી પરિસ્થિતિ થશે:

શહેરોમાં—થોડું દૂધ, તેલ નહીં, છાશ નહીં, ઘી નહીં, જોઇએ તેટલું વનસ્પતિ.

ગામડાંમાં—દૂધ નહીં, તેલ નહીં, છાશ નહીં, ઘી નહીં, થોડું વનસ્પતિ.

વિજ્ઞાન લોકોનું લોહી ચૂસી લેવા માટે ભાગ્યે જ આથી વધારે કાર્યકુશળ સાધન ખોળી શકે.

વળી વનસ્પતિ તેલમાંથી બને છે. ખાંડના ઉત્પાદકોને ગામડાંના કોલુ ચાલે એ ખપતું નથી તેમ વનસ્પતિના ઉત્પાદકોને ગામડાંની ઘાણી ચાલે એ ખપતું નથી. આ રીતે ગ્રામઉદ્યોગોમાંનો એક મોટો

ઉદ્યોગ નાશ પામે એવો સંભવ રહે છે એટલુ જ નહીં, ઘાણી ખોળ કરતા મિલનો ખોળ વધારે ગંદો અને ઓછા પોષકતત્વોવાળો હેવાથી ઢોર । પણ ઓછા પૌષ્ટિક ખોરાક મળશે

મુખ્ય વે શીન મગફળીના તેલમાથી વનસ્પતિ બને છે આમ વધુ વનસ્પતિના ઉત્પાદન માટે વધુ મગફળી જોઈએ આથી ખેડૂતેને પૈસાની દૃષ્ટિએ મગફળીના પાક વધુ ફાયદાકારક થઇ પડ્યો છે પરિણામે અનાજના પાક પકવવાનો તેમનો ઉત્સાહ મંદ પડે છે વળી મગફળી સિવાયના તલ, સરસવ, ખસખસ નાળિયેર જેવા બીજા તેલીબિયાને વિષે તેમનુ મન ઊતરી જાય છે

વનસ્પતિના ઉત્પાદન તથા વપરાશની મનાઈ ફરમાવવા માટે હિંદના ખેતીવાડીના અર્થશાસ્ત્રની દૃષ્ટિથી મને લાગે છે કે આ મજબૂત કારણો છે ગણ્યાગાંઠ્યા વનસ્પતિ મિલના માલિકો તથા થોડા વરણ ગિયા નગરવાસીઓ સિવાય એનાથી કોઈને ય આયુ કે કૃત્રિમ નુકસાન થવાનું નથી જ્યારે એની મનાઈ કરવાથી એ અનેક રીતે હિતકારી થઇ પડશે.

(૧) લોકની રુચિ તેમ જ તેમના ગજા પ્રમાણે તેમને ચોખ્ખુ ઘી અથવા જુદી જુદી જાતના ચોખ્ખા તેલ મળી શકશે.

(૨) ગામડામાં ઘાણી પાછી ચાલુ થશે એથી ઘાંચીઓને રોજી મળશે ઢોરોને માટે સારો ખોળ મળશે અને લોકોને ચોખ્ખુ તેલ મળશે

(૩) મગફળીનો પાક ઓછો પાકવાનુ થઈ શકશે અને એને લીધે અનાજના પાકને વધુ અવકાશ મળશે.

(૪) ઘીમાં ભેળ કરવા માટેની સુલભ વસ્તુ અદૃશ્ય થશે

મારે એક સૂચના આપવાની છે અમેરિકાએ ઘઉં જેવા ધાન્યો ટનબંધી દરીયામા પધરાવ્યા છે અને અમ્બાબંધ રૂની ગાંસડીઓ બાળી મૂકે છે આપણી સરકાર એથી કંઇક વધારે સારુ કરી શકે હું બધુ વનસ્પતી દરીયામા પધરાવવા કે બાળી મૂકવા તેને નથી કહેતો સરકાર માત્ર તેને માણસથી ખાઈ ન શકાય એનુ બનાવી દે અને તેનુ વધુ ઉત્પાદન હંમેશને માટે બંધ કરે પછીથી વધુ ઉત્સાહી ઉત્પાદકો ખાઈ ન શકાય એવા તેનો બીજા ઉપયોગના ભના માટે યોજવવાને કહે

વર્ધા ૧૨-૧૧-૫૦
(અંગ્રેજી પરથી) સુરેશ રામભાઈ

અભિપ્રાય (૭) લેખક ગમકૃષ્ણ શ્રી વાસ્તવ હિંદીમાંથી યોગ કૈલાસથી

પ્રત્યેક સ્નિગ્ધ પદાર્થ ભિન્નભિન્ન અને વિભિન્ન અમ્લ (Acid)ના સંયોગથી બને છે પાશ્ચાત્ય વિદ્વાનો એ અમ્લોને ખરાપણા ઉપરથી ખારાવવાના પ્રયોગ કરે છે સ્નિગ્ધ પદાર્થોમા જણાવેલા અમ્લોને એ બાબમા વિભાજિત કરી શકાએ

૧ Saturated સંયુક્ત ૨ Un saturated અસંયુક્ત

ગાયના ઘીમાં બિનસંયુક્ત ઓલીક, લિનોલેનિક, એરેકોડિક અને વેક સેનિક એસિડ સામેલ હોય છે

આ ઘી સ્નિગ્ધ પદાર્થ ખાવાથી કાર્ય કરવામા આપણને અધિક શક્તિ પ્રાપ્ત થાય છે તેનો અંદર કેટલોક ભાગ જામ હોય છે તે શરીરમા પચ્યા વગર મળના રૂપમા નીકળી જાય છે એમ માનવામા

આવે છે કે સ્નિગ્ધ પદાર્થોનો જો ૯૦ ટકા અધિક ભાગ પચી શકે તેવો હોય તો તે ખાદ્ય છે. શ્રી Deul અને તેના સહકારીઓના મત મુજબ ઘી, ખાવાના બધા તેલો અને યુરોપમાં તેલોની એક બનાવટ Margarine એ સ્વાસ્થ્યવૃદ્ધિ માટે સમાન રૂપમાં લાભદાયક છે.

શ્રી Brown અને શ્રી Bloor ઘીના અમ્લોને કેટલાક ભાગમાં વિભાજિત કરી પોતાનો મત સ્થિર કર્યો છે કે, અનસેચ્યુરેટેડ અમ્લ ઘણી સારી રીતે પચે અને ઘીની બરાબર શક્તિવર્ધક છે. પરંતુ સેચ્યુરેટેડ સારી રીતે ન પચે. શ્રી Hilditch હીલ્ડીએ પોતાનો મત આ શબ્દોમાં આપ્યો છે:— એક જ અથવા મિશ્રિત ખાદ્ય સ્નિગ્ધ પદાર્થ જેનું દ્રવ્યમાન ૪૦–૪૫ સેંટીગ્રેડ હોય તે પૂર્ણ રૂપમાં સરળતાપૂર્વક પચી જાય છે. સાથેસાથ જામી જાય એવાં સ્નિગ્ધ-Hard fat પદાર્થોથી, તેલ સ્નિગ્ધ જલદી પચી જાય છે. Boer અને તેના સહકારીઓના અભિપ્રાય પ્રમાણે ઘીમાં એક સ્વાસ્થ્યવર્ધક અંશ જોવામાં આવે છે. જે વૈકસેનિક એસિડ છે. જો આ વાત સાચી હોય તો પ્રાણીઓમાંથી પ્રાપ્ત થયેલ સ્નિગ્ધ પદાર્થોમાં આ એક એવો અમ્લ છે કે, જે બધા વનસ્પતિજ તેલોમાં જોવામાં આવતો નથી. પ્રાણીઓમાંથી મળતા સ્નિગ્ધ પદાર્થોમાં ફક્ત ઘી જ એવું છે કે જે વનસ્પતિ આહારીઓ માટે આ વૈકસેનિક અમ્લ પૂરું પાડી શકે. સૂવર, બકરાં અને ગો વંશમાંથી મળતી ચરબીમાં આ અમ્લ હોય છે, પણ તે માંસાહારીઓ માટે જ ઉપયોગી થઇ શકે. પૃથક્કરણ વિદ્યાથી એ વિદ્યાના નિષ્ણાતોને હાલમાં એવો સંભવ લાગે છે કે, કોપરા સરસવ, અને સોયાબીન્સના વનસ્પતિજ તેલોમાં આ વૈકેસિક એસિડ મળી આવે. જોકે અદ્યાપિપર્યંત આ ચિકિત્સા પૂરી રીતે કરવામાં આવી નથી.

ચરબીના એક ખાસ વિભાગ ફોસફોલિકમાં અને સેચ્યુરેટેડ એસિડમાં તે ખાસ રૂપમાં જોવામાં આવે છે. એવું સાબિત થાય છે કે તે પ્રાણી શરીરમાં બનતો નથી પણ વનસ્પતિજ ખાદ્ય પદાર્થોમાંથી જેવો ને તેવો ગ્રહણ કરવામાં આવે છે. શ્રી Burr અને તેના સહકારીઓના મત અનુસાર લીનોલિક અને એરકેડોલિક એસિડ, સ્નિગ્ધ પદાર્થોના અભાવના કારણથી થયેલ બીમારીઓને દૂર કરે છે. પ્રાણીની ચામડીને સ્વસ્થ રાખવા માટે લીનોલિક એસિડ ભોજનમાં હોવું જરૂરી છે. ખરજવાના રોગમાં અનસેચ્યુરેટેડ તેલ ખાવાથી એ રોગ દૂર કરી શકાય છે. કારણ કે એ રોગીના લોહીમાં અનસેચ્યુરેટેડ એસિડની અત્યધિક કમી રહેલી હોય છે. ભોજનમાં 'સ્નિગ્ધ પદાર્થના લીનોલિક અથવા એરેકેડોનિક અમ્લ, પ્રજનનક્રિયા અને ધાવણપ્રાપ્તિ માટે લાભદાયક જણાયાં છે. ભોજનમાં સ્નિગ્ધ પદાર્થના અભાવથી ઉંદરડી લીનોલિક અમ્લ દૂધ દ્વારા બચ્ચાંને આપી શકતી નથી. એરેકેડોનિક અમ્લ વનસ્પતિમાંથી નથી મળતું એ કારણે વનસ્પતિજ અહારીઓ તેને લીનોલિક અમ્લોથી બનાવે છે. ખાદ્ય તેલોમાંથી અનસેચ્યુરેટેડ અમ્લ યથેષ્ટ માત્રામાં મળે છે, તેથી શરીર તેને પ્રાપ્ત કરી હમેશાં સ્વચ્છ રાખી શકે છે. તેલોનું દ્રવ્યમાન પણ શરીરના તાપક્રમથી ઓછું રહે છે. એ કારણે તે સુગમતાથી પચી શકે છે. ઉપરોક્ત કારણોથી આપણે હવે પરિણામે પહોંચીએ છીએ. ઘીના અભાવમાં આપણે તેલોનું અધિક અધિક પ્રયોગ?ક?ઇ પણ શંકા વગર કરી શકીએ.

વનસ્પતિ ઘી (વેજીટેબલ ઘી) બનાવનાર સંઘ તરફથી છપાયેલ વિજ્ઞાપનોમાં એ ઘીના લાભ આદિનો વર્ણન વિશદ રૂપમાં દેવામાં આવે છે. પણ એ વિજ્ઞાપનકર્તા એ લખવું ભૂલી જાય છે કે, જે વિજ્ઞાનીઓની તેઓ રાય આપે છે, તેઓ પોતાના દેશ (યુરોપ, અમેરિકા, જાપાન)માં હદ્રજનિત (Hydr. genated) તેલો પર આકરા નિયમો રાજ્ય કાયદાથી રાખે છે. ભારતમાં ગાર્ગજ્ઞાનિના ઉપરક્ત તેવને

ફક્ત એટલી જ હાઇડ્રોજનિત ક્રિયા કરવામા આવે છે કે દ્રવ્યમાન ૩૨–૪૦ ડીગ્રી રહે એ કારણે ૯૫ ટકાથી અધિક તેલ પછી જાય છે એ હાઇડ્રોજનિત દૂધની સાથે મેળવી ઠંડુ કરવામા આવે છે આમ કરવાથી તેમા માખણના જેવો એક પદાર્થ તયાર થાય છે જેને 'મારજેરાઇન' કહે છે તે પાણી અને તેલનુ મિશ્રણ બને જ તેથી જની પચી શકે છે એ દેશોમા પ્રચલિત હાઇડ્રોજનિત તેલોનુ પ્રમાણ ૩૦–૫૦ ડીગ્રી જોવામા આવે છે ઘ । ઘીનુ બનાવવા માટે તેલને એટલુ હાઇડ્રોજનિત કરવામા આવે છે કે અસંતૃપ્ત અમ્લથી માત્ર બહુ અધિક થઇ જાય જ અને તેથી દ્રવ્યમાન વધી જાય છે અન્તિમ દ્રવ્યમા આપણા શરીર તાપક્રમથી અધિક હોવાના કારણે એવા વનસ્પતિ ઘીના સુપચનમા શંકા જ છે અને કાચ સાથ યુરોપમા ૫૦ ડીગ્રીથી અનધિક દ્રવ્યમાન સુધી હાઇડ્રોજનિત તેલો અને ચરબીઓનો વ્યવહાર ટાળવા માટે કરવામા આવે છે પરંતુ એ પ્રકૃતિઓ ॥ લેખકના ખ્યાલથી આપણા ગર્મ જલવાયુ દેખાવે અને । શીયા । વમાન તેલ આપણા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે શ્રી અહમદ અને Bahl ના મત મુજબ પ્રાણીઓમાથી પ્રાપ્ત થયેલા તેલો વનસ્પતિ હાઇડ્રોજનિત તેલોની અપેક્ષાએ ઝડપથી પચ્ય છે

પશ્ચિમી દેશોમા સરકારી કાયદાનુસાર વિટામીન એ અને ડી મારજેરાઇનમા મળતા જોઇએ જેથી તેનામ ફક્ત વીટામીન એ જોવામા આવે છે પણ જો વિટામીન રહેતુ હોય છે જે રંગીન વિટામીન રૂપમા પરિણિત થ જાય છે તેને ન અસ્ત્રરાગી અને ગંધહીન કરવાની ક્રિયા ।ની આ જો વિટામીન પણ તેનામા રહેતુ નથી એવુ માલૂમ પડે છે કે વિટામિનની આ ઉણપ પણ પટ ॥ ક્રિયાનું કારણ છે

જેમ જેમ હાઇડ્રોજનિત તેલના દ્રવ્યમાન વધે છે તેમ તેમ તેની અંદરથી મળતા લિનોલીક અમ્લની માત્રા ઘટે છે ૪૫ ડીગ્રી સ દ્રવ્યમાનના તેલમા લગભગ ૨–૩ ટકા લિનોલીક અમ્લ જોવામા આવે છે શ્રી ચડાન અને એબીમે ઉંદરોને બે પ્રકારના હાઇડ્રોજનિત તેલ ખવડાવ્યા જેમા વિટામિન ક્રમશ – ૧૨ અને ૨–૩ ટકા હતુ એ ઉંદરોની ચરબીમા ક્રમશ ૮ ૩ અને ૩ ૩ ટકા લીનોલિક અમ્લ જોવામા આવ્યુ વૃદ્ધ મનુષ્યોની પ્રાપ્ત કરેલ ચરબીમા એ અમ્લ ૮–૧૦ ટકા જોવામા આવે છે અને સાધારણ ઉંદરોની ચરબીમા જેઓને તેલ ખાવા આપવુ હતુ તેમા ૧૩ ટકા જોવામા આવ્યુ આથી જણાય છે કે લીનોલિક અમ્લની કમી પણ વનસ્પતિ ઘી (વેજીટેબલ ઘી) ખાવા વાળાને રોગનુ કારણ થઇ શકે છે

ડૉ. પટવર્ધન અને બીજાઓની પરીક્ષાથી એવુ વિદિત થાય છે કે વનસ્પતિ ઘીની અસર બીજા ત્ર ઉપર બરોબર જણાય છે એવુ બને છે કે અધિકાંશ દેશવાસી કમ પણ હાનિવગર વેજીટેબલ ઘીનો વ્યવહાર કરી રહ્યા છે અને કરવા ચાહે છે, પરંતુ જેઓ એ ઘીનો વ્યવહાર ન કરવા માગે તેમના બચાવ માટે જનતાની સરકારને માગી આ વિનતી છે

૧ તલનુ તેલ હાઇડ્રોજનિત—વેજીટેબલ ઘી—ની અંદર મેળવવા કારખાનાવાળાઓ પર ફરજ પાડવી કેમકે તેથી દગાબાજી કરનાર જલદી પકડાઇ શકે

૨ એ ઘી બનાવનાર દરેક કારખાનાવાળા ઉપર સરકારી નિયંત્રણ અને બજારમા જનારા માલનુ દ્રવ્યમાન તથા નિકલનું પ્રમાણ લઇ તપાસ કરવી જોઇએ

૩. કેટલાક લોકો તેલ ખાવું એ પોતાની મર્યાદાથી વિરુદ્ધ સમજે છે. એવા લોકો માટે કારખાનાનાં તેલને અમ્લરહિત ગંધહીન કરાવી તેની અંદર થોડું શુદ્ધ ઘી ભેળવી ૧-૨ શેરના ડબ્બામાં નાણી વેચાવવું.

કલમ ૨-૩ માં જણાવેલ જે જે તેલો ઘી જેવા બનાવવામાં આવ્યા હોય તે તેલોનાં નામ ડબ્બાના લેબલ પર સાફ સાફ લખવા કારખાના વાળા પર ફરજ પાડવી.'

આ બન્ને લેખ પરથી વાંચક સારી રીતે સમજી શકશે કે આ ઘીની બનાવટ હિંદની ગરીબ જનતાની આંખમાં ધૂળ નાખી તેનાં ગજવામાંથી સારી રીતે પૈસા પડાવવાની જ નેમથી કરવામાં આવે છે. એટલું જ નહિ પણ ખાનાર એકલાની નહિ પણ તેની ત્રણ પેઢીની તંદુરસ્તીનો નાશ કરે છે. પોતાના આ ધનની લાલસા માટે તેઓ લાખો રૂપિયા જાહેરાતમાં, ડૉકટરો દ્વારા ખોટા અભિપ્રાયો અપાવવા ખરચે છે. એ ઘી ખાવા કરતાં શુદ્ધ હાથઘાણીમાં પીલેલું તેલ જ કે તેલી બીજ જ સરસ તંદુરસ્તીપ્રદ અને સસ્તાં છે. હવે હિંદ સરકારે આ ઠગ ધંધાદારીઓને અટકાવી, આની બનાવટ સદંતર બંધ કરવી જોઇએ.

આ ઘીની ઉત્પતિ ટૂંક સમયમાં કેટલી કૂદકે ને ભૂસકે વધી રહી છે તે નીચેના આંકડાથી જણાશે.

ઉત્પાદન ટનમાં

સને	ટન	સને	ટન
૧૯૩૫	૧૮૦૦૦	૧૯૪૧	૮૪૦૦૦
૧૯૩૬	૨૨૦૦૦	૧૯૪૨	૭૧૦૦૦
૧૯૩૭	૩૨૦૦૦	૧૯૪૩	૮૭૦૦૦
		૧૯૪૪	૧૦૩૦૦૦
		૧૯૪૫	૧૩૪૦૦૦
૧૯૩૮	૪૦૦૦૦	૧૯૪૬	૧૩૮૦૦૦
૧૯૩૯	૫૧૦૦૦	૧૯૪૭	૯૬૧૬૦
૧૯૪૦	૩૫૦૦૦	૧૯૪૮	૧૨૮૦૦૦
		૧૯૪૯	૧૫૦૦૦૦

બીજા મહાયુદ્ધ પછી ભારતના અર્થતંત્રને આયોજિત વિકાસિત કરવાના હેતુથી તથા જનતાના જીવન-ધોરણ ઊંચે લાવવાના હેતુથી વિવિધ પ્રકારની યોજનાઓ વિચારાતી, તેમાં આપણી ખાદ્ય સામગ્રીમાં જરૂરી ચરબીનું પ્રમાણ મેળવવા માટે વેજીટેબલ ઘીનો પ્રશ્ન પોષણ વિષેના નિષ્ણાત વૈજ્ઞાનિક ડૉ. આયક્રોઇડને સોંપવામાં આવ્યો હતો. તેણે પોતાનો અભિપ્રાય અને ભલામણો આ પ્રમાણે આપી હતીઃ—

હિંદની પ્રજાને ચરબીતત્વ બહુ જ ઓછું મળે છે. અમેરિકામાં માથા દીઠ ૬૨ રતલ, બ્રિટનમાં ૫૨ રતલ, જ્યારે હિંદમાં ફક્ત ૮ રતલ મળે છે. શારીરિક જરૂરિયાત અનુસાર પુખ્ત ઉમરના મનુષ્યને દરરોજ બે ઔંસ (પાંચ તોલા) ચરબી મળવી જોઇએ. ખાદ્ય સામગ્રી તરીકે વેજીટેબલ ઘી જરાપણ નુકસાનકારક નથી. અને ચોકખા ઘીમાંથી જે ચરબી મળે છે. તેવી જ જાતની ચરબી આ ઘીમાંથી મળી રહે છે.

આ અભિપ્રાય (આપનાર સરકારી ભાડુત જ હતા એમ સ્પષ્ટ સમજી શકાય છે) સરકારને મળતા પ્રથમના વૈજ્ઞાનીઓએ જે વિરુદ્ધ વિચારો દર્શાવ્યા હતા તે ઊંચા મેલી સરકારે નવા ૨૭ કારખાના શરૂ કરવા પરવાનગી આપી આ કારખાના જુદા જુદા પ્રાંતોમા અને તેના માટે જરૂરી એવા શીંગદાણાનુ ઉત્પાદન જે વિસ્તારોમા થતુ તેની નજદીક શરૂ કરવાના હતા સરકારની આ પરવાનગી પછી તો આ ઉદ્યોગે વિદ્યુતવેગે પ્રગતિ કરી છે

આ કારખાનાઓમા સને ૧૯૪૯ સુધી આશરે ૨૩ કરોડની મૂડી રોકાયેલી છે જે મૂડીમા થોડી થોડી રકમો ભારતની પ્રાંતિક સરકારો તરફથી પણ રોકાયાનો સમાવેશ છે દોઢ લાખ ટન જેટલુ ઉત્પન્ન થાય છે ૪૨ કારખાનાઓ સ્થપાયા છે તેઓની ઉત્પાદન શક્તિ ૩૩૦૦૦૦ ટન જેટલી છે તે ઉપરાંત ૧૭ નવા કારખાના બંધાઇ રહ્યા છે, જેઓની ઉત્પાદનશક્તિ ૮૨૫૦૦ ટન જેટલી થશે એટલે ૧૯૫૦ ના અંત સુધીમા આશરે ઉત્પન્ન ચાર લાખ ટન જેટલુ પહોંચે તો નવાઈ નહિ

ભારતની ધારાસભા–પાર્લામેન્ટમા–મા સને ૧૯૫૦ ના ઑગસ્ટની એક સભામા પંદર જેટલા સભ્યોએ વનસ્પતિ ઘીની રંગ્યા વગરની આયાત તથા ઉત્પાદન ઉપર પ્રતિબંધ મૂકવાની માગણી કરતા ખરડાઓ રજૂ કર્યા હતા તેમાથી છેવટ એક ખરડો પંડિત ઠાકુરદાસ ભાર્ગવનો વિચારણા માટે હાથ ધરવામા આવ્યો હતો બે દિવસની ચર્ચાને અંતે શ્રી જયરામદાસ દોલતરામના સુધારા ઉપરથી આ ખરડો લોકમત માટે ફેરવવાનુ નક્કી થયુ હતુ આ ખરડા અંગે લોકોના મત મેળવવા અંગેની છેલ્લી તારીખો જુદી જુદી સરકારોએ નક્કી કરી હતી

આ ખરડા વિરોધીઓએ સ્વાર્થી થઇ ખૂબ મોટી દલીલો કરી હતી જે સામે હિમાયતીઓએ નીચે પ્રમાણે દલીલો કરી હતી

૧ માનવશરીર ઉપર એ ઘીથી હાનિકારક અસર થાય છે એમ ઘણા વૈજ્ઞાનિકોના અભિપ્રાય વખતો વખત બધા દેશોમાથી–આપણા ભારતદેશમાથી પણ મળ્યા છે હિમાયતીઓ પણ કેટલાક વિજ્ઞાનીઓના અભિપ્રાય જણાવે છે, તે તો એ વિજ્ઞાનીઓ, ઉદ્યોગપતિ, જેઓ પોતાની જંગી કમાઇમાથી મોટી રકમો પ્રચારમા વાપરે છે તેના ભાડૂતી પ્રચારકો બન્યા છે

૨ આ ઘી શુદ્ધ પ્રાણીજ ઘીમા ભેગ કરવુ સહેલુ બને છે તેથી લોકોની નીતિમત્તા ઉપર માઠી અસર થાય છે

૩ ગ્રામ્ય પ્રદેશોના તથી રહેના અર્થકારણ ઉપર માઠી અસર થાય છે શુદ્ધ ઘી જે દરેક ગામડે ગામડે ઘણીઓમા કાઢવામા આવતુ જેને લીધે કરોડો ને લાખો મનુષ્યોને રોજી મળતી, તેઓની કમાઇ ગઇ છે કારખાના અને વેપારીઓનો થોડો સમૂહ મહાની રહ્યો છે ફક્ત ઘી જેવા દેખાવને કારણે દર ટન ૧૦૦ રૂપિયા જેટલો એટલે વાર્ષિક બાર કરોડની લૂટ પ્રજા ભોગવે છે

૪ શુદ્ધ તેલમા મનુષ્યશરીર માટે જે કિંમતી તત્ત્વો–એસિડ્સ છે તે પ્રયોગથી નષ્ટ બને છે તેથી તે દુષ્ટ થાય છે

૫ સરકાર કેટલાક રસાયણશાસ્ત્રીઓએ તેમાં કોઈક જાતના રંગો પાસ થવાના સૂચવે છે તે પણ બરાબર નથી કારણ કે બીજા કેટલાક રસાયણશાસ્ત્રીઓએ સચોટ રીતે જણાવ્યુ છે કે અત્યાર સુધીમા રાસાયણિકોને એવુ જણાયુ છે કે કોઈ પણ રંગ હજી એવો અસ્તિત્વમા આવેલ નથી, કે જેને એ ઘીમાથી ફરી રાસાયણિક ક્રિયાથી ન કાઢી શકાય એટલે એ યોજના સરકારને ફરી તપાસીને પડતી મૂકવી જેવી છે.

ધારાસભાઓ ઉપરાંત છાપાઓ દ્વારા અનેક વખત ઉહાપોહ થાય છે. લાખો સહીઓથી ગામેગામથી સરકારને એ ઘીનો અટકાવ કરવા અરજીઓ થાય છે. પણ તે પર ધ્યાન ન દેવાનાં એ ઉદ્યોગથી ઉદ્યોગ-પતિઓ પોતાનાં ખીસાં તર કરી રહ્યા છે. પ્રજા પૈસાની દૃષ્ટિએ લૂંટાઇ રહી છે. તંદુરસ્તીની દૃષ્ટિએ શરીર બગાડી રહી છે. તેની નીતિમંત્તા હણાઇ રહી છે અને તે પણ પરદેશી સરકારની હસ્તીમાં નહિ. પણ રાષ્ટ્રિય સરકારના અમલમાં. ખરે ખેદજનક છે! દેશને માટે શરમ ભરેલું છે.

વળી આ પુસ્તક છપાઇ રહ્યું છે એ જ અરસામાં એટલે ૧૯૫૧ ના ઓગસ્ટ માસમાં તો કારખાનાવાળા અને વેપારીઓએ મળી સરકારના પ્રધાનો સાથે વાટાઘાટ કરી એ વેજીટેબલ ઘી પર જે નિકાસ જકાત ટને રૂા. ૩૨૦ હતી તે પણ કઢાવી નાંખી. આથી એક બાજુએ જકાતની પેદાશ ગઇ. બીજી બાજુ ભોયશીંગની નિકાસ પર થોડો અંકુશ હોવાથી દેશમાં પરદેશીના લાભાર્થે જે વાવેતર થતું તે થોડું ઓછું થયુ હતુ જમીન અનાજ માટે ફાજલ રહેતી હતી, બીજા દેશના તેલ માટે રહેતા હતા. તેથી પણ એ નિકાસથી પરદેશ વેજીટેબલ ઘી દ્વારા નુકસાન થવાનું.

કર્બુદ્દિત

[CARBOHYDRATE]

વનસ્પતિ સામ્રાજ્યમાં કર્બુદિત એ સૌથી સાદી (Simplex) ખોરાક વસ્તુ છે. પાછળ જણાવ્યા પ્રમાણે જેમ જળ, ઉદજવાયુ અને પ્રાણવાયુના સંયોગે બને છે, નત્રજ, નાઈટ્રોજન, કર્બાદિ છ તત્વોના સંયોગે બને છે. તેમ આ કર્બુદિતના પદાર્થો કર્બ, પ્રાણુ અને ઉદજવાયુ તત્વોના સંયોગે બને છે. આ ત્રણ વાયુતત્વોના ઓછાવત્તાં પરમાણુઓથી તેનાં જુદાં જુદાં પ્રકારો થાય છે. જેવાંકે, શર્કરા (Sugar) મંડજ (મેંદો–Starch), વસા (ચરબી–Fat) તેજામ્લ (Acids), શાલાદ્રવ (Cellulose). ગુંદ (Gum) (Pectin કે Mucilage), (આ ઉપરાંત રાળ (Resin), તુરાન (Tannin), રંગ (Pigment કે dye). રેસા (Lignin કે Fiber) રબ્બર ગટ્ટાપર્ચા, ઉડ્ડયન તેલ, બેલેટા, ટાર વગેરે. મળે છે. પણ તેઓ ખાદ્ય નથી).

કર્બુદિતની અંદર પ્રાણવાયુ ૬૦ ટકા, અંગારવાયુ ૪૪ ટકા અને ઉદજવાયુ ૬ ટકા આશરે હોય છે. પણ તેઓ ઉદજવાયુ અને પ્રાણવાયુનાં પરમાણુઓની (છ કે છના કોઇ-ગુણક રૂપમાં) બદલાતી રહેતી સંખ્યાની સાથે જોડાયેલાં હોય છે, અને તેમાં પણ પ્રાણવાયુ અને ઉદજવાયુ એવી રીતે જોડાયલાં હોય છે, કે શરીરમાં ગયે તે પાણી રૂપ થાય છે.

હવે કર્બુદિતમાં જૂના વખતમાં ગણાતું વસા—Fat નું વર્ણન પાછળ થતાં, અને અખાદ્ય-રાળ, ચપલતેલ, લાખ, રંગ, તુરાન, રબ્બર. ગટ્ટાપર્ચા, બેલેટા વગેરે ખાદ્ય ન હોવાથી એઓના વર્ણ આર્થિક ઉપયોગમાં આવશે. તે સિવાયના જે ખાદ્યપદાર્થો છે, જે બધાનું સમાવેશ કર્બુદિત—Carbohydrate માં થાય છે. અને તેઓ બધાને **શર્કરા** Sugars પણ કહેવામાં આવે છે. તે નીચે પ્રમાણે છે—

શર્કરા શબ્દ સંસ્કૃત ભાષાનું છે. હિંદી, સિંધી, કચ્છી, પંજાબી ભાષામાં સક્કર, ગુજરાતીમાં સાકર, અંગ્રેજીમાં સ્યુગર, આફ્રિકન સ્વાહીલી ભાષામાં સુકારી, એ બધાં શર્કરાના અપભ્રંશ શબ્દો છે. સંસ્કૃત **શર્કરા** શબ્દ પત્થરા (Gravel) પરથી પડેલ છે. ખડા–પત્થર–પરથી ખડી સાકર કહેવાય છે.

આ શર્કરા વનસ્પતિઓના જુદા જુદા અંગોમાંથી જુદે જુદે સ્વરૂપે મળે છે. ઉદા...

થડ—શેરડીના રસમાંથી પ્રાચીનકાળથી હિંદ અને ચીનમાં અઢારમાં સૈકાં સુધી બની આખી દુનિયાને ગોળ, ખાંડસરી અને ખડી સાકર રૂપે પૂરી પડાતી અત્યારે પણ હજી શેરડીના જ અગ્રેસર છે. આ ઉપરાંત જુવાર, મકાઇ સુગર મેપલના થડ રસમાંથી થોડા પ્રમાણમાં મળે છે કૌટુ. વર્ગ ૩૧૪ પામી વર્ગના થડ વચ્ચેના સાગુનાગ્રા અને કૌટુ. વર્ગ ૩૩૨ ગ્રામી ી વર્ગના બાંબુઓ વચ્ચેનું વંશલોચન એ પણ શર્કરાના રૂપ છે.

મૂળો—બીટરૂટ સકરિયા (રતાળુ) ગાજર પાર્સનિપ આમાં વેપાર અર્થે કાઢી શકાય એટલા પ્રમાણમાં બીટરૂટના એક સફેદ જાતિના મૂળો જ છે અત્યારે શેરડીથી બીજે દરજ્જે બીટરૂટની શકરા પેદા થાય છે. તેના વાવેતર યુરોપમાં થાય છે

કંદ—ડુંગળી, બટાટામાંથી મળે છે પણ વેપાર અર્થે કાઢવી ન પોસાય. કમ્પોઝીટી વર્ગની અર્ટીચોકના કંદમાં ઇનુલાન મેદો મળે છે તે પણ શર્કરાનું એક રૂપ છે.

પુષ્પદંડ—કૌટુબિક વર્ગ ૩૧૪ પામીના કેટલાક મોટા ઝાડો જેવાં કે ઘણી જાતની ખજૂરી, ઘણી જાતના તાડ, નાળિયેર, આ શર્કરાના રસ તાડીમાંથી મળે છે. તેના ગોળને જગેરી કહે છે અને ખાંડ શેરડી જેવી જ બની શકે.

ફૂલો—ઘણી જાતોના ફૂલોની નલિકા-Nector માં હોય છે મધમાખીઓ ચૂસી જે મધ બનાવે છે તે આ શર્કરાનું હોય છે. જે તેના વર્ણનમાં વિગતો થી જણાવેલ છે.

ફળો—સખ્ખાવધ મિષ્ટ અને ખટમધુર ફળોમાંથી મળે છે. જો કે થોડા પ્રમાણમાં મળતી હોવાથી વેપાર અર્થે કાઢવી ન પોસાય

પાંદડા—કૌટુ. વર્ગ ૨૩૮ કમ્પોઝીટી વર્ગની નીચે લખી અમેરિકન જાતોમાંથી

૧ Stevia rebudiana આ સાકર શેરડીની સાકર કરતા પચાસ ગણી મીઠી હોય છે પણ રાસાયણિક ક્રિયાથી છૂટી કરી શકાતી નહિ હોય કે જુદા મળતી હશે તેથી ખ્યાતિમાં આવી નથી.

૨ Eupatorium rebundiana આ સાકરમાં શેરડી ી સાકર કરતા ૧૮૦ ગણી મિઠાસ હોય છે, તેની પણ સ્થિતિ ઉપર જેવી જ છે

બીજ—ખાદ્ય અનાજ બીજ, ખાદ્ય કઠોળ બીજ, કુટ્ટુ, રાજગરો, સાગ્રકેકસના ખાદ્ય બીજમાંથી જે મેંદો Starch મળે છે તે પણ શર્કરાનું રૂપ છે

આ શર્કરાઓના રાસાયણિક શાસ્ત્રીઓએ નીચે પ્રમાણે બે પાડ્યા છે.

૧ એકમ શર્કરા કે એકવડી સાકરMONOSACCHARIDES આ સાકરના પામા પડતા નથી તેને અપાસાસ્ટાર crystaline કહે છે તે થાય છે તેને . Redueing sugar અને મનુષ્યશરીરમાં જઠરની અંદર ગયે કંઇ પણ રૂપાંતર થયા વગર હજમ થાય છે તેથી તેને Jnverting sugar કહે છે. તેના બંધારણમાં C_6 H_2 O_6 છે. એની અંદર નીચેની જાતિઓનો સમાવેશ થાય છે.

Pentases એમાં

Aralinos, Xylose Ribose. Methylopentases. Chinovos કે Chinovite

Hexoses એમાં

Dextrose કે Glucose (દ્રાક્ષશર્કરા) Levuloss, કે Fructose (ફળ શર્કરા) Sorbose Galactose Mannose Heptoses

૨ ગ દ્વિતમ શર્કરા, DISACCHARIDES

આ સાકર મનુષ્યશરીરમાં ગયે પાચકરસ Enzime ના યોગે ફરી એકવડીનું સ્વરૂપ લીધે હજમ થાય છે તેથી તેને દ્વિતમ શર્કરા કહે છે. તેનું પ્રથમ સ્વરૂપ ગોળ છે. અને નિખારવાથી તેના પાસા પડે છે. તેથી તેને પાસાદાર Crystaline કહે છે...થની નથી તેથી તેને Reducing sugar કહે છે. તેમાં ખમીર આવી પરિવર્તન થાય છે તેથી પરિવર્તની શર્કરા Inverting sugar કહે છે. એમાં નીચેની જાતિઓ શોધાઇ છે.

Sucrose કે Cane Sugar ઇક્ષુશર્કરા, Turanose કે Touranose, Maltose યવ શર્કરા Issomaltose, Cellulose, Isso Cellulose કે Cesevecellulose, Gentiolose Treholose કે Trahaelos, Lectose, Melibiose.

૨ ઘ અમ્લયોગી દ્વિશર્કરા. DISACCHARIDES PRODUCTED BY THE DILUTE ACIDS એમા

Hextros with Pentose. Prineverose. Strophanthaliose. Vacianos.

૩ તૃતીયમ શર્કરા ત્રેવડી સાકર TRISACHAKIDES એમાં

Raffinose. Stachyose. Melecitose, Gentianose (Abnormal or Illdeffined sugar)

આ ત્રેવડી સાકર જોકે રાસાયણિક દૃષ્ટિએ બેવડી સાકરથી જુદી છે, પણ કારખાનાંઓમાં રિફાઇન્ડ કરે દેખાવમાં અને ગુણમાં સરખી જ છે.

૪ બહુતમ શર્કરા POLYSACCHARIDES એમાં

Haxosans, Glucosans, Fructsans, Amylum (Starch મંડજ, ગેંદો) Dextrins Para dextrins, Glycogen, Inulin and Inuline substance, Hemicellulose, Mannon. Cerubiner Sacalans, Xylane, Arabane (Woodgum) Gabactan, Galactan mix, Amyloid, Lychenin. Gums (જેમાં Arabic, Tragacanth, Woundum, Mucilage, Pectic bodies)

ઉપરોક્ત જાતિઓમાં જે શર્કરાઓ મનુષ્ય જાતિના ઉપયોગ માટે વપરાય છે, જેઓના નાના મોટા વેપાર ચાલે છે. તેઓના વર્ણન હવે કરવામાં આવે છે,

અરેબીનોસઃ--આ સાકર ગુંદ અને પેશીગુચ્છ (ટીસ્યુ)માંથી મળે છે.

ક્ષાઇલોસઃ--આ સાકર અમેરિકામાં બ્યુરો ઑફ સ્ટેન્ડર્ડ કું. તરફથી સને ૧૯૩૦માં શોધાઈ. તે જોકે શેરડી કરતાં ઓછી મીઠી છે. પણ એકવડી હોવાથી પચવામાં સારી છે. શરીરમાં બેવડીના જેમ મેદ કરતી નથી. તે ગુંદ અને પેશીગુચ્છમાંથી શરૂઆતમાં કાઢતા, ત્યારે એક રતલનાં આપણા ત્રણસો રૂપિયે પડવા લાગી. પણ શોધકોએ કપાસિયાના ખોળમાંથી કાઢનાં આપણા અઢી આને રતલ જેટલી સસ્તી કીમતે અત્યારે વેચાય છે. અને અત્યારે તેનો ખૂબ વપરાશ અમેરિકામાં તેમ જ બીજા દેશોમાં થઈ રહ્યો છે. ('કુમાર' માસિક. સંવત ૧૯૮૬

એપીઓસ – મધમા હોય છે.

* **રહેમ્નોસ** – ક્રોટુનિક વર્ગ ૧૯૦ રહેમ્નેસી ની કેટલીક સ્પીસીઓના ફળો ખાસકરી બોરમા હોય છે C 6 H 12 o5

ફુકસ – Fucus અને Algaeની કેટલીક જાતોમા

* **સીનાવોસ** સિંકોના છાલમાથી મળે છે બહુ કીમતી છે

C 6 H 12 0 6 or C6 (H2 0)5

ડેક્ષ્ટ્રોસ કે ગ્લુકોસ (દ્રાક્ષ શર્કરા) આ સાકર Raisins દ્રાક્ષ, પીચ ફળ (ગા ૧–૨ ટકા) બીજા કેટલીક જાતના ફળો, કેટલીક જાતના ફૂનોની નલિકા (Nectaries) કેટલીક જાતના થડ રસ–ખાસ કરી મકાઈના સાઠા, અને મધમાથી મળે છે હાલમા વેપાર માટે મડદ (સ્ટાચ)માથી ડીલુટ એસિડના યોગે બનાવે છે. પણ તે ઉતરતા કરતા હલકી થાય છે યુરોપમા મુખ્યત્વે બટાટાના મેંદામાથી બનાવે છે અમેરિકા મકાઈના સ્ટાર્ચમાથી બનાવે છે

ગ્લુકોસ રંગ વગરનું, ચીકાસવાર, શરબત જેવું, અર્ધપ્રવાહી અને સામાન્ય મિઠાસ વાળુ હોય છે પાણીમા ઓગળે છે તે જઠર આંતરડા, કે મળ-મૂત્રાશયમા ક્ષત પડ્યા હોય તેને ફાવે જ શસ્ત્રક્રિયા વખતે ક્લોરોફોર્મ સુઘાડેલ હોય તેથી જનની શુદ્ધિ ન આવતી હોય ત્યારે ગ્લુકોસ સોલ્યુશન (૬ ઔંસ ગ્લુકોસ ૬ પિન્ટ પાણીથી) બનાવેલ પિવડાવે છે અપવાસો પછી કે અતિ દુબળને ગ્લુકોસ ચટાડે છે યુરોપ અમેરિકાવાસી શરબત રૂપે ભોજનમા ખાય છે

અમેરિકામા બ્યુરો ઓફ સ્ટેન્ડર્ડ કંપની તરફથી સને ૧૯૨૩મા આ સાકર, અનાજના દાણા તથા સાઠાના રસ–ખાસ કરી મકાઈમાથી કાઢવા ની શરૂઆત કરી ૧૯૩૦મા એ કંપની દરરોજના ૧૦ ટન (?) બનાવે છે બીજી કંપનીઓનુ ઉત્પન્ન જુદુ

(કુમાર' માસિક સંવત ૧૯૮૬ પૃષ્ઠ ૩૫૮)

પણ આ લખાણ સમજ વગર લખાયુ હોય એમ જણાય છે ઇકોનોમિક બોટની નામના અંગ્રેજી ભાષામા લખાએલા, આલ્બર્ટ એફ હિલને કૃત પુસ્તકના પૃષ્ઠ ૨૪૧મા વાર્ષિક દસ લાખ રતલથી ઉપર યુનાઈટેડ સ્ટેટસનુ ઉત્પન્ન જણાવે છે આ મુખ્યત્વે ત્યા જ કાઢવામા આવે છે તે ખરુ જણાય છે

દસ હજાર રતલ સ્ટાર્ચમા ૭ રતલ ડીલુટ Hydrochloric dilute acid કે સલ્ફ્યુરિક એસિડ નાખી ગ્લુકોસ બનાવે છે

લિવુલોસ (Levulose કે Fructose કે Fruit sugar) ફળશર્કરા

આ સાકર ઘણી જાતના ફળો–ખાસકરી રૂટેસી વર્ગની જીનસ Citrusના સંતરા મોસંબી મધુગા પપનસ ગ્રેપ ફ્રૂટ જેરૂસેલમ આર્ટિચોકમાથી મળે છે ડેક્ષ્ટ્રોસના અંશ સાથે મળેલી હોય છે શેરડીની સાકર કરતા ઓછી મિઠાસની હોય છે. ઇન્યુલીન મેંદામાથી પણ હાલમા બનાવવામા આવે છે.

* આને કોઈકે સાકર તરીકે ગણી છે, પણ બન્ને એકલી સાકર નથી પણ Glucoside છે એમ ઘણાનો મત છે

માખીઓનાં મધની અંદર ૪૦ ટકા સુધી હોય છે. મધુ પ્રમેહમાં જ્યારે બીજી કોઈ પણ સાકર ખાઈ શકાતી નથી ત્યારે આ ખવાય છે. તે પચવામાં હલકી હોઈ બીમાર માટે પથ્ય છે. મુંબઈ કલકત્તા જેવા મોટા શહેરોમાં અંગ્રેજી ખોરાક વેચનારાઓને ત્યાં મળે છે, મોટી વેપારવસ્તુ નથી.

ગ્લેક્ટોસઃ– આ સાકર ઘણી જાતનાં ગુંદ. ચિકાસ, હેમીસેલ્યુલોસ, ઘણી વનસ્પતિની ગેશીગ્રુચ્છમાં હોય છે. (દૂધમાંથી મળે છે પણ તે પ્રાણિજ છે.)

મેનોસઃ– આ સાકર Fraxinus ornusમાંથી કૌટુંબિક વર્ગ ૩૧૪ પામીની કેટલીક શાખીઓનાં બીજ Vegetable ivoryમાંથા કેટલીક જાતની મના શર્કરામાંથી Hydrolisis ક્રિયાથી કાઢવામાં આવે છે.' મુખ્યત્વે દવા માટે વપરાય છે.

મધ Apios, Honey, Mel.

મધ, Appies અને Cocldeae વર્ગની બે પ્રાણી માખી જાતિઓ પોતાના ખોરાક માટે વનસ્પતિઓના ફૂલોની નલિકા (Nector) માંથી, મોટે ભાગે કે બીજા જે જે અંગોમાં શર્કરાનો ભાગ હોય તે ચુસી, ધરાય એટલું ખાઈ વધારાનું મધપૂડા બનાવી તેમાં ભરે છે. અને અતિ ઠંડી કે વર્ષા વખતે જ્યારે બહાર ન જઇ શકે ત્યારે તેનો ઉપયોગ કરે છે. મધપૂડા મીણનો બનાવે છે. આ મીણ પણ વનસ્પતિઓનાં જુદા જુદા અંગો–ખાસ કરી પાંદડા મરના આવરણમાંથી તેઓને મળે છે. તે એક જાતનું ઘટ્ટ તેલી પદાર્થ છે. તેનું વિસ્તારથી વર્ણન અને ગુણ–ઉપયોગ આર્થિક વિષયમાં છે.

આ માખીઓ હજારોનાં પ્રમાણમાં એક બીજા સાથે મળી, ઘર બનાવી, પોતાનો ખોરાક તેમાં ભરી મજમું ભાગીદારીથી રહીને ખાય છે.

આ મિષ્ટ મધની જાણ મનુષ્ય જાતિને થતા, તેને એ પડાવી લેવાની ઇચ્છા થઈ. પણ માખીઓને પોતાના ઘર–પૂડા–પાસે કોઇ પણ પ્રાણી નજીક આવે તો તેને ત્યાંથી નસાડી મૂકવા માટે કુદરતે તેને દંશ દેવાની બક્ષિસ આપેલી છે. બુદ્ધિશાળી મનુષ્યે આ કુદરતી બક્ષિસ સામે પણ યુક્તિ શોધી. તેણે પોતાના શરીરની આસપાસ છાલ, કે કપડાં કે ગુણપાટાદિ સાધન વીંટાળી, મધપૂડા નીચે ધૂમાડો કરી, જોરથી એ મધપૂડાને ઉખેડી દૂર દૂર નાસી જવાની તદબીર કરી. માખીઓ થોડે દૂર તો તેની પાછળ લાગે, પણ અંતે નિરાશ થઇ તેની આશા છોડી, બીજે પૂડો દૂર જઇ બાંધે. આ કૃતિએ હજારો વર્ષોથી મનુષ્ય જાતિ દરેક દેશમાં મધ મેળવતી. હજી પણ મેળવે છે. પણ એ કૃતિએ મધની અંદર મધપૂડાને નિચોવતાં, માખીઓના હજારો ઇંડાનો નાશ થઇ તેનો ભાગ, થોડી માખીઓ પૂડો ઉખેડતી વખતે ચગદાઇ મરી હોય તેનાં માંસ, રુધિર, કચરો વગેરે ભાગ એ મધમાં આવે છે. મધની અંદરના ગુણો પૂરતા મળતા નથી કે કવચિત્ ગુણને બદલે અવગુણ કરનાર નીવડે છે.

યુરોપ વાસીઓની દૃષ્ટિ વિજ્ઞાન તરફ ત્રણ–ચારેકસો વર્ષો થયાં ગઇ, તેઓએ આ વિષય તરફ પણ લક્ષ દોડાવ્યું. દરરોજ દંશથી બચવાના સાધન શરીર પર વીંટાળી, પૂડા પાસે જઇ, બારીક દૃષ્ટિએ નિરીક્ષણ કરવા લાગ્યા. તેઓને એ નિરીક્ષણથી એ મધ ઉત્પન કરનાર બે જાતની માખીઓ જણાઈ. જેમાં મોટી જાત તો ભારે દંશીલી જણાઈ. પણ નાની જાતની માખીઓ શરૂઆતમાં જ ક્રોધે ભરાઈ દંશ દેવા આવતી, પણ દરરોજના આગમનથી ધીરે ધીરે તેઓ એ આવનાર મનુષ્ય સાથે પ્રેમાળ બની. નિરીક્ષણ કરનારાઓને દિવસો કે મહિના કે વર્ષોને અંતે જણાયું કે, એ હજારો માખીઓ એ પૂડામાં સાથે રહી ખોરાક ભરે છે. આરામથી રહે [illegible] સરસ વ્યવસ્થાશક્તિ છે. તેઓમાં એક માદા

સરદારનું કામ કરે છે તેના હાથ નીચે કેટલીક માખીઓ વ્યવસ્થા જાળવવાનું, મધપૂડો બનાવવાનું, મધપૂડાને કોઈ હરકત કરવા આવે તેને ડંશ મારી હાંકવાનું, વગેરે ઘરની-પૂડાની અંદરનું કામ કરવાનું હોય છે બીજી કેટલીકને ફરવા ફરવાથી મધ પુષ્કળ અને સારું મળી શકે તે માટે દૂર દૂર-વખતે વખતે માઈલો માઈલ સુધી મુસાફરી કરવી પડે છે અને એ શોધની જાણ બીજીઓને મળતા તેથી એ તરફ જઈ, ધરાય એટલું ખાઈ-પી વધારાનું મુખમાં ભરી પૂડામાં આવી સંઘરે છે પૂડામાં રહેનારને બહાર ગયા વગર ખોરાક મળે છે, અને રાત્રે કે વિકટ સમયે બધી પૂડામાં રહી આરામે છે નર માખીઓનું તો વંશવર્ધનની ક્રિયા કરતાં જ મૃત્યુ થાય છે

આ અભ્યાસને અંતે હવે નિરીક્ષણ કરનારાઓ જો મધ માખીઓને ઈજા કર્યા વગર કે તેને ભૂખે માર્યા વગર, શુદ્ધ મધ કેમ મળી શકે એ માટે બુદ્ધિ દોડાવી પડી તેઓએ થાકી પાંજરાં એવા બનાવ્યા કે તેની અંદર માખીઓ પૂડો બનાવે એ પાંજરામાં એક પડદો ગોઠવ્યો પાંજરા બહાર એક હેન્ડલ રાખ્યો જે પડદો ફેરવતા, બાજુમાં બીજા ખાલી પાંજરામાં માખીઓ ચાલી જાય જે પૂડો મધથી ભરાઈ ગયો હોય તેમાં એ પડદો ધીરેથી ફેરવતા માખીઓ કંઈ પણ ઈજા થયા વગર બીજા પાંજરાઓની માખીઓ સાથે ભળી જાય એટલે જે ભરેલ પાંજરું દૂર લઈ જઈ મધ સહેલાઈથી તેમાંથી કાઢી શકાય આ તરકીબ જેણે શોધી કરી હશે ગમે તેનું પરિણામ અજમાવી પૂરેપૂરું આવેલ હશે ત્યારે તેને કેટલો આનંદ થયો હશે ? હવે તો બીજી જાતના પાંજરા બનાવ્યા છે કે તેમાં જાળીદાર પાંચ-સાત માળ અથવા ખાનાંઓ એકેક બબ્બે ઇંચને અંતરે ગોઠવેલી હોય છે મધ માખી ઉછેરનાર પર માખીઓ એવી હળી ગયેલી હોય છે કે તેને ડંશતી નથી અથવા એ જાતની માખીઓના ડંશ પણ બહુ હોતા નથી તેથી જો કે ડંશે તો ઉછેરનાર એ ડંશ સહી રહેલા હોય છે એટલે વાંધો આવતો નથી ઉછેરનારને એમ જણાય કે હવે માળ કે ખાનાંઓ મધથી ભરાઈ ગયાં હશે ત્યારે તેમની એકેક બહાર કાઢે છે જે તદ્દન ભરાઈ ગયેલ હોય તેના પરની માખીઓને બાજુમાં અંદર જવાના દરવાજા હોય તે પાસે જરા આંગળીથી ઝાટક મારતાં માખીઓ અંદર ચાલી જાય, એમ એ ખાનાંઓ બારણામાં લઈ જઈ નીચે ધરેલ વાસણ પર ઊંધી વાળતાં મધ તેમાં આવી જાય છે થોડું ચોંટી ગયેલું હોય તે આંગળીઓ કે બીજા સાધનથી લઈ લે છે મીણ પણ ચપ્પુથી ઉખેડી લઈ લઈ એ ખાનાંઓ ખાલી પાંજરામાં ગોઠવે છે વિકટ સમયે એ મધ લઈ ન લેતાં માખીઓને ખાવા માટે જ રાખવામાં આવે છે યુરોપ અમેરિકામાં તો હવે આ ઉદ્યોગ એટલો વધી ગયો છે કે ઠેકાણે ઠેકાણે હજારો મધુવાડીઓ ગોઠવી, ત્યાં મધના મોટા વેપાર ચાલે છે શુદ્ધ, મિશ્ર, આરોગ્ય વર્ધક મધનો લાભ એ લોકો મેળવે છે

માખીઓ પોતાની હરકત કરતાં પ્રાણીઓથી બીકથી મનુષ્યોના પહોંચી ન શકે તેવી ખીણોમાં કે ઊંચા ઝાડ પર કે બીજી વિકટ જગાએ પૂડા કરે છે આ મધુવાડીની વ્યવસ્થા થતાં મનુષ્યો એ વિકટ જગાએ જવાની જરૂર રહી નથી જ્યાં બાગ ઝાડી હોય જ્યાં માખીઓને પુષ્કળ મધમય ફૂલોમાંથી ચોખ્ખું મધ મળી શકે ત્યાં આ મધુવાડીઓ બાંધે છે પણ સૂકા પ્રદેશના લોકો જગત મધ પોતાના ઘરની આગળ જ મેળવવા ધારતા નહીં, આથી શોધકોએ બુદ્ધિ દોડાવતાં એ પ્રદેશમાં થઈ શકે એવી કલ્પનાના બાગ તૈયાર કરી ત્યાં એ મધુવાડી જોડી, મધ મેળવવાનું ચાલુ કર્યું છે મધુવાડીને અંગ્રેજીમાં Apiary કહે છે

આ પ્રાણીઓમાં કંઈ કંઈ જાતો છે, તેઓ કેવા કેવા ઠેકાણામાં ઉછરી શકે, તેઓમાં શી શી ખાસિયતો છે વગેરે માહિતી આપનાર પુસ્તકો બધા દેશોમાં જાતે પોતાની ભાષામાં રચાયાં છે હિંદની ભાષાઓમાં પણ રચાયાં છે તે જિજ્ઞાસુઓએ વાંચવા જેવા છે

બીજી એક જાતની માખીઓ ઝેરને પચાવનાર હોય છે. તેઓ બિન ઝેરી સાથે ઝેરી વનસ્પતિના ફૂલોમાંથી પણ મધ મેળવે છે. તેથી ખાનારને મૃત્યુ કે બિમારી થઇ પડે છે, તેથી એવી માખીઓનું મધ ખાવામાં ન આવી જાય એ માટે સાવચેતી રાખવી જોઇએ. આ પાંજરાં શોધાતાં ઉછેર કરનાર સાવચેત હોય છે, તેથી એ ભય રહેતો નથી.

મધમાં ૭૦ થી ૭૫ ટકા.... (Invert) શર્કરા, જે સાથે નત્રજ (પ્રોટિન), ખનીજ ક્ષારો અને પાણી હોય છે. મધમાંથી ગ્લુકોઝ શર્કરા ૩૦ થી ૪૦ ટકા મળે છે.

મધમાં સ્વાદ અને પ્રમાણ જુદી જુદી જાતના ફૂલોની તાસીરના હોય છે.

મધ ખોરાકી માટે, દવામાં, અને ખમીર ચડાવી મીડ Mead નામનો માદક દારૂ બનાવવા વપરાય છે.

મધના ગુણો શરીરશાસ્ત્રના (Pathological) નિષ્ણાતોએ તપાસતાં તેઓને જણાવ્યું છે કે, તેની અંદર એકવડી તમામ સાકર કરતાં વિશેષ ગુણો છે. બીજી શર્કરા જાતોમાં વિટામીન્સ હોતાં નથી. પણ મધની અંદર C વિટામીન જળવાઈ રહે છે.

હિંદમાં બ્રિટિશ સરકારના વખતમાં. સરકાર તરફથી જુદે જુદે સ્થળે આ ઉછેર ચાલુ કરવામાં આવેલ, સાથે લોકોને એમાં રસ લેતા કરવા, અંગ્રેજી તેમજ દેશી ભાષાઓમાં જાહેર પત્રો, ચોપાનિયા (બુલેટીન) કાઢવામાં આવતા. મહાત્મા ગાંધીજીનું લક્ષ આ ઉત્તમ ખોરાક તરફ ખૂબ ગયું હતું. મહાસભાઓનાં અધિવેશન વખતે ખાદી કે દેશી વસ્તુઓના પ્રદર્શન ગોઠવવામાં આવતાં તેમાં આ મધુવટીઓ ગોઠવી, લોકોને એ કામ માટે રાખેલા અનુભવી સખ્શો તરફથી સમજ આપવામાં આવતી. હસ્તપત્રો કે ચોપાનિયા આપી સારી માહિતી અપાતી. અત્યારે ગ્રામઉદ્યોગ સંઘ તરફથી, તેમ જ એ વિષયના ઉદ્યોગપતિઓ તરફથી જંગલોની ગીચ ઝાડી વાળા પ્રદેશોમાં મધુવટીઓ ગોઠવી મધ મેળવવામાં આવે છે.

કુદરત મનુષ્યોને આ કામ માટે સાથ આપતી હોય એમ જણાય છે. જેમ જેમ મધુવટીઓ વધે છે તેમ તેમ માખીઓ પણ વધતી જોવામાં આવે છે. જેટલી મધુવટીઓ ગોઠવાય છે તેટલી માખીઓથી તુરતમાં ભરપૂર બની જાય છે. પાંજરામાં ઉણપ આવતી જ નથી.

હિંદમાં નીચેનાં સ્થળોએ આ વિષયની શોધખોળ થઇ રહી છે, તથા ઉદ્યોગ ચાલે છે તેની માહિતી મને મળી શકી છે, એ સિવાય હજી બીજે પણ ચાલતા હશે એવો સંભવ છે.

સને ૧૯૦૧થી:—ઇમ્પીરીઅલ ઇન્ટોમોલોજી સોસાઇટી તરફથી પુસામાં, તેનાં તરફથી એ વિષયનાં ચોપાનિયાં (જરનલ) પણ વખતોવખત નીકળે છે.

સને ૧૯૧૮ માં—બ્રિટિશ સરકાર તરફથી સી. સી.ઘોષે બુલેટીન નંબર ૪૬ માં આ વિષયનું સારું વર્ણન કર્યું છે.

સને ૧૯૨૬:—ઉત્તર હિંદના સરકારી શોધક રેવરંડ ફાધર ન્યુટને 'એ ગાઇડ ટુ બી કીપીંગ ઇન ધી હિલ ડિસ્ટ્રીક ઑફ નોર્થન ઇંડિયા' નામની પુસ્તિકા રચી છે.

૧૯૩૩:— મૈસુર } મૈસુર રાજ્ય તરફથી 'બી કીપીંગ' બુલેટીન નં. ૧૦ માં સારી માહિતી છે.

મદ્રાસ:—મદ્રાસ પ્રાંતમાં લગભગ બસો ગામોમાં ૧૫૦૦ મધુવટીઓ ગોઠવાઇ મધઉછેર થાય છે. તેના તરફથી 'બી કીપીંગ ઓફ સધર્ન ઈન્ડીયા નામની પુસ્તિકા નીકળી, સારી માહિતી અપાઇ છે.

ત્રાવણકોર — આ રાજ્ય તરફથી કેમ્પો કેકાણે હજારો મધુવની ઓ ગોઠવાય છે

પંજાબ — કુલુ નરગોટામા ગવર્નમેન્ટ તરફથી, દશ પંદર વર્ષ થયા મધુવની રખાઈ, પુસ્તિકા પત્રો દ્વારા માહિતી અપાય છે (અત્યારે તે પાકિસ્તાનમા છે કે ભારતમા ?)

એપીકલ્ચરલ ડિપાર્ટમેન્ટ નૈનીતાલ —ત્યા સરકાર તરફથી એ કામનુ શિક્ષણ મળે તેવુ કેન્દ્ર સ્થપાયુ છે

બી કીપર્સ એસોશિએશન —અખિલ ભારત મધુમક્ષિકા પાલન સંઘ છે તેનો કોઇ પણ હિંદી સ્ત્રી-પુરુષ સભ્ય થઈ શકે છે એ સંઘ તરફથી માસિક પત્રિકા 'ઇન્ડીયન બી જનરલ' જ્યોલીકોટ (નૈનીતાલ તાબાના)ની ઓફિસેથી નીકળે છે તેના દ્વારા એક ચોપાનિયુ તેના ભૂતપૂર્વ મંત્રીએ હિંદી ભાષામા પ્રસિદ્ધ કરેલ છે તે વિજ્ઞાન પરિષદ પ્રયાગ દ્વારા પ્રસિદ્ધ થએલ છે

વર્ધા તાલીમ વર્ગ —વર્ધામા આ ઉદ્યોગની તાલીમ આપવામા આવે છે

ગ્રામોદ્યોગસંઘ મહારાષ્ટ્ર —આ સંસ્થા આશ્રમે સહકારી ધોરણે ગ્રામોદ્યોગ સંઘની સ્થાપના કેટલાક વર્ષો થયા થયેલી છે અને એ સંઘ તરફથી સને ૧૯૪૫ મા પંદર હજાર રતલ જેટલુ મધ ઉત્પન્ન કરવામા આવ્યુ હતુ મહાબળેશ્વર જેવા ગીચ ઝાડીવાળા પ્રદેશમા સેંકડો મધુ વટીઓ ગામેગામ રાખી મધ મેળવે છે કેંદ્રને શ્રી ગોમ્સ કે. કનાપૂરની દેખરેખ નીચે મૂકવામા આવ્યુ છે

એક મધુવની-પેટી-ની કિંમત આશરે ૨૦ રૂપિયા હોય છે પંદર-વીસ દિવસમા એ ઉદ્યોગ શીખી શકાય છે ઝાડી વાળા પ્રદેશમા તો ઘરના હવા ઉજાસવાળા વાળા ભાગમા કે કોઈ ઝાડને આશરે મધુવની ગોઠવી શકાય છે, પણ કચ્છ સૌરાષ્ટ્ર જેવા સૂકા પ્રદેશમા મધ મળી શકે એવી વનસ્પતિના વાવેતર કરવા પડે.

નાની માખીની જાત ભિન્ન અનુભવી ગોઠવી ન શકે, તેથી એવા કદમાપ તેને લઈ આવવી પડે છે. કેન્દ્રના નિષ્ણાતો તેને મધુવની અહિત સુમન્દ્રીમા કેવી રીત વશ કરી શકાય, તે રીતે શીખવે છે જો કે ઘણી માખીઓમાથી કેટલીક સુમાદીમા કેનના અવાજથી નાસી પણ જાય છે પણ જે મો પકડાવી આવે છે તેઓમા ઘણી નવમ કોન નગ્ન થઈ શકે છે નર, મા । અને રાણી માખી જળવાઇ રહેવા જોઇએ

માખીઓ માટે સૂકા પ્રદેશમા કઈ કઈ જાતની વનસ્પતિના વાવેતર થાય છે, તથા કરવા જોઇએ, તે નીચેના કોઠાથી જણાવુ છુ —

[illegible]	નામ	ઉનમ	સ્પીસી	કોડ નંબર	જીનસ
૧		Magnolia	spp	૧	૨
૧	સોનચંપો	Michelia	champaka	૨	૪
		Cryptocarya	canadensis	૧૧	૧
૧	Sage rose	Turnera -	elegans	૩૪	૧
૨		Nasturtium	officinalis	૩૫	૧

મધુમેરા	Pometia	eximia	"	૫૨
	Melianthus	major	૨૦૨	૧
American sumach	Rhus	glabra	૨૦૫	૧
	Azalea	indica	૨૧૫	૩૩
	Andromeda	vulgaris	"	૩૬
	Calluna	latifolia	"	૨૦
	Kalmia	spp	"	૩૭
	Rhdodendron	"	"	૪૬
મહુડો	Bassia	latifolia	૨૨૨	૧૪
"	"	longifolia	"	"
	Jasminum	spp	૨૩૯	૧
	Sarcocephalus	esculentus	૨૩૨	૧
Star thistle	Centaurea	calcitrapa	૨૩૮	૧૫૪
રામતિલ	Guizotia	oleifera	"	૪૧૬
	Zinnia	linearis	"	૩૫૫
	Phlox	Drumondi	૨૪૭	૧
૧ Heliotrope	Heliotropinm	peruviana	૨૪૯	૧૩
Borage	Borago	officinalis	"	૫૨
	Ipomea	turnosa	૨૫૧	૯
	Porena	volubilis	૨૫૧	૧૭
	Angelonia	salicarae folia	૨૫૨	૧૨
કારવી	Strobilanthus	spp	૨૫૯	૩૭
Mint	Mentha	"	૨૬૪	૩૩
Hyssop	Hyssopas	officinalis	"	૪૬
Rosemary	Rosmarimus	,	"	७७
Norbon honey	Galeoptis	tetrabita	"	૧૦૩
Black sage	Salvia	melifera તથા બીજી	"	૬૮
Horehound	Marrabium	vulgare	"	૯૪

સુક્રોસ આનુ બંધારણ $C_{૨૨} H_{૨૨} O$ OR $C_{૧૨} (H_{૨} O)$ નુ છે. આ સાકર વનસ્પતિની ઘણી જાતોના જુદા જુદા ભાગોમાંથી મળે છે યુરોપિયનોએ રાસાયણિક ક્રિયાઓથી જુદી જુદી શર્કરાઓ શોધી તેથી પહેલા બજારો નવી ફક્ત હિંદ અને ચીનમાં તૈયાર થતી સાકરમાંથી જ ગોળ કે ખાંડ–સરી કે ખડી સાકર રૂપે બનાવવામાં આવતી સને ૧૯૧૪–૧૯ના પહેલા યુદ્ધથી પહેલા દાઢ–સો વર્ષથી બીજી વનસ્પતિઓમાંથી મળતી રાસાયણિકોને જાણ થઈ હતી છતાં શેરડીના જેટલી કોઈ પણ વનસ્પતિમાંથી મળી શકે એમ જણાયું ન હતું. પણ એ લડાઈ વખતે યુરોપ અને ભારત, જાવા વગેરે સ્થળે જ્યાં આ સાકર બનતી તે દેશોની સાકર યુરોપ જવામાં જોખમાતી, તેથી ફ્રાન્સમાં ત્યાં થતાં બીટ

રૂટમાંથી કાઢવાની શરૂઆત મોટે પાયે કરવામાં આવી. અને એ વખતે તો તે શેરડીની સાકરના પ્રમાણ જેટલી લગભગ ઉત્પન્ન થતી. પણ લડાઇ બંધ થતાં અને ફરી શેરડીના વાવેતર બધે સ્થળે જોશભેર થતાં શેરડી કરતાં ઉત્પન્ન ઘટી ગયું છે. છતાં બીજે દરજ્જે ગણાય.

હજી ત્રીજી વધુ પેદાશ એ સુક્રોસ સાકરની આપનાર કૌટુંબિક વર્ગ ૩૧૪ ના પામી વર્ગના ઝાડો— તાડ, ખજૂરી, નાળિયેર છે. ફીલીપાઇન ટાપુઓમાં એ સાકર બનાવવાનો ઉદ્યોગ મોટા પ્રમાણમાં ચાલે છે. અને અમેરિકાનો મોટો ભાગ આ સુક્રોસ સાકર ફીલીપાઇનની ખાય છે. ભારતમાં આ જાતના કરોડો ઝાડો કંઇ પણ મહેનત વગર, ખારી નિરર્થક જમીનમાં ઉગી નીકળેલાં મોજુદ છે. તેનો ઉપયોગ અત્યાર લગી તો દુર્વ્યસનીઓ માટે દેશી તાડી માટે જ થતો. લંકામાં કે બંગાળમાં કયાં કયાં જગેરી ગોળ બનતો. હજી પણ બને છે. ભારતની રાષ્ટ્રીય સરકાર જો એ પર ધ્યાન આપે તો તે શેરડી કરતાં પણ વધુ પ્રમાણમાં અને સસ્તી બની દેશની ખપત ઉપરાંત નિકાસ પણ થઇ શકે. આ ત્રણેનું વર્ણન:—

(૧)ઇક્ષુશર્કરા–શેરડીની સાકર CANE SUGER

શેરડી મૂળ વતની કયાંની છે તે શોધકોને જણાયું નથી. અત્યારે પણ તે દુનિયાના કોઇ પણ જંગલમાં કુદરતી રીતે ઊગેલી જોવામાં આવતી નથી. પણ દક્ષિણ એશિયાના ઇન્ડોનેશિયાના જંગલોમાં એક જાતનું ઘાસ થાય છે, તેના થડ (સાંઠા) જાડાં, શેરડી જેવા લગભગ દેખાવના અને થોડા મિષ્ટ રસના જોવામાં આવે છે, તેઓની કે એ વર્ગના બીજા ઘાસના છોડની હજારો વર્ષથી સુધારે સુધારે થયેલ ઓલાદો છે. યુરોપના વિજ્ઞાનીઓએ યંત્રો દ્વારા ખાંડ બનાવવાની શરૂઆત કરી તેથી પહેલાં તેના રસમાંથી ભારત, ચીન, દક્ષિણ એશિયાના જાવા, સુમત્રા, આફ્રિકાના કેટલાક ભાગમાં એ રસમાંથી ગોળ, ખડી સાકર, અને ખાંડસરી બનાવવામાં આવતી. ભારતમાં મોટે ભાગે ગોળ, અને ખાંડસરી અને જુજ રીતે ખડી સાકર બનતી. પણ ચીનમાં તો મોટે ભાગે ખડી સાકર રતાસ લેતા રંગની બની એ દેશના વપરાસ ઉપરાંત પરદેશોમાં પણ જતી. ભારતમાં પણ આવતી. અને અધ્યાપિ પર્યંત અત્યારની ખાંડને કયાંક કયાંક ચીની કહે છે, મોરિશિયસમાંથી આવતી તેથી મોરસ કહે છે.

શર્કરા શબ્દનો અર્થ સંસ્કૃતમાં પત્થરા (Gravel) થાય છે. ખડાંનો અર્થ પણ હિંદી ભાષામાં પત્થર થાય છે. એટલે કણાં, ગાંગડાંના આકાર ચકમક જેવા પત્થર જેવો દેખાવાથી અલંકારિક નામ શર્કરા, ખડી પરથી ખડી સાકર પડયું છે. હિંદી, પંજાબી સિંધી, કચ્છી ભાષામાં સક્કર, ગુજરાતીમાં સાકર, અંગ્રેજીમાં સ્યુગર, આફ્રિકાની સ્વાહીલી ભાષામાં સુકારી એ બધાં શર્કરાના અપભ્રંશ છે. ખાંડ ખડાંનો અપભ્રંશ હશે?

શેરડીનાં અને તેમાંથી મળતા ગોળ શર્કરાના ઉલ્લેખ ભારતના વેદ શાસ્ત્રમાં અને રામાયણ મહાભારત વગેરે પુરાતન ગ્રંથોમાં મળી આવે છે. ચીનના પણ પાંચેક હજાર વર્ષના ગ્રંથોમાં છે એમ વાંચ્યું છે.

હિંદમા પહેલી લડાઇથી પહેલાં ખાંડ જાવા, મોરિશિયસ અને યુરોપમાંથી લગભગ ૧૨ લાખ ટન રૂપિયા ૧૬ કરોડની આશરેની આવતી. જાવામાં એક એકરે પાંચ ટન ખાંડનો ઉતાર આવે છે. જ્યારે હિંદમાં એક એકરે ફક્ત ૧ ટન આવે છે.

સંયુક્ત પ્રાંતો અને બિહારમાં શેરડીની ખેતી અને પેદાશ ૮૦ ટકા સુધી થાય છે. અને બાકીના ૨૦ ટકામાં દક્ષિણ મા કોલ્હાપુર પ્રદેશમા નિઝામ, ગુજરાત, સૌરાષ્ટ્ર તથા બીજે પણ થોડા થોડા વાવેતર થાય છે.

જગતમાં એકંદર ૧૭ા કરોડ ક્વીન્ટલ શેરડી થાય છે તેમાં હિંદમાં ૪ કરોડ ક્વીન્ટલ પેદા થાય છે. અને હિંદની શેરડીમાંથી ૭૦ ટકા ગોળ બનાવવા, ૧૬ ટકા ખાંડ બનાવવા અને ૧૪ ટકા ચૂસીને કે પીલીને રસ પીવા વપરાય છે.

ભારતમાં શેરડીનું વાવેતર વિસ્તારના પ્રમાણમાં-એકર-દૃષ્ટિએ આખી દુનિયામાં વધુ છે પણ પેદાશની દૃષ્ટિએ ઓછું છે.

શેરડીનો કૂચો ઢોરોને ગમતો નથી આપતા. દુકાળ વખતે શેરડી ઢોરોને ખવડાવે છે, પણ કડવું હોવાથી આવતા જડબા જનાઇ જાય છે, દાંત વહેલા પડી જાય છે.

બ્રિટીશ સરકારના વખતમાં થોડી ખાંડ લશ્કર માટે તથા લાગતા વળગતા દેશો માટે પરદેશ જતી. હાલે તદ્દન બંધ છે

દર વર્ષે ખાંડનું ઉત્પન્ન ૬૦ કરોડ રૂપિયાનું છે. ગોળની પણ મોટી પેદાશ થાય છે.

હિંદના કારખાના બ્રિટીશ અમલના વખતથી અદ્યાપિ પર્યંત શેરડી ખેડુતો પાસેથી ખરીદે છે. જો કે એ વખતે તેમ રાષ્ટ્રીય સરકાર આવતા એ સરકાર પણ ખેડુતો પાસેથી કારખાનાને ભાવનિયમનથી અપાવે છે તેથી મિલો વાળા તરફ અમલદારો પક્ષપાત કરી, ભાવ ઓછા બતાવી ખેડુતોનું શોષણ કરે છે જાવામાં એ વાવેતર ખાંડના કારખાનાવાળી કંપનીઓ યાંત્રિક સાધનોથી અને રાસાયણિક ખાતરોથી પોતાના નોકરો દ્વારા કરાવી એકરે પાંચ ટન સુધી પાક ઉતારે છે. હિંદમાં એક એકરે ફક્ત એક ટન પાક ઉતરે છે, છતાં ભારતની શેરડીની પેદાશ ખેડુતોના ઘરમાં રહે છે. રાસાયણિક ખાતરોથી જમીનનો કસ ચૂસાઇ જતો નથી તેથી એકંદરે લાભ છે.

હિંદમાં ખાંડ કરતાં ગોળનો વપરાશ વધુ છે. બીજા દેશો તો ખાંડ જ ખાય છે.

ખાંડ કરતાં ગોળ માટે શેરડી ચારગણી જોઇએ.

હિંદમાં વીસમી સદીથી પહેલા પ્રજા મોટે ભાગે ગોળ અને થોડે ભાગે હિંદની જ હસ્તક્રિયાથી બનેલી ધોળી ખાંડ—ખાંડસરી—અને જુજ ભાગે કણ્યામાકર—ખડી સાકર જ વાપરતી કદી કદી ચીનની ખડી સાકર જરા લાલ રંગની ચળકતી પાસાદાર આવતી. આ પછી જાવા, મોરિશિયસ, અને યુરોપથી ૧૯૨૧ પછી બારેક લાખ ટન, સોળેક કરોડની આવવા લાગી. ખાંડ બનાવવાની મિલ શરૂમાં બિહારમાં સ્થપાઇ, સને ૧૯૧૩ સુધી ફક્ત મોસો જ હતી સને ૧૯૧૪-૧૯ની લડાઇ દરમ્યાન પરદેશી ખાંડ આવતી અટકી, એ વખતે આ મિલોને સારી કમાણી થઇ પણ એ અરસામાં વધુ યંત્રો મગાવી શકાય તેમ ન હતું. અને લડાઈ બંધ પડતાં પાછી જાવા મોરિશિયસની સસ્તી ખાંડ આવતાં વિકાસ અટકી પડયો. સન ૧૯૨૯ અરસામાં દુનિયાભરની વ્યાપેલ મંદી વખતે તો એ મિલો મૃતપ્રાય ની સ્થિતિએ આવી પડી. આ સમય લગી હિંદની પ્રજા જે ખાંડ વાપરતી તેનો ૧/૯ ભાગ એટલે બધી મિલો મળી ફક્ત દોઢ લાખ ટન જેટલું જ ઉત્પન્ન કરતી બાકીની જાવા, મોરિશિયસ અને મંદી અરસામાં તો મોટેભાગે બીટરૂટની યુરોપમાંથી હિંદમાં આયાત થતી એ વખતે કારખાના ફક્ત ત્રીશ જેટલા હતા.

આ સમય દરમ્યાન ખાંડ ઉપરની આયાત જકાત વધતી ગઈ હતી પાંચ ટકા ઉપરથી ૧૯૨૨માં પચીસ ટકા અને ૧૯૨૫માં હંડરવેટ રૂ ૪-૮-૦ પડી.

જકાતી રક્ષણ—૧૯૩૦માં ખાંડના ઉદ્યોગને રક્ષણ આપવાની વાત ઉપડી સરકારે ટેરીફ બૉર્ડ નીમ્યું બૉર્ડે ૧૫ વર્ષ માટે ખાંડના ઉદ્યોગને રક્ષણ આપવાની ભલામણ કરી, સરકારે એ ભલામણ સ્વી

કારી અને સને ૧૯૩૧થી બહારથી આવતી ખાંડ પર હંડ્રેડવેટ રૂ. ૭–૪ જેટલી જકાત નાંખી અને તે રક્ષણાત્મક જકાત નામે ફેરવી નાંખી. આ જકાત પાછળથી ૯-૨ રૂપિયા કરી.

સોનાની નવી ખાણ હાથમાં આવે તેં લેવા દરોડા પડે તે રીતે એ ઉદ્યોગ માટે દરોડા પડવા લાગ્યા. બે વર્ષમાં એકસોથી ઉપર નવી મિલો થઇ (સને ૧૯૫૦માં ૧૩૯ મિલો છે) અને ઉત્પન્ન જે દોઢ લાખ ટનનું ૧૯૨૯થી પહેલાં હતું તે ૪ફેલાખ ટન સુધી પર ગયું. દુનિયાભરમાં વ્યાપેલી દરેક ચીજની મંદી વખતે પણ આ મિલોને અઢળક કમાઇ થતી.

આ વખતે શેરડીનો ભાવ ખેડૂતોને મણના ત્રણ આના જેટલો જ મિલોવાળા આપતા. મજૂરોને પણ કાળી મજૂરી કરવી પડતી, માંડ પાંચેક રૂપિયા માસિક મળતા.

સરકારી આવકમાં ઘટાડો—મધ્યસ્થ સરકાર ખાંડની મિલોના આ ઝડપી વિકાસ અને નફો ભાળી આંખો ઊઘડી. અને ૧૯૩૪માં મિલોના ઉત્પાદન પર હંડ્રેડવેટ રૂ. ૧–૫ની જકાત નાંખી. સાથે ૧૯૩૪–૩૫ ની મોસમથી સંયુક્ત પ્રાંત અને બિહારમાં શેરડીના ભાવ બાંધવામાં આવ્યા. આ કારણોને લઇને નવી મિલો ઊભી કરવાની પ્રવૃત્તિ ધીમી પડી. મિલોવાળાને લાગ્યું કે હવે ઝાઝા વિકાસને અવકાશ નથી, જોકે મિલોની સંખ્યામાં માંડ ૧૫–૨૦ નો વધારો થયો હતો. છતાં ઉત્પાદન વધીને ૪ફે લાખ ટન ઉપરથી કૂદીને ૧૧ લાખ ટનનો આંકડો વટાવી ગયું. આમ થવાનું કારણ મિલોવાળાને સજ્જડ કમાણી થવાથી તેઓએ સાંચા જે ૨૫૦ ટન પીલવાના હતા તે ૫૦૦-૭૫૦૦ ટન સુધીના મગાવી ગોઠવ્યા હતા. આ રીતે સરકારે મિલો પર જકાત નાંખી. ખેડૂતોને રાહત આપવા શેરડીના ભાવ વધાર્યા. બીજી બાજુ યંત્રો મોટાં આવ્યાથી ઉત્પાદન ખૂબ વધ્યું. તેના પ્રમાણમાં માંગ ન હતી. તેથી મિલોવાળાંમાં માલ જલદી વેચી નાંખવાની તાલાવેલીએ ભાવો ગગડ્યા. આ વખતે ભારત—બ્રિટિશ-સરકારને પરદેશી ખાંડની આયાત જકાતથી વાર્ષિક અગિયાર કરોડ આશરેની ઉત્પન્ન હતી. જે દેશમાં ખાંડ ઉત્પન્ન થતાં કમી થવા લાગી, જેથી મિલો પર આંતરિક ઉત્પાદન ઉપરની જકાત વધારીને હંડ્રેડવેટ બે રૂપિયા કરી. આ રીતે અગિયાર આનાનો હંડ્રેડવેટે વધારો થયો. મિલોવાળાએ આ વખતે ઉત્પાદનના પ્રમાણમાં માંગ ન હોવાથી જથ્થાના ભરાવાને લઇ અને હરીફાઈથી લાભ જતો રહેવાના કારણે આ જકાત સામે વિરોધ કરી, સને ૧૯૩૭ની આખરેથી મિલો બંધ કરી હડતાલ પાડવાની સરકારને ધમકી આપી. આ ધમકીથી સંયુક્ત પ્રાંત અને બિહારની સરકાર ગભરાઇ. કારણ કે એ વખતે હજારો મણ શેરડી ખેડૂતોના ખેતરોમાં ઊભેલી હતી. ગોળની મોસમ ખલાસ થઇ હતી, એટલે મિલો બંધ થાય તો શેરડીનો પાક નકામો જાય. કાં તો ઢોરોને ખવડાવવી પડે યા તો બાળવી પડે, આ વિષમ પરિસ્થિતિને ટાળવા બન્ને પ્રાંતોની સરકારે શેરડીના ભાવ ઘટાડ્યા. અને મોસમની છેવટમાં અઢી આના મણના કરી નાંખ્યા. મિલ માલિકો જો કે જકાત ઘટાડો કરાવવામાં ફાવ્યા નહિ. પણ શેરડીના ભાવ ઘટાડવા જરૂર ફાવ્યા. મરો થયો ખેડૂતોનો.

સિંડીકેટનો કાળો ઇતિહાસ—દેશની અંદર ઉત્પાદન વધતો જતો હોવાથી ભાવો વખતોવખત તૂટતા હતા. અને મિલોવાળાને નફો કદી કદી ઘટતો હતો. તે તેમનાથી કેમ ખમાય ? રક્ષણની જબરજસ્ત દીવાલનો લાભ મિલમાલિકોને ન મળે તે તેમને કેમ ગમે ? પોતાનો ગંજાવર નફો જાળવી રાખવા માટે તેઓએ સને ૧૯૩૭માં સિંડીકેટ સ્થાપી. પણ આ સિંડીકેટમાં બધી જ મિલો ન જોડાઇ. તેથી સિંડીકેટ બહારના મિલો સિંડીકેટના ભાવથી સહેજ ભાવ ઓછા કરી ઝડપથી મુક્ત થઇ જવા લાગી. મોસમની આખરે જે જથ્થો રહી જતો તો બધો સિંડીકેટના ગળામાં પડવા લાગ્યો.

જગતમા એકદર ૧૭૦ કરોડ ક્વીન્ટલ શેરડી થાય છે તેમા હિંદમા ૪ કરોડ ક્વીન્ટલ પેદા થાય છે અને હિંદની શેરડીમાથી ૭૦ ટકા ગોળ બનાવવા ૧૬ ટકા ખાંડ બનાવવા અને ૧૪ ટકા ચૂસીને કે પીલીને રસ પીવા વપરાય છે

ભારતમા શેરડીનુ વાવેતર વિસ્તારના પ્રમાણમા એકર-દૃષ્ટિએ આખી દુનિયામા વધુ છે પણ પેદાશની દૃષ્ટિએ ઓછુ છે

શેરડીનો કૂચો ઢોરોને મળતો નથી છે કુશળ વપરાશ શેરડી ઢોરોને ખવડાવે છે પણ કઠણ હોવાથી ચાવતા જડબા ઘસાઈ જાય છે, દાત વડે પડી જાય છે

બ્રિટીશ સરકારના વખતમા થોડી ખાંડ લશ્કર માટે તથા લાગતા વળગતા દેશો માટે પરદેશ જતી હાલે તદ્દન બધ છે

દર વર્ષે ખાંડનુ ઉત્પન્ન ૬૦ કરોડ રૂપિયાનુ છે ગોળની પણ મોટી પેદાશ થાય છે

હિંદના કારખાના બ્રિટીશ સરકારના વખતથી અધ્યાપિ પર્યન્ત શેરડી ખેડુતો પાસેથી ખરીદે છે જો કે એ વખતે તેમ રાષ્ટ્રીય સરકાર આવતા એ સરકાર પણ ખેડુતો પાસથી કારખાનાને ભાવનિયમનથી અપાવે છે તેથી મિલો વાળા તરફ અમલદારો પક્ષપાત કરી ભાવ ઓછા બધાવી ખેડુતોનુ શોષણ કરે છે જાવામા એ વાવેતર ખાંડના કારખાનાવાળી કપનીઓ યાત્રિક સાધનોથી અને રાસાયણિક ખાતરોથી પોતાના નોકરો દ્વારા કરાવી એકરે પાચ ટન સુધી પાક ઉતારે છે હિંદમા એક એકરે ફક્ત એક ટન પાક ઉતરે છે છતા ભારતની શેરડીની પેદાશ ખેડુતોના ઘરમા રહે છે રાસાયણિક ખાતરોથી જમીનનો કસ ચૂસાઈ જતો નથી તેથી એકદરે લાભ છે

હિંદમા ખાંડ કરતા ગોળનો વપરાશ વધુ છે બીજા દેશો તો ખાંડ જ ખાય છે

ખાંડ કરતા ગોળ માટે શેરડી ચારગણી જોઈએ

હિંદમા વીસમી સદીથી પહેલા પ્રજા મોટે ભાગે ગોળ અને થોડે ભાગે હિંદની જ હસ્તક્રિયાથી બનેલી સીરી ખાંડ—ખાંડસરી—અને જુજ ભાગે કણામાકર—ખડી સાકર જ વાપરતી હતી કદી ચીનની ખડી સાકર જરા લાલ રગની ચળકતી પામનાર આવતી આ પછી જાવા, મોરિશિયસ અને યુરોપથી ૧૯૨૧ પછી દરેક લાખ ટન મોટી કરોડની આવવા લાગી ખાંડ બનાવવાની મિલ શરૂમા બિહારમા સ્થપાઈ અને ૧૯૧૩ સુધી ફક્ત માંડ માંડ ત્રીસેક જ હતી સને ૧૯૧૪-૧૯ની લડાઈ દરમ્યાન પરદેશી ખાંડ આવતી અટકી એ વખતે આ મિલોને સારી કમાણી થઈ પણ એ અરસામા વધુ યત્રો મગાવી શકાય તેમ ન હતુ અને લડાઈ બધ પડતા પાછી જાવા મોરિશિયસની સસ્તી ખાંડ આવતા વિકાસ અટકી પડ્યો સને ૧૯૨૯ અરસામા દુનિયાભરની વ્યાપક મદી વખતે તો એ મિલોની મૂઝવણ ભરી સ્થિતિએ આવી પડી આ સમય લગી હિંદની પ્રજા જે ખાંડ વાપરતી તેનો ૬૦ ભાગ જેટલો ભાગ મિલો મળી ફક્ત દેઢ લાખ ટન જેટલુ જ ઉત્પન્ન કરતી બાકીની જાવા, મોરિશિયસ અને મદી અરસામા તો મોટેભાગે બીટરૂટની યુરોપથી હિંદમા આયાત થતી એ વખતે કારખાના ફક્ત ત્રીસ જેટલા હતા

આ સમય દરમ્યાન ખાંડ ઉપરની આયાત જકાત વધતી ગઈ હતી પાચ ટકા ઉપરથી ૧૯૨૨મા પચીસ ટકા અને ૧૯૨૫મા હડરવેટે રૂ ૪-૮-૦ થઈ

જગાની રક્ષણ—૧૯૩૦મા ખાંડના ઉદ્યોગને રક્ષણ આપવાની વાત ઉપડી સરકારે ટેરીફ બૉર્ડ નીમ્યુ આ બૉર્ડે પદર વર્ષ માટે ખાંડના ઉદ્યોગને રક્ષણ આપવાની ભલામણ કરી સરકારે એ ભલામણ સ્વી

કારી અને સને ૧૯૩૧થી બહારથી આવતી ખાંડ પર હંડ્રરવેટ રૂ. ૭-૪ જેટલી જકાત નાંખી અને તે રક્ષણાત્મક જકાત નામે ફેરવી નાંખી. આ જકાત પાછળથી ૯·૨ રૂપિયા કરી.

સોનાની નવી ખાણ હાથમાં આવે તે લેવા દરોડા પડે તે રીતે એ ઉદ્યોગ માટે દરોડા પડવા લાગ્યા. બે વર્ષમાં એકસોથી ઉપર નવી મિલો થઈ (સને ૧૯૫૦માં ૧૨૯ મિલો છે) અને ઉત્પન્ન જે દોઢ લાખ ટનનું ૧૯૨૯થી પહેલાં હતું તે ૪૩લાખ ટન સુધી પર ગયું. દુનિયાભરમાં વ્યાપેલી દરેક ચીજની મંદી વખતે પણ આ મિલોને અઢળક કમાઈ થતી.

આ વખતે શેરડીનો ભાવ ખેડૂતોને ત્રણના ત્રણ આના જેટલો જ મિલોવાળા આપતા. મજૂરોને પણ કાળી મજૂરી કરવી પડતી, માંડ પાંચેક રૂપિયા માસિક મળતા.

સરકારી આવકમાં ઘટાડો—મધ્યસ્થ સરકાર ખાંડની મિલોના આ ઝડપી વિકાસ અને નફો ભાળી ચોંકી ઊઠી. અને ૧૯૩૪માં મિલોના ઉત્પાદન પર હંડ્રરવેટ રૂ. ૧–૫ની જકાત નાંખી. સાથે ૧૯૩૪–૩૫ ના મોસમથી સંયુક્ત પ્રાંત અને બિહારમાં શેરડીના ભાવ બાંધવામાં આવ્યા. આ કારણોતે લઈને નવી મિલો ઊભી કરવાની પ્રવૃતિ ધીમી પડી. મિલોવાળાને લાગ્યુ કે હવે ઝાઝા વિકાસને અવકાશ નથી, જોકે મિલોની સંખ્યામાં માંડ ૧૫–૨૦ નો વધારો થયો હતો. છતાં ઉત્પાદન વધીને ૪૩ લાખ ટન ઉપરથી કૂદીને ૧૧ લાખ ટનનો આંકડો વટાવી ગયું. આમ થવાનું કારણ મિલોવાળાને સજ્જડ કમાણી થવાથી તેઓએ સાંચા જે ૨૫૦ ટન પીલવાના હતા તે ૫૦૦-૭૫૦૦ ટન સુધીના મગાવી ગોઠવ્યા હતા. આ રીતે સરકારે મિલો પર જકાત નાંખી. ખેડૂતોને રાહત આપવા શેરડીના ભાવ વધાર્યા. બીજી બાજુ યંત્રો મોટાં આવ્યાથી ઉત્પાદન ખૂબ વધ્યું. તેના પ્રમાણમાં માંગ ન હતી. તેથી મિલોવાળામાં માલ જલદી વેચી નાંખવાની તાલાવેલીએ ભાવો ગગડ્યા. આ વખતે ભારત—બ્રિટિશ–સરકારને પરદેશી ખાંડની આયાત જકાતથી વાર્ષિક અગિયાર કરોડ આશરેની ઉત્પન્ન હતી. જે દેશમાં ખાંડ ઉત્પન્ન થતાં કમી થવા લાગી, જેથી મિલો પર આંતરિક ઉત્પાદન ઉપરની જકાત વધારીને હંડ્રરવેટ બે રૂપિયા કરી. આ રીતે અગિયાર આનાનો હંડ્રરવેટે વધારો થયો. મિલોવાળાએ આ વખતે ઉત્પાદનના પ્રમાણમાં માંગ ન હોવાથી જથ્થાના ભરાવાને લઈ અને હરીફાઈથી લાભ જતો રહેવાના કારણે આ જકાત સામે વિરોધ કર્યો, સને ૧૯૩૭ની આખરેથી મિલો બંધ કરી હડતાલ પાડવાની સરકારને ધમકી આપી. આ ધમકીથી સંયુક્ત પ્રાંત અને બિહારની સરકાર ગભરાઈ. કારણ કે એ વખતે હજારો મણ શેરડી ખેડૂતોના ખેતરોમાં ઊભેલી હતી. ગોળની મોસમ ખલાસ થઈ હતી, એટલે મિલો બંધ થાય તો શેરડીનો પાક નકામો જાય. કાં તો ઢોરોને ખવડાવવી પડે યા તો બાળવી પડે, આ વિષમ પરિસ્થિતિને ટાળવા બન્ને પ્રાંતોની સરકારે શેરડીના ભાવ ઘટાડ્યા. અને મોસમની છેવટમાં અઢી આના મણના કરી નાંખ્યા. મિલ માલિકો જો કે જકાત ઘટાડો કરાવવામાં ફાવ્યા નહિ. પણ શેરડીના ભાવ ઘટાડવા જરૂર ફાવ્યા. મરો થયો ખેડૂતોનો.

સિંડીકેટનો કાળો ઇતિહાસ—દેશની અંદર ઉત્પાદન વધતો જતો હોવાથી ભાવો વખતોવખત તૂટતા હતા. અને મિલોવાળાને નફો કદી કદી ઘટતો હતો. તે તેમનાથી કેમ ખમાય? રક્ષણની જબરજસ્ત દીવાલનો લાભ મિલમાલિકોને ન મળે તે તેમને કેમ ગમે? પોતાનો ગંજાવર નફો જાળવી રાખવા માટે તેઓએ સને ૧૯૩૭માં સિંડીકેટ સ્થાપી. પણ આ સિંડીકેટમાં બધી જ મિલો ન જોડાઈ. તેથી સિંડીકેટ બહારની મિલો સિંડીકેટના ભાવથી સહેજ ભાવ ઓછા કરી ઝડપથી મુક્ત થઇ જવા લાગી. મોસમની આખરે જે જથ્થો રહી જતો તો બધો સિંડીકેટના ગળામાં પડવા લાગ્યો.

મગફાગનો ગાંપડેલો લાભ—આ ટાંકણે આપણા દેશમા કોંગ્રેસના પ્રાંતીય પ્રધાનમંડળો સ્થાયા આ પરિસ્થિતિનો લાભ મિલમાલિકોએ લીધા મ ુક્ત પ્રાંત અને બિહારની સરકારે 'સ્યુગર કન્ટ્રોલ એક્ટ' અમલ કર્યો અને બન્ને પ્રાંતના આવેલી મિલોને સિંડીકેટના સભ્યો ફરજીયાત બનાવવામા આ યા આ ઉત્પાદન ૧૯૩૭ ૩૮ અને ૧૯૩ –૩૯મા ઉત્પાદન ઓછુ થયુ એટલે સીંડીકેટ ભાવ ઊંચા બાંધવામા સફળ થઈ, પણ ૧૯૩—૪૦મા સરસ મોસમને લઈને ઉત્પા । બાર લાખ ટનના આંકડો વટાવી ગયુ આમ છતા પણ સિંડીકેટે પોતાની વેચાણનીતિથી ભાવ લગભગ મણે ૩ ૧૨–૮ કર્યાં. આને લઈને દેશભરમા સિંડીકેટની નીતિ સામે વિરોધનો ઊભરો જાગ્યો પણ તે એકની બે ન થઈ સંયુક્ત પ્રાંત અને બિહારની સરકારે કટાણાને સિંડીકેટને જે સરકારી મંજૂરી આપવામા આવી હતી તે પાછી લેવી લીધી આ પગલાથી સિંડીકેટના સભ્યો ગાગ્યા ભાવ ઘગડયો અને એ પ્રાંતીક સરકારને બિનરતુતી કરી. સિંડીકેટ ઉપરનો કાબૂ નરટકે મજબૂત બનાવ્યો સરકાર પોતાની ઓફિસને કાનપુર લાવી સરકાર જે ભાવ નક્કી કરે તે પ્રમાણે માત્ર વેચાણ કરવાનુ કામ જ સિંડીકેટને કરવાનુ રહ્યુ સીંડીકેટ બે ' બોર્ડ ડિરેક્ટરમા સયુક્ત પ્રાંત અને બિહારની સરકારના પ્રતિનિધિઓ નીમવામા આ યા અને તેમને ભારી સત્તા સોપવામા આવી આ ઉપરાંત સ્યુગર કમીશન બને પ્રાંતીક સરકારો તરફથી નીમવામા આ યા અ। શેરડીના ભાવ વગેરે નક્કી કરવાની સત્તા આપવામા આવી

સ । ૧૯૩૯ ૪૦ની આખરે સિંડીકેટના હાથમા ૪ લાખ ટન જેટલો માલ રહી ગયો અને તેથી મિલો નાણાના સુસ્કેલીમા આવી પડી આથી મિલોને રાહત આપવા માટે મધ્યસ્થ સરકારે આતરિક જકાતમા મણે રૂપિયો એક ઓછો ઉતરાવવાનુ કબૂલ્યુ આ બાકીની રકમ માટે બન્ને સરકારોએ બાંહેધરી આપી હતી અને પાછળથી શેરડી ઉપર ખાસ ટેક્ષ (કર) નાખીને આ રકમ વસૂલ કરી હતી

યુદ્ધકાળમાં નફો વધ્યો સિંડીકેટના હાથમાં ખૂબ માલ રહ્યો હતો એટલે ૧૯૪૦–૪૧મા અને ૧૯૪૧ ૪૨મા સયુક્ત પ્રાંતમા અને બિહારમા ઉત્પાદન ખાસ ઘગાડવામા આવ્યુ વધારામા ૧૯૪૧–૪૨ મા શેરડીના પાક ઓછો થયો, એટલે આખા દેશનુ ઉત્પાદન માંડ આઠ લાખ ટનનુ થયુ આ દરમ્યાન ૧૯૩૯ના સપ્ટેમ્બરથી બીજુ વિશ્વયુદ્ધ શરૂ થઈ ગયુ હતુ અને ૧૯૪૧ના ડીસેમ્બરમા તો જાપાને પણ યુદ્ધમા ઝપલાવી દીધુ શરૂઆતમા તો તે ઝપાટાબધ આગળ ધપી રહ્યુ

૧૯૪ ના માર્ચ મા તો જાવા—જ્ય ખાંડનુ ઉત્પાદન ઘણું મોટુ છે તે—જાપાનની એડી નીચે આવી ગયુ દેશના પણ ફુગાવાના ચિહ્ન શરૂ થયા હતા અને તેને લઈને સ ો પતન જોર પકડતો હતો આ બધા કારણોને લઈને ભાવ વધીને ૧૪ જેટલો ૧૯૪૨ના એપ્રીલમા થઈ ગયો દેશમા વળી પાછો ઉહાપોહ જાગ્યો સરકારે પણ આ પરિસ્થિતિ પાલવે એમ ન હતુ એટલે ખાંડને મધ્યસ્થ સરકારના અંકુશ તળે લાવવામા આવી

સટ્ટાખોરી સપડાયેલી ખાંડ—ખાંડના ભાવમા જે વધારો થયો તેમા સટ્ટાનુ જોર વધ્યુ તેને અટકાવવા મધ્યસ્થ સરકારે ૧૯૪૨ના એપ્રીલની ૧૪મી તારીખે ખાંડ ઉપર અંકુશ (કન્ટ્રોલ) જાહેર કર્યો આથી ભાવ વધતા અટકી ગયા અને સટ્ટો બંધ થયો શરૂઆતમા અંકુશના નિયમોમા કેટલીક ખામીઓ રહી ગયેલી મિલમાલિકો અને વેપારીઓએ આ ખામીઓનો લાભ લીધો પણ વખત જતા આ ખામીઓ બંધ કરવામા આવી અને દેશભરમા વહેંચણી સંતોષકારક નીવડી

૧૯૪૧–૪૨ની મોસમ પૂરી થઈ એટલે શેરડી ઉગાડનારા તથા મિલ માલિકો તરફથી ભાવ વધારવાની માગણી થઈ તે વખતના ખાંડના નિયામકે આ માગણી સ્વીકારી નહિ થોડા વખત પછી નિયા

મક જ્યારે દક્ષિણના પ્રવાસે ગયા. તે અરસામાં મિલ માલીકો વેપાર ખાતાના પ્રધાનને મળ્યા અને ખાંડનો ભાવ મણે રૂ. ૨–૫ વધારવામાં સફળ નીવડ્યા. ત્યાર પછી અંકુશના સમય દરમિયાન ખાંડની મોસમ પૂરી થાય ત્યારે ભાવ વધારવાની વાત ઉપડતી. અંકુશ દરમ્યાન ખાંડના ભાવમાં મણે લગભગ કુલ નવ રૂપિયાનો વધારો થયો અને શેરડીના ભાવ મણે ૧૦ આનાથી વધીને સવા રૂપિયો થયો.

૧૯૪૧–૪૨માં ઉત્પાદન આઠ લાખનું હતું તે વધીને ૧૯૪૩–૪૪માં બાર લાખ ટનનો આંકડો વટાવી ગયું. ત્યારપછી ઉત્પાદન ઘટવા લાગ્યું અને ૧૯૪૬–૪૭માં એટલે અંકુશના છેલ્લા વર્ષમાં ઘટીને નવ લાખ ટન જ થયું. અંકુશને અંગે જ ઉત્પાદન ઘટે છે અને ખાંડનો કાળો બજાર અટકાવવો હોય તો અંકુશ ઉઠાવી લેવો જોઇએ. એવો પ્રચાર શરૂ થયો.

યુદ્ધ દરમ્યાન અંકુશો અનેક ઉદ્ભવ્યા હતા. અને તેમાંથી લાંચરૂશ્વતનો મહારોગ પ્રસર્યો હતો. અને દેશભરમાં ખૂબ જ નૈતિક અધઃપતન જણાતું હતું. આ વસ્તુ ગાંધીજીને ખૂબ અકળાવતી હતી. તેઓશ્રીએ અંકુશ સામે જેહાદ જગાવી.

અંકુશ ઊઠ્યા પછીની સ્થિતિ—ખાંડનો અંકુશ ૧૯૪૭ના ડિસેમ્બરની સાતમી તારીખે ઉઠાવી લેવાયો. અંકુશ ઉઠાવી લેતી વખતે ભાવ મણે રૂ. ૨૦–૧૪ હતો. તે વધારીને ૩૫–૭ કરી દેવામાં આવ્યો શેરડીનો ભાવ પણ મણે બે રૂપિયા અને મજૂરોનો પગાર માસિક રૂ. ૪૫ કરી દેવામાં આવ્યો. ભાવમાં આવો જબ્બર વધારો કરવામાં આવ્યો ત્યારે પણ દેશભરમાં આંદોલન જાગ્યું હતું, પણ તે વખતે કાંઇ વળ્યું નહિ. પ્રજાને ખાંડની અતિશય કિંમત આપવી પડી. અને ખાંડની મિલોના માલિકોના ગજવા તર થયાં.

ઉત્પાદન ૧૯૪૭–૪૮માં ૧૧ લાખ ટન કરતાં થોડુંક ઓછું થયું. પણ ભાવ ખૂબ ઊંચા હોવાથી વપરાશ ઘટી અને આશરે બે લાખ ટન પડી રહી.

૧૯૪૮માં ટેરીફ બોર્ડે ખાંડના ઉદ્યોગની તપાસ કરી અને આવતા બે વર્ષમાં ભાવ ઘટાડવાની સૂચના કરી. આ વસ્તુ ધ્યાનમાં લઇને ૧૯૪૮–૪૯માં ભાવ મણે ૨૮–૮ બાંધવામાં આવ્યો. અને સિંડીકેટે એ ભાવે વેચવાનું માથે લીધુ. આ ભાવ નક્કી કર્યો તેમાં મણે એક રૂપિયો આગલી મોસમની પડી રહી હતી તેના વળતર પેટે ચડાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત સિંડીકેટે મણે ચાર આના ભાવમાં ઉમેર્યા. ખાંડની નિકાસ કરવામાં જે ખોટ જાય તેને પેટે આ વધારો કરવામાં આવ્યો હતો. આ પ્રમાણે સિંડીકેટ પ્રાંતિક સરકારોની મદદ વડે પોતાને મનમાનતા ભાવ લઇ શકી.

સને ૧૯૪૯માં ઉત્પાદન ૧૯૪૮ કરતાં ઓછું થયું. એ સાલનુ દશલાખ બાવીસ હજાર ટન જેટલું હતું. આ ઉપરાંત ભાવમાં મણે લગભગ રૂ. ચારનો ઘટાડો થવાથી માંગ પણ કંઇક સુધરી, વધારામાં સિંડીકેટે પોતાની કોટા પદ્ધતિ અને વેચાણનીતિ વડે ખાંડના મુખ્ય બજારોમાં ખાંડની ખેંચ ઊભી કરી. જુન મહિનાથી ભાવ આગળ વધવા લાગ્યા. શરૂઆતમાં તો વાહન–વ્યવહારને માથે દોષ ઢોળવામાં આવ્યો. પણ ત્યારે રેલવેએ બહાર પાડ્યું કે મિલો વાળાને વેગનો આપવામાં આવે છે. છતાં માલ ભરતા નથી. ત્યારે ઉપર જણાવેલી દલીલ વજૂદ વગરની હતી. એ વાત સૌને સમજાઇ ગઇ.

આ ટાંકણે જ સિંન્ડીકેટ તરફથી ખાંડની નિકાસની વાતો શરૂ થઇ. હિંદના ભાવ પરદેશી ખાંડના કરતાં લગભગ બમણા હતા. એટલે નિકાસનો સંભવ જ ન હતો. પણ આવી અફવા ફેલાવીને બજારને તેઓ ચમકાવી શક્યા. વેપારીઓ કહેવા માંડે કે મિલોવાળા પાઘડી માગે છે. મિલોવાળા કહેવા માંડે કે

વેપારીનો મમહ કરે છે એમ એકમીજ પર દોષારોપણ કરે. જ્યારે ભાર મણે ચારથી પાંચ રૂપિયા વધી ગયા એ સ્પષ્ટ હતુ.

આ પરિસ્થિતિએ દેશભરમા ગેર પ્રગટ્યો, તેથી મધ્યસ્થ સરકારે મિલોના હાથમા રહેલો બધો જ માલ નિયત કરેલા ભાવે ખરીદી લીધો, આનુ પરિણામની ખાડ નિકાસ નહિ થાય એવું જાહેર કર્યું. પ્રાંતિક સરકારોને ખાડની વહેંચણીની બાબતમા યોગ્ય પગલા લેવાની સૂચના આપી. એ સૂચના અનુસાર ઘણાખરા પ્રાંતોમા જથ્થો સ્થગિત કરી દેવામા આવ્યો

આખરે ખાડ ઉદ્યોગ પરનો ટેરીફ બોર્ડનો અહેવાલ પ્રગટ થયો કે ખાડના ઉદ્યોગપતિઓએ જનતાના વિશ્વાસને અને સરકારના રક્ષણને દગો આપેલો છે. એમ સાબિત થયુ.

ટેરીફ બોર્ડે ખાડની સિંડીકેટ પર સંધો આરોપ કર્યો છે કે તેણે ઉદ્યોગની કાર્યક્ષમતામા વધારો કરવા માટે કંઇ પણ પગલા લીધા નથી તેમ જ શેરડી અને ખાડના સંશોધન માટે પણ કશુ કર્યું નથી આ ઉદ્યોગમા રક્ષણને લીધે જે ઇજારા પદ્ધતિ છે તેના આ સિન્ડીકેટે અને તેના સભ્યો સભ્યોએ તેમના સ્વાર્થ અને અર્થહેતુ હતુઓને પાર પાડવા માટે જ ઉપયોગ કર્યો છે જેના ઉપર તેમના સમગ્ર ઉદ્યોગનો આધાર છે, તેવા આમ વર્ગની તેમણે કદી પણ દરકાર કરી નથી

છેલ્લા ૧૮ વર્ષથી આ ઉદ્યોગને જે રક્ષણ આપવામા આવ્યુ છે અને પરિણામે તેની પાસેથી જે અપેક્ષા રાખવામા આવતી હતી તેમા ઉદ્યોગ તેમ જ ઉદ્યોગપતિઓ સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે.

ખાડ ઉદ્યોગને અપાતું રક્ષણ ૩૧ માર્ચ ૧૯૫૦થી બંધ પાડી અને તેને રૂ. ૬–૦–૦ એક મણ પર અપાતી રક્ષણાત્મક જકાત હવે મહેસુલ જકાત તરીકે ગણાશે.

આ રીતે અઢાર વર્ષ જેટલા લાંબા સમય સુધી ઉદ્યોગપતિ રૂપી લૂંટારુ ટોળકીએ આમ જનતાના ખીસામાથી કરોડોનો લાભ ઉઠાવ્યો

હિંદમાં સાકરની આયત નિકાસ રૂપિયામાં

ઈ સ	નિકાસ	આયાત.	ઈ. સ	નિકાસ	આયાત.
૧૯૩૫–૩૬	૬૫૩૦૦૦	૧૭૪૬૦૦૦	૧૯૪૦–૪૧	૨૭૨૦૦૦	૨૬૧૦૦૦
૧૯૩૬–૩૭	૪૪૯૫૦૦૦	૧૯૭૧૦૦૦	૧૯૪૧–૪૨	૭૧૭૮૦૦૦	૧૦૭૫૫૦૦૦
૧૯૩૭–૩૮	૬૯૭૩૦૦૦	૧૮૬૦૦૦૦	૧૯૪૨–૪૩	૧૦૬૯૭૦૦૦	૧૦૮૭૦૦૦
૧૯૩૮–૩૯					
૧૯૩૯–૪૦					

ભારતમા ખાડ ઉત્પન્ન કરનાર કારખાના ૧૯૪૦મા ૧૯૭ હતા પણ ૧૯૫૦મા ૧૨૯ રહ્યા છે મોટા કારખાનાવાળાની હરીફાઇમા નાના કારખાના તૂટી પડ્યા હશે ? નાના એકમીજમા ભળી ગયા હશે ?

ખાડના કારખાનાઓની ઉત્પાદન શક્તિ અત્યારના ૧૨૯ કારખાનાઓની વાર્ષિક ચૌદ લાખ ટનની છે. પણ દેશના ખપતની દષ્ટિએ એ કારખાનાઓ અત્યારે વધુમા વધુ ઉત્પન્ન દશ લાખથી વધુ કવચિત્ જ કરે છે આ નીચે મળી શકયા આંકડા દર્શાવું છુ.

૧૯૩૯–૪૦મા આશરે ૧૧ લાખટન, ૧૯૪૭મા આશરે ૯૨૫૦૦૦ ટન, ૧૯૪૮મા આશરે દશ લાખ ટન.

ખાંડસરી (લીસી ખાંડ) જે ગોળમાંથી હસ્તક્રિયાથી બને છે, તેનું ઉત્પાદન સને ૧૯૩૯–૪૦માં અઢી લાખ ટન આશરે હતું.

ભારતમાં છેલ્લા વર્ષોમાં ખાંડના ભાવમાં ૩૦૦ ટકાનો વધારો થયો છે. જે નીચેના આંકડાઓ પરથી જણાશે.

સને	રૂ. આ. પા.	સને	રૂ. આ. પા.	સને	રૂ. આ. પા.
૧૯૩૮	૮–૮–૦	૧૯૪૨	૧૩–૦–૦	૧૯૪૬	૧૬–૪–૦
૧૯૩૯	૧૦-૧૨-૦	૧૯૪૩	૧૪–૮–૦	૧૯૪૭	૨૦-૧૪-૦
૧૯૪૦	૧૦–૮–૦	૧૯૪૪	૧૬–૦–૦	૧૯૪૮	૩૫–૭–૦
૧૯૪૧	૧૧–૦–૦	૧૯૪૫	૧૬–૪–૦	૧૯૪૯	૨૮-૧૨-૦
				૧૯૫૦	૨૮–૮–૦

ભારતમાં કારખાનાની ખાંડના આંક

રક્ષણ પહેલાં ૧૦૦ લડાઇ દરમ્યાન ૫૮૯ સને ૧૯૫૦ માં ૬૫૯

ભારતમાં ગોળની પેદાશ ૧૦૦૦ ટનમાં

૧૯૩૦–૩૧	૩૩૫૯	૧૯૩૧–૩૨	૪૧૧૬	૧૯૩૩–૩૪	૫૦૫૫,
૧૯૩૪–૩૫	૫૨૯૨	૧૯૩૫–૩૬	૬૧૦૨	૧૯૩૬–૩૭	૬૯૩૨,
૧૯૩૭–૩૮	૫૪૭૬	૧૯૩૮–૩૯	૪૨૭૫		

ભારતમાં ગોળની પેદાશ સને ૧૯૨૪–૨૫ થી ૧૯૩૪–૩૫ સુધીમાં ટન ૨૭૬૨૦૦૦, ૩૩૨૮૦૦૦, ૩૯૭૧૦૦૦, ૪૭૭૬૦૦૦, ૪૮૯૬૦૦૦ ની હતી.

ભારતમાં પહેલી લડાઇથી પહેલાં ખાંડ જાવા વગેરે પરદેશોમાંથી લગભગ બાર લાખ ટન, આશરે રૂપિયા સોળ કરોડની આયાત થતી હતી.

જાવામાં ખાંડ એક એકરે પાંચ ટન થાય છે. જ્યારે ભારતના ખેડુત દેશી ઓજારો એ. અને સેન્દ્રિય ખાતરથી એક ટન ઉતારી શકે છે.

ભારતમા ખાંડનો કારખાના ઉદ્યોગ ખાસ કરી ઉત્તરના પ્રાંતો, સંયુક્ત પ્રાંતો, બિહારમાં કેંદ્રિત થયેલો છે. ભારતના એંશી ટકા જેટલો પાક ત્યાં થાય છે.

ભારતમાં શેરડીનો જથ્થો સોળ ટકા ખાંડ બનાવવા અને ૭૦ ગોળ બનાવવા વપરાય છે. બાકી ચૂસવા અને રસ પીવા વપરાય છે.

દુનિયામાં શેરડીનો પાક ૧૭½ કરોડ ક્વીન્ટલનો થાય છે જેમાં ભારત ચાર કરોડ જેટલી પેદા કરે છે.

ભારતમાં વાર્ષિક ખાંડનું ઉત્પન્ન ૬૦ કરોડ રૂપિયાનું છે. ગોળની પેદાશ આંકડા મળ્યા નથી. પણ પ્રમાણ તેનું પણ મોટું છે.

ખાંડના પાકની દૃષ્ટિથી બે મુખ્ય ભાગ પડી જાય છે

(૧) ઉપલો હિંદ તથા દીપકલ્પ (૨) ઉષ્ણુ કટિબંધની અંદર તથા આગળો તેની બહારનો.

દક્ષિણ સિવાય હિંદમા ઉગાડવામા આવતી શેરડી કોઇમ્બતુરની ગામઠી શેરડી હોય છે.

ભારતમા બ્રિટીશ સરકારના વખતમા ઈંગ્લેન્ડના કારખાનાઓને ઉત્તેજન દેવા અર્થે ભારતના કારખાનાવાળાઓને શેરડીના કૂચામાંથી આલ્કોહોલ બનાવવાનો અટકાવ હતો. રાષ્ટ્રીય સરકારે છૂટ ગેલ્યાથી ૧૯૪૯ મા ૪૧ લાખ અને ૧૯૫૦ મા ૪૬ લાખ ગેલન બન્યુ હતુ.

ઉપરોક્ત ખાંડ કારખાના—સ્યુગર મિલ્સ—ના છેલ્ના વર્ષોનું ઉત્પન્ન અને હાથમાં રહેલો જથ્થો નીચે પ્રમાણે હતો

સને ૧૯૪૯ના નવેમ્બર તારીખ પહેલીએ જથ્થો મણ ૨૬૦૭૮૭૦૦ હતો, જેમાથી ૧૬૦૩૭૦૦૦ બહાર મોકલવામા આવી હતી

સને ૧૯૫૦ના જુનની પંદરમીએ પૂરા થતા પખવાડિયા દરમ્યાન જથ્થો નીચે પ્રમાણે હતો.—

(૧) પખવાડિયાની શરૂઆતમા પુરાંત જથ્થો ૧૧૯૫૮૦૦૦ મણ.

(૨) પખવાડિયા દરમ્યાન ઉત્પાદન ૧૬૦૦૦ મણ.

(૩) પખવાડિયા દરમ્યાન કારખાનામાથી બહાર ગયેલો માલ ૧૦૮૬૦૦૦ મણ.

(૪) પખવાડિયાને અંતે સિલક ૧૦૮૮૯૦૦૦ મણ.

હિંદમા બ્રિટિશ સરકારના વખતમા, એ સરકારના બીજા તાબાના દેશોની યુરોપિયન કંપનીઓને રક્ષણ આપવાના ઉદ્દેશથી શેરડીના કૂચામાંથી આલ્કોહોલ અને સ્પિરિટ બનાવવાનો અટકાવ હતો તેથી પરદેશી સાકર સામે હિંદની સાકર પોસાઈ શકતી ન હતી હવે રાષ્ટ્રીય સરકારે એ પ્રતિબંધ દૂર કર્યો છે, તેથી સાકર સસ્તી પડશે. બીજી બાજુ પરદેશી આલ્કોહોલ સ્પીરિટ બહારથી આવતા બંધ થઈ દેશનું ધન પરદેશ જતુ અટકશે

ઈક્ષુ શર્કરા. શેરડીની સાકર. Cane sucrose.

Cane sugar. Sucrede canne ૧૦૦૦ ક્વીન્ટલમાં

સને / દેશ	૧૯૩૦–૩૧	૩૧–૩૨	૩૨–૩૩	૩૩–૩૪	૩૪–૩૫	૩૫–૩૬	૩૬–૩૭	૩૭–૩૮	૩૮–૩૯	૩૯–૪૦
આફ્રિકા	૮૫૮૦	૭૫૪૦	૯૩૩૦	૯૭૦૦	૮૪૦૦	૧૦૬૦૦	૧૧૦૦	૧૧૮૦૦	૧૨૪૦૦	૧૧૩૦૦
અંગોલા	૧૪૩	૧૭૫	૧૮૬	૨૪૬	૨૭૯	૨૫૨	૨૯૩	૩૩૧	૩૮૨	
કોંગો	૨૧	૩૫	૬૪	૭	૭૪	૮૨	૯૭	૧૩૩	૧૪૨	
ઇજીપ્ત	૧૨૧૮	૧૪૭૮	૧૭૦૩	૧૫૪૫	૧૩૬૫	૧૩૧૬	૧૩૮૧	૧૬૦૨	૧૬૨૧	૧૫૯૮
કેનિયા	૯૩	૫૪	૫૪	૫૮	૮૭	૧૩૦	૧૬૦	૧૬૧		
માડાગાસ્કર.	૫૭	૬૮	૭૮	૮૩	૮૬	૧૨૩	૧૧૦	૧૦૮	૧૨૦	
મોરીશીયસ	૨૨૧૦	૧૬૪૦	૨૪૭૨	૨૬૧૫	૧૭૮૯	૨૮૦	૩૦૦૩	૩૧૩૮	૩૨૧૩	૨૨૯૫
મોઝાંબીક	૭૪૫	૬૭૧	૯૩૧	૬૮૬	૮૪૫	૧૧૫૨	૧૧૫૧			
રેયુનિયન	૫૦૪	૪૦૯	૫૪૩	૭૭૪	૬૩૬	૯૧૧	૮૩૮	૭૬૯	૮૫૭	૭૩૬
સોમાલીલેન્ડ	૩૪	૩૫	૪૫							
દક્ષીણ આ. યુ.	૩૫૬૭	૨૯૫૭	૩૨૧૬	૩૫૪૯	૩૨૫૪	૩૭૮૬	૪૦૫૦	૪૬૦૧	૪૭૪૨	૪૭૪૫
ઉ. અમેરિકા	૧૭૭૮	૧૫૫૧	૨૨૨૩	૨૧૧૪	૨૨૫૯	૩૨૪૮	૩૭૧૦	૩૯૧૭	૪૯૪૩	૪૩૦૦
યુ. એસએન. મધ્ય અમેરિકા	૪૬૩૦૦	૪૪૫૦૦	૩૭૨૦૦	૪૨૫૦૦	૪૨૧૦૦	૪૬૬૦૦	૫૧૪૦૦	૫૨૮૦૦	૪૮૬૦૦	૫૦૦૦૦
Caribbean	*	*	.					.		
વેસ્ટઇન્ડીઝ	૧૯૮૬	૨૦૯૬	૨૩૩૧	૨૪૪૫	૨૧૭૬	૨૮૫૧	૩૧૬૭	૨૯૫૦	૩૪૯૫	૨૭૦૬
ક્યુબા	૨૯૭૦૦	૨૬૯૦૦	૧૯૩૫	૨૨૧૦૦	૨૪૬૦૦	૨૭૭૭૦	૨૮૮૩૦	૨૮૮૯૦	૨૬૪૦૦	૨૬૭૩૦
ડોમીનરેટ્યુ	૩૩૪૦	૪૦૫૦	૩૪૧૦	૩૬૨૦	૪૦૨૦	૪૨૬૦	૪૨૭૯	૩૯૭૦	૪૦૮૮	૪૨૦૦
ગુઅડેલારિપ	૨૮૯	૩૭૦	૪૬૦	૪૧૮	૩૦૦	૪૦૦	૪૬૫	૫૮૯	૫૮૦	૬૦૦
ગુએટમાલ	૪૧૨	૩૪૩								
હૈયટી	૧૯	૨૧૩	૩૧૦	૩૦૦	૩૨૫	૩૪૫	૩૨૫	૩૫૦	૩૪૦	૩૬૦
હોન્ડુરસ	૫૩	૩૭	૨૪૮	૨૨૫	૩૨૭	૩૭૯	૩૬૫	૪૦૮	૪૧૮	૪૫૦
વીરજીન ટાપુઓ	૧૮	૩૭	...							
મારટીન ક્યુ.	૪૦૩	૪૩૨	૫૧૧	૫૦૭	૪૭૧	૪૯૯	૫૧૨	૫૧૫	૬૫૦	૬૦૦
મેક્ષીકો	૨૬૩૦	૨૨૨૫	૧૮૮૮	૧૮૮૦	૨૭૦૫	૩૧૨૩	૨૮૨૦	૩૦૩૩	૩૫૨૫	૩૧૦૦
નીકારાગુઆ										
પુઅર ટોરીકો	૬૬૭૦	૮૫૨૦	૭૦૧૦	૯૪૭૦	૬૬૩૦	૭૯૫૦	૮૫૫૦	૯૨૪૦	૭૩૧૦	૯૨૪૦
સાલ્વેડોર	૨૧૩	૧૩૯	૨૨૪	૨૦૦	૧૯૧	૨૬૮	૩૦૧	૩૧૮	૨૮૮	
ટ્રીનીદાદ અને ટોબેગો	૧૦૦૨	૯૯૨	૧૨૨૭	૧૦૭૦	૧૧૯૭	૧૫૭૧	૧૫૬૮	૧૩૫૮	૧૩૦૫	૧૩૦૦
દક્ષિણ અમેરિકા	૨૦૩૪૦	૧૯૬૯૦	૨૦૬૦૦	૨૦૨૦૦	૧૭૬૦	૨૧૦૦૦	૨૦૪૦૦	૧૯૮૦૦	૨૨૩૦૦	૨૪૦૦૦
આરજેન્ટાઇન	૩૭૭૩	૩૪૬૭	૩૬૪૧	૩૧૫૭	૩૪૨૫	૩૮૫૪	૪૩૩૫	૩૬૯૫	૪૬૪૬	૫૧૯૦
બ્રાઝીલ	૧૦૫૦૨	૯૮૧૬	૧૦૨૮૫	૧૦૮૪૬	૧૧૫૫૦	૧૦૧૯૨	૯૪૯૦	૯૫૫૫	૧૧૦૦૦	૧૧૯૦૦
કોલમ્બીયા	૨૧૦	૨૬૦	૪૦૦	૩૭૩	૩૬૪	૩૨૭	૩૧૨	૪૨૧	૪૧૦	૪૧૦
ઈક્વેડોર	૨૧૧	૨૪૭	૧૪૫	૧૭૩	૧૯૭	૧૮૮	૨૭૯	૧૭૧	૨૧૯	૨૦૦
ગ્યાના	૧૨૮૨	૧૫૧૦	૧૪૪૨	૧૩૪૪	૧૮૦૯	૧૯૯૧	૧૮૯૯	૧૯૯૭	૧૯૨૩	૧૯૫૦
પારાગુઆ	૭૬	૮૩	૭૭	૫૯	૩૩			૬૨	૭૬	
પેરૂ	૩૮૯૯	૩૮૭૯	૪૩૨૪	૩૯૦૦	૩૯૮૯	૪૦૯૫	૩૮૯૭	૩૫૬૦	૩૬૮૦	૩૯૪૦
સુરીનમ	૧૮૪	૨૨૩	૨૪૬	૧૬૫	૧૮૦	૧૬૩	૧૮૩	૧૫૬	૧૨૨	૧૬૧

વેનેઝુલા	૨૦૮	૨૦૫	૨૩૭	૨૦૩	૧૮૯	૨૨૫	૨૦૯	૨૨૫	૨૪૫	૨૪૦
એન્ટિલા	૬૪૪૦૦	૭૦૮૦૦	૬૨૦૦	[illegible]૭૬૦૦	૫૮૭૦૦	૬૦૮૦૦	૬૧૭૦૦	૬૩૬૦૦	૬૬૨૦૦	૬૫૯૦૦
ફોર્મોસા	૭૯૭૩	૯૮૯૦	૬૩૩૭	૬૪૭૦	૯૧૫૭	૯૦૨૧	૧૦૦૧૮	૯૯૦૨	૧૫૨૭૩	૧૨૦૩૯
હિંદ	૧૯૩૦૦	૨૪૨૦૦	૨૮૫૦૦	૨૯૮૦૦	૩૧૩૦૦	૩૬૦૦૦	૩૯૫ ૦	૩૨૯૦૦	૨૫૦૦૦	૨૭૭ ૦
નેધરલેન્ડ ઇન્ડીઝ જાવા	૨૭૭૭૪	૨૫૬૦૨	૧૩૭૨૬	૬૩૧૧	૫૦૯૬	૫૭૪૭	૧૩૭૯૯	૧૩૭૫૫	૧૫૬૦૦	૧૫૫૦
ઇન્ડોચાઇના	૩૯૦	૩૮૦	૪૦૧	૩૫૩	૩૯૯	૪૧૦	૪૧૫	૪૨૭	...	..
જાપાન	૭૦૦	૧૦૦૪	૭૨૪	૭૦૭	૧૦૨૩	૯૬૦	૧૦૮૧	૧૦૫૨	૧૪૬૮	૧૩૮૩
શીતોપાધન	૭૯૧૭	૯૮૦૦	૧૧૨૮૦	૧૩૯૧૪	૬૨૨૯	૮૬૪૪	૯૮૬૧	૯૨૮૩	...	..
યુરોપ	૧ ૯	૧૦૬	૭૫	૧૫૭	૧૮૪	૧૯૮	૧૬૦	૧૦૫	૧૩૫	૧૩૫
ઓશનીયા	૧૪૮૩૦	૧૫૯૦૦	૫૭૧૦	૧૬૦૮૦	૧૬૩૫૦	૧૬૯૦૦	૧૭૪૦૦	૧૭૮૦૦	૧૮૦૦૦	૧૮૬૦૦
ઑસ્ટ્રેલિયા	૫૧૧૬	૫૭૦૬	૫૦૮	૬૩૬૨	૬૧૧૮	૬૧૭૫	૭૪૭૧	૭૭૩૯	૭૮૬૧	૮૬૦૦
હવાઈ	૮૭૯૦	૮૯૫	૯૦૩૦	૮૧૫૮	૮૩૬૭	૮૮૩૭	૮૦૦૭	૭૮૮૧	૮૨૧૦	૮૦૭૨
ફીજી ટાપુ	૯૩૬	૭૬૮	૧૧૫૭	૧૦૦૭	૧૧૮૨	૧૪૩૧	૧૩૧૮	૧૩૩૪	૧૨૦૪	૧૨૦૧
Isunderjap mand	૩૮૬	૪૧૭	૪૩૮	૪૫૦	૬૮૧	૪૯૧	૫૭૭	૭૪૫		
	૧૫૬૪૦૦	૧૬૦૨૦૦	૧૪૬૨૦૦	૧૪૮૩૦૦	૧૪૫૭૦૦	૧૫૦૪૦૦	૧૭૮૪૦૦	૧૭૨૬૦૦	૧૭૩૦૦	૧૭૪૨૦૦
ભાવ સોનાના ફાકમા કવીટલ પર	૧૬ ૯૨	૧૫ ૨૭	૧૦.૬૨	૧૦.૯૪	૧૦ ૯૬	૧૫.૭૮	૧૮.૩૦	૧૭ ૧૬	૧૩.૭૦	૧૩.૧૯
ન્યુયોર્ક ક્યુબા	૧૪.૫૧	૧૩.૧૪	૯ ૪૮	૮.૭૭	૧૨.૬૩	૧૪.૯૬	૧૯ ૭૧	૧૫.૫૨	૧૩.૩૬	૧૨.૦૮
૯૬ /. ડ્યુટમ	૧૪.૦૯	૧૧.૨૮	૮.૭૫	૮.૮૦	૬.૮૧	૬.૨૪	૬.૪.	૭.૯૭	૭.૦૫	૧૨.૭૬
જગાત વગર	૧૧.૮૬	૮.૯૯	૮.૫૭	૮.૫૭	૭.૯૪	૫.૮૧	૭.૧૩	૮.૦૭	૬.૮૦	૨૧.૪૩
Moy xll	(૧)									

Prague ' cc r. d. * આડસે

૧ ફુનાઇટેડ સ્ટેટ્મ Original data reduced by 68 /'૨ Antigua, Barbados, Jamaica, Montserrat, st yucia st kitts st. vinccnt 3 Asia આમા ચીનનો સમાવેશ નથી 4 હિંદ estimated refined sugar yield of crops (100 units of 'gur' units of rlbined sugar)

બીટ શર્કરા. Beet suerose. Beet Sugar

બીટરૂટની સાકર, શેરડીની સાકરની હરીફતો તાજેતરમા સને ૧૯૧૪–૧૮ની લડાઇના અરસામાં જ થઇ છે.

બીટરૂટ યુરોપના દરિયા કિનારે જગલી રીતે ઊગે છે તેની રાધીને ખાવાની જાણ તો ઈ. સ પૂર્વેથી યુરોપવાસીઓને થઇ હતી પણ તેમાથી સાકર મળી શકે તેની માહિતી તો, યુરોપવાસીઓ વિજ્ઞાનમા અલેસ્યા એ વખતે ૧૫૦૦ અરસામા થઇ સને ૧૭૪૭ મા જર્મન શોધકે દરિયા કિનારાના મૂળ વતની Betr maritima var rapa vulgaris ના બાડીગોમા વાવેતર કરાવી, કત્રમ કૃતિઓથી તેની જાતો સુધારી, તેમાથી હસ્તક્રિયાથી આપણી ખાડમરીની જેવી મેળવવા શોધ કરી. ત્યાથી ફ્રાન્સને માહિતી મળતા ત્યાની સરકારે પણ ચાલુ કર્યું. પણ બ્રિટિશ સરકારની જેશિયાની અદર ધ યુરોપિયન કપનિઓ ત્યાના કંગાળ મજૂરોને ઓછી મજૂરી આપી શેરડીની સાકર બેહદ બનાવી સસ્તે ભાવે વેચતી હતી.

તેથી બીટની સાકર તેના સામે ટકી શકતી ન હતી. સને ૧૮૦૦નાં અરસામાં ફ્રાંસના એક પ્રજાજન નેપોલિયન બોનાપાર્ટને યુરોપના બ્રિટિશ, જર્મની. જેવા સામ્રાજ્યો બીજા દેશોનું શોષણ કરી, આગળ વધતા જોઇ તેઓનાં જોશ ઓછા કરવાની તમન્ના જાગી. અને પોતાના પરાક્રમથી ફ્રાંસમાં ઊંચી પાયરીએ પહોંચી એ સામ્રાજ્યો સાથે યુદ્ધ આરંભ્યું. આ વખતે બ્રિટીશ તાબાના દેશોમાંથી સાકર આવતી અટકતાં ફ્રાંસે બીટનાં વાવેતર વધાર્યાં. અને તેમાંથી સાકર બનાવી કામ ચલાવ્યું. થોડે વખતે નેપોલિયનની તો હાર થઈ પણ ફ્રાંસની પ્રજાએ બ્રિટિશ માલનો તો બહિષ્કાર કર્યો. અને પોતે શેરડીની સાકર વગર નભાવી શકશે તે બતાવવા ઠઠ્ઠાચિત્ર (કારટૂન) છપાવી દુશ્મન દેશોમાં વહેંચ્યા. આ કારટૂનોમાં:—

૧. પોતાની કોફીના પ્યાલામાં સ્યુગર બીટ મૂળ મૂકી બ્રિટિશોને નીચેનાં શબ્દો લખ્યા:

પીઓ બચ્ચા પીઓ. આ કોફીમાં તમારી સાકર કરતાં વધારે મીઠાશ છે.

૨. રોમના રાજાના નાના પુત્રને સામે બીટરૂટ ઠઠ્ઠાચિત્રમા લખ્યું:— .

Suck dear suck, your father says its sugar

નેપોલિયનની હાર થઇ, પણ ફ્રાંસની પ્રજાએ નવી સરકાર રચી થોડો વખત લડાઈ ચાલુ રાખી હતી. દુશ્મન રાજ્યોનાં માલનો બહિષ્કાર કર્યો હતો, તેથી થોડે વખતે સુલેહના કોલકરારો બધાઓને કરવા પડ્યા. એ કરારમાં ફ્રાંસે એક એ શરત કરાવી કે, કોઇ પણ સામ્રાજ્યે બીટનાં વાવેતર કરાવી સાકર ન બનાવવી. આ કરાર ઘણાં વર્ષ ચાલ્યો. પણ સને ૧૯૦૩ માં સમજુતિથી રદ કરવામાં આવ્યો. છતાં બીટ સાકર છેક સને ૧૯૧૪ ની લડાઇ શરૂ થઇ ત્યા સુધી શેરડી સામે હરીફ બની ન હતી. પછી લડાઇ અરસામાં એશિયા અને અમેરિકાના દેશોમાંથી યુરોપ આવતી સ્ટીમરોને આવતાં જોખમ થવાથી બીટની સાકર પર નજર ગઇ. અને યુરોપના ઘણાં દેશોએ તેનો ઉદ્યોગ વધાર્યો. ત્યારથી તેનો ઉદ્યોગ આગળ વધી રહ્યો છે. લડાઇ વખતે તેનો ઉદ્યોગ જર્મની, ઓસ્ટ્રિયા, હંગેરી, રશિયા, અને ફ્રાંસમાં ખૂબ વધ્યો હતો. તે વખતે તો તેનું ઉત્પન્ન દુનિયામાં ૮૦ ટકા જેટલું હતું. ૨૦ ટકામાં જ શેરડીની સાકર હતી, પણ તે પછી વખતે વખતે સરખા પ્રમાણથી કે કદી કદી થોડા ઓછાવત્તા પ્રમાણથી ઉત્પન્ન થાય છે. સને ૧૯૨૦–૨૧ માં આશરે દુનિયાનું ઉત્પન્ન ૯૨,૯૪,૦૦૦ ટનનું હતું. જ્યારે ૧૯૦૯–૧૩ ની સરેરાસ ૮૨,૯૭,૦૦૦ ની હતી. સને ૧૯૩૫ માં જર્મનીમાં ત્રીશ લાખ ટન થઈ હતી. એ લડાઇથી પહેલાં જર્મનીમાં પેદાશ ૨૦,૩૪,૦૦૦ ટનની હતી. સાકર બક્ષનાર બીટનું વાવેતર સમશીતોષ્ણ પ્રદેશમાં સારી રીતે થઇ શકે. ઉષ્ણ કટિબંધનાં દેશોમાં ઊગી શકે છે, પણ તેમાંથી સાકરનું પ્રમાણ વધુ મળતું નથી. હિંદના ઊંચા પહાડી પ્રદેશની જમીનમાં થઇ શકે, પણ શેરડી હિંદને વધુ માફક આવે છે તેથી બીટરૂટ પર ધ્યાન અપાયું નથી.

બીટરૂટની સાકરનું ઉત્પન્ન જર્મની એકલામાં ૨૩ મીલીયન, અને બાકીના બધા દેશો મળી ૩ મીલીયન ટન સને ૧૯૨૫ માં હતું. સફેદ મૂળોમાંથી ૨૦ ટકા સુધી સાકર મળે,

બીટ શર્કરા Beet sugar ૧૦૦૦ ક્વીટલમાં

સાલ— / દેશ	૧૯૩૦–૩૧	૩૧–૩૨	૩૨–૩૩	૩૩–૩૪	૩૪–૩૫	૩૫–૩૬	૩૬–૩૭	૩૭–૩૮	૩૮–૩૯	૩૯–૪૦
ઉત્તર અમેરિકા	૧૧૦૮૮	૧૦૯૭	૧૨૯ ૦	૧૧૪૯૦	૧૧૦૮૦	૧૧ ૯	૧૨૫૩૮	૧૨૦૩૧	૧૫૦૩૫	૧૫૬૫૦
કેનેડા	૪૦૯	૪૮	૫૯૦	૫૯૧	૫૨૭	૫૪૪	૭૦૮	૫૪૬	૬૪૯	* ૭૬૫
યુનાઈટેડ સ્ટેટ્સ	૧૦૬૫૮	૧૦૪૮૭	૧૨૩૧૦	૧૮૮૯૬	૧૦૫૨૦	૧૦૭૫૦	૧૧૮૩૦	૧૧૬૮૫	૧૫૨૮૬	૧૪૮૮૭
દક્ષિણ અમેરિકા	૧૬	૧૫	૩૪	૨૨	૪૯	૨૩	૧૦	૧૦	૪	
આરજેન્ટાઈન										
એશિયા	૨૨૬	૨૫૮	૨૮૩	૨૭૯	૪૬૩	૪૬૩	૬૭૦	૭૪૬	૮૮૦	૭૪૫
ચીન(મંચુરીયા)			૮	૭૯	૩૧	૪૧	૬૩	૧૧૮	૨૧૦	
કોરીયા	૯	૧૫								
ઈરાન			૨૩	૧૦	૮૦	૧૧૨	૧૭૧	૧૭૪	૨૧૮	૨૫૨
જાપાન	૨૦૭	૨૪૦	૨૪૨	૨૦૦	૩૫૨	૨૧૦	૪૩૬	૪૫૪	૪૫૩	૨૮૧
રશિયા Q ss.	૧૫૦૭૦	૧૪૮૬	૮૦૬૮	૯૯૫૩	૧૪૦૩૫	૨૦૩૧૬	૧૯૯૯	૨૪૨૧૧	૨૨૦૦૦	૨૪૦૦૦
(૩) R (૧)										
યુરોપ (રશિયા બાદ)	૭૭૨૪૮	૬૩૭ ૬	૫૦૦ ૧૬	૫૪૭ ૫	૬૨૮૪૨	૬૮૨૯૭	૬૧૭૬૯	૬૪૬૫૩	૫૬૮૩૯	૬૪૭૪૦
જર્મની	૨૨૯૦૭	૧૪૩૬૭	૭૮૧૮	૧૨૮૫૦	૧૫૦૪૧	૧૨૧૦ ૧	૧૬૦૬૦	૯૯૦૪		
ઓસ્ટ્રીઆ	૧૩૦૦	૧૪૩૧	૧૬૫૧	૧૫ ૦	૧૦૬૪	૧૮૧	૧૨૮૯	૧૦૦૪	૯૧૧૨	૨૦૮૮૦
બેલ્જીયમ	૨૫૩૧	૧૮૨૦	૨૩૪૧	૨૨૧૦	૨૪૧૬	૨૧૫૧	૨૧૯૩	૨૧૫૮	૧૭૪૭	૨૪૦૫
બલ્ગેરીઆ	૫૨૦	૨૫૦	૨૭૮	૪૦૪	૪૮	૦૬૧	૧૦૯	૦૯૭	૨૧૦	૩૪૧
ડેનમાર્ક	૧૪૧૦	૧૧૦	૧૭૧૫	૨૨૯૭	૮૧૫	૨૧૯૮	૨૦૩૮	૨૧૪૬	૧૬૪૧	૨૧૮૭
સ્પેન	૨૮૮૯	૩૬૦૮	૨૩૦૦	૨ ૫૮	૩૧૩૫	૧૮૧૯	૨૨૬૦	*૨૫૧૦	* ૯૦૦	૧૧૧૦
ફીનલેન્ડ	૩૩	૩૪	૨	૫૯	૧૦૬	૭૧	૯૮	૯૦	૧૩૭	૧૧૭
ફ્રાંસ	૧૦૮૪૧	૭૮૭૦	૯ ૦૦	૮૫૧૬	૧૧ ૦૦	૮૩૫૯	૭૯૬૭	૮૭૦૪	૭૫૨૫	૯૩૦૦
હંગરી	૨૧૦૮	૧૧૨૭	૯૨૦	૧૨૨૦	૧૦૭૭	૧૦૫૩	૧૨૦૪	૯૯૯	૧૧૪૫	૧૧૦૭
આયર્લેન્ડ	૨૩૬	૫૧	૨૩૪	૩૧૮	૬૭૧	૭૯૫	૮૮૭	૮૨૦	૫૪૪	૫૮૬
ઈટાલી	૩૮૭૭	૩૪૧૫	૨૯૪૯	૩૭૧૦	૩૨૦૭	૨૮૮૬	૩ ૯૭	૩૨૦૬	૩૫૮૦	૪૨૦૩
લટવીઆ	૬૮	૯૪	૨૪૫	૨૯૧	૫૩૯	૪૫૧	૩૮૩	૪૫૨	૩૩૦	૨૬૦
લિથુઆનીઆ		૬૭	૧૧૪	૭૩	૧૩૭	૧૯૯	૦૪૪	૨૫૮	૧૮૧	૨૧૬
નેધરલેન્ડ	૨૬૬૨	૧૫૫૨	૨૧૬૦	૨૬૧૧	૨૧૮૮	૨૧૨૬	૩૧૯૮	૨૨૧૩	૧૯૦૯	૨૧૭૬
પોલેન્ડ	૬૯૮૧	૪૬૪	૨૭ ૨	૩ ૮૬	૪૦૧૪	૩૯૯૫	૪૧૨૬	૫૦૫૩	૪૯૧૪	૩૮૭૦
રૂમાનિયા	૧૬૨૮	૪૩૨	૧૦૧	૧૦૫૧	૯૬૫	૧૨૨૧	૬૭૯	૭૦૪	૧૩૦૬	૧૨૭૦
યુનાઈટેડ કિંગડમ	૪૩૩	૨ ૦૪	૩૨૯૮	૪૬૨૬	૬૧૮૮	૪૭૦૬	૫૩૯૦	૩૮૩૨	૩૦૨૪	૪૯૪૧
સ્વીડન	૧૬૮૦	૨૯૩	૨૧૨૦	૨૭૪૫	૨૪૪૮	૨૬૫૨	૨૬૯૩	૩૧૧૭	૨૬૩૧	૨૭૫૪
સ્વીટ્ઝરલેન્ડ	૫૧	૫૫	૬૨	૮૧	૮૭	૭૬	૮૧	૧૦૯	૧૧૭	૧૩૩
ઝેકોસ્લોવેકીયા	૧૦૦૧૧	૭૧૮૭	૫૧૮૯	૪૫૧૨	૫૬૩૫	૫૦૨૫	૬૪૫૪	૬૮૦૩	૪૬૦૯	
બોહીમીયા										૪૧૯૬
મોરાવીયા										
યુગોસ્લાવીયા	૧૩૧	૨૦૮	૨૦૪	૬૫૫	૫૯૦	૫૩૮	૬૫૯	૫૧૬	૪૭૩	૯૪૫
યુરોપ નો વધારો	૯૦૭	૮૦૧	૮૭૩	૬૭૧	૫ ૮	૮૦૮	૮ ૭	૩૩૬	૭૦૪	૧૦૮૦
આર્મનીયા (ઓસ્ટ્રેલીય)	૫૦	૫૫	૫૮	૫૪	૫૧	૫૨	૪૨	૫૭	૧૫	
	૧૨૬૦૦૦	૯૬૮૯૦	૭૨૮૧૦	૮૦૫૩૦	૮૮૪૮૦	૯૦૩૯૦	૯૪૫૮૦	૧૦૧૯૦૦	૯૫૬૧૦	૧૦૬૨૦

બાર નથી શેરડી શર્કરામાં જ હશે ચાઈનમાં

(1) રશિયા Sand sugar

સાકર ગોળનું ઉત્પન્ન

સને ૧૯૨૦–	પૃથ્વીમાં ૧૦૦૦ ક્વીન્ટલ	હિંદમાં શેરડીરસ માંગીટન	હિંદમાં ગોળમાં ગીટન	હિંદમાં ખાંડસ ટીટન	હિંદમાં ફેક્ટરી રીફ્રી ટન	હિંદમાં ગોળ ટન	હિંદમાં કારખાના	હિંદમાં પેદાશ રૂપિયાના	હિંદમાં વાવેતર	શેરડીના સાંઠાટન ૧૦૦૦માં
—૩૦		૮૧૭૬૬૮	૨૧૧૫૦	૨૦૦૦૦૦	૩૧૦૬૧૮		૨૭		૨૯૦૫	૩૫૬૮૦
૩૦-૩૧	૧૫૬૪૦૦	૧૧૯૫૮૯	૩૧૭૮૧	૨૦૦૦૦૦	૮૫૧૬૫૦	૩૫૭૦૦૦૦	૨૯		૩૦૭૭	૪૩૩૧૬
૩૧-૩૨	૧૬૦૨૦૦	૧૫૮૫૮૧	૬૯૫૩૫	૨૫૦૦૦૦	૪૭૮૧૧૯	૨૭૫૮૦૦૦	૩૨		૩૪૨૫	૫૧૧૨૯
૩૨-૩૩	૧૪૬૨૦૦	૨૯૦૧૭૭	૮૦૧૦૬	૨૭૫૦૦૦	૬૪૫૨૮૩	૩૨૪૦૦૦૦	૫૭		૩૪૨૨	૫૨૪૫૦
૩૩-૩૪	૧૮૪૩૦૦	૪૫૩૯૬૫	૬૧૦૯૪	૨૦૦૦૦૦	૭૧૫૦૫૯	૩૬૮૬૦૦૦	૧૧૨		૩૬૦૨	૫૪૩૪૬
૩૪-૩૫	૧૪૫૭૦૦	૫૭૮૧૧૫	૩૦૧૦૩	૧૫૦૦૦૦	૫૫૭૨૧૮	૩૭૦૧૦૦૦	૧૩૦	.	૪૧૫૪	૬૧૨૦૨
૩૫-૩૬	૧૫૯૪૦૦	૯૩૨૦૦	૫૦૫૬૭	૧૨૫૦૦૦	૧૧૦૭૧૬૭	૪૧૧૦૦૦	૧૩૬		૪૫૮૨	૬૭૩૨૨
૩૬-૩૭	૧૭૮૯૦૦	૧૧૧૧૧૪	૧૯૫૦૦	૧૦૦૦૦૦	૧૨૩૦૪૦૦	૪૪૮૧૦૦૦	૧૩૭		૩૯૯૭	૫૫૬૩૭
૩૭-૩૮	૧૭૨૬૦૦	૯૩૦૫૦૦	૧૬૫૦૦	૧૨૫૦૦૦	૧૦૭૨૨૦૦	૪૨૦૦૦૦	૧૩૯	૪૬૦૦૦૦	૩૨૪૮	૪૩૧૦૦
૩૮-૩૯	૧૭૩૦૦૦	૬૮૪૦૦	૧૬૦૦૦	૧૦૦૦૦૦	૮૦૦૦૦૦		૧૪૫	૩૩૨૦૦૦૦	૩૬૧૮	
૩૯-૪૦	૧૭૪૨૦૦			૧૨૫૦૦૦	૧૩૯૮૦૦૦		૧૫૭	૩૬૦૦૦૦૦		
૪૦-૪૧				૧૨૯૮૦						
૪૧-૪૨				૧૧૭૯૦૦						
૪૨-૪૩				૮૦૫૦૦						
૪૩-૪૪				૧૪૮૮૦						
૪૪-૪૫				૧૧૨૫૦૦						
૪૫-૪૬				૧૦૮૨૦૦						
૪૬-૪૭										
૪૭-૪૮										
૪૮-૪૯					૯૭૭૧૦૦૦	૩૫૭૪૦૦૦	૧૨૯			

સુક્રોસ સાકરનું દુનિયાનું ઉત્પન્ન વાર્ષિક ટુંક ટન ૧૦૦૦માં

Products of sucrose sugar of world in thousands of short tons for year indicated.

સાલ	પૃથ્વીનું	શેરડીનું	બીટરૂટનું	યુનાઇટેડ સ્ટેટ્સ અમેરિકા	ક્યુબા	હિંદ	જાવા	જર્મની	ઝેકોસ્લોવેકિયા	પોલેન્ડ	ફ્રાંસ
૧૯૦૯-૧૦	૧૬૮૨૮	૯૬૭૦	૭૧૫૮	૮૮૩	૨૦૨૧	૨૪૮૧	૧૪૬૧	૨૧૪૭			૮૦૧
૧૯૧૦-૧૧	૧૮૮૩૪	૯૮૭૦	૮૯૬૪	૯૦૩	૧૬૬૧	૨૫૮૭	૧૬૧૭	૨૭૭૦			૭૬૩
૧૧-૧૨	૧૩૯૦૮	૧૦૬૨૨	૭૨૮૬	૧૦૦૫	૨૧૨૪	૨૭૪૫	૧૫૫૦	૧૫૩૨			૫૪૬
૧૨-૧૩	૨૦૫૪૨	૧૦૮૯૬	૯૬૪૬	૯૦૭	૨૭૨૦	૨૮૬૨	૧૬૧૬	૨૯૦૨			૧૦૭૯
૧૩-૧૪	૨૧૧૫૪	૨૧૬૪૦	૯૫૧૪	૧૦૮૯	૨૯૦૯	૨૫૭૩	૧૫૪૯	૨૮૮૬			૮૪૧
૧૪-૧૫	૨૦૮૬૫	૧૧૯૫૨	૮૯૨૩	૧૯૨૩	૨૯૨૨	૨૭૩૬	૧૪૫૦	૨૫૨૧		૩૭૬	૩૫૫
૧૫-૧૬	૧૮૯૬૫	૧૨૨૭૮	૬૬૦૭	૧૦૭૮	૩૩૯૮	૨૯૪૦	૧૭૯૭	૧૬૭૮		૨૩૯	૧૫૯
૧૬-૧૭	૧૮૫૯૨	૧૩૨૫૫	૩૩૩૭	૧૧૯૩	૩૪૨૨	૩૦૯૩	૨૦૦૯	૧૭૨૧		૨૯૩	૨૧૭
૧૭-૧૮	૨૦૨૯૩	૧૪૭૯૦	૫૯૦૩	૧૦૬૮	૩૮૯૦	૩૮૩૯	૧૯૬૦	૧૭૨૬		૨૬૩	૨૩૫
૧૮-૧૯	૧૮૬૦૪	૧૪૦૭૬	૪૫૨૮	૧૧૦૨	૪૪૯૧	૨૭૫૨	૧૪૭૩	૧૨૯૭	૭૧૪	૨૪૯	૧૨૯
૧૯-૨૦	૧૭૯૮૯	૧૪૩૩૮	૩૬૬૫	૯૦૩	૪૧૮૪	૩૪૦૪	૧૬૮૧	૭૭૪	૫૩૩	૧૦૬	૧૮૨

૧૯૨૦-૨૧	૧૯૫૮૬	૧૪૨૭૫	૩૩૧૧	૧·૪૭	૪૪૦૬	૧૮૨૫	૧૮૫૩	૧૧૯૫	૭૬૭	૧૯૫	૩૫૮
૨૧-૨૨	૨૦૫૧૮	૧૫૦૯૧	૫૪૩	૧૪૧૫	૪૫૧૭	૨૯૨૮	૧૯૯૪	૧૪૩૪	૭૩૧	૧૭૦	૩૨૬
૨૨-૨૩	૨૦૮૬૦	૧૫૧૨૭	૫૭૩૩	૧૦૨૨	૪૦૮૩	૩૪૧૦	૧૯૮૧	૧૬૦૪	૮૧૧	૩૩૫	૫૨૨
૨૩-૨૪	૨૨૮૧૬	૧૬૩૦૬	૬૫૦૪	૧૧૧૮	૪·૦૬	૩૭૧૫	૨૨૦૧	૧૨૯૩	૧૧૧૫	૪૭૩	૫૨૪
૨૪-૨૫	૨૧૬૭	૧૭૭૧૨	૮૯૧૮	૧૧૬૦	૧૮૧૦	૨૮૫૨	૨૫૩૫	૧૭૨૪	૧૫૭૪	૫૪૦	૯૧૯
૨૫-૨૬	૨૭૯૮૯	૧૮૮૧૩	૯૧૭૬	૧૧૨૦	૫૧૭૪	૩૩૩૪	૨૧૭૫	૧૭૬૩	૧૬૬૨	૫૩૮	૮૩૧
૨૬-૨૭	૨૬૬૨૪	૧૮૧૨૫	૮૪૯૯	૧૦૧૧	૫૦૫૦	૩૬૫૯	૨૬૩૯	૧૮૩૪	૧૧૫૩	૬૩૪	૭૮૦
૨૭-૨૮	૨૮૫૧૫	૧૮૬૭૧	૯૮૪૪	૧૨૮૬	૪૫૨૦	૨૬૦૩	૩૨૩૮	૧૮૪૬	૧૩૮૩	૬૫૮	૯૫૦
૨૮-૨૯	૩૦૬૫૫	૨૦૩૧૯	૧૦૩૩૬	૧૦૭૩	૫૭૭૫	૩૦૩૫	૩૧૯૮	૨૦૫૪	૧૧૬૫	૮૨૪	૯૯૮
૨૯-૩૦	૩૦૬૦૭	૨૦૪૧૯	૧૦૧૪૮	૧૨૯૪	૫૨૧૧	૩૦૯૮	૩૨૪૫	૨૧૮૮	૧૨૪૨	૧૦૧૦	૧૦૧૨
૩૦-૩૧	૩૧૮૫૮	૧૯૬૧૬	૧૨૭૪૨	૧૪૮૨	૩૬૯૫	૩૬૦૪	૩૦૯૫	૨૮૦૮	૧૨૬૦	૮૬૩	૧૩૧
૩૧-૩૨	૨૯૩૨૧	૧૯૮૦૯	૯૫૧૨	૧૪૦૦	૨૯૧૫	૪૪૪૬	૨૮૨૧	૧૭૫૮	૮૯૬	૫૪૪	૯૪૨
૩૨-૩૩	૨૬૮૬૦	૧૮૧૬૫	૮૬૯૫	૧૬૨૯	૨૨૮૦	૩૭૦૯	૧૪૩૩	૧૧૫૭	૬૮૬	૪૫૯	૯૯૦

સાકરનું ઉત્પન્ન દુનિયાનું દશલાખ ક્વીન્ટલમાં

સને	સુગર બીટનું (મૂળાનું)		બીટના સાકરનું		શેરડીની સાકરનું	
	રશિયાબાદ	રશિયાસહિત	રશિયાબાદ	રશિયાસહિત	રશિયાબાદ	રશિયાસહિત
૧૯૨૬-૩૦	૫૩૪·૮	૬૭૮·૮	૭૭·૮	૮૫·૧		૧૬૧·૬
૧૯૩૧	૪૭૮·૭	૫૯૯·૨	૬૫·૦	૮૦·૩		૧૬૧·૭
૩૨	૪૧૧·૭	૬૪૩·૮	૬૩·૬	૮૧·૮		૧૪૭·૩
૩૩	૫૦૪·૩	૫૯૪·૧	૭૦·૭	૮૦·૬		૧૪૬·૩
૩૪	૫૩૯·૬	૬૫૩·૭	૭૪·૪	૮૮·૮		૧૪૩·૪

સાકરની ખપત યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં સને ૧૯૩૫ રતલમાં

સ્યુગર બીટની ૧૬૮૧૫૯૮, સ્યુગર કેન ૫૯૦૮૨૯૪૧૧૯

મેપલ સ્યુગર ૧૯૭૯૮૫૩ ગેલનમીરપ ૨૪૬૮૬૧૯ ગનાસાકર ૧૮૬૪૦૨

સાકરનું ઉત્પાદન દુનિયાનું ૧૦૦૦ ક્વીન્ટલમાં

૧૯૩૦-૩૧	૧૫૬૪૦૦	૧૯૩૩-૩૪	૧૪૮૩૦૦	૧૯૩૬-૩૭	૧૭૮૯૦૦
૧૯૩૧-૩૨	૧૬૦૭૦૦	૧૯૩૪-૩૫	૧૪૫૭૦૦	૧૯૩૭-૩૮	૧૭૭૬૦૦
૧૯૩૨-૩૩	૧૪૬૨૦૦	૧૯૩૫-૩૬	૧૫૯૪૦૦	૧૯૩૮-૩૯	૧૭૩૦૦૦
				૧૯૩૯-૪૦	૧૭૪૨૦૦

દુનિયામાં માથા દીઠ સાકરનો વપરાશ સન ૧૯૩૯ આસ્મામાં યુ. સ્ટેટ્સ ઑફ અમેરિકા ૧૦૦ થી ૧૧૦, બ્રીટન ૬૦. ફ્રાન્સ ૯૦ ક્યુબા અને બ્રીઝીલ ૪૦. યુનાઇટેડ કીંગડમ ૧૧૭, જાવા ૧૧ થી ૭૦, ડેનમાર્ક ૧૨૮, ઈજીપ્ત ૨૯ જાપાન ૨૦, ઑસ્ટ્રેલીઆ ૧૧૮ ન્યુઝીલેન્ડ ૧૧૪ ભારત ગોળ સહિત ૩૦ જેટલા (ગોળ ૨૪ ખાંડ ૬) ચીન અને રશિયાના આંકડા બહાર પડતા નથી.

કારખાનાની ખાંડ શરીરને ગરમાવો આપવા સિવાય ઉપયોગમાં નથી બલ્કે ઘણીરીતે નુકસાન કરનાર છે. ગોળમાં વિટામીન 'બી' શેરડીના તાજા રસ જેટલું તો નહિ, છતા કેટલેક અંશે રહે છે. ગોળમાં ક્ષારોના પણ ખાંડ કરતા વધુ રહે છે, જે પણ ઉપયોગી છે, વળી ગોળના મિઠાશઓ કંઈકની ક્ષુધાને ઓછી બને છે. તેથી તેનો વપરાશ પણ હદમાં થાય છે જ્યારે ખાંડ તો વધુ ખવાય તો ગળું ભેમી જાય, શરેખમ થાય, માથું દુખે, હાડકાં ગળે.

મેપલ શર્કરા Maple sucrose. Maple sugar. યુરોપિયનોએ અમેરિકા શોધ્યું તે પહેલાં ત્યાંના મૂળ વતનીઓ આ ઝાડનું તાજું મિષ્ટ રસ પીતા. ગરમ કરી રગડો બનાવી બીજે વખતે જ્યારે થડમાંથી રસ ન મળે એ ઋતુ માટે સંગ્રહી, જરૂર વખતે ખાતા. ખમીર ચડાવી નશા માટે પણ વાપરતા. યુરોપિયનોએ તેમાંથી સાકર બનાવવાની ક્રિયા શરૂમાં ૧૮૬૯માં કરી. આ સાકર ત્યાંના Acer saccharum અને A. nigrum માંથી વધારે પ્રમાણમાં, અને બીજી કેટલીકમાંથી થોડા પ્રમાણમાં ફક્ત વસંત ઋતુમાં થડમાં છેદ કરવાથી મળે છે. હિંદમાં આ જીનસની કેટલીક સ્પીસીઓ હિમાલયમાં જોવામાં આવે છે. તેમાંથી મળે છે કે નહિ તે જાણી શકાયું નથી. અમેરિકામાં યુરોપવાસીઓ શરૂઆતમાં જ્યારે શેરડીના કે બીટના વાવેતર થોડા કરતા એ વખતે તેનાં વાવેતર કરતા. પણ એ ઝાડો જગા બહુ રોકે, વર્ષમાં ફક્ત એક જ વખત રસ આપે જે શેરડી કરતાં ઓછા પ્રમાણમાં મળે, તેથી તેઓએ વાવેતર કરવાનું બંધ કરી ફક્ત જંગલી ઝાડોમાંથી જ થોડા મેળવે છે. સને ૧૮૬૯માં તેનું ઉત્પન્ન ૪,૫૦,૦૦,૦૦૦ પાઉંડ (રતલ) નું હતું જ્યારે સને ૧૯૨૫ માં:—

સાકર ૧૯૧૫૮૫૩ પાઉંડ	નું થયું હતું.
સરબત ૨,૪૬૮૬૧૯ „	

આ સાકર સ્થાનિકે જ મિઠાઇઓ બનાવવા, સરબત બનાવવા, આઇસ્ક્રીમની બનાવટમાં, તંબાકુને પાસ આપવામાં વપરાય છે.

જુવારી શર્કરા. Sorghum sucrose. આ સાકર જોકે એ જીનસની કેટલીક સ્પીસીઓનાં થડરસમા હોય છે, પણ S. vulgare var saccharatum માંથી વધુ મળે છે. તેનું વાવેતર અમેરિકામાં જ થઇ, થોડા પ્રમાણમાં સાકર કાઢવામાં આવે છે. અમેરિકામાં દક્ષિણ પ્રદેશ તેનું મુખ્ય કેન્દ્ર છે, સને ૧૯૧૪–૧૮ ની લડાઇ વખતે ત્યાં એનું વાવેતર વધુ થયું હતું, એ વખતે રસનું ઉત્પન્ન ૪,૫૦,૦૦,૦૦૦ ગેલનનું થયું હતું. પણ તે પછી ઘટી ગયું હતું, સને ૧૯૩૦માં ૨,૪૧,૩૨,૦૦૦ સુધી ગયું હતું. અને તે પછી સને ૧૯૩૫માં તો ૧,૩૦,૦૦,૦૦૦ જેટલું થઇ ગયું હતું. આ સાકરમાં શેરડી અને બીટરૂટની સાકર કરતાં મિઠાસ ઓછી હોય છે, ત્યાં આ સાકર મુખ્યત્વે સરબત બનાવવા કે સસ્તી મિઠાઇઓ બનાવવામાં વપરાય છે.

તાડ શર્કરા. Palm sucrose Palm sugar. આ સાકર કૌટુંબિક વર્ગ ૩૩૪ પામીનીની કેટલીક જીનસની સ્પીસીઓનાં રસ, જેને તાડી કહે છે, તેમાંથી બને છે. ફીલીપાઇન ટાપુઓમાં તેનો મોટો ઉદ્યોગ છે. હિંદની દરિયા કિનારાની નિરર્થક પડેલી જમીનમાં તાડી નશા માટે વપરાતી, એ માટે લાખો ઝાડો વવાયેલાં છે. હવે હિંદની રાષ્ટ્રીય સરકારે દારૂની સખ્ત બંધી કરી છે. તેથી એ ઝાડોમાંથી જો જલદી ગોળ સાકર બનાવવામાં નહિ આવે તો એ ઝાડોનો બળતણ માટે નાશ થઇ જશે. આ તાડી રસમાંથી ફીલીપાઇન ટાપુઓમાં મોટા પ્રમાણમાં સાકર બની, ત્યાંની પ્રજા વાપરે છે. વધારાની સાકર અમેરિકા ખાય છે, તાડીમાંથી કેવી રીતે કેટલા પ્રમાણમાં સાકર બને તેનું, ફીલીપાઇન ટાપુઓમાં કેટલું ઉત્પન્ન થાય છે, હિંદમાં જગેરી ગોળ કેટલું થાય છે, તેનું તથા એ સબંધમાં નિષ્ણાતો તરફથી કેવા કેવા અભિપ્રાય મળ્યા છે, તેનું વિસ્તારથી વર્ણન એ પામી વર્ગની અંદર કરેલું છે. તેથી અહીં પિષ્ટપિષ્ણુ કરવાની જરૂર નથી.

અન્ય:—આ સુક્રોસ ઉપલા ઉપરાંત સકરિયાં (રતાળુ), ગાજર, પાર્સનિ, Birch, Fuchsia જીનસની સ્પીસીઓના......Caryophyllaceae વર્ગની કેટલીક સ્પીસી, કેકટેસી વર્ગનાં કેટલાક ફળો, મેવાની

બદામ, ચેસ્ટનટ જેવા કેટલાક સૂકા મેવા બીજ વગેરે જાતના મિષ્ટ ફળો, ખાસ કરી-અંજીર, સુક્કા ગેલન, અંજીર, ચેરીફળ, આલુ, જરદાલુ, Plum, મકરજ દમાથી મળે છે.

ટુરેનોસ શર્કરા —Turanose (કે Touranose ?) આ શર્કરા દેવદારી વર્ગના Larix europea જે Venetian turpentine આપનાર છે, તેનાં......માંથી. પર્મીયન મના Salix fraxilis માંથી અને Agave americana માંથી થોડા પ્રમાણમા મળે છે. વેપારિક નથી.

યવ શર્કરા. Maltose —આ શર્કરા કૌટુંબિક વર્ગ ૩૩૨ ની ગ્રામીનીની ઘણી જાતિઓના બીજ—જવ ઘઉં ચોખા, મકાઇ વગેરેને પાણીમા અંકુર નિયમ પલાળી, એક દિવસ ભીનાં કપડામા રાખી ફણગા ફૂટ્યા પછી પણ વાટી, તેમા પાચક રસ ક્રિયા (Digestive process Enzyme diestose acidity) ના યોગે મનુષ્ય કૃતિથી બને છે. મકાઇ (સ્ટાર્ચ) ને ખમીર ચડાવીને પણ બનાવી શકાય છે ગળી ગયેલા શરીર તાવ અવસ્થાઓ માટે તે પથ્ય પોષક તરીકે વપરાય છે તેથી થોડી બજાર વસ્તુ છે આ માલ્ટોસ, મગજ બનાવવા, ન્યુટ્રામ બનાવવા, અને માદક દારૂ બનાવવામા પણ વપરાય છે જાપાનમા ચોખામાથી માલ્ટોસ બનાવવાનો ઉદ્યોગ ૨૦૦૦ વર્ષ પહેલાંથી ચાલે છે.

ટ્રેહેલોસ શર્કરા.— Treholose (કે Trahelose ?) આને Oriental trahela Sugar પણ કહે છે તે નાયુપ્ય મમહ ની Ergot Boletus edulis કેટલીક જાતની Fungi ના અંગોમાંથી મળે છે. દવા અને ન્યાનિક ખાવા માટે જુજ વપરાય છે

દુગ્ધ શર્કરા બેવડી Galactose— દૂધમાથી બને છે બચ્ચાઓ માટે જુજ પ્રમાણમા બનાવે છે સુક્રોઝથી ઓછો મીઠી હોય છે, પ્રાણીજ દેવાથી સહેજ ઉલ્લેખ કરેલ છે.

મેલીસીટોઝ શર્કરા —ઓસ્ટ્રેલિયન મા જે Eucalyptus gunni અને E. mannifera તથા બીજા એકાદ–બે સ્પીસીઝ માંથી મળે છે દવા માટે વપરાય છે

સાકરનો વપરાશ જૂના વખતમા તો એક મોજ શોખની વસ્તુઓ તરીકે મિઠાઇઓ બનાવવા માટે થતો હતો પણ યુરોપિયન લોકોએ ચ ગોથી વિદ્યા ... મેકા થવા અનહદ વધારી દીધો છે. અત્યારે ચ ... મોટા કારખાનાઓ બન્યા છે. હાલ મોટા ઉદ્યોગો હિંદ, સાકર બનાવવા માટેના, ક્યુબા, મોરિશિયસ, ફીલીપાઇન ટાપુઓ, ફોર્મોસા, હિંદ, અમેરિકાના સેન્ટ ન્ડોઝ ટાપુઓ ... જાવા, હવાઇ પોર્ટોરિકો, બ્રાઝિલ, યુનાઇટેડ સ્ટેટ્સ, જર્મની, ચેકોસ્લોવેકિયા, પોલેન્ડ, રશિયા, ફ્રાન્સ, જર્મની છે. આ બધાઓમા મોટા ... યુનાઇટેડ સ્ટેટ્સ ... અમેરિકા અને રશિયામા મોટા પ્રમાણમા ચાલે છે.

... અત્યારે ... વસ્તુઓમા ... જીવે દર ... સાકર ખાય છે.

દુનિયામાં સને ૧૯૨૯–૩૮ ની સરેરાશ પરે ... સાકર ... ૩૧૦૦૦૦૦૦ થી ૩૨૦૦૦૦૦૦ ટન ... જેમા ... ૨/૩ ... હતી

હિંદમા સને ૧૯૩૫ માં સાકરનું ... દુનિયાના ૧/૩ ... એટલે ...૩૧૦ ... ટન ... યુનાઇટેડ સ્ટેટ્સનું ... ૧૦૦૦ ... ટન, આ ... (...) ... દુનિયામાં ... હિંદમાં ... મોટા પ્રમાણમા છે. ... અને ... ખવાય છે. સને ૧૯૩૩–૪૦ માં ...

પોર્ટોરિકોમાં વાવેતર વધતાં છે. દુનિયામાં અત્યારે ક્યુબા ઉત્પન્નમાં પહેલે દરજ્જે યુનાઈટેડ સ્ટેટ્સ બીજે દરજ્જે અને હિંદ ચોથે દરજ્જે ગણાય છે. રશિયા પોતાના દેશ પૂરતું જ ઉત્પન્ન કરે છે. તે આંકડા બહાર પાડતું નથી. તેથી ત્યાંની પેદાશ જાણી શકાતી નથી.

ક્યુબા જે સને ૧૯૨૮-૨૯ માં દુનિયાના ઉત્પન્નમાં ૨૮.૭ ટકા હતું તે સને ૧૯૩૨-૩૩ માં આકસ્માતિક રીતે ઘટયું હતું. પણ બેચનારાને નેશનલ બોર્ડે રક્ષણ આપ્યાથી રફતે રફતે આગળ વધી પહેલે દરજ્જે આવ્યું છે.

ફક્ત શર્કરા પાછળ જણાવ્યા પ્રમાણે પચાવી હજમ થતી નથી તેથી અંદર ખમીર ચડી એકવડીનું રૂપ ધરે તેનો બોજો જઠર પર પડે છે. વળી તે સસ્તી અને વધુ પ્રમાણમાં મળતી હોવાથી ખાનારને વધુ ખાવાની ટેવ પડી જાય છે. તેથી તાજો રસ ન મળે ત્યારે કારખાનાવાળા મજૂરો પણ કારખાનાંમાં બનેલી સાકરની મિઠાઈ, ટીકડીઓ, મુરબ્બા વગેરે ખાય છે. આથી તેઓનાં ગળા પર શરદીની અસર થઈ વખતે વખતે અવાજ બેસી જાય છે સળેખમ શરદી થાય છે: તેથી...ઓસીમેન્ટ્રીકેનાલ)માં મદ્યાર્ક (આલ્કોહોલ), કાર્બોનિક એસિડ, અને એસેટિક એસિડ પેદા થઈ, મધુ પ્રમેહ થાય. યકૃતવૃદ્ધિ મૂત્રાશય. સ્નાયુ અને હાડકાંમાં જાડાપણું આવી તેમાં થોડે વખતે સડો થાય. ફોલ્લી ખરજ બગડે વગેરે રોગો થાય છે.

ગોળ બનાવવા રસને ચૂલે ચડવાથી જોકે, પ્રજીવનકો અને ખનીજ ક્ષારો ઓછાં થઈ જાય છે. છતાં થોડે અંશે રહે છે. ગોળમાંથી હસ્તક્રિયાથી બનાવેલ સાકરમાં પણ તેથી થોડે અંશે રહે છે. પરંતુ હાલમાં યંત્રોમાં બનતી સફેદ પાસાદાર ચકચકિત સાકર તો આરોગ્યનું સત્યાનાશ વાળનાર જ છે. ફક્ત ગરમાવો જ ઉષ્માંક (કેલેરી) આપે, સામી બાજુ તેના વધુ કે નિત્ય સેવનથી હાડકાં ગળી જઈ નબળાં પડે. સંધીવા થાય. સ્નાયુ ઢીલા પડી નબળા બને. જઠરમાં સોજો થઈ દાંત નબળાં પડે. આંખમાં ફુલ્લાં પડે. એક ઠેકાણે વાંચ્યું હતું કે, એક ડૉકટરે એક કેદીને ફક્ત સાકરનાં જ ખોરાક પર પંદર દિવસ રાખતાં તેનું અચાનક મોત થયું હતું.

ગોળ અને સાકરનું પ્રથક્કરણ એ વિદ્યાના નિષ્ણાત રસાયણશાસ્ત્રી શોટ્સ અને કાઉસિર નામનાં યુરોપિયને કર્યું છે. તે પરથી જણાય છે કે, ગોળની અંદર લોહ અને ત્રાંબાનું અંશ થોડા પ્રમાણમાં રહી જાય છે. અને તેનું રતાશ રંગ એ અંશોને લીધે જ છે. શરીરની અંદર લોહીના રંગ રાતો આ તત્વોને લીધે જ હોય છે. આ તત્વો નષ્ટ થતાં શેરડી કે અન્ય શર્કરા અર્પનાર રસનો લાભ પૂરો મેળવવો હોય તો કંઈ પણ ક્રિયા કર્યા વગર તાજું ચૂસી કે જેના રસ ઉપરાંત બીજા ભાગ ખાઈ શકાય એવા પણ ખઈ જવાથી એ શર્કરાનો જેટલો લાભ મળે છે, તેટલો લાભ યંત્રો વડે કે હાથેથી નિચોવી રસ બહાર કાઢી પીવાથી મળતો નથી. કારણ. ગોદાની થુંકની અંદર જે પાચક રસ હોય તેનો લાભ રસ ગટગટાવી જવાથી ઓછો મળે છે. અને એ રસને ચૂલે ચડાવી ગોળ કે જાગેરી કે Crude sugar, molasses, treacle, molis honey જાતો બનાવી ખાવાથી બહુ ઓછો લાભ મળે છે. પણ અત્યારે જે રીતે સંચાઓમાં શુદ્ધ (Refind) કરી એ રસમાંથી સફેદ, ચકચકિત, પાસાદાર સાકર (ખાંડ) નો વપરાશ કરવામાં આવે છે, તેનો વધુ અને નિત્ય સેવન થઈ રહ્યું છે, તે તો લાભને બદલે ઉલટો હાનિ કરનાર છે. શરીરની અંદરના મજ્જાતંતુઓને સારી રીતે રાખવા માટે અને લોહીને શુદ્ધ બનાવવા માટે, શરીરની અંદરના પેશીગુચ્છ (ટીસ્યુ) અને હાડકાં, દાંત બાંધવા માટે જે જરૂરી સેંદ્રિય ક્ષારો જોઈએ, જે ફળો, થડ, કંદમૂળોમાં એ મિઠાસ સાથે ભળેલાં હોય, તેઓ શુદ્ધ કરવાની ક્રિયાથી નષ્ટ થાય

છે લોહ અને મેગ્નેશિયમ તત્ત્વોના અભાવને નવીકરણ વગર લોહી ખપ પૂરતું પ્રાણવાયુ લઈ શકતું નથી. આ વ્યાધિક્રિયાથી ઉત્પન્ન થએલ નિરુપયોગી પદાર્થ-મળ ને બહાર કાઢી શકતા નથી. આથી લોહીની ગતિ ખરાબ કચરાના ભારથી ફરતી અટકે છે પરિણામે સુસ્તાઈ (Sluggıness and ceneral browsiness) થાય. મારમોનિક એસીડ જેની અસર થાય છે કૃત્રિમ ગળપણનો વપરાશ, તેમાં પણ મેંદા સાથે બનેડાળ કરી બનાવેલ વસ્તુ-તરેહ તરેહની મિઠાઈ-તો પાચનક્રિયામાં બગાડો કરી, કાળજું, મૂત્રપિંડ પર જેની અસર કરી લોહીમાં તેજાબ (એસિડ) નો જથ્થો વધારી મન મળ પિંડ પર ઝેરની અસર કરી અનેક રોગ ઉપજાવે છે. વળી ખાસ તો ગળાશની મિઠાઈની ટીકડીઓ બચ્ચાં તો હાડકાં અને દાંતને નરમ બનાવી તેના શરીરને બાંધાના વધવામાં ખલેલ પહોંચાડે છે. આઇસક્રીમ કે બરફ સાથે સાકર મિશ્ર બનાવેલ ખોરાકથી દરરોજ બાળ્યાવસ્થ બચ્ચાંઓ કફજ્વર (ન્યુમોનિયા) અને બીજા રોગના ભોગ બની અકાળે મરણ-શરણ થાય છે. હિન્દની સરકાર હવે જાગ્રત થઈ છે તેણે તો કાયદેસર એનો અટકાવ કરવો જોઈએ.

યુરોપના અમેરિકા ગએલા લોકોને ખૂબ સમૃદ્ધિથી ભરેલો અમેરિકા ખંડ સાંપડતાં તેઓએ તો આ કૃત્રિમ શર્કરાનો વપરાશ બેહદ વધારી નાખ્યો છે. ત્યાં મનુષ્ય દીઠ સરેરાશ ૧૨૦ પાઉંડ (રતલ)નો વપરાશ ને દરરોજની ખપત સરેરાશ ૨૦ લાખ ટનની છે. એકલા યુનાઇટેડ સ્ટેટ્સમાં એક વર્ષનો વપરાશ (About thirteen bilion pound) નો છે.

સને ૧૯૩૬ તારીખ ૧ લી નવેમ્બરના મુંબઈ સમાચારના અઠવાડિક અંકમાં લખેલું હતું કે 'દુનિયાની અંદર સાકર દર કલાકે ૯૯૬૦૦ ટન ઉત્પન્ન થાય છે. વેસ્ટ ઇન્ડીઝના ક્યુબા શહેર દુનિયામાં સાકરના ઉત્પન્ન માટે પહેલે દરજ્જે છે ત્યાં દુનિયાના ૧/૩ જેટલી સાકર પેદા થાય છે'

ગળપણની હાજત કુદરતી છે, શરીર માટે તંદુરસ્તીની દૃષ્ટિએ જરૂરી છે. પણ એ હાજત બની શકે ત્યાં સુધી એકવડી શર્કરા—ફળ અને મધ-માંથી સંતોષવી જોઈએ. દરેક સાકરમાં પોષક અને પૌષ્ટિકપણું (Nutriteous and fattening pualius) હોય છે તેના દૃષ્ટાંત અમેરિકાના સાકરના કારખાના પ થી બહુ રો વેસ્ટ ઇન્ડીઝના કાળા મજૂરોને ત્યાંના કારખાનાવાળાઓ શેરડી પાડીને સાફ કરવાનો વખત આવે ત્યારે શ્રમનું કામ ચીવટથી કરાવવા માટે શેરડીને ચૂસવાની કે રસ પીવાની સારી છૂટ આપે છે. શેરડી કારખાનાના ઢોરો શેરડી પીનાઇને દુબળો રહે તે ખાસ છે તેની અંદર પણ રસનો ભાગ હોય છે તેથી મજૂરો ચાન ઠેરો એ વખતે આ ખાઈ પી માતેલા બને છે (પણ એના પર પૂરો આધાર રાખવો ન જોઈએ. એ મેવડી સાકરનો મોહ મજૂરોને લાગે છે તેથી કારખાના બંધ હોય ત્યારે તેઓને મીઠાશ વગર ચાલતું નથી તેથી ખાંડ ખરીદી ખાય છે અને પાછા રોગિષ્ટ થાય છે)

સાકર નીચેની વનસ્પતિઓમાંથી

દેશી કે અંગ્રેજી નામ	વર્ગ	[illegible]	અંગ	પ્રકાર	ટકા	સ્થાન
સીતાફળ	૮	૩૦	ફળ	Fruitose	૫૫ થી ૯૦	અમેરિકા
ચેરી માઇઅર			ફળ	"		
Turnip Swedish અળગુમ	૩૮	૭૭	કંદ	Sucrose		

Cauliflower	૩૯	૭૭	પાંદડાનું રૂપાંતર	,,	૧.૨૨ થી ૭.૪૦	યુરોપ
Caryophylla	૫૩	ઘણી	ફૂલો	Sucro		એશિયા યુરોપ
કુરૂ Buckwheat	૫૭	૧૬	બીજ ,,	Sucro	૧.૪૨ થી ૧.૬૭	એશિયા
Beet શાકીરાનાં	૬૯	૧૦	મૂળ	,,	૪.૨૦ થી ૩૪.૪૫	યુરોપ
Beet શકરી	,,		,,	,,	૩૫.૫ થી ૮૯.૬૧	યુરોપ
પાલખ	૬૧	૧૩	પાન		૦.૦૬ થી ૬.૪૫	ભૂમધ્ય
Sugar bush	૮૪	૩	ફૂલો	Dextro		દ. આફ્રિકા
ભૂરું કોળું	૧૦૩	૧૪	ફળ	Sucro Fructo	૦.૨૫ થી ૧૧.૯૮	એશિયા
પિત્તકોળું	,,	૨૮	,,	,,		અમેરિકા
સક્કરટેટી	,,	૧૮	,,	,,		એશિયા
Cantaloupe કે Muskmelon	,,	,,	,,	,,	૦.૨૭ થી ૧૧.૯૮	અમેરિકા
કાકડી	,,	,,	,,	,,	૦.૭૨ થી ૧.૫૧	એશિયા યુરોપ
હાથલા થોર	૧૦૭	૧૨	,,	Fructo Sucro		અમેરિકા
Eucalyptus	૧૧૮	૩૦	થડ પર	Melibiose		આસ્ટ્રેલિયા
Gunni	,,	,,	,,	,,		,,
Mannifera	,,	,,	,,	,,		
મગુંસ્તાન	૧૨૬	૧૬	,,	,,		બ્રહ્મદેશ
મેગાએપલ	,,	૨૩	,,	,,		અમેરિકા
Cocoa	૧૩૦	૨૮	રસ	,,	૨.૭૭	અમેરિકા
Gooseberry	૧૪૧	૧	ફળ	Fructo	૪૭.૩૩ થી ૭૯.૮૨	યુરોપ
Currant	,,	,,	,,	,,	૨૩.૭૬ થી ૭૫.૪૯	,,
કપાસિયા ખોળમાંથી	૧૨૨	૩૯	બીજના	Xylose		હિંદ અમેરિકા
Gooseberry	૧૪૧	૧	ફળ	Fructo	૪૭.૩૩ થી ૭૯.૮૨	યુરોપ
Currant	,,	૧	ફળ	,,		યુરોપ
બદામ	૧૪૨	૨૩	બીજ	Dextro	[illegible]	[illegible]

Peach	"	"	ફળ	Fructo	૧-૧૬ થી ૭૪-૦૭	યુરોપ
Neckarine	"	"	"	"		"
Apricot	"	"	"	"	૭-૫૮ થી ૮૬-૨૧	"
જુનાની જરદાળુ આલુ બોખારા	"	"	"	"	૩૦-૦૪ થી ૬૯-૪૬	"
Prune Plums	"	"	"	"	૧૫-૨૫ થી ૫૮-૩૦	"
ગિલાસ Cherry	"	"	"	"	૨૯-૯૭ થી ૮૫-૮૬	"
Raspberry	"	૩૬	"	Fructo	૧૪-૪૩ થી ૫૩-૫૦	યુરોપ
Blackberry	"	"	"	"	૩૩-૧૭ થી	"
Strawberry	"	૪૦	"	"		અમેરિકા
ખારેક, સેવ Apple	"	૬૩	"	"	૩૩-૬૬ થી ૮૦-૧૩	ઉતર અમેરીકા
નાસપતિ Pear	"	"	"	"		"
Honey locust	૧૪૬	૧૮	શીંગ	"		અમેરિકા
[illegible] Carob bean	"	૩૭	"	"		યુરોપ
Westindian locust	"	૫૮	"	"		અમેરિકા
મસૂર Lentil	૧૪૮	૨૮૫	બીજ		૨-૦૫	યુરોપ
Sugar bean	"	[illegible]	"			"
Birch sugar	૧૫૧	"	[illegible]			અમેરિકા
Chestnut [illegible]	૧૫૩	૧	બીજ		[illegible]	[illegible]
Sugar berry	૧૫૫	[illegible]	ફળ	Fructo		આફ્રિકા
	[illegible]	૩૧	"	Fructo		એશિયા યુરોપ
[illegible]	"	૪૦	"	Dextro Fructose Sucrose	[illegible]	યુરોપ
	[illegible]	[illegible]		Dulcitol		યુરોપ
[illegible]	[illegible]	૧	"	Dextro	[illegible]	[illegible]

[illegible] / નારંગી Orange	[illegible]	[illegible]	[illegible]	Fructose	[illegible] થી [illegible]	[illegible]
[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]	[illegible]
"	"	"	"	"	"	"
[illegible]	[illegible]	[illegible]	[illegible]	Fructose		હિંદ
[illegible] હિંદ અમેરિકા	[illegible]	[illegible]	[illegible]			" અમેરિકા
	"	"	"			
Canna bulb	[illegible]	[illegible]	[illegible]	Sucrose		હિંદ
Venice treacle	"	[illegible]	[illegible]	"		યુરોપ
ખારેક	"	[illegible]	"	"	[illegible] થી [illegible]	
Huckle berry	[illegible]	[illegible]	ફળ	Fructose	[illegible] થી [illegible]	અમેરિકા
મહુડા	[illegible]	[illegible]	ફૂલ	Fructose		હિંદ
"	"	"	"	"		"
[illegible]	[illegible]	[illegible]	મૂળ			
[illegible]	"	[illegible]	[illegible]		[illegible] થી [illegible]	[illegible]
Sambucus	૨૩૩	૧	ફૂલ		[illegible] ગણી મીઠી	[illegible]
Stevia	[illegible]	[illegible]			૧૮૦ ગણી મીઠી	"
Eupatorium	"	[illegible]				[illegible]
[illegible]	[illegible]	૨	ફળ			અમેરિકા
[illegible]	"	"	ફળ	Fructose	[illegible] થી [illegible]	"
[illegible] ([illegible])	[illegible]	૯	[illegible]	Sucrose	[illegible] થી [illegible]	હિંદ
Scrofularia phlularia	૨૫૨	૩૨	મૂળ	Dulcitol		ઈરાન
Columnea	૨૫૬	૨૮				[illegible]
[illegible]	૨૮૬	૫૪	ફળ	Fruct		અમેરિકા
કેળાં	૨૮૭	૧	ફળ	"	૧૨થી૨૨	
American	૨૮૭	૧	મૂળ રસ			"
banana	"	"	ફળ	Fructose	[illegible] થી ૨૧.૯૦	હિંદ [illegible]
Asparagus	૨૯૩	૧૨૦	કુમળી ડાળી		૦.૪૫ થી ૩.૪૦	યુરોપ
ડુંગળી Onion	૩૦૭	૫	કંદ		૦.૪૪ થી ૧૪.૦૨	ઈરાન

Dracaena terminalis	૩૧૩	૭	મૂળો			આસ્ટ્રેલિયા
Agave	,,	૧૩	થડ રસ			અમેરિકા
Salmania atrorens	,,	,,	,,			,,
Chamaerops humilis	૩૧૪	૧	ફૂલ	Sucrose		યુરોપ
Copernicia cerifera	,,	૧૦	ડાળાં રસ નાડી	,,		અમેરિકા
Corypha eleta	,,	૧૭	,,			,,
હિંદી તાડ	,,	૪૧	,,	,,		હિંદ
Hypaene turbina	,,	૪૨	,,	,,		પ. આફ્રિકા
Mauritia	,,	૪૪	,,	,,		બ્રાઝીલ
Raphia	,,	૫૮	,,	,,		,,
Sugar palm	,,	૧૮૨	,,	,,		મલાયા
બેરવ તાડ	,,	૧૮૪	,,	,,		હિંદ
તેલી તાડ	,,	૧૯૪	,,	,,		આફ્રિકા
નાળિયેર	,,	૧૯૬	,,	,,		હિંદ
Cohun palm	,,	૧૯૯	,,	,,		દ. અમેરિકા
ખજુરી	,,	૨૧૭	,,	,,		અરબસ્તાન
ખારેકી	,,	,,	,,	,,		હિંદ
Nipa frutiens	,,	૨૨૦	,,	,,		બતાવિયા
કેળાં	૩૨૬	,,	ફળો	Fructose	૭.૦૭ થી ૯.૧૦	મેક્ષીકો
Festuca fratiens	૩૩૨		થડ રસ	Sucrose		રશિયા
glyceria	,,		,,	,,		,,
Uva grass	,,		,,	,,		અમેરિકા
Agrotis	,,		,,	,,		આફ્રિકા
ઘઉં	,,		બીજ	,,	૦.૫૮ થી ૫.૧૧	,,
મકાઈ	,,		બીજ	,,		
			થડ રસ	Dextr		,,
જવ	,,		બીજ	Maltose	૫.૮૭ થી ૮.૭૩	,,
જુવાર અમેરિકી Broom corn	,,		બીજ	Sucro	૮.૬૦ થી ૧૪.૭૦	અમેરિકા
જુવાર હિંદી			થડ	,,		

Oat	,,		બીજ	,,	૦.૫૦ થી ૫.૨૭	યુરોપ
Rye	,,		,,	,,	૦.૨૯ થી ૯.૪૬	,,
નાગલી	,,		,,	,,		,,
	,,		થડ રસ	Sucrose		,,
Reed common	,,		,,	,,		,,
શેરડી Cane sugar	,,		,,	,,	૧૬ થી ૨૦	,,
Sugar pine	Coni	૧૮				
Larch sugar	,,	૨૦		Turanose		,,

મના શર્કરા MANNA SUGAR

આ સાકરમાં ખમીર આવતું નથી. તેઓ બેવડી શર્કરાની ન-જાતો છે. વનસ્પતિઓના થડ ડાળીઓ અને પાંદડા વગેરે અંગો પર થોડા પ્રમાણમાં બને છે. તેમાં સારક ગુણ થોડો વધારે હોવાથી ઘણે ભાગે દવાઓ માટે વપરાય છે. જેઓ વધુ મળે છે તેમાંથી પાસાદાર સાકર પણ સ્થાનિકે બનાવવામાં આવે છે. એમજ પણ ખાવા માટે સ્થાનિકે વપરાય છે. રાસાયણિક બંધારણ. C. H. O.

ક્રમાંક	દેશી કે અંગ્રેજી નામ	વર્ગ	જીનસ	અંગ	પ્રકાર	ટકા	વતન
	Carryophylla	૫૩					હેરાત
	Laburnum manna	૯૬	૧				યુરોપ
	ગજનબીન, ખોરાસાની મના	૫૮	૧	થડ પર			એશિયા
	Australian manna	૧૧૮	૩૦	,,			આસ્ટ્રેલિયા
	Wo-me-la	,,	,,	,,			,,
	Malee lerp	,,	,,	,,			,,
	Eucalyptus dumosus	,,	,,	,,			,,
	E. gunni	,,	,,	,,			,,
	Moum sinai manna	૧૨૮	૨૪				યુરોપ
	Lnristan manna	૧૪૩	૬૩				ઇરાન
	શિરખેસ્ત (૧)	,,	૬૫				અફગાનિ
	Rest harrow	૧૪૮	૬૯				ભૂમધ્ય

	તુરંજબીન (૧)	,,	૭૪	મૂળોમાં		યુરોપ
	ગવ્યોનસરી મજ્અસેદ	,,	૧૩૩	મૂળો		એશિયા
	જેઠીમધ	,,	૧૩૬	મૂળ		,,
	શિરખેસ્ત (૨)	,,	૧૪૪			ઇસ્ટઇન્ડીઝ
	East indian manna	,,	,,			,,
	ખોટી જેઠીમધ	,,	૧૪૫	મૂળ		હિંદ
	Fitch manna	,,	૧૪૬	,,		યુરોપ
	તુરંજબીન (૨)	,,	૧૪૯	સર્વાંગ પર		હિંદ
૧	Persian Larch arine	૧૫૬	૧	ડાળી પર	Turanose	ભૂમધ્ય
	ખુરદીસ્તાન મના / દાબ્બાર એકીર / Oak manna	૧૬૩ / ,,	૧ / ,,	,, / ,,		ખુરદીસ્તાન / ,,
	Dulcitol manna ૧૭૩		૧		Dulcitol	યુરોપ
	ઝેરી Lecheguana ૧૯૮		૨			અમેરિકા
	ઝેરી Honey	,,	૬			આસ્ટ્રેલિયા
	Mantol લક્ષ મના ૨૧૩		૪૯		Mantol	યુરોપ
૧	શિરખેસ્ત (૩) / Ash manna / આમાંથી Mantol ૯૦ ટકા મળે	૨૨૯ / ,,	૭ / ,,		,, / Mannose	ભૂમધ્ય
૧	,,	,,	,,			
	ખોરાસાન મના	,,	,,			ખોરાસાન
	Olive manna	,,	૧૬			યુરોપ
	સખર-ઉલ-અષસર / આક મના / આકડાનાં મના	૨૩૧	૫૧	ડાળી પર		હિંદ
	દાબ્બાર મના / તેમાંથી / Dulcitol મળે	૨૫૨	૩૩		Dulcitol	ઇરાન
	Newzeyland manna	૨૬૧	૧			આસ્ટ્રેલિયા
	Agaves કે Peruvian manna	૩૧૩	૧૩		Turanose	

વંસલોચન વાંસકપુર Bamboo manna	૩૩૨	,,	વાંસનીગોળમાંથી	હિંદ
Celery manna	કોનીફરી	૬		યુરોપ
Prinite કે Brincone manna	,,	૧૮	પાન પર	,,
Cedrus manna	,,	૧૯		,,
Larch manna કે Pouranus manna	,,	૨૦		,,

અપુસ્પ સમૂહની સાકર

દેશી કે અંગ્રેજી નામ	વર્ગ	જીનસ	અંગ	પ્રકાર	ટકા	વતન
Algae manna	Algae		સર્વાંગ	Fucos	૧ થી ૨	હિંદ
,,	,,		,,	,,	,,	,,
,,	,,		,,	,,	,,	,,
,,	,,		,,	,,	૧૨ થી ૧૫	હિંદ ચીન
,,	,,		,,	,,	૪ થી ૫	,,
,,	•		,,	,,	૨ થી ૩	યુરોપ
Moss manna	,,		,,	,,	૫ થી ૬	,,
	,,		,,	,,	જરા	,,
Fungi manna	Fungi		,,			
Lychens manna	Lichens					
Orchin manna	,,					

મના સાકરની ખપત અમેરિકાના યુનાઇટેડસ્ટેટસમા સને ૧૯૩૫ માં ૪૬૪૦૨ રતલની હતી.

સેંદ્રિય ખનીજ ક્ષારો

ORGANIC ELEMENTS (કે MINERAL SALTS)

વનસ્પતિ અને પ્રાણી જ શરીર બનાવવામાં ૪૦ ખનીજ તત્વોનું બનેલ હોય છે આ તત્વો સરેરાશે ૧૫૦ રતલના વજનવાળા (યુરોપ અમેરિકાના લોકોના સિવાય) શરીરમા કેટલા હોય છે તે જણાવું વજન રતલ અને ઔંસમા છે પ્રાણવાયુ (ઓક્સીજન) ૯૦–૦ કર્બ (કાર્બોહાઇડ્રેટ) ૨૦ ૦ ઉદજવાયુ (હાઇડ્રોજન) ૧૪૦ નત્રવાયુ (નાઇટ્રોજન) ૩૮ ચુનો (કેલ્શિયમ) ૩ ૧૨ ફોસ્ફરસ (ફોસ્ફરસ) ૧ ૧૪, ક્લોરાઇન ૦ ૪ ગંધક (સલ્ફર ૦–૩ૄ) પોટાસિયમ સોડિયમ ૦ ૨ૄ ફલુઓરાઇન ૦ ૪, મેગ્નેશિયમ ૦ ૧ૄ, ચકમક ૦ ૩ રતી વગેરે (સીલીકન) ૦ ૄ લોહ ૦ ૄ

આ ઉપરાંત નીચેના અંશ હોય છે

ઝરખાર (મેગનેશિયમ), એલ્યુમિનમ આયોડાઇન, સોમલ (આરસનિક) નિકલ ત્રાંબુ (કોપર) સીસુ (લેડ) જસત (ઝીંક) લીથીઅમ કોબાલ્ટ, બ્રોમાઇડ, લેન્થેનમ નેઓડાઇમીયમ સેરીયમ, વેનેડિયમ ક્રોમીયમ બોરન કેડ્મિયમ સ્ટ્રાન્શીયમ, મોલિબ્ડેનમ આરગન સેલિનિયમ હેલિયમ, નેઓન રેડિયમ, ટિટેનિયમ

એઓમાથી પ્રાણવાયુ કર્બ ઉદજવાયુ નત્રવાયુના રૂપાંતરોના વર્ણન પાછળ થઇ ગયા હવે બાકીનામા જેઓ મુખ્ય છે, તેઓના અનુક્રમે જણાવું. તે પહેલા એ ક્ષારોની મુખ્ય અસર મનુષ્ય શરીર પર કેવી કેવી થાય છે તે જણાવું

૧ ખનીજ ક્ષાર વાળા આહાર શરીર ઉપકારક આહાર તરીકે ગણાતા આવે છે એ ક્ષારો હાડકાં વાળોના, નખના (પશુઓના શીંગડા, પગની ખરી પક્ષીના પીંછા)ના ઘડતર અને લોહી સ્નાયુ તથા તમામ જાતના જીવંત અવયવોના કાર્યોમા અગત્યનો ભાગ ભજવે છે

૨. શરીરના તંતુઓના સતત સંપર્કમા એ ખનીજ ક્ષારો રહેતા હોવાથી શરીરનુ કાર્ય કુશળતાથી ચાલે છે જરૂરી ક્ષારોના અસ્તિત્વથી સ્નાયુની આકુંચન અને પ્રસારણની ક્રિયા સરળ બની રહે છે તેના અસ્તિત્વને અભાવે સ્નાયુઓ પોતાની સ્થિતિસ્થાપકતા ગુમાવી ક્ષીણ અને નિર્માલ્ય બની જાય છે

૩ પાચન તંત્રમા કામ કરતા જરૂરી પાચન રસોના બંધારણમા ક્ષારો અગત્યનો ભાગ ભજવે છે તેના અસ્તિત્વના અભાવે રસો કામ કરી શકતા નથી અને પરિણામે પાચનતંત્ર અનેક રોગો ઉત્પન્ન કરે છે

૪ નસો (ચરબી) તેલ (પ્રોટીન) કાર્બોદિત (કારબોહાઇડ્રેટ) ની માફક જો કે આ ખનીજ ક્ષારો શરીરનુ સંવર્ધન ચેતન ગરમી અને શક્તિ પૂરી પાડવાનું કામ એટલુ કરે છે કે નથી કરી શકતા છતા આ ક્ષારોને અભાવે શરીરના હાડ પિંજર રૂપી ઘડતર અવયવો ક્ષીણ થઇ જીવન શક્ય બનતુ નથી

૫ શરીર જો એ જરૂરી ક્ષારો વિના વંચિત રહે તો શરીરનો વિકાસ અપૂર્ણ બને દાંતના સડો પાડુરોગ, ક્ષય અર્બુદ (કેન્સર) મધુપ્રમેહ વગેરે ભયંકર રોગો થાય. ક્ષારોની ઉણપ વાળાનુ શરીર પણ સામગ્રી લૂલી અને ખડખચડી, ગરુમ પગે ચાલે કે ખડખચડા ચાલે જતી પગ ન મળે તો બીજા ભાગોમા કે આખે શરીરે સોજા ચડે શરીર ચેતન અને જોર વિનાનુ બની મૃત્યુ સુદ્ધા થાય

પ્રાણવાયુ, કર્બ, ઉદજવાયુ, અને નત્રજવાયુ સિવાયના બધાં મળી શરીરમાં પાંચેક ટકા જોઇએ

સામુદ્રિક ક્ષારો The ocean, the source of many elements

સમુદ્રના પાણીની અંદર વનસ્પતિ અને પ્રાણીઓ હોય છે, તેના અંશોમાં લગભગ બધા જાણીતા ક્ષારોનું અસ્તિત્વ હોય છે. આપણે પૂરતું લક્ષ દેવું જોઇએ કે, ઉપરોક્ત ક્ષારોને લગતા બીજા આ ક્ષારો જુદી જુદી રીતે આપણી જીંદગી સાથે અનલગ સબંધી છે. નીલરસના (Chlorphyll) અને જીવરસ (Protoplasm) નાં પ્રારંભ સાથે મુખ્યત્વે રાસાયણિક સંબંધ ધરાવતા આ પદાર્થો છે. જો કે તેઓ અતિ સૂક્ષ્મ પ્રમાણમાં હોય છે પણ વનસ્પતિ અને પ્રાણીજ શરીરમાં તેનાં ઓછા પ્રમાણથી કે ઉણપથી જીવન કોષ Cells—ની અંદર સડો પેદા થાય છે. તેઓનાં શરીર ખીલી શકતા નથી. (જો કે આ અભિપ્રાય જીવ વિદ્યાની રસાયણિક વિદ્યા માટે ચોક્કસ પણે હજી બાંધી શકાયો નથી)

દરિયાઈ પાણીની અંદર નીચેના ખનીજ ક્ષારો મુખ્ય હોય છે.

Common salt (sodium chloride નીમક ૨૭.૨૦ Magnesium chloride 3,80 Magnesium sulphate 1,15 Gypsum (Calcium ચુનમ) 1,25 Potassium sulphate 0,12 Magnesium bromide 0.0.7

તાજેતરનાં રાસાયણિક પૃથકકરણના પ્રકાશનથી જણાયું છે કે, છેલ્લી દરિયાઈ ક્ષારોની શોધ ચાલીસ ક્ષારોની આવી છે. આ હકીકત સારી રીતે જાણીતી છે કે જે ક્ષારો દરિયાઇ પાણીની અંદર હોય છે તેજ ક્ષારો મનુષ્ય લોહીસારની અંદર પણ અસ્તિત્વ ધરાવે છે. આપણા જીવન કોષનું આવરણ ઘણું ખરું આ ખનીજ ક્ષારોવાળું હોયછે, જીવરસનાં બંધારણની શરૂઆત દરિયાઇ પાણીમા થઇ છે, લોહીના રાખની સપ્તરંગીત કમાન નીચેનાં ખનીજ ક્ષારો બનાવે છે.

Silver (રૂપું) Aluminum, Calcium (ચુનમ) Copper (ત્રાંબુ) Iron (લોહ) Potassium Sodium, Magnesium, Manganese, Phosphrous, Silicon, Titanium, Zinc. (જસત) બીજા પદાર્થ કેટલીક વખત મળી આવે છે. તેઓઃ—Cobalt, Chronium, Cerium, Lead (સીસું) Nickel, Tin (કલાઇ), અને Stronium. જ્યારે એલ્યુમિનમ તાપથી ઘટ્ટ બની જામી જાય છે, ત્યારે રૂપું, ચુનમ, ત્રાંબુ. મેંગેનિસ, નિકલ, સીસું, જસત અને કલાઈ નક્કર બને છે. અને એલ્યુમિનમ અને ટિટેનિયમ ધાતુક્ષાર ઘટી જાય છે.

મનુષ્ય દેહમાં મળતાં તત્વો

મનુષ્ય દેહના જુદા જુદા અવયવોની રાખનું પૃથક્કરણ કરતાં જણાયું છે કે, સ્વાદુપિંડ Pancreas માં મુખ્યત્વે નિકલ, કોબાલ્ટ લેડ (સીસું) મળે છે...Super renal capsuls માં ટીન સ્ટેનસ મળી આવે છે. યકૃત (Liver) અને મૂત્ર પિંડો, (Kidneys) માંથી જસત મળે છે...Uterus, ગર્ભાશય ovarus, અને પ્રાણગ્રંથી Thyroid માં મુખ્યત્વે અને હૃદય (Heart) પ્લીહ (બરોળ Spleen) અને મૂત્ર પિંડો (Kidneys) માંથી થોડે અંશે ચાંદી Silver મળે છે. ફેફસાં (Lungs), મૂત્ર પિંડો અને હૃદયમાં મોટા પ્રમાણમાં, જ્યારે વૃષ્ણ Testicles અને સ્વાદુપિંડ Pancreas માંથી થોડા પ્રમા-

સ્વાદુપિંડ મા (Pancreas)મા મોટા પ્રમાણમા અને બીજા અવયવોમાથી થોડા પ્રમાણમા કોબાલ્ટ આ નિકલ મળે છે, પ્રાણમથી (Thyroid) મા અને બગીનમા મુખ્યત્વે અને બીજા અવયવોમા અલ્પાશ ક્રોમીયમ મળે છે દૈકમા હૃદય અને યકૃતમા તાંબુ પુષ્કળ પ્રમાણમા મળે છે જ્યારે બીજા અવયવોમા અલ્પ માત્રામા મળે છે કલઈ (Tin) દરેક અવયવમા માગ પ્રમાણમા મળી આવે છે જ્યારે મગજ, બરોળ અને પ્રાણમથી (થાઈરોઈડ) મા ઠીક ઠીક પ્રમાણ માલમ પડે છે ટીટેનિયમ (Titanium) ધાતુ મુખ્યત્વે દૈકમામાથી મળે છે જ્યારે નિકલ અને પ્રાણમથી થાઈરોઈડ મા જસતનુ સારુ પ્રમાણ હોય છે જ્યારે હૃદય સિવાય બીજા અવયવો મા જસત અલ્પાશ (Trace) હોય છે

માછલા, કરચલા (Crustacea) અમર ભાજી (Algae) વગેરે મધુ દરિયાઈ સૃષ્ટિમા ચૂનમ (Calcium) લોહ, મેગ્નેશિયમ પોટેશિયમ અને સોડીયમ ઘણા મારા પ્રમાણમા મળી આવે છે અને દરેકમા એલ્યુમિનીયમ, ક્રોમીઅમ તાંબુ સીસુ લીથીયમ મેંગેનિઝ સ્ટ્રોન્ટીઅમ એવા દ્રવ્યો અલ્પાશ માલુમ પડયા હતા જ્યારે લોહ નીકલ, ચકમક (સીલીકોન) રૂપુ. ટીન, ટીટેનિયમ અને જસત જેટલા તત્વો નહિવત હતા. કોબાલ્ટ, સિઅમ અને વેનેડીઅમના અસ્તિત્વ વિષે હજી ચોક્કસ થતુ નથી બેરીયમ લગભગ દરેક પદાર્થોમા નહિવત પ્રમાણમા હતુ જ્યારે બોરોન માત્ર કેલ્પ મીલ (Kelp meel) એક જાતનુ સાગર સ્તબ)માથી જ મળી શકયુ હતુ

તત્વોની સહાયક ક્રિયા (Catalytic action

ઘણા ખરા તત્વો મનુષ્ય શરીરમા બહુ અલ્પ પ્રમાણમા પ્રવેશે છે કારણ કે ખાદ્ય પદાર્થોમા તેમનુ પ્રમાણ અતિ અલ્પ દસ લાખ ભાગમા એક ભાગ કે તેથીએ ઓછુ હોય છે. તેમના ઓછા પ્રમાણને કારણે તેમની ઉપયોગીતા જરાએ ઘટતી નથી તેમની હાજરીથી જ, તેમના માત્ર અલ્પ અસ્તિત્વથી જ કેટલાક રસાયનિક સંયોજનો સુગમતાથી પાર પડે છે અથવા તેના વડે જ કેટલાક સંયોજનો શક્ય બને છે. તેમની ગેરહાજરીમા ઘણુ ઉપયોગી અને અનિવાર્ય એવા રસાયનિક સંયોજનો ઘણી મુશ્કેલીથી અથવા બિલકુલ થતા નથી લગભગ એક સૈકા પહેલા સ્વીડીશ રસાયણ શાસ્ત્રી બર્ઝીલીયસે પ્રાણીઓમા શર્કરાની વિપાક ક્રિયા (Fermentation આથો) મા જોયુ કે વિપાક દ્રવ્ય—Ferment—રસાયણિક ક્રિયાને વેગ આપે છે

એ મહાશય જણાવે છે કે—અસેન્દ્રિય (Inorganic) પદાર્થો સાથના સંયોગો સરખામણીમા જણાયુ છે કે પ્લેટીનમ રૂપુ અગર તો Fibrin ની અસર હેઠળ હાઈડ્રોજન પેરોક્સાઈડ ($H_2 O_2$)નુ વિભાજન બહુ ત્વરિત અને સરળતાથી થાય છે

આ ઉપરથી એવુ અનુમાન શક્ય બને છે કે જેવી રીતે વિપાક દ્રવ્ય રસાયણિક ક્રિયાને વેગ આપે છે તેવી જ રીતે ગણાતા દ્રવ્યો (અને પ્લેટીનમ વગેરે) પણ રસાયણિક ક્રિયાને (અહીં $H_2 O_2$ વિભાજન) વેગ આપે છે તેથી બન્ને ક્રિયાઓમા ઘણુ સામ્ય (Analogy) દેખાઈ આવે છે

આ બન્ને ઉપરની ક્રિયાઓ કે જેની સહાયક શક્તિ તરીકે ઓળખીશુ સહાયક શક્તિ કે જેથી ભૌતિક આકર્ષણને કારણે (Due to affinity) જે સંયોજન અગર વિભાજન થાય છે આ બે શક્તિ વિના સંયોજન અગર સંયોજનો ત્વરિત અને સરળ બનાવે છે તે ક્રિયા સહાયક ક્રિયા (Catalysis) કહેવાય આ ક્રિયામા સહાયક દ્રવ્ય (Catalyst) પોતે રાસાયણિક રીતે ભાગ લીધા સિવાય માત્ર પોતાની હાજરીથી જ રસાયણિક સંયોજન અગર વિભાજન શક્ય બનાવે છે અગર ત્વરિત અને સરળ બનાવે છે

આપણે નિઃશંક રીતે કહી શકીએ તેમ છીએ કે જીવંત પદાર્થોમાં, પછી ભલે તે ઉદ્‌ભિજ હો કે પ્રાણીજ હો. આવી અસંખ્ય સહાયક ક્રિયાઓ ચાલ્યા જ કરે છે. અને તેને પરિણામે ઘણા નવા પદાર્થો ઉત્પન્ન થાય છે. જે પદાર્થો આખરે ઉદ્‌ભિજ રસ (Plant Juice) અગર તો રક્ત (Blood) બને છે.'

આમ બર્ઝેલિયસે સહાયક ક્રિયાની બહુ આશ્ચર્યજનક પદ્ધતિ વિષે કારણો અને સાબિતીઓ આપી. સહાયક ક્રિયા એટલે નિરીન્દ્રિય પદાર્થોમાંથી સેન્દ્રિય પદાર્થો બનાવવા માટેની આવશ્યક શક્તિ. ખોરાકના પચનમાં તેની અનિવાર્ય જરૂરિયાત. શોષણ ક્રિયા (Assimilation) અને ઉત્સર્ગ ક્રિયા (Sliminat-ion) માટે પૂરી પાડતી જોઈતી શક્તિ, ગ્રંથીઓમાં થતી ચોક્કસ ક્રિયાઓમાં તેમનો અગ્રગણ્ય ભાગ—એટલે ટૂંકામાં બધી ઇન્દ્રિય વિજ્ઞાનિક ક્રિયાઓ (Physiological function) આ ક્રિયાને જ આભારી છે.

એ ત્રણે તત્વો સૌમ્ય (Normal) અને તંદુરસ્ત લોહી બનાવવા માટે બહુ આવશ્યક છે. જ્યારે મંડજ (White flour starch), ફોતરા ઉતારેલ મકાઈ (Botted corn meal) મીલમાં પાલીસ કરેલા ચોખા વગેરે પદાર્થોમાં ખનીજ તત્વો–રક્તપ્રદ ક્ષારોનું–પ્રમાણ નહિવત્ હોય છે.

શરીરની અંદરના પદાર્થોનું પ્રાણવાયુ સાથે સંયોજન થવાથી અને તેથી દહન થવાથી ઉષ્માશક્તિ ઉત્પન્ન થાય છે. સેંદ્રિય ક્ષારો એ પહેલેથી જ દહન થઈ ગએલા પદાર્થો હોવાથી શરીરમાં તેનું દહન થતું નથી. અને પરિણામે અનિવાર્ય એવી ઉષ્માશક્તિ ઉત્પન્ન થતી નથી. તે ક્ષારો કોષો (Cells)ને અને માંસ પેશીઓને સખ્તાઇ (Firmness) અને આકાર (Form) આપે છે. તેમને સંગીન (Sound) અને સૌમ્ય (Normal) બનાવે છે. બીજી રાસાયણિક ક્રિયાંઓમાં સહાયક દ્રવ્ય (Eatalysts) તરીકે ભાગ લે છે. (સહાયક દ્રવ્યોનો એવો ગુણ હોય છે કે તેઓ બહુ થોડા પ્રમાણમાં—દસ લાખ ભાગમાં એક ભાગ કે તેથી ય ઓછા પ્રમાણમાં પણ પોતાની અસર અથવા 'લાગવગ'થી રસાયણિક સંયોજન અગર વિભાજનને સહાય કરી શકે છે.)

ખનીજ તત્વો શરીરને–વિજાતીય દ્રવ્યોને શરીરમાં ટકવા દેતા ન હોવાથી–સ્વચ્છ રાખે છે, મળ, મૂત્ર, સ્વેદ, કાર્બોનિક એસિડ (H૨ C. ૦૩) વગેરેનું નિર્મળીકરણ (Neuligation) કરી એ ઝેરી તત્વોને શરીરમાંથી બહાર કાઢવામાં સહાયભૂત બને છે. રોગોનાં કારણોમાંનું મુખ્ય એક કારણ Toxmia ને દૂર કરી સંપૂર્ણ સ્વાસ્થ્યની સમતોલતા (Equilibrium) જાળવી રાખે છે. તેઓ પ્રતિવિષ (Antitoxin) છે. અને શરીરના દરેક કોષને શક્તિ બક્ષી 'કહેવાતા દર્દના જંતુઓને' પરાજય આપી મોટી સેવા બજાવી રહ્યા છે. શરીરની અંદરના ખનીજ તત્વો તેની શરીરની અંદર થતી ક્રિયા પ્રતિ-ક્રિયાઓ (Action & Reactions) વિષેની માહિતી 'નૈસર્ગિક સાત્વિક જીવન' ગાળવા માટે જાણવી આવશ્યક છે.

ખોરાકનાં આ વિભાગ તરફ હવે ધ્યાન આપવામાં આવે છે એ ખરેખર આનંદની વાત છે. (અલબત્ત અમેરિકામાં ! નહિ કે હિંદમાં) વૈદકીય ગ્રંથો આ વિષયને હજી પણ ઓછી અગત્યતા આપે છે. (કારણ કે વૈદ ડોકટરો મૂડીવાદ પદ્ધતિએ પોતાની વિદ્યાને વેચે છે. વિદ્યાનો વ્યભિચાર કરી રહ્યા છે.) એ ખરેખર બહુ દુઃખની વાત છે.

ખોરાકનું પૃથક્કરણ

Analyses of foods, Mineral salts, 'The real materia medica

ખનીજ તત્વો એ ખરેખર ઔષધિ દ્રવ્યો છે લીલા પાંદડા વાળી શાક-ભાજીઓમાં અમ્લનાશક અથવા પ્રતિઅમ્લતા (Alkalinity or acid binding)નું પ્રમાણ સારું હોય છે ખાસ કરીને સોડિયમ, ચૂનમ, અને લોહનું પ્રમાણ વધારે હોય છે

કોઈ પણ વૈદકીય પદ્ધતિ જે શરીરની અંદર રહેલા અતિ ઉપયોગી ખનીજ તત્વો અને જે ખનીજ તત્વ આપણા ખોરાકમાં છે, તે તત્વો પ્રત્યે ઉદાસીનતા બતાવે અથવા બેદરકાર રહે, તો તે પદ્ધતિ કદી પણ પૂર્ણ રીતે અસરકારક બને જ નહિ એ તત્વોની ખાસિયતો વડે જ જીવન અને વૃદ્ધિના નિયમો સંકળાયલા છે તંદુરસ્તી અને પૂરતા પોષણનો કોયડો ખનીજ તત્વોના ઇન્દ્રિય વિજ્ઞાનિક કાર્યો (Physiological Function) અગર શરીરની અંદર થતી તેની ક્રિયા પ્રતિક્રિયાઓ વગેરેના વિશાળ જ્ઞાન વગર કદી પણ સંતોષકારક અને સફળ રીતે ઉકેલી શકાશે નહિ હાડકાના બંધારણમાં રહેલા (Caco3) ચૂનાનો પત્થર તથા કેલ્સીયમ ફોસ્ફેટ (Cas Po 472) તેમ જ રક્તજળ (Blood serum)માં રહેલા રક્તાણુમાં સોડા સોડીયમ ફોસ્ફેટ (Na3 Po 4) પોટાશીઅમ ક્લોરાઈડ (Ker) મીઠું (Nacl) વગેરે ખનીજ દ્રવ્યો સેંદ્રિય (Organic) છે અને તેથી જ જીવનના અમુક તબક્કે તેઓને અતિ ઉપયોગી કાર્યો કરનારા હોય છે થોડા અગર વધેલા એ તત્વોની વપરાશને કારણે શક્તિ ઘટવાની જ છે અને તે તત્વો પૂરવા બીજા તાજા તત્વો લેવાવા જ જોઇએ બીજા શબ્દોમાં કહીએ તો જ્યારે કોઈ સજીવ પદાર્થની શક્તિ ઘટી જાય છે, અને નવી શક્તિ નથી મળતી ત્યારે શક્તિ ક્ષય' થવાથી તે મૃત્યુવશ બને છે

એકજ જાતના ખોરાકમાં ખનીજ તત્વોની અસમાનતા-જુદા જુદા ખાદ્ય પદાર્થોનું પ્રથક્કરણ કરતાં એક અગત્યની હકીકત માલુમ પડે છે કે, એક જ જાતની વસ્તુના રાસાયણિક બંધારણમાં તફાવત પણ હોય છે દા ત ગાયના દૂધમાં એકંદર ખનીજ તત્વોના પ્રમાણમાં •૩૫ ટકાથી ૧ ૨૧ ટકા જેટલો તફાવત મળે છે દ્રાક્ષમાં • ૩૬ ટકાથી • ૭૦ ટકા સુધીનો, બટાટામાં ૦ ૪૨થી ૧ ૪૬ ટકા જેટલો અને વટાણામાં ૧•૭૬થી ૩ ૪૯ જેટલા તફાવત પડે છે જેવી રીતે બધા ખનીજ તત્વોના પ્રમાણમાં ફરક પડે છે તેવી રીતે જ જુદા જુદા ખનીજ તત્વના પ્રમાણમાં પણ ફરક હોય છે જ.

આવી જાતના તત્વોનું કારણ જુદી જુદી જમીનમાંથી ખોરાક ઉત્પન્ન થયેલો હોવાથી અને જુદી જુદી રીતે તૈયાર થયેલો હોવાથી માની શકાય ખાદ્ય પદાર્થોમાં ખનીજ તત્વોના પ્રમાણમાં ફેરફારો ધીમે ધીમે અને અદૃશ્યપણે ચાલ્યા કરે છે, પરંતુ વાએ ગાજે જમીન એટલી બધી કસ-સત્વ વગરની બની જાય છે કે, પાક બહુ નીચા પ્રકારનો-ખાસ કરીને ખનીજ તત્વોની ઉણપવાળો-ઉત્પન્ન થાય છે પ્રાણીઓ (જેમાં મનુષ્ય પણ) અગર વનસ્પતિ કોઈ પણ આવા ઉણપવાળા-સત્વ વગરના-ખોરાક ઉપર આધાર રાખે છે, તેમની જીવનશક્તિ ક્રમશ ક્ષીણ થતી જાય છે. અને તેની ક્ષીણ થયેલી શક્તિનો વારસો

તેનાં બાળકોને પણ મળતો જાય છે. એક ખાસ નિયમ છે કે જ્યાં જીવનશક્તિ જ ઓછી હોય ત્યાં રોગનો પ્રવેશ થવો બહુ સરળ બની જાય છે. રોગોત્પાદક દ્રવ્યને અથવા વિજાતીય દ્રવ્યને દેહથી અલગ રાખવાનું કામ જીવન શક્તિનું છે. તેનો અભાવ અગર ઉણપથી રોગો શરીરમાં ઉત્પન્ન થાય છે, અને શરીરને પાયમાલ કરી નાખે છે.

તત્વોનું ધ્રુવીય (Polaric) વિભાગીકરણ (Distribution of elements)

અગાઉનાં કૃષિશાસ્ત્રવિદોને ખબર હતી કે, વનસ્પતિમાં અગર પ્રાણીઓમાં ખનીજ તત્વો એક જ સરખા પ્રમાણમાં-સમાન ધોરણે વહેંચાયલા નથી. પરંતુ જુદા જુદા અવયવોમાં જુદા જુદા તત્વો વધુ-ઓછા પ્રમાણમાં વહેંચાયેલાં છે. મનુષ્યદેહના જુદા જુદા અવયવોમાં કયા કયા તત્વો વહેંચાયેલા છે એ આપણે જોઈ ગયા છીએ. ઉદ્‌ભિજજગતમાં સોડીયમ, પોટાશિયમ, લોહ અને ગંધક સામાન્ય રીતે ડાળીઓમાં, પાંદડાઓમાં અને ફૂલો, ફળોમાં માલૂમ પડે છે. પોટાશિયમ, સ્ફુરક અને મેગનેશિયમ મુખ્યત્વે બીજમાં અને મૂળમાં જણાય છે. એવી રીતે જ બીજા તત્વો પણ વહેંચાયેલા હોય છે.

સેંદ્રિય અને નિરીંદ્રિય ક્ષારોની સરખામણી—Organic versus Inorganic salts.

કેટલાક નિસર્ગોપચારકો અને બીજાઓ જેમ ભૂલ ભરેલી રીતે માને છે તેમ આ બેની સરખામણી કરવી એટલી મુશ્કેલ નથી. અને આ બેની વચ્ચે ઘણું સામ્ય હોય તેમ લાગે છે. પરંતુ એ વાત તો સાચી છે જ કે જેમ જેમ જીવનનું સ્વરૂપ ચડતું જાય છે, તેમ તેમ તેની અંદર ઘણી જાતનાં સેંદ્રિય (Organic) મિશ્રણો તેમાં થતી મહત્વની ક્રિયાઓથી ઉત્પન્ન થતા જાય છે.

અત્યાર સુધી ઘણાંઓની લાંબા વખતથી એવી માન્યતા છે કે નિરીંદ્રિય ક્ષારોમાંથી વનસ્પતિ અગર પ્રાણી પોતાના અવયવોના ગૂઢ ફેરફારોથી સેંદ્રિય ક્ષારો બનાવી. તે પછી જ તેને શરીરમાં અગર લોહીમાં મેળવી શકે છે, આ બાબતમાં અમેરિકાના પ્રખ્યાત ડો. વિલ્યમ શુસ્લરનો મત એવો છે કેઃ—"સ્વાભાવિક રીતે જોતાં નિરીંદ્રિય દ્રવ્ય (Inorganic material)ના અણુમાં અને સેંદ્રિય દ્રવ્યના અણુના અંગમાં તે વનસ્પતિજન્ય વસ્તુથી ખોરાક તરીકે લેવાયું ત્યારથી તે સેંદ્રિય કહેવાયું, ત્યાં સુધીમાં ખાસ અસામ્ય તેમને જણાતું નથી.

નીમક-મીઠું (Common or Table salt N. A. C. L.

નીમકના એક અણુમાં સોડિયમનો એક પરમાણુ અને નીલવાયુ (ક્લોરિન)નો એક પરમાણુ હોય છે. ઘણાં લોકો એમ માને છે કે સ્વચ્છ અને તાજા શાકભાજી આપણને ઉપયોગી એવાં સોડિયમ અને નીલવાયુ બન્ને સારા પ્રમાણમાં પૂરાં પાડી શકે તેમ છે. જ્યાં જ્યાં દરિયાઇ વનસ્પતિનો ખોરાકમાં ઉપયોગ કરવામાં આવે છે, ત્યાં એમનું માનવું બરાબર છે. દા. ત. પેસિફિક મહાસાગરનાં કાંઠા પરની Kelp (Macrocystis fyripera) અને Dulse (sea lettuce)નો ખોરાક તરીકે ઉપયોગ કરવામાં આવે તો સોડિયમ અને નીલવાયુ પૂરતા પ્રમાણમાં મળી રહે. જ્યારે આપણે જે શાકભાજીનો ઉપયોગ કરીએ છીએ તેમાં પ્રમાણસર મીઠું વાપરવું હિતકર મનાય છે. ખોરાકમાં અગર શાકભાજીમાં આપણે જે મીઠું (N. A. C. L.) નાંખીએ છીએ તેનું કારણ એ છે કે, ખોરાકના મૂળઃતત્વો તેમાંથી કાઢી નાખેલા ઓસામણમાં જાય નહિ. અને આપણને તે મૂળ તત્વો મીઠાનાં અણુઓ દ્વારા રૂપાંતર થઈને મળી શકે. (Na saltsના રૂપમાં) અને ખોરાકને સ્વાદ [illegible] માટે પણ એક કારણ ગણાવી શકાય.

અમારુ માનવુ છે કે મીઠુ દાળભાત વગેરેમા નાખવાથી તેમા રહેલ ઉપયોગી તત્વો સોડિયમના ક્ષાર મા ફેરવાઈ જતા, મનુષ્યશરીરને assimilate–શોષણ થવામા વધુ કીમતી મદદ કરે છે (પણ નીમક વધુ શરીરને હાનિકર્તા છે એમ પણ કેટલાક પુસ્તકોમા વાચેલુ છે તે પર પણ ધ્યાન દેવુ જરૂરી છે — ની)

અમ્લનુ મહત્વ— અગર પ્રતિઅમ્લક તત્વો—acid binding elements (વાઉટરમેઈસ્ટર એગ્રાઉન્ડ કૃત પ્રકરણ ૧૦ નુ ભાષાતર)

મનુષ્યશરીરને માટે ખોરાકમાંથી મળતા અમ્લનાશક તત્વો ખાસ જરૂરના છે જે આ છે— પોટાશિયમ સોડિયમ કેલ્શિયમ, મેગ્નેશિયમ આયર્ન (લોહ) કોપર (તાંબુ) મેંગેનિઝ, ઝીંક (જસત), નીકલ, અને એલ્યુમીનીઅમ

પોટાશીઅમ જગતમા આ ક્ષાર નીચેની વસ્તુઓમાથી મળી આવે છે ૧ સમુદ્રના પાણીમા પોટાશીઅમ ક્લોરાઈડ (Kcl) અને પોટાશીઅમ સલ્ફેટ તરીકે ($K_2 SO_4$) ૨ ધરતી ઉપરની ખાણમા Rock salt સિંધવ નુ મીઠુ ફિલ્ડસ્પાર તરીકે Feldspar અને Glimmer ના પત્થરોમા પોટાશિયમ સીલીકેટ તરીકે

વનસ્પતિના બીજમા પોટાશીઅમ ફોસ્ફેટનુ પ્રમાણ સારુ હોય છે જો સોડીયમ અને પોટાશીઅમનુ પ્રમાણ જોઈએ તો વનસ્પતિના મૂળો કરતા પાદડાઓમા વધુ હોય છે મનુષ્યદેહના સ્નાયુઓની સ્થિતિ સ્થાપકતાના પોટેશીઅમ ક્ષારો નામના સયોગ પર મોટે ભાગે અવલબિત છે બીજા સક્રિય ક્ષારો સ્નાયુમા ઓછા પ્રમાણમા હોય છે બીજા મૂળ તત્વો જો યોગ્ય પ્રમાણમા હોય તો પોટાશીઅમ પણ તેમની સાથે રહીને ઘણુ સરુ કાર્ય આપી શકે

વનસ્પતિ શરીરના ઉદ્‌ભિજ કોષો માટે પોટાશીઅમ ફક્ત કાર્બોહાઈડ્રેટ અને ચરબી માટે નહિ પરંતુ નત્રજ (Proteid) માટે પણ ખાસ ઉપયોગી છે મનુષ્યશરીરમા પણ આ ક્ષારોની ખાસ ઉપયોગિતા છે Glycogen નામના ઉપયોગી તત્વમાથી Glucose દ્રાક્ષ શર્કરા બનાવવા માટે પોટાશીઅમ અગત્યનો ભાગ ભજવે છે

યકૃતમા સોડિયમ કરતા પોટેશિયમનુ પ્રમાણ વધુ હોય છે જ્યારે સીરમ–ખૂન–મા સોડીઅમ કરતા પોટેશીઅમનુ પ્રમાણ ચોથા ભાગનું હોય છે મગજ અને સ્નાયુમા પોટેશીઅમ સારા પ્રમાણમા હોય છે આ ઉપરથી એમ કહી શકાય કે પોટેશિયમ મનુષ્યશરીરમા જોઈતી જ્ઞાનતતુઓની ઉપયોગી શક્તિ અને મગજ શક્તિ માટેની શક્તિ પૂરી પાડે છે

સોડીઅમ (Asolvent and eliminator)

સર્વવ્યાપક દ્રાવક અને ઉત્સર્ગક (Universal solvent and eliminator)

નૈસર્ગિક સ્વરૂપમા સોડીઅમ ક્ષારો રૂપે દેખાય છે અને સામાન્ય રીતે તે સમુદ્ર જળમા અને ઝરણા ઓમા મીઠા (N A CHL) તરીકે જોવામા આવે છે વળી ધરતીના પેટાળમા પણ મીઠા તરીકે મળી આવે છે દક્ષિણ અમેરિકામા (N A N_{O3}) Nitre તરીકે પણ પથુખરા ખનીજોમાથી તે સોડીયમ સીલીકેટ તરીકે મળી આવે છે

પ્રાણી અને મનુષ્યદેહનાં ક્રિયાઓમાં સોડીઅમ ઘણો આગળ પડતો ભાગ ભજવે છે. મીઠાના સ્વરૂપમાં (Nacl) તે લોહીમાં અને...Lymphમાં ઘણાં મોટા પ્રમાણમાં હોય છે.

આપણા દેહમાં Lime અને Magnesia જમા થાય છે. ત્યારે તેમને દ્રાવ્ય રાખવાનું મુખ્ય કામ સોડીઅમ કલોરાઈડ કરે છે. લાઇમ અને મેગ્નેશિયા જો આવી રીતે દ્રાવ્ય ન બને તો શરીરની કેટલીક કેશવાહિનીઓમાં આ બંનેની જમાવટ થવાથી બંધ થઇ જાય છે. અગર તો મૂત્રાશયમાં પથરી–અશ્મરી–એકઠી થાય છે. અગર તો તેમની અમુક અંગોમાં જમાવટ થવાથી લકવા જેવા દરદો પણ થઇ આવે છે. લોહીને એકદમ જામી જતું (Coagulate) અટકાવવા સોડીઅમ ઘણો સારો ભાગ ભજવે છે.

મનુષ્યશરીરમાં થુંક–અમી Saliva juice) પિત્તાશયનાં રસો યકૃતનો પિત્ત (Bile) બનાવવામાં પણ સોડીઅમ ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

મધુપ્રમેહ (Diabetes) થવાનું એક કારણ શરીરમાં સોડીઅમનાં અમુક પ્રમાણની અછત છે.

એમ જણાયું છે કે, હેમોગ્લોબીન (રક્તાણુ ?)ની અંદર રહેલા લોહના પ્રમાણ પર પ્રાણવાયુનું શોષણ અવલંબિત છે. બીજી બાજુ લોહી અને...(લીમ્ફ)માં રહેલાં સોડીઅમ ફોસ્ફેટ (Na3 Po4) અને સોડીઅમ કાર્બોનેટ, શરીરની અંદર આપણે ખોરાક દ્વારા લેતા નત્રજ, ચરબી અને કર્બુદિત પદાર્થોના દહનથી ઉત્પન્ન થતો કાર્બોનિક એસીડ (H.ર ૦૩) બહાર કાઢે છે.

જુદી જુદી જાતનાં કઠોળ, અનાજ, કાચલાં વાળાં બીજ (Nuts)નાં બંધારણમાં સોડિઅમનું પ્રમાણ ઓછું હોવાને કારણે તે ખોરાક પૂરેપૂરું પોષણ આપી શકતો નથી. પોષણ મેળવવા માટે આપણે સોડીઅમ ક્ષારો વાળા ફળો અને શાકભાજીનો ઉપયોગ અવશ્ય કરવો જોઈએ.

સોડિયમ નીચેનાં વનસ્પતિ અંગોમાં સારા પ્રમાણમાં હોય છે. પદાર્થને નિર્જળ કર્યા બાદ

તેના ૧૦૦૦ ભાગમાં કેટલા ભાગમાં સોડિયમ છે તઃ—

Sodium Contained it 1000 parts of water–Free substance

થૂલા વગરનો આટો	૦·૦૮	ભોંયશીંગ	૦·૨૧	દ્રાક્ષ	૦·૪૦
મધ	૦·૧૦	ચેસ્ટ નટ	૦·૨૮	બીન્સ	૦·૪૨
ચોકોલેટ	૦·૧૩	ઘઉંનું થૂલું	૦·૩૨	આખા ઘઉં	૦·૫૦
મેપલ શર્કરા	૦·૧૩	પિકેન્સ	૦·૩૬	ફિલ્બટ*	૦·૬૫
રાઇ અનાજ	૦·૧૫	બદામ	૦·૩૮	હાથછડ ચોખા	૦·૬૭
અખરોટ	૦·૧૭	જવ (Pearled	૦·૩૮	રાઈ અનાજનું થૂલુ	૦·૭૫

*અંગ્રેજી નામ વાળાં શબ્દોના અંગ્રેજી ભાષામાં ન લખતાં ગુજરાતી શબ્દો જ લખ્યાં છે તેના સ્પેલિંગ અંગ્રેજી અક્ષર અનુક્રમણિકામાં જોઈ લેવાં.

+આંકડા અમેરિકાની જમીન અને આબોહવાના સરેરાશે છે, પણ ઓછાંવત્તાં ખાતર કે માવજત કે આબોહવાના ફેરફારોને લીધે તેમાં ઘણી વધઘટ થાય છે દા. દ્રાક્ષમાં ૦.૧૯ થી ૧૦.૫૪ બટાટામાં ૦થી ૧૬.૯૩ વટાણામાં ૦થી ૩.૫૪ સોડિયમ હોય છે. ચૂનમ [કેલ્સ્યમ] દ્રાક્ષમાં ૧–૭૦ થી ૨૨.૬૦ બટાટામાં ૦.૫૧થી ૬૨૩ વટાણામાં ૨.૩૧થી ૭ ૯૦ સુધી મળે છે,

ચરીફળ	૦·૭૬	નેટલ્સ	૩·૨૬	રાતીકોબી	૯·૩૭
કોકો બીન્સ	૦·૮૨	સૂકી દ્રાક્ષ રેસીન્સ	૩·૩૦	ઇન્ડીવ	૯·૭૫
લીંબુ	૦·૮૪	પ્રુન્સ	૩·૪૧	કાકડી	૧૦·૦૦
સોરેલ (ચૂકો)	૦·૮૫	ફલી ગડ	૩·૭૫	સૂકાં અંજીર	૧૦·૭૭
જુવાર	૦·૯૦	એપ્રીકોટ (જરદાલુ)	૩·૭૬	કોબી	૧૧·૬૮
નારંગી, મોસંબી	૦·૯૫	ચીન્સ	૪·૨૦	પાલક	૧૨·૦૦
ખજૂર	૧·૦૦	લેન્ટીલ (મસુર)	૪·૬૨	સુવા	૧૨·૬૫
ઓટ અનાજ	૧.૦૦	સાલમન	૪·૯૦	સેવોયકોબેજ	૧૨·૯૫
ફૂછત્ર	૧·૦૫	આર્ટીચોક	૫·૩૮	લસિન ભાજી	૧૩·૫૫
જવ	૧·૦૧	કોલીફ્લાવર ફૂલકોબી	૫·૩૮	ડેન્ડેલિયન	૧૩·૬૩
ચેમ્પીઝનન્સ	૧·૨૭	કોહલરાબી	૫·૪૦	લીક	૧૪·૧૫
નાળિયેર–કોપરા	૧·૩૦	બીન્સ	૫·૬૦	ગાજર	૧૪·૬૩
ખાંડ	૧·૩૦	ટરનિપ (સલગમ)	૭·૦૧૦	એસ્પેરેગસ	૧૪·૭૭
બીચ નટસ	૨·૧૭	સોરજઈ	૮·૦૧	ભૂરું કોળું	૧૫·૨૨
નાસપતી	૨·૧૮	એવોકેડો ફળ	૮·૩૫	સ્ટ્રોબેરી	૧૮·૫૩
ઓલીવ ફળ	૨·૫૨	બીટરૂટ	૯·૦૦	મૂળા	૨૩·૨૭
હોર્સરેડીશ	૨·૫૭			ટોમેટા	૩૨·૯૦
ગુઝબેરી	૨·૮૭			સ્વીસચાર્ડ	૬૨·૭૦
હુકલબેરી	૩·૦૦			પાલખ ભાજી	૬૩·૯૦
કુરન્ટસ ગ્રેન્ટ	૩·૧૫			સેલેરી	૬૬·૨૫
મકાઈ દાણા	૩·૨૦				

ચુનમ કેલ્શીઅમ અને મેગ્નેશીઅમ. The builders of bones

અસ્થિગઠકો (The builders of bone) આ બન્ને સાથે મનુષ્યશરીરના આખા હાડપિંજરમા તથા મૃદુઅસ્થિઓ (Cartilages)મા જોવામા આવે છે. મેગ્નેશીઅમ હાડકાંને અમુક પ્રકારની મૃદુતા આપે છે, અને તેથી હાડકા એકદમ બરડ થતા અટકે છે. Lime અને Magnesia વનસ્પતિ સૃષ્ટિમા પણ ઘણો અગત્યનો ભાગ ભજવે છે. વનસ્પતિના એકેએક ભાગમાં મેગ્નેશિઅમ રહેલું છે. પરંતુ વનસ્પતિના બીજમા તે બાજા ભાગો કરતા વધારે પ્રમાણમા હોય છે, જ્યારે પાંદડાઓમા બીજા ભાગો કરતા ચૂનમ (Lime)નુ પ્રમાણ વધારે હોય છે. વનસ્પતિની વૃદ્ધિ માટે ચૂનમની આવશ્યકતા છે. બીજના બંધારણ માટે મેગ્નેશીઅમ આવશ્યક છે.

મનુષ્યશરીરમા મેગ્નેશીઅમ મુખ્યત્વે (Mg (P. O4) 2) મેગ્નેશીઅમ ફોસ્ફેટ તરીકે હાડકામા જોવામાં આવે છે ફોસ્ફેટ ઓફ લાઈમ લગભગ ૫૦ / હોય છે. જ્યારે ફોસ્ફેટ ઓફ મેગ્નેશિઆ માત્ર ૧ /. જેટલો મળે છે પરંતુ આ નાનું પ્રમાણ પણ હાડકા તથા દાંતને મજબૂતી અને આવશ્યક મૃદુતા આપવા માટે ઘણું ઉપયોગી છે

એ ખરી વસ્તુ છે કે, ફક્ત કેલ્શીઅમના ક્ષારોની હાજરીમા જ મેગ્નેશિયમના ક્ષારો ઉપયોગી પોષણ પૂરું પાડી શકે છે. જો કેલ્શીઅમ ક્ષારોની ગેરહાજરી હોય તો મેગ્નેશિયમના ક્ષારો શરીરને હાનીકારક પણ નીવડે.

અલ્કલ યાને પ્રતિઅમ્લક ક્ષારો–કેલ્શ્યમ, મૅગ્નેશ્યમ
૩. કેલ્શ્યમ–ચૂનાનો ક્ષાર

કેલ્શ્યમ એટલે ચૂનાનો ક્ષાર. મૅગ્નેશ્યમનું તત્વ કેલ્શ્યમના તત્વની સાથે ખોરાકમાં હોય જ છે પોટેસ્યમ જેમ માંસ બનાવવામાં મુખ્ય છે તેમ કેલ્શ્યમ–ચૂનો હાડ બાંધવામાં મુખ્ય છે.

હાડ બાંધવામાં જ નહિ, પણ શરીરના દરેક અંગ માટે કેલ્શ્યમ જરૂરી છે. શરીરમાં રહેલા કુલ ક્ષારોમા અડધો હિસ્સો તો એકલા કેલ્સ્મનો જ છે. લોહીના રક્તાણું બનાવવામાં લોહ અને ચૂનાનો ક્ષાર–કેલ્શ્યમ–જરૂરી છે. મજબૂતી અને ટકાઉપણું કેલ્શ્યમને આભારી છે. એ ક્ષાર પાચનમાં મદદ કરે છે. લોહીને ઘટ્ટ કરે છે, અને જ્ઞાનતંતુઓને શાન્ત કરે છે. ઓક્ષઝેલિક નામના અમ્લઝેરનો એ મારક છે. ખોરાકમાં ચૂનાના ક્ષારનું પ્રમાણ જોઇએ તેથી ઓછું હોય તો હાડ અને દાંતમાંથી એ ક્ષાર ખેંચાય છે, અને પરિણામે હાડ ગળે છે અને દાંત પોચા પડી જાય છે.

એવી ગણત્રી કરવામાં આવી છે કે સામાન્ય માણસને દરરોજ એક તોલો (૨૦૦ ગ્રેન) કેલ્શ્યમ મળે તેવી રીતે ખોરાક લેવો જોઇએ. ગર્ભવતી સ્ત્રીએ તેથી પણ વધારે કેલ્શ્યમ ખાવું જોઇએ. ખાસ કરીને છેલ્લા ત્રણ માસ દરમ્યાન ગર્ભનાં હાડ બંધાવા માટે પુષ્કળ કેલ્શ્યમની જરૂર રહે છે. તેટલો ચૂનાનો ક્ષાર પૂરો પડે એવા ખોરાક ન ખાય તો ભાવિ માતાના શરીરમાંથી ચૂનાનો ક્ષાર ખેંચાઇ જાય છે, તેનું શરીર ગળવા માંડે છે, અને ભાવિ બાળકનું હાડ પણ નબળું રહે છે. દરરોજ સારી રીતે લીલોતરી લેવામાં આવે એ ખાસ જરૂરતું જે; કેમકે લીલાં પાનમાં ચૂનાનો ક્ષાર સારી રીતે હોય છે. તેથી બાળકનું શરીર સારૂં બંધાય અને પ્રસૂતિ સહેલાઈથી થાય. જંગલી પશુઓ પોતાના શિકારનાં કૂંણાં હાડકાં અને લોહી ખાતાં હોવાથી તેમને પૂરતો ચૂનાનો ક્ષાર મળી રહે છે. પણ માણસ તો માંસ અગર અનાજ ખાય છે. તેમાંથી આ ક્ષાર પૂરતા પ્રમાણમાં મળી રહે નહિ. તેથી માણસોએ લીલાં તાજાં ફળ અને શાકભાજી સારી રીતે ખાવાં જોઇએ. દૂધમાં તો આ ક્ષાર ઘણા ઉમદા પ્રમાણમાં છે. ચૂનાના નીતાર કરતા ય દૂધમાં વધારે ચૂનો છે.

. ચૂનાનો ક્ષાર વધારે પ્રમાણમાં લેવાથી નસો કઠણ થઈ જાય છે અને ઘડપણ વહેલું આવે છે એમ કેટલાકનું કહેવું છે, ચૂનાના ક્ષારને પ્રવાહી રૂપમાં રાખવા માટે સોડિયમના ક્ષારની જરૂર છે. જેથી ખોરાકમાં ચૂનાનો ક્ષાર સારા પ્રમાણમાં રહે એવી કાળજી રાખીએ, પણ સાથે સોડિયમ ક્ષાર લેવામાં બેદરકારી રાખીએ તો ચૂનાના ક્ષારથી પરિણામે નસો કઠણ થઈ જાય અને અકાળે વૃદ્ધાવસ્થા આવે એવું બને ખરૂં. માંસ, મેંદો, દારૂનું સેવન કરનારને સોડિયમનો ક્ષાર સારા પ્રમાણમાં મળી શકતો નથી. શાકભાજીમાં ચૂનાનો ક્ષાર સારા પ્રમાણમાં હોવા ઉપરાંત સોડિયમનો ક્ષાર પણ સારા પ્રમાણમાં હોય જ છે.

ચુનમ Calcium (C O)

પદાર્થને નિર્જળ કર્યા બાદ ૧૦૦૦ ભાગમાં ૧ ભાગ

* ઘઉંનો ભૂસા કાઢેલ	૦·૧૦	જવ પર્લેડ	૦·૨૨	રાઇઅનાજ આખા	૦·૬૧
પાઉ		જુવાર	૦·૩૫	ફળો	·૬૮
રાઇ અનાજનો મેંદો	૦·૧૦	મકાઇદાણા	૦·૩૬	કાચી ખાંડ	૦·૭૦
ચોખા મિલછડ	૦.૧૩	ઘઉં મિલ આટો	૦.૪૩	આખા ઘઉં	૦·૭૫
મકાઈ મિલછડ લોટ	૦·૨૦	હાથછડ ચોખા	૦·૫૯	જામફળ	૦·૯૭

ઓવરટીંગ દાણા	૦·૬૭	એવોકેડો	૨·૧૫	શેલેરિએક	૬·૯૦
અખરોટ	૦·૯૫	મસુર આખા	૨·૧૮	સોરેલ ચૂકો	૭·૮૮
ચોકલેટ	૧·૦૦	શુછત્ર	૨·૧૮	કાકડી	૭·૩૦
રાયક્રીપ્સ	૧·૦૦	ઓટ આખા	૨·૨૫	બીચનટ	૭·૭૩
ચેસ્ટનટ	૧·૦૩	મધ	૨·૩૫	ગાજર	૭·૮૦
એપ્રીકોટ (જરદાલુ)	૧·૦૮	સુકદ્રાક્ષ (રેસીન્સ)	૨·૪૧	ડુફલેમ	૮·૧૫
જવ આખા	૧·૧૦	બનાના	૨·૫૦	નારંગી (ઓરેંજ)	૮·૬૫
નાળિયેર કોપરા	૧·૧૦	અનનાસ	૨·૬૦	કોહલરાબી	૯·૧૫
ઓટ રાંધેલ	૧·૧૦	આમો	૨·૫૫	સ્ટ્રોબેરી	૯·૨૩
ખજૂર	૧·૧૫	ચેરી	૨·૬૦	એસપેરેગસ	૯·૩૩
બગાડા	૧·૧૫	પાઇન નટ	૨·૬૨	લીકમસ્ટ	૧૦·૪૬
કુદુ અનાજ	૧·૨૧	દ્રાક્ષ (ગ્રેપ)	૨·૭૦	ડુંગળી	૧૦·૬૩
પિકેન્સ	૧·૩૩	બ્રાઝીલનટ	૨·૭૫	લીંબુ	૧૨·૭૫
મકરજન	૧·૩૫	પ્લમ્સ	૨·૭૮	બ્રેડ	૧૩·૧૫
ચોખાની ચૂની	૧·૩૫	બદામ	૩·૪	ટરનિપ (સલગમ)	૧૪·૨૦
એપલ મરબત	૧·૪૩	સાલમન	૩·૧૦	મૂળા	૧૫·૪૫
વટાણા	૧·૪૫	અંજીર	૩·૩૦	ખસખસ બીજ	૧૬·૩૦
ચોળા	૧·૫૦	ગુઝબેરી	૩·૫૪	ચીઝ	૨૦·૭૦
પુમ્પરનિકેલ	૧·૫૦	હકલબેરી	૩·૭૦	સ્વીસચાર્ડ	૨૧·૧૦
ઓટ આટો	૧·૫૦	કર્નીગડ	૪·૦૦	રાતી કોબી	૨૧·૮૮
ઘઉં આખા	૧·૫૫	ગોળ (મોલેસીસ)	૪·૨૨	સફેદ કોબી	૨૧·૬૫
કુરેન્ટસ્ઝેન્ટે	૧·૬૦	પ્રુન્સ	૪·૩૪	પાલખ	૨૨·૭૩
ઘઉં થૂલું	૧·૬૫	પામનિપ	૪·૮૦	ડેન્ડેલિયન રૂટ	૨૬·૨૦
આર્ટીચોક	૧·૭૫	ફુલકોબી (કોલીફ્લોવર)	૫·૧૦	લલિત ભાજી	૨૬·૫૬
બીન્સ	૧·૯૧	ટમાટા	૫·૨૦	સોવોયકોબીજ	૨૭·૧૭
રાઈ થૂલું	૧·૯૫	હોમરેડીશ	૫·૨૮	સુવા	૨૧·૯૫
ફિલ્બટ	૨·૦૫	ભૂરુ કોળુ	૫·૫૫	વોટરક્રેસ	૫૫·૦૦
નામપતી	૨·૦૫	બન્ફુટ	૬·૩૦	નેટલ્સ	૩૮·૫૮

૪ મેગ્નેશ્યમ

ચૂનાના ક્ષારની સાથે મેગ્નેશ્યમના ક્ષારનો ઘણો સંબંધ છે તે હાડકાને કઠણ બનાવે છે હાડકાં કરતા નખમા અને દાંત કરતા ય હાથીદાંતમા મેગ્નેશ્યમનુ પ્રમાણ ઘણુ વધારે હોય છે, તેથી તે કોઈ પણ સડતા નથી માંસાહારી પશુઓના દાંતમા હાથીદાંત કરતા પણ અતિ ઘણુ મેગ્નેશ્યમ હોય છે. તેથી તેઓ હાડકાને પણ ચાવી ભૂકો કરી શકે છે

મગજ, જ્ઞાનતંતુઓ અને સ્નાયુઓમા ચૂનાના ક્ષાર કરતા મેગ્નેશ્યમના ક્ષારનુ પ્રમાણ વધારે હોય એટલે કે જ્ઞાનતંતુઓ અને ફેફસાની બનાવટમા તેનો ખાસ ઉપયોગ થાય છે મેગ્નેશ્યમની ફેરફારને

મેળવી લેવાની વિશેષ શક્તિ છે. આ ક્ષાર કચરાને ધોઈ શરીરને સાફ રાખે છે. તેથી કચરો કાઢનારા અવયવોને આ ક્ષાર ભારે મદદગાર છે. વળી લોહીનું પ્રવાહીપણું સમતોલ રાખવાનું કાર્ય પણ મેગ્નેસ્યમનું છે.

પણ ચૂનાનો ક્ષાર સાથે હોય ત્યારે જ મેગ્નેસ્યમ ગુણ કરે છે. તે એકલું તો નુકશાનકારક છે. તેમ બીજા બધા ક્ષારો હોય, પણ એક મેગ્નેસ્યમ ન હોય તો પણ જીવનદીપ ધીમે ધીમે બુઝાઇ જાય છે.

બીયાંમાં અને ખાસ કરીને તેલી બીયાંમાં મેગ્નેસ્યમનું પ્રમાણ વધારે હોય છે. તેમાં પણ વચલા ગર્ભ કરતાં ઉપરના પડમાં ઘણું વધારે હોય છે.

લોહ (આયર્ન) સહાયક દ્રવ્ય અને પ્રાણવાયુ સંસર્ગક

કુદરતમાં બીજી વધી ધાતુઓ કરતાં લોહ વિપુલ પ્રમાણમાં મળી આવે છે. સામાન્ય રીતે ખડક, માટી, અને રેતીમાં પણ તે ઓછાવત્તા પ્રમાણમાં હોય છે. તે શુદ્ધ સ્વરૂપમાં ક્યાંય મળી શકતું નથી. પરંતુ મુખ્યત્વે તે પ્રાણવાયુ સાથે સંયોજનના રૂપોમાં (Ferrous and ferric oxide) મળે છે.

(૧) મનુષ્યશરીરમાં લોહીમાંથી મળી આવતા તત્ત્વ હેમોગ્લોબીનનાં બંધારણ માટે લોહ ખાસ આવશ્યક છે. વળી વનસ્પતિસૃષ્ટિમાં પણ આવશ્યક તત્ત્વ નીલ દ્રવ્ય (Chlorophyll)ની બનાવટ માટે લોહની આવશ્યકતા અનિવાર્ય છે. વળી નીલ દ્રવ્ય અને સૂર્યશક્તિની મદદથી વનસ્પતિ જે કાચાં દ્રવ્યો H 20 C01)માંથી શક્તિદાયક શર્કરા તૈયાર કરે છે, તે પણ લોહને કારણે જ.

(૨) પ્રાણીઓની અને મનુષ્યોની શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં પણ લોહ આવશ્યક છે, કારણ કે લોહીમાં રહેલાં પ્રાણવાયુ વાહક હીમોગ્લોબીનના અણુઓ શરીરના જુદા જુદા ભાગોમાં ફરતાં ફરતાં શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં શરીરનાં અવયવોને પ્રાણવાયુ આપે છે, અને અંગારવાયુ લઇ લે છે.

મનુષ્યના આખા શરીરમાં મળીને લગભગ ૭૫ ગ્રેનથી વધારે લોહ હોતું નથી. તેમાંથી લગભગ ૫૦ ગ્રેન એકલી લોહીમાં હોય છે, જ્યારે બાકીનું હાડકાંની મજ્જામાં અને યકૃતમાં હોય છે. શારીરિક ક્રિયાઓનાં સૌથી વધારે ચપળ અને ચંચળ ભાગ કોઇપણ ખનીજ તત્ત્વ ભજવતું હોય તો તે એક માત્ર લોહ જ છે. તેથી જ કેલ્શીઅમ અગર પોટેશિયમ કરતાં તેની આવશ્યક્તા શરીરને વધારે જરૂરી છે. પ્લીહ–બરોળ–અને યકૃત એ બે લોહનાં સંગ્રાહક છે. અને અણીને વખતે આ બે અંગોમાંનું લોહ શરીરને ઉપયોગી થાય છે.

લોહ Iron (Fe 1 O 3)

પદાર્થને નિર્જળ કર્યા પછી ૧૦૦૦ ભાગમાં ૧ ભાગ

કોકોબીન્સ	૦. ૨	ખજુર	૦.૦૬	મકાઇ લોટ	૦.૧૫
ગોળ (મોલેસસ)	૦.૦૨	કેળાં	૦.૦૭	ખસખસ	૦.૧૮
ચોકોલેટ	૦.૦૩	રાતી કોબી	૦.૦૮	બીન્સ	૦.૧૯
ઘઉંનો મીલ આટો	૦.૦૩	મકાઇ દાણા	૦.૧૦	લીંબુ	૦.૨૦
મેપલસુગર	૦.૦૪	મધ	૦.૧૨	પર્લેડજવ	૦.૨૨
મિલછડ ચોખા	૦.૦૫	ચેસ્ટ નટ	૦.૧૪	હાથછડ ચોખા	૦.૨૨

બદામ	૦·૨૩	દ્રાક્ષ (ગ્રેપ)	૦·૪૫	ટમાટા	૧·૦૦
પિકેન્સ	૦·૨૩	સક્કરકંદ	૦·૪૬	ભૂછત્ર	૧·૦૨
વટાણા	૦·૨૫	કદુ	૦·૪૭	ડેન્ડેલિયન	૧·૧૮
રાઈ અનાજ	૦·૨૫	બ્રાઝીલનટ	૦·૫૦	હોર્સરેડીશ	૧·૩૨
પાર્સનિપ	૦·૨૫	ફુકલગોરી	૦·૫૦	રાઈઅનાજનું ચૂર્ણ	૧·૪૦
એપ્રીકોટ (જરદાલુ)	૦·૨૬	જવ	૦·૫૩	કાકડી	૧·૪૦
બીટરૂટ	૦·૨૬	અંજીર	૦·૬૦	ચીઝ	૧·૫૦
ભોમરોગ	૦·૨૭	અંગુર દ્રાક્ષ (રેઝીન્સ)	૦·૬૦	કલીગડ	૧·૭૬
અનનાસ	૦·૩૦	અખરોટ	૦·૬૧	ભૂરુ કોળુ	૧·૮૮
કુરેન્ટસ	૦·૩૦	એવોકેડો	૦·૬૭	આર્ટીચોક	૨·૦૦
ઘઉં આખા	૦·૩૦	મસુર	૦·૬૯	સેવાયકેબેજ	૨·૧૬
ફિલ્બર્ટ	૦·૩૫	ચેરી	૦·૭૦	ડુંગળી	૨·૭૦
ઘઉં ભૂસું	૦·૩૮	ગાજર	૦·૭૦	સ્વીસચાર્ડ	૨·૩૦
ઓરેંજ (તતરા મોસંગી)	૦·૩૮	રીનેક્લોડ	૦·૭૫	એસપેરેગસ	૨·૬૪
જવ	૦·૪૦	ટરનિપ (સલગમ)	૦·૮૦	મૂળા	૩·૦૦
સાલમન તાજા	૦·૪૦	ચોકપી (તુવર દાળ)	૦·૮૦	સ્ટ્રોબેરી	૩·૭૩
બીચનટ	૦·૪૦	કોબી	૦·૮૬	ચોખાની ચૂની	૪·૦૦
નાળિયેર-કોપરા	૦·૪૦	ચેમ્પીગનન્સ	૦·૮૮	પાલખ	૬·૦૫
આ ામ	૦·૪૦	પ્લમ્સ	૦·૯૦	નેટલ્સ	૬·૫૭
ઢ દે	૦·૪૦	કોલીફ્લોવર	૦·૯૧	લીક	૭·૭૦
ઓટ	૦·૪૧	પ્રુન્સ	૦·૯૪	લસિત ભાજી	૯·૪૦
મીનેટમ (ગાજરી વગેરે)	૦·૪૨	સુવા	૧·૦૦	સોરેલ (ચૂકો)	૯·૦૮

એલ્યુમીનિયમ

અત્યાર સુધી જાણીતી પાર્થિવ ધાતુઓમા જથ્થાપ્રમાણમા એલ્યુમીનીયમ પહેલે દરજ્જે આવે છે. તે પૃથ્વી, પાણી, અને વાતાવરણના વાયુઓમા પણ હોય છે પૃથ્વીના બંધારણમા પ્રાણવાયુ ૫૦·૦૨ ટકા ગીલીકન ૨૮·૫, એલ્યુમાનિયમ ૭·૩ અને લોહ ૪·૧૮ ટકા મળી આવે છે

જમીનમાથી પાણીમાથી એલ્યુમીનિયમ ખૂબ પ્રમાણમા મળી આવે છે તેથી આપણે ધારી શકીએ કે તે ધાતુ વનસ્પતિઓમા અગર પ્રાણીઓની માસપેશી (Tissue)મા હોવી જોઇએ. કારણ કે વનસ્પતિ તેનો ખોરાક જમીનમાથી અને પાણીમાથી લે છે, અને એલ્યુમીનિયમ જમીનમા તેમ જ પાણીમા સારા પ્રમાણમા હોય છે, એ તો આપણે ઉપર કહી ગયા

પૃથ્વીમા એલ્યુમીનિયમ તેના ઓક્સાઇડ અગર સીલીકેટના રૂપમા મળે છે, જે સ્વરૂપો જળ-અદ્રાવ્ય છે તેથી ઉદ્ભિજ અગર પ્રાણીશરીરમા તેનો બેહદ સચય થતો અટકે છે, અને તેથી જે ખાદ્ય પદાર્થોમા એલ્યુમિનિયમનું પ્રમાણ ઓછુ હોય છે

મેંગેનિઝ

તે રસાયણિક અને ભૌતિક ગુણોમાં લોહને મળતું આવે છે. કુદરતમાં તે લોહની સાથે જ હોય છે. લોહમાં તેમ જ અંતઃસ્રાવી ગ્રંથીઓમાં (Duchess glandsમાં) મેંગેનીઝનું પ્રમાણ સારૂં માલૂમ પડયું છે. પરંતુ તેનું પ્રમાણ લોહ કરતાં ઓછું હોય છે. કેટલીક વનસ્પતિની રાખમાં પણ આ તત્વ મળી આવે છે. લલિત ભાજી, બટાટા, ફણગા ફૂટેલાં ધઉં, બદામ, (Almond) અખોડ (Walnut) અને ભોંયશીંગ (Pea nut) દરિયાઇ Kelp, Dulse, Agar વગેરેમાં આ ધાતુનું પ્રમાણ સારું હોય છે. ઘણાખરાં ફળો અને શાકભાજીઓમાં સારા પ્રમાણમાં હોય છે.

તાંબુ

મનુષ્યશરીરમાં તાંબુ યકૃતમાંથી, લોહીમાંથી, પિત્તાશય, (Gall bladder)માં મોટા પ્રમાણમાં માલૂમ પડે છે. જો કે આખા શરીરમાં તેનો બધો જથ્થો માત્ર ૧૫ ગ્રેન જ હોય છે, છતાં ય તેની આવશ્યકતા ઘણી છે. એમ વિજ્ઞાનિઓનું કહેવું છે.

મનુષ્યશરીરમાં લોહીમાં જો લોહનું પ્રમાણ ઓછું હોય તો તે ફીકું પડી જાય છે, અને કમળાની અસર માલૂમ પડે છે. પરંતુ જો કમળાનાં દરદીને એકલો લોહ વાળો જ ખોરાક આપવામાં આવે તો ખાસ ફાયદો તરત જણાતો નથી. પરંતુ જો લોહવાળા ખોરાકની સાથે તામ્ર વાળો ખોરાક અપાય તો ત્વરિત ફાયદો થાય છે. લોહીમાં લોહ અને તામ્રની આંતરીક સગાઈ ઘણી નજીક હોય એમ લાગે છે. કારણ એ બે-લોહ અને તામ્ર-ના તથા મેંગેનીઝના મુમેળથી જ લોહીની વૃદ્ધિ તેમ જ તંદુરસ્તી જળવાઇ રહેતી હોય એમ જણાય છે.

તાંબાના અંશ નીચેના વનસ્પતિ અંગોમાં ઠીક ઠીક પ્રમાણમાં હોય છે. પ્રમાણ મીલીગ્રામમાં છે:—

અનાજ ૪.૭, સૂકેલાં ફળો જેવાં કે સક્કરજંદ, આલુ, જરદાલુ, અંજીર, દ્રાક્ષ, ખજૂરમાં ૪.૨, કંદ-મૂળ-બટાટા, ડુંગળી, ગાજર, રતાળુ, મૂળાં ૧.૪, પાનભાજી-પાલખ, તાંદળજો, મેથી, મૂળાપાન, સરસવરાઇ પાન, ૧.૨ થી ૧.૫, તાજાં મિષ્ટ કે ખટમધુર ફળો ૧.૦, શાકી ફળો ૦.૭, ફણગા ફૂટાવેલ અનાજ ૮.૦ ફણગા ફૂટાવેલ કઠોળ ૯.૦

લીથીઅમ

મનુષ્યશરીરનાં અંગોમાં ઘણા ઓછા પ્રમાણમાં તે મળી આવે છે. તેનું અસ્તિત્વ મુખ્યત્વે ફેફસામાં વધારે માલૂમ પડે છે.

શરીરમાં રહેલાં જળદ્રાવ્ય નત્રજોનો (Albuminous substances) ક્ષય અને વૃદ્ધિનો મુખ્ય આધાર આ તત્વ પર હોય એમ જણાય છે.

જસત (Zinc)

મગજની અંદરના ભાગમાં ઘણાં જ ઓછા પ્રમાણમાં ફોસ્ફરસની જોડે જસત મળી આવે છે. દૂધમાં પણ તે અંશતઃ મળી આવે છે, કેટલીક વનસ્પતિઓને તે પોષણ અને વૃદ્ધિ માટે આવશ્યક છે.

નિકલ

સ્વાદુપિંડ (Pancreas)માં Insulinની અંદર ઘણાં જ ઓછા પ્રમાણમાં જોવામાં આવે છે. મનુષ્ય-શરીરને શર્કરાના દહન માટે તે ઉપયોગી છે.

અમ્લજનક તત્વો (Acid forming elements)

મનુષ્યશરીરમા અમ્લજનક તત્વો નીચેના મળી આવે છે. -સુરક (ફૉસ્ફરસ), ગંધક (સલ્ફર), અશ્મક (સીલીકન), ક્લોરીન, ફ્લુઓરીન અને આયોડીન.

સ્ફુરસ (ફોસ્ફરસ)

સ્ફુરસ, કુદરતમાં તે તેના નીચેના સંયોજનમા મળી આવે છે.

કેલ્શમ ફૉસ્ફેટ, આર્યન ફૉસ્ફેટ, એલ્યુમીનિયમ ફૉસ્ફેટ અને બીજા પણ કેટલાક સંયોજનમા ઘણાખરા ખનીજોની સાથે આ તત્વ મળી આવે છે પરંતુ એનું તો આ તત્વ હાડકામાથી ઘણું મળી આવે છે. હાડકાની અંદર ૫૮/ કેલ્શમ ફોસ્ફેટ અને ૪./ મેગ્નેશિયમ ફોસ્ફેટ હોય છે

આ તત્વને પ્રાણવાયુ જોડે વધારે આકર્ષણ હોય કે જેથી એને પાણીમા જ રાખવામા આવે છે અંધારામા તે ઝબકે છે એના માટે તેને (Carriar of light) પ્રકાશવાહક કહેવામા આવે છે, અને જો આ તત્વ મનુષ્યની ત્વચાને સ્પર્શે તો દાઝ્યા જેવો ફોલ્લો ઉઠાડે છે જો ખાવામા આવે તો તદ્દન ઝેર જેવી અસર કરે છે.

વનસ્પતિમા ફોસ્ફરિક અસીડનુ ન્યુન ઘણુ ઓછુ છે. કારણ કે મૂળથી જ વનસ્પતિને ફોસ્ફરસ સંયોજિત પદાર્થો પર આધાર રાખવો પડે છે.

ફોસ્ફરસથી વિચારશક્તિ વધે છે એમ મોલેસ્ચેટ (Moleschest) નામના વિદ્વાન શાસ્ત્રીનું કહેવું હતુ, પરંતુ ત્યાર પછી પ્રયોગ કરવાથી તે વસ્તુ નામાસિત થયેલ છે ફક્ત મગજની અંદર જ ફોસ્ફરસનુ પ્રમાણ હોય એ વાત તદ્દન ખોટી છે સામાન્ય રીતે તંદુરસ્ત ધારવાના ૧૫૦ રતલ વજનના મનુષ્યદેહમાથી લગભગ ૭૦ ઔંસ જેટલો ફોસ્ફરસ મળી આવે છે. આ તેમાથી ઘણો મોટો ભાગ એટલે ૨૭ ઔંસ ફક્ત હાડકામાથી જ મળે છે જ્યારે ૨૬ ઔંસ કરતા વધારે સ્નાયુઓમાથી મળે છે ૧/૪ ઔંસ કરતા જરા વધારે જ્ઞાનતંતુઓમાથી અને મગજમાથી મળે છે જ્યારે મનુષ્ય ઉપવાસ પર ઉતરે ત્યારે તેને ઉપયોગી ફોસ્ફરસ ફક્ત હાડકામાથી જ મળે છે જ્યારે મગજમાનુ ફોસ્ફરસ પ્રમાણમા ઓછુ થતુ નથી. નાની મસ્તિષ્કોની વૃદ્ધિ અને પ્રગતિ (Development) માટે તો તેના અણુઓમા ફોસ્ફરસની ખાસ આવશ્યકતા છે અને આ બાબતમા જો ફોસ્ફરસ વધારે પડતો સંચય થઇ જતો હોય તો ગંધક તેને સમતોલન (Counterbalance આપે છે.

ગંધક (સલ્ફર)

કુદરતમા જ્વાળામુખીવાળા પ્રદેશોની આજુબાજુ ગંધક મળી શકે છે અમેરિકામા Otah Neveda અને California માથી તે મળે છે યુરોપમા સિસલીના જ્વાળામુખી પર્વત વિસુવિઅસના પ્રદેશમાથી સારુ ગંધક મળે છે જાપાનમાથી અને બલુચિસ્તાનમાથી પણ આ દ્રવ્ય મળે છે.

નત્રજના સ્વરૂપમા પ્રાણીઓ તેને પોતાના ખોરાકમા લે છે લોહીમા આવેલા હીમોગ્લોબીનના બંધારણમા ગંધક હોય છે. અને લોહીમા તે દહન દ્વારા ઉષ્માશક્તિ આપનાર Oxidising agent તરીકે કાર્ય કરે છે

જુદા જુદા પૃથક્કરણો પરથી સાબિત થયું છે કે જે પ્રાણીઓને પ્રાણવાયુ વધારે જોઈએ છે તેમને ગંધક પણ વધારે જોઇએ અને તેથી તેમનાં લોહીમાં ગંધકનું પ્રમાણ ઘણું સારું જણાય. છે. દરિયાઇ પ્રાણીઓને પ્રાણવાયુનું પ્રમાણ ઘણું ઓછું જોઇતું હોવાથી તેમનાં શરીરમાં ગંધકનું પ્રમાણ વધુ ઓછું હોય છે. શરીરની વિજાતીય દ્રવ્યની અવરોધનશક્તિ (Resistance power) માટે ઉપયોગી તત્વોમાનું એક ગંધક પણ છે. શરીરની અંદર દરેક માંસપેશીઓ Tissuess Gelatin અને જલદ્રાવ્ય નત્રજો (Aluminoids) ના બંધારણ માટે ગંધકનું પ્રમાણ ઓછાવત્તા અંશમાં તો હોય છે જ.

સીલીકોન

કુદરતમાં સીલીકોન Agate, Quartz, Rockcrystl અને રેતીમાંથી મળી આવે છે. વાળ, પીછાં નખ અને પંજામાં સીલીકોનનું પ્રમાણ બીજા અંગો કરતાં સારું જોવામાં આવે છે. વનસ્પતિજન્ય ખોરાકમાં સીલીકા સેલ્યુલોઝની જોડે સંયોજિત રૂપમાં હોય છે. અને મુખ્યત્વે ફળોની બાહ્ય ત્વચા Peel ફળ પરની છાલમાં અને અનાજનાં બહારનાં પડમાં હોય છે. મેંદો, પોલીશ કરેલા ચોખા, મકાઇનો ફોતરાં ઉતારેલ લોટ Corn meel વગેરે ખાદ્ય પદાર્થોમાં તેનું બાહ્ય પડ કાઢી નાખવામાં આવ્યું હોવાથી શરીરને આ તત્વની ઘટ પડી જાય છે. અને પરિણામે ઘણા રોગો થાય છે.

સીલીકા એ સારું અવાહક હોવાથી શરીરની ગરમીને ટકાવી રાખવા માટે ઉપયોગી થાય છે. તેથી શરીરમાં તે સંધાન માંસપેશીઓ (Connective tissue) માં સારા પ્રમાણમાં હોય છે.

લોહીમાં દ્રાવ્ય નત્રજ (Albumen)માં જેટલું સીલીકા જોવામાં આવે છે, બરાબર તેટલું જ સીલીકા જ્ઞાનતંતુના બંધારણમાંથી મળી આવે છે, જ્ઞાનતંતુઓના અને લોહી અંગેના કેટલાક દર્દો સીલીકાને અભાવે અથવા ઉણપથી થાય છે.

સ્વાદુપિંડ (Pancreas)માં લગભગ ૧૨ ટકા સીલીકા હોય છે. ફ્લુઓરિન સાથેના સંયોજનમાં તે દાંતના ચકચકિત પડ એનેમલમાં મળે છે. મનુષ્યના વાળમાં ૦.૧૦ ./. થી ૦.૨૩./. જેટલું સીલીકા મળે છે. વાળને તેની વૃદ્ધિ માટે સીલીકા અને ગંધક જરૂરનાં છે. અને જો આ બે તત્વો લોહીમાં પૂરતા પ્રમાણમાં ન હોય તો વાળ પૂરતા પોષણને અભાવે ખરવા માંડે છે. અને ટાલ પડે છે.

સીલીકાનું પ્રમાણ મનુષ્યદેહમાં બીજા તત્વો કરતાં ઓછું તો છે, પરંતુ તેનો ઉપયોગ તેની આવશ્યકતા, જરા યે ઓછી નથી.

નીલવાયુ Chlorine

નીલવાયુની જરૂરિયાત મુખ્યત્વે નીમક (Nacl) આપણા દેહને પૂરી પાડે છે. વનસ્પતિમાં તે પોટેશિયમ કલોરાઇડ (Ckcl) અને સોડીઅમ કલોરાઇડ (Naclનીમક)ના સ્વરૂપમાં મળી આવે છે. હદનાં કરતાં વધારે મીઠું જો જમીનમાં ન હોય તો તેનાં પર વનસ્પતિ ઊગી શકે છે. ૧.૮ ટકા મીઠાનું પ્રમાણ જમીનમાં નાખવાથી, તે જમીનમાં ઘઉં ઊગી શકતા નથી. પાંદડાઓમાં થતી પ્રકાશ સંયોગીકરણ—(Photosyathis) ની ક્રિયા પણ મીઠાના વધારે હોવાથી ઘટી જાય છે. કલોરીનની બીજી હાનિકારક અસરો પણ છે. તેનાં વધારે પડતા પ્રમાણથી સ્યુગરબીટ નામનાં કંદમાંથી શર્કરાનું પ્રમાણ અને બટા-ટામાંથી મેદા-સ્ટાર્ચ-નું પ્રમાણ ઘટી જાય છે. મીઠાના સ્વરૂપમાં કલોરિન પ્રાણીઓને ઘણો ઉપયોગી થાય છે. મરઘીનાં ઇંડાની સફેદીની રાખમાં મીઠાનું પ્રમાણ લગભગ ૧/૩ ભાગ હોય છે. દૂધમાં

• Renal secretion માટે ક્લોરીનના ક્ષારો-ક્લોરાઇડસ અગત્યના છે શરીરના ક્ષય અને વૃદ્ધિની ક્રિયામા અને ખાસ કરીને મૂત્રપિંડોની ક્રિયામા નત્રલ પદાર્થો પેશાબ દ્વારા બહાર કાઢી નાખવા માટે આ તત્વની જરૂર છે

ફલ્યુઓરીન Fluorine

કુદરતમા આ તત્વ Fluospar અને Calcium fluoride નામના સયોગોમાથી મળે છે

દાતના ઉપરના પડની બનાવટ ઍનેમલ માટે આ તત્વની જરૂરીઆત છે આખની કીકીમા પણ તે હોય છે આ તત્વની ઉણપથી આખના રોગો થાય છે

સ્નાયુઓની સ્થિતિસ્થાપકતા માટે તે અગત્યનો છે

કેલ્શમ ફ્લ્યુઓરાઈડની શરીરમા ઘટ થતી જાય તો સ્નાયુની રબર જેવી Elastic fibers ની શક્તિ ઘટી જાય છે એટલે સ્થિતિસ્થાપકતા ઓછી થતી જાય છે એ Elastic fiber નુ બનનુ એ વનસ્પતિમા અને શરીરમા કેલ્શમ ફ્લોરાઈડ અને જળવાષ્પ નત્રજના સંયોજનથી થઈ શકે છે પછી ભલેને રબ્બરનુ ઝાડ હોય કે મનુષ્ય શરીરના સ્નાયુનો ઇલેસ્ટિક ફાઈબર હોય

કેલ્શમ ફ્લોરાઇડ ની શરીરમા જોઇતા પ્રમાણ કરતા ઘટ હોય તો Varicose veins અને Flat foot નામના દર્દો થાય છે

આયોડીન Iodine

આ એક મૂળ ધાતુ Elements છે તેને ગમે તે રીતે તોડી ન શકાય, તેમજ તેનુ એકમ ન કરી શકાય તે સ્વતઃ ઘનરૂપમાથી વાયુરૂપ બની હવામા ભળી જનાર છે દુષ્પ્રાપ્ય છે માત્ર વૈજ્ઞાનિકો જુજ પ્રમાણમા ખાસ પ્રયોગો દ્વારા છુટું પાડે છે આપણે ઔષધીમા જે આયોડીન વાપરીએ છીએ તે તો ઘન આયોડીનનુ સ્પીરીટમા રાખી બનાવેલુ અર્ક (ટીંચર છે) તે પાણીમા અદ્રાવ્ય કે ઝડુ મોડેથી દ્રાવ્ય છે તેનો રંગ ભૂરો કાળો અને ચળકતો છે તેની શોધ ફ્રેંચ રાસાયણિક શાસ્ત્રી Kutrava એ કરી છે

આ ધાતુ મનુષ્ય શરીરની દાઢી નીચે ગળાના ઉચા ભાગમા એ ગ્રાણ ગ્રંથ (Thyroid)મા આશરે દશ કે પદર મીલીગ્રામ (ગ્રેઇન) દર ગ્રંથીમા હોય છે ગ્રથીઓમા આયોડીનનુ આ પ્રમાણ Thyroxin નામના રસ બનાવવા માટે ઉપયોગી છે તે રસ શરીરના ક્ષય અને વૃદ્ધિની ચયાપચય (Metabolism) ક્રિયાઓને નિયમ રાખવા ઘણો અગત્યનો ભાગ ભજવે છે જો એ રસનુ પ્રમાણ ઘટી જાય તો પ્રથમ ગ્રથીઓનુ કદ વધી જાય છે ઘેઘ વધુ (Goitre) નામનો સધિવા થઇ આવે છે કે જેને લીધે અગોના જુદા જુદા ભાગમા ખાસ કરી સાધાઓ ઉપર એક બાજુ કે બને બાજુએ ચરકા મારે છે, પ્રથમ પગે અને પાછળથી ટાગાઓમા, હાથ અને તેના કાડાઓ (?)મા અને આખે અને આખા ચહેરા પર સોજા આવી અતિ ગાળે શરીર સુજી આવે છે છતા મૃત્યુ જલદી થતું નથી સુસાધ્ય છે

આ રોગ યુરોપમા આલ્પસ અને બીજા ખડકી પર્વતો વાળા પ્રદેશમા સામાન્ય છે કે જ્યા અપૂર્ણ અને એક જ જાતના ખોરાક વાપરવામા આવે છે, કે જે ધરતીમા આયોડીનનુ પ્રમાણ નથી હોતું

દરિયાના પાણીમાં આયોડીન સારા પ્રમાણમાં હોય છે. અને તેથી દરિયાઇ વનસ્પતિ Algae, Kelp, srish moss, Dulse (Sea lettuce વગેરે. આપણે ત્યાંના દરિયા કિનારે ઉગતા લાણા લુણી, મોરસ, બથુઆ, ચિલ જે ચિનોપોડિગેસી વર્ગના છે તેમાં, પાલખ ભાજીમાં અને બીજી ઘણી તાજી પાંદડાની ભાજીમાં હોય છે.

બધાં દરિયાઇ પ્રાણીઓના શરીરમાં હોય છે.

જો ખોરાકમાં ફક્ત દુધ અને અનાજ કઠોળ વસા વગેરે ખનીજ ક્ષાર—શાક ભાજી, ફળો—વગરનો લેવાતો હોય તો આ દર્દ થઈ આવે છે.

આ તત્વ ફ્રેંચ રાસાયણિક ડોક Bourect નીચેની વનસ્પતિઓના અંગમાં $\frac{1}{1000000}$ જેટલા (one—millionth) જેટલું હોવાનું જણાવે છે,

આયોડીન નીચેની વનસ્પતિઓના અંગોમાંથી સારા પ્રમાણમાં મળે છે.

અનનાસ	૦·૩૧૦	વગર છેડેલ ચોખા	૦·૧૩૪	સૂકાં બ્હાઇટબીન્સ	૦·૦૧૪
ગ્રાન ક્રાઉનીબીન્સ	૦·૩૨૦	લીક (ડુંગળીની જાત	૦·૧૨૦	લલીતભાજી	૦·૦૧૨
એસ્પેરેગસ	૦·૨૪૦	સોરેલ (ચૂકાની જાત	૦·૧૧૦	દ્રાક્ષ	૦·૦૧૦
કોબી	૦·૨૧૦	તાજા વટાણા	૦·૦૮૦	બટાટા	૦·૦૧૦
લસણ	૦·૨૧૦	ટમાટા	૦·૦૨૩	ઓટનુંલોટ	૦·૦૦૯
ભૂછત્રખાદ્ય	૦·૧૭૨	નાસપતી	૦·૩૧૭	ઘઉંનો ઘંટીઆટો	૦·૦૦૭
સ્ટ્રોબેરી	૦·૧૭૦	અરટીચોક	૦·૦૧૪	ઘઉંનો મીલઆટો	૦·૦૦૦

સમુદ્રના જળની અંદરના બધાં પ્રાણી, વનસ્પતિઓ અને ખુદ પાણીની અંદર સારા પ્રમાણમાં આયોડીન હોય છે, સમુદ્રના પાણીની અંદર પોટાસિયમ આયોડાઇડ અને સોડિયમ આયોડાઇડ હોય છે.

અઢાર જાતના પ્રાણી જ દુધ—જેમાં મનુષ્ય સ્ત્રીનું પણ—તપાસવામાં આવતાં કોઈનામાં પણ આયોડીન ન હતું. અનાજ ખાસ કરી તેઓ પરના પડ–ભુસું ચૂની કાઢી નાંખે તો આયોડીન જરા પણ મળે નહિ, જ્યારે મેદા વગરના શાકીફળ અને પાંદડાની ભાજીઓમાં આ તત્વ સારા પ્રમાણમાં મળે, જે લોકો દુધ અને અનાજના જ આહાર પર રહે છે. શાકભાજી ખાતાં નથી તેઓને ઘોઘ વાયુ (Goitre) નો રોગ થાય છે.

આ તત્ત્વ નીચેના સમયે ખાસ જરૂરી છે.

૧ ચયાપચયની ક્રિયા વખતે–ખાસ કરી શરીરે પરસેવો ખુબ આવી શરીર નબળું પડતું હોય એ વખતે

૨ બચ્ચાના શરીરની ખીલવણી વખતે

૩ ગર્ભવંતી સ્ત્રીઓને

૪ પુરુષો કરતાં સ્ત્રીઓને વધુ જરૂર રહે.

૫ ચામડીની રૂક્ષતા વખતે, માથાના વાળ ઘસાઇ શરીરમાં નબળાઇ હોય એ વખતે

૬ શરીરમાં ચરબી તત્વ ઘટી જઇ શરીર કૃશ થયું હોય એ વખતે

સોમલ (Arsenic)

કુદરતમાં સોમલ આર્સેનિક સલ્ફાઈડ (Arsenic sulphide)ના સંયોગમાં મળે છે અને ખૂબ ઓછા પ્રમાણમાં પ્રાણી અને વનસ્પતિ બંનેમાં ક્યાંક ક્યાંક મળી આવે છે. અત્યાર સુધી આ તત્વ મનુષ્યશરીરને ઉપયોગી જણાતું ન હતું પણ ફ્રાંસના બર્ટ્રાંડ નામના વૈજ્ઞાનિકે ઘણાં વર્ષોની મહેનત અને પ્રયોગો દ્વારા એમ સાબિત કર્યું છે કે જીવરસ-(Protoplasm) ધરાવતા બધા અણુકોષોમાં આ તત્વ અલ્પાંશ હોય છે જ.

ઇ. સ. ૧૯૦૦માં પેરીસમાં ડૉ. ગાઉટેર (Goutier) નામના વૈજ્ઞાનિકે એમ સાબિત કર્યું છે કે, ઘણું ઓછા પ્રમાણમાં સોમલ વાળમાં, નખમાં, થાયરોઈડ ગ્રંથિમાં, મગજમાં અને છાતી (Breast)માં હોય છે.

બ્રોમાઇન (Bromine)

અલ્પાંશ બ્રોમીન, યકૃતમાં, થાઇરોઇડ ગ્રંથિમાં, Adrenal ગ્રંથિમાં અને નખમાં મળી આવે છે. શરીરના અવયવોમાં આ તત્વ ક્યા ઉપયોગમાં આવે છે, તેની ઇન્દ્રિય વૈજ્ઞાનિક-Physiological ક્રિયા હજી નક્કી થઇ શકી નથી. વનસ્પતિ સૃષ્ટિમાં બ્રોમિન દરિયાઇ વનસ્પતિ (Algae)માંથી મળી આવે છે.

વાચક ખનીજ ક્ષારોનું વિસ્તારથી વર્ણન વાંચી જાણી શક્યા હશે કે એ અતિ સૂક્ષ્મ પ્રમાણના ખનીજ તત્વો કે જેઓ બધા મળી આખા શરીરના વજનના ફક્ત [illegible] જેટલા ભાગના પણ માંડ હશે, તે શરીર માટે કેટલા કિંમતી છે. સાથે એ પર પણ સારી રીતે ધ્યાન ગયું હશે કે એ ક્ષારો જો ચેતન રૂપે (સેન્દ્રિય Organic) વનસ્પતિના જે અંગોમાં હોય તે જ અંગ તાજાં ખાઇએ તો જ તેનો લાભ મળી શકે; નહિ કે અત્યારના સ્વાર્થી રાસાયણિક શાસ્ત્રીઓ એ વનસ્પતિઓમાંથી કાઢી જડ (નિરીન્દ્રિય Inorganic) બનાવી આપે બાટલીઓમાં સુંદર લેબલ ચોંટાડી ખોટાં વખાણ કરી આપે તે વાપરવામાં તો તેઓ લાભને બદલે હાનિ જ કરે.

આટલા બધા સૂક્ષ્મ પ્રમાણમાં હોવા છતાં પણ એ ક્ષારોનું મહત્વ શાને આભારી છે તે અત્યારે જે વેજીટેબલ ઘી બનાવે છે તેના ઉદાહરણથી જાણી શકાશે—કોઈ પણ જાતનું તેલ લઇ તેમાં ઉદજનવાયુ (હાઇડ્રોજન)ને પસાર કરવામાં આવે છે પણ જો એ વખતે એ તેલ સાથે પ્લેટિનિયમ નિકલ અને જસત ધાતુઓ ફક્ત હાજર તરીકે રાખવામાં આવી હોય તો જ એ તેલ ઘીના જેમ જામી શકે. એ ધાતુઓનું જરાપણ સ્પર્શ તેલને કે ઉદજવાયુને થતું નથી. ફક્ત હવા દ્વારા એ ધાતુઓમાંથી એક જ અણુ (Atom) ખેંચાઇ આવે એ તેલ જામવામાં જઈ દહીં જેવું બને છે અને એથી એ ધાતુઓ સાક્ષી રૂપ કહેવાય છે.

આથી આ ક્ષારોનો લાભ તાજાં પાંદડાંઓના કે શાકભાજીના કચુંબર કે ધીમી આંચે તેલ-ઘી વગર બાફી ખાવાથી અને તાજાં મિષ્ટ ખટમધુર સાથે ખાવા પણ ખાવાથી જ મળે.

આ સૂક્ષ્મ ક્ષારો ખાદ્ય ભાજી અને ફળોમાંથી મળે છે. તેમાં પણ અત્યારનું સ્વાર્થી વિજ્ઞાન વિધ્નરૂપ થઇ પડ્યું છે. એ વિજ્ઞાનિઓએ પોતાના સ્વાર્થ ખાતર રાસાયણિક ખાતરો શોધ્યા છે. આથી જમીનમાંથી અદ્રશ્ય ખનીજ ક્ષારો બેસુમાર વધુ પ્રમાણમાં આપણાં શાકભાજી અને ફળોમાં

શોષાઇ આવી, તેઓના કદ મોટાં થાય, પાક જલદી ઉતરે. પેદાશ વધે. પણ એ જડ તત્વોના ખાતરનો કસ શરીરમાં આવી રોગ ઉત્પન્ન કરે. એ વનસ્પતિઓને જે સૂર્યના કિરણોમાંથી વિદ્યુતશકિતનો લાભ મળવો જોઇએ તે પૂરો ન મળે તેથી પણ ખાનારને લાભ ઓછો મળે.

વળી સેંદ્રિય ખાતર—જે ઢોરોના, મનુષ્યના, પક્ષીઓના મળમૂત્રમાંથી, વનસ્પતિઓના પાંદડાઓના ખાતરથી તેલીબિયાં પીલાતાં તેના ખોળમાંથી મળી શકતાં હતાં તે પણ દુર્લભ બન્યાં છે. તેથી જમીન ક્ષારોના ઉણપ કે કમીવાળી બની આ આરોગ્યવર્ધક ક્ષારોથી વંચિત બની રોગોથી પીડાઈએ છીએ.

આ ઉપરાંત આ વાત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે આ ક્ષારો વરસાદનું પાણી જોશ બંધ નદી-નાળાં દ્વારા વહી જઇ સમુદ્રમાં ચાલ્યું જાય છે તેથી દિન પર દિન જમીનમાંથી ઓછાં થતાં જાય છે. તેથી ઠેકાણે ઠેકાણે બંધ બાંધી તળાવોમાં પાણી સંગ્રાહે. અને ઉનાળે સૂકાંતાં એ કસવાળી તળાવની માટી ખેતરોમાં પૂરાય. તો આ તત્વોનો લાભ મળે.

છેલ્લે એક વાતઃ—સમુદ્રના છીછરા પાણીમાં અને સમુદ્ર કિનારાની ક્ષારવાળી જમીનમાં જે જે વનસ્પતિઓ ઊગે છે, જે પાછળ જણાવી તે વનસ્પતિઓમાં ઘણી મિનરેલ્સ હોય છે. પણ તેમાં સ્વાદ વધુ ખારો હોવાથી જીભને સ્વાદિષ્ટ લાગતી નથી તેથી ફક્ત ગરીબો જ ક્વચિત ખાય છે. આવા મોરસ, લાણાલુણી કે બીજા ખાવા લાયક શોધી તેના સાથે બીજાં સ્વાદિષ્ટ શાકભાજી કે ખોરાકી પદાર્થો સાથે નીમક નાખ્યા વગર ખાવામાં આવે તો આ ક્ષારોનો લાભ મળી શકે.

મૃત્યુનું પ્રમાણ ઘટે

હું મારા આત્મજ્ઞાનથી, લાંબા અનુભવથી, અને ચિંતનથી જાહેર કરું છું કે આ પૃથ્વી પર એક પણ ડૉકટર, દવા અને દવા વેચનારા ન હોય તો માંદગી અને અકાળ મૃત્યુનું પ્રમાણ અત્યારે છે તેના કરતાં અનેક ગણું ઓછું થઇ જાય

ડૉ. વોટસન એમ. ડી. એફ; આર. એચ.

કુદરતને પંથે

આપણે જેટલી મુસીબતમાં અનારોગ્ય ભોગવીએ છીએ, તેથી અનેક ગણી સહેલાઇથી આરોગ્ય પ્રાપ્ત કરી શકીએ છીએ હવામાં, આચ્છાદિત આકાશમાં, કુદરતી ખોરાકના પ્રત્યેક કોળિયામાં અને પ્રકાશિત સૂર્યના કિરણોમાં તંદુરસ્તી ખીચોખીચ ભરેલી છે. પ્રત્યેક પગલે કુદરતના સાનિધ્યામાં તંદુરસ્તી છે.

(ગુડહેલ્થ)

❀ રસાયણી પૂતળા

"કુમાર' ફાગણ ૧૯૮૧ અંક ૭૫

ચિત્રવિચિત્ર સ્વભાવના માણસોના ગુણસ્વભાવ તેમનામા રહેલા વિવિધ રાસાયનિક તત્વોને લીધે હોય છે, એમ બતાવનારો વિનોદમય રસભર્યો લેખ

જૂના વખતમા એવી માન્યતા હતી કે માણસ પચમહાભૂતનો બનેલો છે એ માન્યતા ઘડાયા પછી તો આજે દુનિયા ક્યાય આગળ વધી છે એટલે માણસ પાચ જ બાબતનો બનેલો હોય એ વિચારથી આપણને ઘણી નિરાશા થાય ખરુ જોતા તો આ જના રસાયનશાસ્ત્રે માણસના શરીરમા સોળ તત્વો તો શોધી પણ કાઢ્યા છે ' (સોળ સો બને તો પણ નવાઈ નહિ)×

આપણે જાણીએ છીએ કે પદાર્થમાના અનેક તત્વો પૈકી તેમા જે તત્વ સૌથી વધારે પ્રમાણમા હોય તેના ગુણદોષ ઉપરથી તે પદાર્થના ગુણદોષ નક્કી થાય છે આ સત્ય માણસોને લાગુ પાડતા દેખાશે કે માણસ જન્મથી સારો કે નઠારો નક્કી ન થઈ શકે તો પણ તેના શરીરમા તેના ઘડતરમા જે તત્વ સૌથી વધારે જણાય તેના ગુણદોષ પરથી તે માણસના ગુણસ્વભાવ જાણી શકાય કોઈ પણ માણસના વ્યક્તિત્વનુ, તેના વલણોનુ, તેની શક્તિ અને અશક્તિઓનુ પૃથક્કરણ કરવુ હોય તો તેના શરીરના રાસાયનિક તત્વોનો અભ્યાસ કરવાથી ગણિતના દાખલા જેટલો સાચો જવાબ આપણને મળી શકે *

એક દાખલો લઈએ ધારો કે કોઈ માણસમા ચૂનાનુ તત્વ (કેલ્શ્યમ) વધારે પ્રમાણમા છે, તો આપણે તેને કેલ્શ્યમ માણસ કહીને ઓળખીએ 'એનામા મનની નિશ્ચયાત્મકતા વધારે હોય છે, કારણ કે કેલ્શ્યમ વધારે પૉઝિટિવ છે તેથી ઊલટુ જેનામા કાર્બન વધારે પ્રમાણમા હોય તેનામા સકલ્પશક્તિ ઓછી અને સ્વભાવ અક્કડ દુરાગ્રહી દેખાય છે કેમકે કાર્બન એ નેગેટિવ તત્વ છે આ નિયમ તો એટલો બધો સ્થાપિત થઈ ચુકેલો છે કે એવા માણસની કાર્યશક્તિ વધારવા માટે તેના ખોરાકમા કેલ્શ્યમનુ તત્વ વધારવાથી ધાર્યો ફેરફાર થઈ શકે

જે બાળકને પુષ્કળ કાર્બન વાળા ખોરાક ઉપર જ ઉછેરવામા આવતુ હોય—એટલે કે મીઠાઈ વધારે ખવડાવવામા આવતી હોય—તે બાળકની ઇચ્છાશક્તિ જરા પણ વિકાસ પામતી નથી, અને તેની જિંદગી દરિયામા તણાતા લાકડા જેવી ઉદ્દેશ વિનાની બને છે ફોસ્ફરસનુ તત્વ માણસમા કાર્ય શક્તિ અને બુદ્ધિ પ્રભાવ પાડે છે અને ગધકનુ તત્વ આધ્યાત્મિકતા તથા કલાની સમજણ આપે છે જે સ્ત્રીમા ગધકનુ તત્વ મુખ્ય હોય તેની ચામડી સુવાળી ને નવનીત શી સુકુમાર હોય, તેનુ શરીર મરોડદાર અને ઘાટીલુ હોય, તેમજ ગધકમા વાળ વધારવાનો ગુણ હોવાથી તેને વાળ પણ પુષ્કળ હોય, એટલે સ્વભાવે એ સ્ત્રી કલાપ્રેમી હોય પણ ગધક એ શીઘ્ર જ્વાળાગ્રાહી પદાર્થ છે, એટલે એવી સ્ત્રીની ખૂબસુરતીથી લોભાઈ તેને ઉતાવળે પરણવાની ઇચ્છા કરવામા લાભ નથી. કેમકે એ સ્ત્રીની રીસ પણ ગધકની જેમ જલદી સળગી ઊઠે તેવી હોય '

---

*આવી વ્યક્તિઓ કઈ ઠેર ઠેર હોતી નથી એ તત્વોમાથી એક જ તત્વ જે વ્યક્તિમા વધુ પ્રમાણમા પ્રધાન પદે હોય એને જ ઉપરોક્ત ગુણનો મનાય છે કર્તા ગોકુલ

×સોળસો તો સંભવિત નથી પણ એ સોળ ઉપરાંત ૨૪ અન્ય તત્વો એમ બધા મળી ૪૦ મનુષ્ય શરીરમા છે એમ વાચકે પાછળ વાચ્યુ છે

કોઇ વ્યક્તિમાં જેમ 'સિલિકન' વધારે તેમ તેનું આશાવાદીપણું પણ વધારે. સિલિકન જાતની વ્યક્તિઓ ઘેર ઘેર માટીના ચૂલા જોતી નથી, પણ સોનાનાં જુએ છે! એ માણસ એટલો આશાવાદી હોય છે કે તેનાં બોલવામાં આપણને અતિશયોક્તિ જ લાગે. કૌતુક માળામાં એક મિયાંભાઈની વાત છે કે તેણે એક નાણું જોયું. તેમાં પાણી તો હતું નહિ, છતાં તેણે માની લીધું કે તેમાં વાંસપુર પાણી હશે જ, અને એ પ્રમાણે તેણે બધે ખબર આપી. એ માણસ જુઠ્ઠો ન હતો, પણ નિર્દોષ આશાવાદી હતો; એટલે કે તેનામાં સિલિકન તત્વ વધારે હતું.

જ્યારે માણસનાં શરીરમાં પોટેસ્યમનો સારો જથ્થો હોય છે ત્યારે તેનું શરીર માંસલ અને કસાએલું હોય છે. તેનાં તંતુઓ એવા સ્થિતિસ્થાપક હોય છે કે ઘા વાગ્યો હોય તો પણ બીજાઓ કરતાં તેને રૂઝ વહેલી આવે છે. કોઇ પણ માણસનું સ્થિતિસ્થાપક શરીરબંધારણ જુઓ, તેજસ્વી મગજ જુઓ, સુવિકસિત શરીર જુઓ અને માંસલ સ્નાયુઓ જુઓ તો તેને પોટેસ્યમ માણસ તરીકે તમારે ઓળખી લેવો. તેને બધી બહિર્દ્વાર રમતો ને કસરતોનો શોખ હોય છે, તેનું મોં હમેંશા સ્મિત ભર્યું હોય છે, અને તે ઘણો મળતાવડો હોય છે. તેને મિત્રો પણ જલદી થાય છે ને લોકોના સમાગમમાં તે જલદી લડી પડતો નથી.

વળી એ જાતનો માણસ સહનશીલ અને વિશાળ મનનો હોય છે, તે બીજા માણસનું દષ્ટિબિંદુ સમજી શકે છે. સામાન્ય રીતે તે સ્વભાવે સરળ, સર્વદેશીય જ્ઞાન વાળો ને મિલનસાર હોય છે. તે ધંધામાં વેપારમાં, હુન્નરમાં બહુ ફતેહ પામે છે, કારણ કે તે સહેલાઇથી બીજાને અનુકૂળ થઇ શકે છે, ફક્ત એક ને એક સ્થાને લાંબો વખત રહી જ ન શકાય એટલો ચંચળ તેનો સ્વભાવ હોવાને લીધે તે સારો વૈજ્ઞાનિક બની શકે નહિ. જ્યારે તમે તેની સાથે હાથ મિલાવો ત્યારે તે એવા ઉત્સાહથી સાગો હાથ દબાવે કે તમને જોઇને એ ખુશી છે એમ લાગ્યા વગર રહે નહિ. સ્મિત તો તેને સહજ આવે છે, અને તમારે જે કહેવાનું હોય તે એ શાંતિથી સાંભળે છે. પોટેસ્યમ જાતના માણસમાં સ્નાયુબદ્ધ શરીર એ બહાર પડી આવતું લક્ષણ ગણાય છે.

* કેલ્સ્યમ જાતનાં માણસો કદમાં ઊંચા હોય છે, તેમ જ તેમનાં હાથ, પગ, બાવડાં વગેરે સર્વ લાંબા હોય છે. તે સ્થિર, ધીમી, છતાં દઢ ગતિથી ચાલે છે, આરંભથી અંત સુધી એ ધીમા રહે છે. તેમને ઉત્તેજિત થતાં વાર લાગે છે, પણ એક વાર ઉત્તેજિત થયા પછી તે અટકતા નથી. વૈજ્ઞાનિક લોકોની માફક એ એકદમ નિર્ણય બાંધતા નથી, પણ નિર્ણય બાંધ્યા પછી તે છોડતા પણ નથી. તે નજરે દેખાય તેટલું જ માને છે. અને કલ્પના કે વિચારો કરીને સત્ય હકીકતનું સ્વરૂપ ફેરવતા નથી. તેમનાં બંધારણમાં પ્રધાનપણે દેખાતાં હાડકાં જ ઉપર તરી આવે છે, કાનની ઉપરથી તે તાળવા સુધી તેમનું માથું મોટું હોય છે તે આ પ્રબળ ઇચ્છાશક્તિ સૂચવે છે. તેમની આંખો ઊંડી હોય છે, ને પોતાના વિચારોને ભાષામાં મૂકતાં તેમને વાર લાગે છે. તે મજબૂત, ખંતીલા ને નિશ્ચય બળ વાળા હોય છે. (પણ તેઓ પોતાથી વિરુદ્ધ વિચારો સાંભળતાં જ ગુસ્સે થઇ જાય.

શ્રીયુત્ અમૃતલાલ ઠક્કર—આપણા ઠક્કર બાપા—'સર્વન્ટ્સ, ઑફ ઇન્ડિયા સોસાયટી'માં જોડાયા ત્યાર પહેલાં જાહેર બાંધકામ ખાતામાં હતા. તેઓ કેલ્સ્યમ વર્ગના નમૂના હતા કેલ્સ્યમ વર્ગનો માણસ સખત

*વાચક, શ્રી જયકૃષ્ણ ઇદ્રજી અને તારો આ લેખક—ગોકુળ ખાભડાઈ બંને આ કેલસિયમ પ્રધાન પ્રકૃતિના સમજવા, ઉપરોક્ત લક્ષણો અમ બન્નેને બહુ મળતાં જોવામાં આવ્યાં છે.

કામ તો કરે છે, એટલું જ નહિ પણ બીજાઓ સખત કામ કરે એવી ઇચ્છા રાખે છે. દુનિયામાં જેટલાં જેટલાં ખૂબ મહેનતનાં કામો છે તે સર્વ કેલ્શ્યમ પ્રકૃતિનાં માણસોને હાથે જ પાર પડ્યાં છે. આવા માણસો મોટા વૈજ્ઞાનિક અને શોધક હોય છે તમે ટક્કર આપો, જેવા કોઇ માણસ સાથે હાથ મિલાવો તો તેમના હાથના હાડકાંની અને ચામડીની કઠોરતા તરત જણાઇ આવશે, અને કોઇ ખડકની સાથે તમે હાથ મેળવતા હો એમ તમને જણાશે તે પ્રભાવશાળી, સત્તાદર્શક અને દૃઢ મનના હોય છે. એકવાર તે નિશ્ચય કરે પછી કોઇની મગદૂર, તેને ફેરવી શકવાની નથી. જો તમે વેપારી હો અને કેલ્શ્યમ જાતનો કોઇ માણસ તમારી દુકાને આવી ચડે તો ચેતીને ચાલજો, કેમકે તમે તેને ગમે તે વસ્તુ ચોંટાડી દઇ શકશો નહિ. વિગતોની ઝીણવટ માટે અને વિજ્ઞાનનાં અખતરા માટે તે ઘણો યોગ્ય માણસ છે. જોકે તેની ભાષા કડવી હોય છે, અને જે મનમાં હોય એ જ પાધરું બોલી દે છે. એ કાણાને કાણો કહી દે તેથી જ સમાજમાં બહુ પ્રિય થતો નથી. સત્યવક્તા તે માને છે પણ પ્રિયકર મા માનવું અથવા તે પ્રમાણે આચરણ કરવું એ તેને માટે અશક્ય છે. આમ તેના વચનો ખુશ કરે તેવા હોતા નથી એટલે ચતુર પુરુષમાં તેની ગણના ન થઇ શકે. એક ઘાએ બે કાઠ કરી નાખતા એ અચકાતો નથી. તેના ચહેરામાં એક પણ મૃદુ રેખા હોતી નથી, તેમ જ તેની ભાષામાં એક પણ મૃદુ શબ્દ હોતો નથી. તેના અક્ષર ખૂણાવાળા હોય છે, તેમ જ તેની હિલચાલ કઢંગી હોય છે. જો કોઇ પણ ફળની સાથે કેલ્શ્યમ માણસને સરખાવવો હોય તો તેને શ્રીફળની ઉપમા સૌથી વધારે અનુરૂપ છે.*

કેલ્શ્યમ જાતથી તદ્દન વિરુદ્ધ પ્રકૃતિના માણસોને સોડિયમ વર્ગમાં મૂકી શકાય. તે તેજ અને ચપળ હોય છે અને શાંત રહેવું તેમને ગમતું નથી, એટલે તે કાંઇ ને કાંઇ કર્યા જ કરે છે. ‘ગુજરાતના નાથ’ માં ‘કાક’નું જે વર્ણન છે તે સોડિયમ વર્ગના પુરુષને ખૂબ મળતું આવે છે. એ કેટલી વાર શાંત તથા તબિયત વાળીને સ્વસ્થ પડેલો દેખાય, પણ કામને પ્રસંગે તો એ તરત જ હોશિયાર થઇ જવાનો. હિલચાલમાં તે ગફલત શોભતો અને ચપળ હોય છે. તેને જાણે કે ચાર આંખો હોય છે, એટલે કે તે ભયની આગાહી પ્રથમથી કરી શકે છે અને તે માટે સાવધ રહે છે તેના સ્નાયુબંધ પોલાદની કમાન જેવા હોય છે. બીજા કોઇ વર્ગના સ્નાયુબંધ કે હાથ સોડિયમ વર્ગ જેટલા મજબૂત હોતા નથી. તે બાંધણમાં ભલે નાનો હોય તો પણ તે નક્કર હોય છે. તેની દાઢી નીચે કરી વાળ વળેલા હોતા નથી, તેનો ચહેરો ચપટો અને બે કાન વચ્ચેનો ભાગ ખૂબ વિસ્તાર વાળો હોય છે તે ગુસ્સે થાય છે ત્યારે લાલ થતો નથી પણ ફિક્કો પડી જાય છે. સારું છે કે અત્યારની યૂરોપની મુક્કાબાજીની રમતોના જુગારમાં શંભેગાર હાજર નથી. જો એ હોત તો તેણે કાકના જેવા જ માણસો એટલે કે સોડિયમ વર્ગના માણસો ઉપર જ શરત મારીને પૈસા મૂક્યા હોત અને તે જીત્યો પણ હોત ! કેમ કે કાક અને બર્બરક (બાબરા ભૂત) વચ્ચેના યુદ્ધમાં બાબરો એવડો રાક્ષસ જેવો હતો છતાં જીત કાકની જ થઇ હતી. બીજી જાતના માણસો થાકે ત્યારે પણ સોડિયમ જાતના માણસો થાકતા નથી. જો તમે નબળા બાંધાના હો અને કોઇ કહે નાના છતાં સોડિયમ જાતના માણસ સાથે હાથ મેળવવાનો તમને પ્રસંગ આવે તો અમારી સલાહ છે કે તમારે અળગા રહી જવું, કેમકે તમારા હાથને એ છૂંદી નાખશે, અને આટલા નાના હાથમાં આટલું બધું બળ કેમ હશે તેનું તમને આશ્ચર્ય થશે. જો તમારે ઓપરેશન કરાવવું હોય અને સોડિયમ જાતનો ડોક્ટર મળે તો બીજો પૂછવા ન જતા, કેમકે એવા ડોક્ટરોના હાથો તેમ જ બીજા

*બીજા એક પુસ્તકમાં વાંચેલ છે કે કેલ્શ્યમપ્રધાન પ્રકૃતિની ચિત્તવૃત્તિ સંશોધન કાર્યમાં તલ્લીન હોય છે તે અંગેની વસ્તુઓમાં તે તીવ્ર યાદશક્તિ ધરાવે છે પણ સામાન્ય બાબતોમાં તે એટલો ભૂલકણો હોય છે કે અલ્પવયા મનુષ્યને વખતોવખત ભૂલી જાય, દસવું આરે એની ભૂલો કરે.

તંતુઓના અસાધારણ વિકાસને લીધે તેઓ મોટે ભાગે સફળ થાય છે! પોટેશ્યમ જાતના કરતાં સોડિયમ જાતના પુરુષોનાં તંતુઓનું બંધારણ વધારે ઘટ્ટ હોય છે; જો કે કેલ્સ્યમ જાતના માણસો જેટલું કઠણ તે હોતું નથી. જ્યારે સોડિયમ જાતનો માણસ માંદો પડે ત્યારે એમ સમજવું કે તેના શરીરમાંથી સોડિયમ ઓછું થઇ ગયું છે, તેમ જ તેનાં ખાવામાં ખારાશ વાળો પદાર્થો પૂરતો પ્રમાણમાં આવ્યા નથી.

સોડિયમ વર્ગની સાથે મૈત્રી માટે ઑક્સીજન વર્ગના માણસો સૌથી વધારે લાયક ગણાય. ધંધામાં ભાગીદારી કરવી હોય કે લગ્ન કરવાં હોય તેમાં આ બેના યોગ જેટલો શુભ ફળદાયક હોય છે તેટલો બીજો હોતો નથી. બીજો લાભ એ છે કે સોડિયમ વર્ગને પૂરતા પ્રમાણમાં ઑક્સીજન મળતો હોતો નથી; જ્યારે ઑક્સીજન વર્ગમાં તેનું પ્રમાણ બીજા માટે ફાજલ પડી શકે એટલું મોટું હોય છે, અને તેને લીધે તેનો વિનિમય થઈ શકે છે. ઘણાં ઑક્સીજનને લીધે તેવા માણસોની છાતી ભરેલી હોય છે અને ફેફસા જોરદાર હોય છે. છાતીથી તે કરોડરજ્જુ સુધી તેવા માણસો જાડા હોય છે. તેમનાં શરીરનો ઉપલો ભાગ ઘણો મોટો અને વજનદાર હોય છે, પણ પગ પાતળા.

વળી આટલો બધો ઑક્સીજન લેવાને લીધે તેમનાં નસકોરાં ફૂલેલાં હોય છે અને તેમની ચામડી કોઈ બાળકનાં જેવી કોમળ સુંવાળી અને ગુલાબી હોય છે. જો કે તેમના મુખ ઉપર નિર્દોષતા દેખાય છે, છતાં ઑક્સીજન પ્રકારના માણસને કોઈ રીતે નિર્દોષ કહેવાય નહિ.

તેને વાતોનો ખૂબ શોખ હોય છે અને બધો વખત તે વાતો કર્યા જ કરે છે. વિજ્ઞાનની સૃષ્ટિમાં ઑક્સીજન જલદી મળી જાય એવું તત્વ ગણાય છે. તેમ જ સમાજના જુદા જુદા વિરોધી વર્ગો સાથે ઑક્સીજન માણસ એકસરખો જ મિલનસાર હોય છે. અને તે મૈત્રી બહુ જલદીથી બાંધી શકે છે, તે ખૂબ હસતો હોય છે. તેનો અવાજ મોટો, આનંદી ને રણકારવાળો હોય છે. તેની મુદ્રા હસતી હોય છે. સહચાર માટે તે ઉત્તમ છે. તેને ખાવા-પીવાનો બહુ જ શોખ હોય છે, અને તેની પાચનશક્તિ એટલી બધી સારી હોય છે કે ખાધેલું બધું પચાવી દે છે. અને એ રીતે પોતાનું લોહી વધારે છે. આ જ કારણને લીધે તેનાં શરીરમાં રક્તકણો પણ વધારે હોય છે; તે એટલે સુધી કે ઘણીવાર તેને બ્લડ-પ્રેશરનો રોગ લાગુ પડે છે. શેઠ અંબાલાલ સારાભાઇને આપણે ઑક્સીજન વર્ગમાં મૂકી શકીએ. તેવા માણસો યોજના શક્તિમાં બહુ સારા હોય છે. તે હમેશાં નવી નવી યોજનાઓ કર્યા જ કરે છે. કંઇક જૂનું તોડવું ફોડવું અને કંઈક નવું બાંધવું એ તેમનાં સ્વભાવમાં હોય છે. અને તેમનાં બધાં કામો મોટા પાયા ઉપર જ હોય છે. તે માણસોને અને શક્તિઓને પોતાના લાભ માટે ઉપયોગી બનાવી શકે છે. ઑક્સીજન માણસ તરફ લોકો આકર્ષાય છે. અને તેને સાંભળે છે. તે બીજામાં ઉત્સાહ જાગૃત કરી શકે છે, અને તેથી જ મોટા સાટાં કરવામાં તે ફાવે છે. તે સ્પષ્ટ વક્તા, આશાવાદી અને આનંદી હોય છે; માત્ર કેટલીક વાર ગુસ્સાથી ધૂંધવાઇ ઉઠે છે.

ઑક્સીજન જાતનાં લોકોનો ચહેરો ગોળ હોય છે. તે એકદમ લાલચોળ થઇ જાય છે. હાથ મિલાવતી વખતે તે આપણને દિલસોજ અને સહૃદય લાગે છે. તે ખૂબ ખાધેલપીધેલ દેખાય છે. પોતાના આશાભર્યા, આનંદી, પ્રવૃત્તિમય સ્વભાવમાં તે વધારે પડતા નિખાલસ અને કોઇવાર અતિશય યા તરફ વળે છે. ક્વચિત સારી તકોને તેઓ ઘણી સારી માની લે છે. ઑક્સીજન માણસ આગના ગોળા જેવો હોય છે, અને જીવન, બુદ્ધિ, સંપત્તિ કે પ્રવૃતિમાં તે નિયામિક બની શકે છે.

હાઇસ્કૂલમાં ભણતા ત્યારે ત્યાંના એક કલાર્કને અમે હાથીનું બચ્ચું એવું સાર્થક ઉપનામ આપ્યું

સવાન હોય ત્યા હાઇડ્રોજન જાતના માણસો મોખરે દેખાય છે સિનેમાની અંદર હેરોલ્ડ લોઇડની સાથે કે ચાર્લી ચેપ્લિનની સાથે જે જાડા અને બહુ જ મુશ્કેલીથી હરફર કરી શકે એવા તો પોતાના વજન થી જ બીજી વસ્તુને ભાગી નાખી શકે એવા નરો આપણે જોઇએ છીએ, તે સર્વ હાઇડ્રોજન વર્ગમા આવે અહી મેકફેડનના અનુયાયીઓને એક સૂચના કરવા જેવી છે કે દરેક જાડા માણસને તેઓ વધારે પાણી પીવાની સલાહ આપે છે તે યોગ્ય નથી કારણ કે હાઇડ્રોજનને લીધે તેમનું શરીર ફૂલેલુ હોય છે તે પાણી પીવાથી કમતી થતુ નથી ઉલટુ, હાઇડ્રોજનના માણસો પોતે જ પાણીથી ભરેલી કોથળી જેવા હોય છે

હાઇડ્રોજન જાતના લોકો ધીમા અને કદરૂપા હોય છે, ખાસ કરીને તેમના મધ્ય ભાગો આગળથી ફુલેલા હોય છે તેમના હાથ-પગ અને શરીર બહુ જ પહોળા હોય છે કેટલીક વાર તેમની મુદ્રા શાંત અને દિલગીરી ભરેલી દેખાય છે અને ચહેરો નરમ તથા ધીરો હોય છે, તેમનામા સહનશક્તિ ઓછી હોય છે કેમકે પાણીમા કાંઇ જોર નથી કેટલીક વાર તેમના શરીર એટલા બધા વધે છે કે હાલવુ-ચાલવુ તેમને માટે મુશ્કેલ બને છે તેમના સ્નાયુઓ ખૂબ નબળા પડીને ઢીલા થઈ જાય છે. એટલે તેમનુ પેટ ગણપતિની ઉપમાને યોગ્ય બને છે

હીરો એ ઘણી મૂલ્યવાન વસ્તુ છે પરંતુ જે માણસને આપણે હીરાના ઉપનામથી વધાવીએ છીએ અથવા કશી પણ પ્રવૃત્તિ કે હેતુ વગર જે નામ ધાગ ધોરે જઈને પાછા આવે છે તે સર્વ એમ બતાવે છે કે હીરાના જેવા કાર્બન પ્રધાન ગુણો માણસમા આપણે જોવા ઇચ્છતા નથી કાર્બન ગુણવાળા માણસોની ઇચ્છાશક્તિ બહુ નબળી હોય છે અને ઘણી વૃત્તિઓનો અભાવ એ જ તેઓનો સ્વભાવ છે એ લોકોને મીઠાઇ અને ઘઉં-બાજરી જેવા સ્ટાર્ચવાળા ખોરાકો બહુ ભાવે છે જુવાનીમા એવા માણસોની ચામડી સુંદર હોય છે, પણ તેઓ જેમ ઘરડા થાય તેમ તે ટોપરા જેવી બની જાય છે તેમનો ચહેરો પૂનમના ચંદ્ર જેવો, માત્ર તેમા માધુર્ય હોતુ નથી તેમના હાડકા નાના હોય છે સ્વભાવે તેઓ બીકણ ને ગભરુ હોય છે, ચિત્તે અસ્થિર અને વ્યગ્ર હોય છે તેમની ખાવાની રીતને લીધે તેઓના પેટમા વાયુ ખૂબ થાય છે તેમનો ચહેરો નાનો હોય છે અને તેમની મુદ્રા ખોપરીના જેવી ભાવરહિત હોય છે પહેલી નજરે તેમના દેખાવમા સૌન્દર્ય લાગે છે, જોકે કાર્બનમા સંયમ કે કાળજીના ગુણો હોતા નથી તેઓનુ મગજ ભૂસુ ભરેલુ હોય છે એટલે કોઈ પણ અસર તેમના ઉપર સ્થાયી રહેતી નથી તેઓ વાચી કે અભ્યાસ કરી શકતા નથી તેઓને ફકત બેસી રહેવુ અને ખાવુ જ ગમે છે તેઓ હમેશા કોઇકના ઉપર આધાર રાખવાની ટેવવાળા હોય છે અને જેમ જેમ ઘરડા થાય છે તેમ તેમ ખૂબ જાડા ઢીલા અને સુસ્ત બને છે નવા યુગનો જુવાળ આવ્યા પહેલાના ઘણા ગ્રેજ્યુએટો તેમના આ લક્ષણો વડે કાર્બન વર્ગમા મૂકી શકાય પણ અત્યારે તેવા વર્ગનુ લાક્ષણિક દૃષ્ટાંત આપવા જતા અપમાન લાગી જવાનો સંભવ છે જોકે ગુજરાતમા એ વર્ગના માણસોની ખોટ નથી એટલે સહેલાઇથી ઠેકાણે ઠેકાણે તેને શોધી શકશે કચ્છના મહારાઓશ્રી વિજયરાજજી હાયડ્રોજન પ્રધાન સ્વભાવના હતા

બધા તત્વોમા નાઇટ્રોજન એ ધીમુ, નિશ્ચેષ્ટ અને બદલાય નહિ તેવુ તથા બીજા તત્વો સાથે ન ભળે એવુ હોય છે નાઇટ્રોજન જાતનો માણસ પણ તેવો જ હોય છે તેનો વાન ભીનો વાળ ખૂબ કાળા અને આંખો ઘેરી હોય છે તે ઉદાર અને અમીરની અદાથી ચાલે છે કેમકે તેને પોતાને વિષે સૌથી ઉત્તમ મત હોય છે તે બહુ વાતો કરતો નથી એટલુ જ નહિ પણ વાતચીતના પ્રસંગો આવતા તેની મુદ્રા નિષેધક બની જાય છે તે પ્રગતિમા માનતો નથી પણ પ્રણાલીમા માને છે નાઇ

ટ્રાજન જાતનો માણસ હંમેશાં એક જ પાડોશમાં અને એક જ ઘરમાં રહેવા ઇચ્છે છે. તેને ફેરફારો ગમતા નથી. તે મિત્રો કરવામાં મંદ હોય છે, છતાં મિત્ર થયા પછી તેમને ઘણો વફાદાર રહે છે. તે પદવી, કુળ, અધિકાર અને રાજસત્તાને વિષે અત્યંત દરકાર વાળો હોય છે. કેટલેક અંશે તે શૌર્ય-પૂર્ણક હોય છે. પણ તેને બીજા ગધા ઘોડા માટે ઘણો હલકો મત હોય છે, ને વખત આવે તે તેમને હુકમ કરવા પણ મંડી જાય છે. પોતાના સ્વભાવ ઉપર તેનો ઘણો કાબુ હોય છે. અને ગુસ્સે હોય તો પણ તે શાંત અને તબિયત વાળો રહી શકે છે. સાક્ષર શ્રી નરસિંહરાવ ભોળાનાથને 'નાઈટ્રોજન' વર્ગમાં મૂકી શકાય. ચાલુ જમાનામાં તો સ્ત્રીઓનાં હરણ થતાં નથી; પણ જૂના જમાનામાં પણ જે સ્ત્રીઓનાં હરણો થયા તે કોઇ જ 'નાઈટ્રોજન' વર્ગની નહોતી એમ આપણે કહી શકીએ; કારણ કે એ વર્ગની સ્ત્રી નાસી જવાનું કોઇ દિવસ કબૂલ કરે જ નહિ. નાઈટ્રોજન જાતની વ્યક્તિઓ રુઆબદાર અને દબદબા ભરેલી હોય છે. તેમની આંખો મુત્સદ્દી જેવી હોય છે, અને ખરેખર નાઈટ્રોજન વર્ગના કદાવર અમીરી દેખાવના પુરુષો સુંદર મુત્સદ્દીઓ થઈ શકે, તે પોતાની લાગણીઓ વ્યક્ત કરતા નથી તેમ જ પોતાની લાગણીઓના ફેરફારોની જાણ બીજાને થવા દેતા નથી.

નાઈટ્રોજન વર્ગનો પુરુષ શરીરે માંસલ અને મજબૂત બાંધાનો હોય છે. તે કદમાં સપ્રમાણ હોય છે. તેનાં પગો સુંદર હોય છે અને હાથ ટૂંકા તથા રાજાની અદાથી રાખેલા હોય છે. તેનું માથું મોટું હોય છે અને પોતે સ્વસ્થ દેખાય છે. તેને જે વસ્તુ અપ્રિય હોય તેનો એ તિરસ્કાર કરે છે, અથવા તેને દૂર રાખે છે, જોકે તે પણ કોઈ મુત્સદ્દીની રીતે જ.

ફોસ્ફરસ વર્ગના લોકો કેવળ બુદ્ધિપ્રધાન હોય છે. એકવાર એક અતિશય વિદ્વાન અને પ્રખ્યાત પ્રોફેસર (જે શરીરમાં બહુ જ નાનાં હતાં) એક જગ્યાએ ઊભા હતા. ત્યાં તેની પછવાડેથી એક ઊંચા અને કદાવર પુરુષે આવી તેને કહ્યું કે 'એ રાક્ષસ, મને જવાની જગ્યા આપ!' પ્રોફેસરે એ બોલનાર માણસનાં કદ સામે જોયું અને જવાબ આપ્યો કે 'લે વેંતિયા! આ ખસ્યો.' આથી કદાવર માણસ ગુસ્સે થયો અને પ્રોફેસરને કહેવા લાગ્યો કે 'સાહેબ, મેં આ રાક્ષસ વિશેષણ કાંઈ આપનાં શરીરને જોઈને નહિ પણ આપની બુદ્ધિને માટે વાપર્યું હતું.' પ્રોફેસરે હાવકાઈથી ઉત્તર આપ્યો કે 'કાંઈ ફિકર નહિ; મેં પણ મારું વિશેષણ આપની બુદ્ધિને જ ધ્યાનમાં લઈને વાપરેલું છે.' એ પ્રોફેસરને આપણે 'ફોસ્ફરસ' વર્ગમાં મૂકી શકીએ. તેનાં બંધારણમાં મગજનો ભાગ મોટો અને શરીરનો ભાગ જરા જેટલો જ હોય છે. તેનું માથું એટલું બધું મોટું હોય છે કે તેનું પાતળું દુર્બળ શરીર આટલા મોટા માથાનું વજન શી રીતે ઉપાડી શકતું હશે તેની જ આપણને નવાઇ લાગે. તેનાં હાડકાં નાનાં અને નાજુક હોય છે. ચામડીનો રંગ સહેજ શ્યામ હોય છે. અને કપાળ ઉન્નત વિસ્તારવાળું તથા ફોસ્ફરસ તત્વના ગુણને લીધે ચળકતુ હોય છે. તેનાં હાથ ભીનાશવાળા અને નાજુક હોય છે. એટલે તેની સાથે હાથ મિલાવતાં માછલી હાથમાં લીધી હોય તેવો આભાસ થાય છે! તેના હસ્તધૂનનમાં સંજીવન નથી, માત્ર શરીરની નિર્બળતા પ્રગટ થાય છે. ચહેરાની મુદ્રા બુદ્ધિમાન અને સંસ્કારી દેખાય છે અને માથું લમણાંની પછવાડેથી તથા ઉપરથી બહુ મોટું હોય છે. તેની મુખાકૃતિ ઊંધા શંકુ જેવી હોય છે. દાઢી નાની ને અણીદાર અને ડોક લાંબી તથા કોમળ હોય છે.

એવા માણસોના વ્યક્તિત્વ ઉપર તેમના મગજનો અને મજ્જાતંતુઓનો કાબુ હોય છે. ઓકિસજન વર્ગનો પુરુષ દુનિયાદારીના ભાન વાળો હોય છે અને કુદરતને છે તેવી જુવે છે, જ્યારે ફોસ્ફરસ વર્ગનો માણસ ભાવનાવાદી હોય છે. તે પોતાની કલ્પન[illegible]નિયામાં જ જીવે છે. તેના માણસો કોઇ પરાક્રમી

વીરની વાત વાંચી પોતાની જાતને તેવા વીર પુરુષ કલ્પી લે છે, અને તેમને મન નવલકથાના પાત્રો જીવતી વ્યક્તિઓ જેવા બની જાય છે આવા માણસો અદ્ભુત વિચારો કરી શકે છે, જો તે અમલમા મૂકવાનુ શરીરબળ તેમનામા હોતુ નથી તેઓ આપણને કહેશે કે વિચારો એ જ ખરેખરી મહત્વની વસ્તુ છે તેમનામા કાર્યશક્તિ કે વીર્ય હોતા નથી તેમને નવીન, ઉત્તેજક, કલ્પનાપ્રધાન અને ભાવનાશીલ બધી બાબતોમાં ખૂબ રસ આવે છે શ્રી વિજયરાયનુ આ વર્ગ સાથેનુ સામ્ય દેખાતુ છે.

પણ ફેગ્ઝરસ જાતના લોકો દેખાવમા સ્વચ્છ અને સુઘડ હોય છે, અને પહેરવેશમા કલા પ્રત્યે તેઓ વધારે ધ્યાન આપે છે એટલુ જ નહિ પરતુ બીજાઓ કરતા દેખાવમા સરસાઇ ભોગવવા તેઓ ઇચ્છે છે તેઓની ઇચ્છા કર્ક શ પરાક્રમથી વિખ્યાત થવાની હોય છે. તેઓ પોતાની કલ્પનામા રાચે છે મોટે સ્વપ્ના જુએ છે પણ તે કદી જ ફલીભૂત થતા નથી. તેઓ શરીરની વાસનાઓની સામે થઇ શકે છે અને ખોરાકમા મૃદુતા તરફ પસદગી ધરાવે છે. તેઓ ફળો અને સૂકા મેવાને પસદ કરે છે. તેમ જ બધાને મોઢે તેની હિમાયત કરે છે, અને જગતભરના બધા માણસોનો એવો જ ખોરાક હોવો જોઇએ એવો ઉપદેશ આપતા ફરે છે તેઓ પૈસા પેદા કરી શકતા નથી, પણ તેમને કાયમ તેની તગી રહે જ છે, અને પૈસા કમાયા પડેલા તો તેઓ ખરચી નાખે છે તેમની ચામડી કોમળ અને સુદર હોય છે અને ગાલમા મોટે ભાગે ખાડા પડેલા હોય છે તે ઓછુ પોષણ અને ઓછુ પાચન બતાવે છે ધ્યાન એમની ત્વરિત હોય છે પણ તેમા તાકાત હોતી નથી કાનનો ઉપલો ભાગ મોટો અને બુટ નાની હોય છે વાળ પાતળા સુવાળા, સુદર હોય છે પણ ઘણા વહેલા ધોળા થઇ જાય છે આવા માણસો માદા પડે પછી સાજા થતા વખત લે છે જો આ જાતનો કોઇ દરદી આવે તો ડોકટરોએ ઘણી સાવધાની રાખવી જોઇએ કેમ કે છરીનો આઘાત માત્ર તેમનો પ્રાણ લેવાને પૂરતો છે એવા લોકો પોતાના મદ જ્ઞાનતતુઓને સતેજ રાખવા માટે માદક પદાર્થોનું સેવન કરે છે, જ્યારે ખરી જરૂર તો તેમણે કસરત કરીને શારિરીક બળ મેળવવાની હોય છે

મુનિકુમાર મ ભટ્ટ *

---

*વ્હેફર મેગેઝીન નામે અમેરિકન માસિકના 'કેમિકલ પર્સનાલિટીઝ' નામના લેખ પરથી સૂચિત,

જોઇએ છે

૧ જગદીશ ચદ્ર બોઝ જેવા જીવવિજ્ઞાને યાત્રિક ક્રિયાથી સાબીત કરી આપનાર સશોધક

૨ પૂજ્ય વાચસ્પતિ શાસ્ત્રી જયકૃષ્ણ ઇદ્રજી જેવા માતૃભાષામા વનસ્પતિ શાસ્ત્ર જેવા પુસ્તક લેખક

૩ બ્રીટીશ વનસ્પતિશાસ્ત્રી બેનથામ હુકર, જર્મન વનસ્પતિશાસ્ત્રી એગ્લર, પ્રેન્ટલ જેઓએ દુનિયાને ખૂણે ખૂણે પચીશ પચીશ ત્રીશ ત્રીસ વર્ષો સુધી વનસ્પતિનુ સશોધન કરી ગ્રથો દ્વારા દર્શાવ્યા છે શ્રી ગ્રેમી જેવા સશોધક જેણે અમેરિકા ખડતો એ જ રીતે ખૂણે ખૂણો શોધી નવી જ પદ્ધતિ રચી અમેરિકામા ગૌરવ વધારી અમર કીર્તિ કરી છે શ્રી હુકરે વધારામા હિંદની તમામ વનસ્પતિ પર પણ સાત ભાગનુ પુસ્તક રચ્યુ છે

૪ બ્રીટીશ વિદ્વાન વોટ જેવા સશોધક જેઓએ ભારતની ઔષધીય આહારિક અને આર્થિક વનસ્પતિઓના શાસ્ત્રીય પદ્ધતિએ સાત આઠ ખડોમા ગ્રથ રચી હિંદમા નામ અમર કર્યું છે

પ્રજીવનકો કે પ્રજીવકો.

[Vitamins]*

વાંચનમાં અને વાતચીતમાં આજે વિટામિન શબ્દ એટલો તો પ્રચલિત થઇ ગયો છે કે, કોઈ પણ સુશિક્ષિત માણસ તેના નામથી ભાગ્યે જ અજાણ હશે. પરંતુ એની સાચી માહિતી, એનાં પ્રકાર, ગુણ, ને તે મેળવવાના સાધનો વિષે એકધારી એકત્ર માહિતી જવલ્લે મળતી હશે. અહીં અત્યંત ટુંકામાં તેનો સર્વગ્રાહી પરિચય એક નિષ્ણાત તરફથી ક્રમશઃ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

પહેલાંતો વિટામિન (પ્રજીવકો) એટલે શું તે આપણે જાણવું જોઇએ. વિટામિન એ સેંદ્રિય (Organic) પદાર્થ છે. અને તે વનસ્પતિ તથા પ્રાણીઓનાં કોષ સમૂહમાં રહેલો હોય છે. મનુષ્ય તેમ જ પ્રાણીઓની તંદુરસ્તી જાળવવામાં તથા તેમનો શારીરિક વિકાસ સાધવામાં એ અગત્યનો ભાગ ભજવે છે. એ પોતે શરીરનાં કોષ સમુહના ઘડતરમાં વપરાતા નથી, પરંતુ શારીરિક શક્તિના રૂપાંતર કરવામાં તેમ જ શરીરની અંદરનો બધો વ્યવહાર ચલાવવામાં તે ખૂબ મદદગાર થઇ પડે છે. બહુ થોડી માત્રામાં તે અસરકારક હોય છે. હજી પણ અમુક વર્ગ વિટામિનમાં માનતો નથી, પરંતુ વિજ્ઞાનિઓએ કરેલા પ્રમાણભૂત અખતરાઓના નીચેના પુરાવા તેનાં અસ્તિત્વની ખાતરી આપી રહે છે.

ઇ. સ. ૧૭૨૭ માં 'મેડિસીની કેસ્ટ્રેન્સીસ'માં ક્રેમર લખે છે કે જો લીલાં શાકભાજી. લીંબુ, નારંગી વગેરેના રસ મળે તો સ્કર્વીનું ભયંકર દર્દ નાબૂદ કરી શકાય. ઈ. સ. ૧૭૭૮ થી ૧૮૮૨ માં જાપાનિસ નાવિકોમાં બેરી બેરીબેરી નામનો રોગ ખૂબ પ્રચલિત હતો. ત્યાંના વિજ્ઞાનિક ટાકાકીએ તેમને છડેલા ચોખાનો ચાલુ ખોરાક આપવો બંધ કરીને જવ આપવા શરૂ કર્યો. તે પછી એ દર્દ નાવિકને થયું નહિ. ત્યાર પછી તેણે છડવાથી નીકળતી કુશકીનું સત્વ આપીને પણ એ રોગ મટાડ્યો.

ઇ. સ. ૧૯૦૬ માં વૈજ્ઞાનિક હોપકિન્સે નીચેનો પ્રયોગ કર્યો. (૧) ઉંદરોને માત્ર શુદ્ધ કરેલા પ્રોટીન કારબોહાઇડ્રેટ્સ, ક્ષાર, અને પાણી ઉપર અમુક દિવસો સુધી રાખ્યા. તે પછી, (૨) અમુક દિવસો તે ઉંદરોના ખોરાકમાં દૂધ ઉમેર્યું; ત્યારબાદ (૩) અમુક પ્રકારના શાકભાજી પણ ખોરાકમાં ઉમેરવા માંડ્યા. પરિણામે જણાયું કે, શરૂઆતમાં ઉંદરોનો શારીરિક વિકાસ રુંધાયો પછી દૂધ મળવાથી પૂરતો વિકાસ વધ્યો; પરંતુ દૂધ સાથે શાકભાજી મળવાથી પૂરતો વિકાસ થયો. આ પ્રયોગો પરથી તેણે વિધાન તારવ્યું કે ફક્ત પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ્સ, ચરબી ને ક્ષારો વડે શારીરિક વિકાસ થતો નથી. પરંતુ શાકભાજી જેવા વનસ્પતિના કોષ સમૂહો અને દૂધ કે માંસ જેવા પ્રાણીઓનાં કોષ સમૂહોથી (માંસલ પદાર્થયુક્ત ખોરાકથી) જ શારીરિક વિકાસ થાય છે. તેથી એ નિશ્ચિત થયું કે એ વનસ્પતિ કે પ્રાણીઓના કોષ સમૂહોમાં પ્રોટીન, ચરબી, કાર્બોહાઇડ્રેટ્સ અને ક્ષારો ઉપરાંત બીજા કેટલાક અદ્રશ્ય તત્વો રહેલાં હોવાં જોઇએ તે પછી સને ૧૯૨૦ સુધીમાં તો સાબિત થઈ ગયાં કે સ્કર્વી તથા બેરીબેરી તેમ જ આંખના અમુક દર્દોને ખોરાકમાં રહેલાં અમુક તત્વો સાથે જ સંબંધ છે. અને એ તત્વો તે વિટામિન છે, એમ પછીથી નકકી થયું.

---

* 'કુમાર' માસિક સને ૧૯૪૭ ના જાન્યુઆરીના અંકથી શરૂ થઇ, બીજા માસનાં અંકોથી પૂર્ણ.
લે. શ્રી નટવરલાલ શાહ

વીરની વાત વાચીને પોતાની જાતને તેવા વીર પુરુષ કલ્પી લે છે, અને તેમને મન નવલકથાના પાત્રો જીવતી વ્યક્તિઓ જેવા બની જાય છે આવા માણસો અદ્ભુત વિચારો કરી શકે છે, જોકે તે અમલમા મૂકવાનુ શરીરબળ તેમનામા હોતુ નથી તેઓ આપણને કહેશે કે વિચારો એ જ ખરેખરી મહત્વની વસ્તુ છે તેમનામા કાર્યશક્તિ કે વીર્ય હોતા નથી તેમને નવીન ઉત્તેજક, કલ્પનાપ્રધાન અને ભાવનાશીલ બધી બાબતોમાં ખૂબ રસ આવે છે શ્રી વિજયરાયનુ આ વર્ગ સાથેનુ સામ્ય દેખાતુ છે

પણ ફ્રેમ્ફરસ જાતના લોકો દેખાવમા સ્વચ્છ અને સુઘડ હોય છે, અને પહેરવેશમા કલા પ્રત્યે તેઓ વધારે ધ્યાન આપે છે એટલુ જ નહિ પરતુ બીજાઓ કરતા દેખાવમા સરસાઇ ભોગવવા તેઓ ઇચ્છે છે તેઓની ઇચ્છા કંઈક સ્વ પરાક્રમથી વિખ્યાત થવાની હોય છે તેઓ પોતાની કલ્પનામા રાચે છે અને સ્વપ્ના જુએ છે પણ તે કદી જ ફલીભૂત થતા નથી તેઓ શરીરની વાસનાઓની સામે થઈ શકે છે અને ખોરાકમા મૃદુતા તરફ પસદગી ધરાવે છે. તેઓ ફળો અને સુકા મેવાને પસદ કરે છે. તેમ જ બધાને મોઢે તેની હિમાયત કરે છે અને જગતભરના બધા માણસોનો એવો જ ખોરાક હોવો જોઇએ એવો ઉપદેશ આપતા ફરે છે તેઓ પૈસા પેદા કરી શકતા નથી, પણ તેમને કાયમ તેની તગી રહે જ છે, અને પૈસા કમાયા પડેના તો તેઓ ખરચી નાખે છે તેમની ચામડી કોમળ અને સુદર હોય છે અને ગાલમા મોટે ભાગે ખાડા પડેલા હોય છે તે ઓછુ પોષણ અને ઓછુ પાચન બતાવે છે ચાલ એમની ત્વરિત હોય છે પણ તેમા તાકાત હોતી નથી કાનનો ઉપનો ભાગ મોટો અને બુટ નાની હોય છે વાળ પાતળા સુવાળા, સુદર હોય છે પણ ઘણા વહેલા ધોળા થઈ જાય છે આવા માણસો માદા પડે પછી સાજા થતા વખત લે છે જો આ જાતનો કોઈ દરદી આવે તો ડોક્ટરોએ ઘણી સાવધાની રાખવી જોઇએ કેમ કે છરીનો આઘાત માત્ર તેમનો પ્રાણ લેવાને પૂરતો છે એવા લોકો પોતાના મદ જ્ઞાનતતુઓને સતેજ રાખવા માટે માદક પદાર્થોનુ સેવન કરે છે, જ્યારે ખરી જરૂર તો તેમણે કસરત કરીને શારિરીક બળ મેળવવાની હોય છે

મુનિકુમાર મ ભટ્ટ *

* વર્લ્ડ મેગેઝીન નામે અમેરિકન માસિકના કેમિકલ પર્સનાલિટીઝ' નામના લેખ પરથી સૂચિત.

જોઇએ છે

૧ જગદીશ ચદ્ર બોઝ જેવા જીવવિદ્યાને યાત્રિક ક્રિયાથી સાબીત કરી આપનાર સશોધક

૨ પૂજ્ય વાચસ્પતિ શાસ્ત્રી જયકૃષ્ણ ઇંદ્રજી જેવા માતૃભાષામા વનસ્પતિ શાસ્ત્ર જેવા પુસ્તક લેખક

૩ બ્રીટીશ વનસ્પતિશાસ્ત્રી બેનથામ હુકર, જર્મન વનસ્પતિશાસ્ત્રી એગ્નર, પ્રેન્ટલ જેઓએ દુનિયાને ખૂણે ખૂણે પચીશ પચીશ ત્રીશ ત્રીસ વર્ષો સુધી વનસ્પતિનુ સશોધન કરી ગ્રથો દ્વારા દર્શાવ્યા છે શ્રી ગેરસી જેવા સશોધક જેણે અમેરિકા ખડનો એ જ રીતે ખૂણે ખૂણો શોધી નવી જ પદ્ધતિ રચી અમેરિકામા ગૌરવ વધારી અમર કીર્તિ કરી છે શ્રી હુકરે વધારામા હિંદની તમામ વનસ્પતિ પર પણ સાત ભાગનુ પુસ્તક રચ્યુ છે

૪ બ્રીટીશ વિદ્વાન વોટ જેવા સશોધક જેઓએ ભારતની ઔષધીય આહારિક અને આર્થિક વનસ્પતિઓના શાસ્ત્રીય પદ્ધતિએ સાત આઠ ખડોમા ગ્રથ રચી હિંદમા નામ અમર કર્યુ છે

વિટામિન 'બી' જળદ્રાવ્ય પ્રજીવનક, થિયામિન

આ સત્વ છેક ઈ. સ. ૧૮૯૭માં આઇઝકમનને ચોખાની કુશકીમાંથી મળી આવેલું, ત્યારે તેનો એ એક જ પ્રકાર જાણીતો હતો. પણ ત્યાર પછી એનાં અનુસંગી એવાં 'બી–૨.' ઈ. સ. ૧૯૨૬ માં 'બી–૩ અને બી. ૪' ૧૯૨૮ માં, 'બી. ૫' ૧૯૩૦ માં શોધાયાં એ સમૂહ આજે વિટામિન બી કોમ્પ્લેક્સ' ને નામે ઓળખાય છે. એમાંના બે ખાસ ઉલ્લેખપાત્ર છે.

'બી –૧' એનું શાસ્ત્રીય નામ એન્યુરીન હાઇડ્રોક્લોરાઇડ. એ દૂધ અને ઇંડામાં ખૂબ વ્યાપક છે. દૂધ લોહિમાંથી જ સીધું બને છે. તેથી દૂધમાંના બી.૧ નું પ્રમાણ, તે પ્રાણીના લોહીમાં રહેલા બી. ૧ ના પ્રમાણ જેટલું જ ભારોભાર હોય છે. એ ઉપરાંત અનાજ કઠોળના આખા દાણામાં પણ તેનું પ્રમાણ સારું છે. તેમ જ કુશકી કે ફોતરાં નીકળી જવાથી આ સત્વનો ઘણો ભાગ નીકળી જાય છે. છડેલા અને વગર છડેલા ચોખામાં બી–૧ ના પ્રમાણમાં ઘણો તફાવત છે. શાકભાજી, ફળો અને યીસ્ટ (yeast) માં પણ તેનું પ્રમાણ સારું છે.

ગુણો: નરમ એસિટિક (તેજાબવાળા) પાણીમાં તેમ જ ૧૦૦ ડિગ્રીએ અર્ધો કલાક સુધી ગરમ કરવાથી તે નાશ પામતું નથી. પણ રોટી કે શાકભાજી વગેરે ખોરાકમાં આલ્કલી, બેકીંગ પાવડર, કે પાપડિઓ ખારો નાખવામાં આવતાં ગરમ થવાથી તે નાશ પામે છે.

૧.૫ થી ૨.૩ મિલિગ્રામ એ તેની સર્વ સામાન્ય દૈનિક જરૂરિયાત. પણ નાનાં બચ્ચાંઓ તેમ જ ગર્ભાવસ્થા વાળી સ્ત્રીઓને તેથી પાંચગણું પ્રમાણ જરૂરનું હોય છે.

આ બી–૧ વિટામિન શરીરના દરેક કોષના ઘડતરમાં અગત્યનો ભાગ ભજવે છે. અને તે જો પૂરતા પ્રમાણમાં ન મળે તો બેરીબેરી નામનો રોગ થાય છે. જેમાં ભૂખ લાગતી નથી. હોજરીમાં દુખાવો રહે છે, કબજિયાત થાય છે, ને શરીરમાં સામાન્ય નબળાઇ લાગે છે. અત્યંત દારૂ પીવાથી, જ્યારે હોજરીનાં અંદરના પડને નુકસાન થાય છે, ત્યારે પણ આ બી–૧ નું શોષણકાર્ય ઘટી જાય છે. ગર્ભાવસ્થા દરમ્યાન તેમ જ પછીની અવસ્થામાં બી–૧ ના અભાવથી સ્ત્રીને દૂધ ઓછું આવે છે. માણસ માત્રના શરીરની સામાન્ય તન્દુરસ્તી માટે આ બી–૧ વિટામિન ખૂબ જરૂરનું છે.

'બી.–૨' જેનું શાસ્ત્રીય નામ રીબોફ્લેવીન. જે પદાર્થમાં બી. ૧ હોય છે તે દરેકમાં બી. ૨ નું પણ પ્રમાણ સારું છે. ખાસ કરીને યીસ્ટ, વટાણા, ફળો, ગાયનું તાજું દૂધ, ઈંડાની સફેદીમાં. બી. ૧ કરતાં બી. ૨. વધારે ગરમી સહન કરી શકે છે. પણ અલ્ટ્રા-વાયોલેટ કિરણો તેમ જ આલ્કેલાઇન પાણીમાં નાશ પામે છે. પુખ્ત વયના મનુષ્ય માટે રોજ ૨.૨ થી ૩.૩ મિલિગ્રામ જોઈએ. બી. ૨ ના અભાવથી ખાસ તો ચામડીના રોગો થાય છે. હોઠ ફૂલી જાય છે. તેમ જ મોંના ખૂણાઓમાં વાઢતડો (Fissures) પડે છે. આ વિટામિનને હવે ખાસ નામ G નું અપાયું છે.

વિટામિન સી. જળદ્રાવ્ય પ્રજીવનક સી.

માણસનાં શરીરની ચેતનાને માટે આ વિટામિન બહુ અગત્યનું ગણાય છે. સામાન્ય રીતે લીલા શાકભાજી, ટમેટાં, કોબીજ તેમ જ સરગવાની શીંગ તથા તેનાં પાંદડામાં એ સારા પ્રમાણમાં હોય છે. મૂળા, બટાટા, ગાજર અને કુંગળીમાં પણ તે રહેલું છે. પરંતુ ખાસ તો લીંબું, દ્રાક્ષ, નારંગી, મોસંબી

આજ સુધીમા એકંદર નીચે મુજબના વિટામિનો શોધાયા છે વિટામિન એ, બી કે ડી લેક્સ (બી ૧, બી ૨, બી ૩, બી ૪, બી ૫ બી ૬, પેન્ટોથેનિક એસિડ ફિલ્ટ્રેટ ફેકટર, કોલીન બાયોસ ફેકટર 'યુ' પેગ એમીનો બેન્ઝોઈક એસિડ) સી ડી (ડી ૨ ડી ૩) ઈ. એફ જી. એચ. આઈ કે પી ટી

આ બધા વિટામિનોના ગુણ ધર્મ શા છે, આપણા કયા કયા દૈનિક ખોરાકમા કયા વિટામિનો છે, ને કયાનો અભાવ છે, તે જાણી લેવાય તો ખોરાકમા તેની પુરવણી કરવાથી શારીર શક્તિ જળવાય, તેમ જ દર્દોના સામનો કરવા શરીરમા શક્તિ આવે

વિટામિન 'એ' વસા દ્રાવ્ય પ્રજીવનક

શીમન્ડ્ઝ, બેકાનમ, અને પીટર્ઝ નામના વૈજ્ઞાનિકોએ પ્રયોગો દ્વારા સાબિત કર્યું કે મકાઈ, કપાસ કોપરાં સુરજમુખી, તથા સોયાબીન્ય સિવાના તેલમા વિટામીન 'એ ઓછા પ્રમાણમા હોય છે કઠોળમા પણ એનુ પ્રમાણ ખૂબ ઓછુ છે જ્યારે માખણ ઈંડા, આન્દ્રાફ઼ા (રજકો ગ ય) પાલખ ભાજી, તેમ જ કોબીના પાદડામા તેનુ પ્રમાણ ઘણું જ સારુ છે કોથમીર તથા લીની ભાજીમા એનુ પ્રમાણ ઠીક ઠીક છે, ગાજરમા તે વધારે છે પાકી કેરી ખજૂર, કેળા ને કાચા ટમાટા (પક્વ, પણ રાધ્યા વગરના)મા પણ તેનુ તત્વ રહેલુ છે (કોડ લીવર ઓઈલ, હેલીબટ લીવર ઓઈલ શાર્ક લીવર ઓઈલ, વગેરેમા તે ખૂબ જ પ્રમાણમા છે)

ગુણો —જે શાકભાજી અગર તેલોમા એનુ તત્ત્વ રહેલુ છે, તેને પ્રાણવાયુ આપનારા (ઓક્સીડાઈઝિંગ) પદાર્થોની ગેરહાજરીમા ગરમ કરવાની તે નાશ પામતુ નથી પાણીમા પણ તે ઓગળતુ નથી તેથી શાકભાજીને પાણીમા રાંધવાથી એ નાશ પામતુ નથી ડબ્બામા પેક કરેલા તેમ જ રેફ્રીજરેટરમા ઠંડા રાખેલા ખોરાકમાથી પણ તે નાશ પામતુ નથી

મનુષ્યની દૈનિક જરૂરિયાત લીગઓફ નેશન્સે નીમેલા ટેકનિકલ કમીશને ૧૯૩૭ મા નક્કી કર્યું કે પુખ્ત વયના મનુષ્ય માટે ૩૦૦૦ આનરરાષ્ટ્રીય યુનિટની જરૂર છે અને તેટલા યુનિટો એક પીન્ટ દૂધ, એક ઈંડુ એક ઔંસ માખણ તેમ જ તાજા લીલા શાકભાજી લેવાથી મળી શકે છે *

કેટલાક નિષ્ણાતોએ શરીરના વજનના પ્રમાણમા વિટામિન 'એ'ની જરૂરિયાત શોધી કાઢી છે ને ૧૦૦૦૦ ગ્રામે ૨૦ આંતરરાષ્ટ્રીય યુનિટ વિટામિન 'એ' ની ઓછામા ઓછી જરૂરિયાત જણાવી છે

શરીરના જે અવયવો ઉપર એપીથેલીઅલ કોષો હોય છે (દાખલ તરીકે શ્વાસોચ્છ્વાસની ક્રિયા કરતા અવયવો, મોમાં રસ છોડનારી ગ્રંથીઓ, પ્રજનન કરનારા અવયવો અને આંખ) એ બધાના કોષના બધારણમા વિટામિન 'એ' ના અભાવથી ફેરફાર થાય છે સૂક્ષ્મ જંતુ અગર બેક્ટેરીઆ સહેલાઈથી દાખલ થઈ શકે છે અને સામાન્ય રોગના હુમલા સહન કરવાની શક્તિ ઘટી જાય છે દાંતના ઈનેમલ ને ડેન્ટીન તથા અસ્થિના બધારણમા પણ વિટામિન 'એ' અગત્યનો ભાગ ભજવે છે રાત્રે નહિ સૂઝવાનો—રતાંધળાપણાનો—રોગ પણ વિટામિન 'એ ના અભાવનુ જ કારણ છે

* વનસ્પતિ વિષયના પુસ્તકમા પ્રાણીજ ખાદ્ય પદાર્થોનું વર્ણન ન હોવુ જોઈએ, વળી પ્રાણીજ ખોરાક મનુષ્ય માટે હિતકર નથી, દૂધ ઘી વગેરે લેતા પશુઓ પર અત્યાચાર થાય છે, એ આ અહાર વિભાગમા થાક રસ ફેક્ટ અબાઉટ ફૂડ પુસ્તકના એક ફકરાથી બીજે સ્થળે વાચકને જોવામા આવશે 'કુમાર'નો લેખ અક્ષરશઃ છપાય ને હેતુથી જ આ દૂધ, દહીં, માખણ વાળી હકીકત કાયમ રાખી છે

'ઓસ્ટીઓ મેલેશિયા (Osteomalacia) નામનો રોગ થાય છે. આ બંને રોગો વિટામિન 'ડી' ના અભાવથી હાડકામાં કેલશ્યમનું પ્રમાણુ ઘટી જવાથી થાય છે.

કુદરતે આ વિટામિન મુક્ત હસ્તે જુદા જુદા પદાર્થોમાં તૈયાર કરી રાખ્યું છે. લીલા શાકભાજી, ટામેટાં, ગાજર, માછલીનું તેલ. ઈંડા, દૂધ, માખણ, તથા ઘઉં અને મકાઈમાં તે હોય છે. પણ આ બધામાં માછલીના તેલ તથા સૂર્યના તાપમાં તપેલું ઘાસ ચરતી ગાયોના દૂધમાં તે ઘણાં મોટા પ્રમાણમાં હોય છે. વળી આ વિટામિન આપણને સહેલાઈથી ને મફત મળે એવી અદ્ભુત વ્યવસ્થા કુદરતે કરી રાખી છે. આપણાં શરીર પર સૂર્યનાં કિરણો સીધાં પડવા દઈએ તો શરીરમાં વિટામિન 'ડી' એની મેળે સારા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. સવારનાં નિયમિત રીતે સૂર્યસ્નાન કરનારને આ વિટામિન પૂરતા પ્રમાણમાં મળે છે. અંધારા ઘરમાં રહેતાં છોકરાં તથા પડદો પાળતી સ્ત્રીઓને ઉપર જણાવેલા રોગો થાય છે. તેનું કારણ તેઓ સૂર્યના પ્રકાશથી વંચિત રહે છે તે જ છે.

લીગ ઓફ નેશન્સના કમિશને જાહેર કર્યા મુજબ નાનાં બાળકોને રોજ આ વિટામિનના ૪૦૦ થી ૫૦૦ આંતરરાષ્ટ્રીય યુનિટની અને મોટેરાંઓને ૭૦૦ યુનિટ જરૂર છે. ગર્ભાવસ્થા તથા સ્તનમાં દૂધ ભરાવાને સમયે સ્ત્રીઓને તેની ઘણી જરૂર રહે છે. આ વિટામિન એન્ઝાઇમ ફોસ્ફેટસને હાડકાંમાં રાખી શકતું હોવાથી તે કેલશ્યમ ફોસ્ફેટનું પ્રમાણુ વધારે છે. જેથી અસ્થિઘડતર ઘણાં ઊંચા પ્રકારનું થાય છે. વળી તે લોહીને કોષ સમૂહોમાં કેલશ્યમ અને ફોસ્ફરસનું સામાન્ય પ્રમાણુ જાળવી રાખવામાં મદદ કરે છે. દાંત મજબૂત અને સારા રહે તે માટે પણ આ વિટામિન પૂરતા પ્રમાણમાં લેવું આવશ્યક છે.

વિટામિન ઇ. વસાદ્રાવ્ય પ્રજીવનક ઇ.

સર્વ વિટામિનમાં આ જ વિટામિન એવું છે કે જે ઉષ્ણુતા અગર ગરમીથી નાશ પામતું નથી. પણ પ્રાણીમાત્રને માટે આ વિટામિન ઘણું જ આવશ્યક છે. કારણુ તેનાં અભાવથી પ્રાણીઓમાં વાંઝિયાપણું ઉત્પન્ન થવાનો સંભવ ઊભો થાય છે.

લીલાં પાંદડાંવાળી શાકભાજીમાં, કઠોળમાં, તથા ઘઉં, ચોખા, મકાઈ વગેરેના તેલી તત્વોમાં આ વિટામિન ખૂબ મોટા પ્રમાણમાં હોય છે. કપાસ અને ઓલીવ (જેતુન)ના તેલમાં તેમ જ ઇંડા તથા માંસમાં તે સારા પ્રમાણમાં છે. પણ દૂધ, માખણ, ગાજર, કાકડી, કેળાં, બટાટા ઇત્યાદિમાં તે અલ્પ પ્રમાણમાં રહેલું છે. ૨૫૦ સેન્ટીગ્રેડ સુધી ગરમ કરવા છતાં યે આ વિટામિનમાં કંઇ ફેરફાર નહિ થતો હોવાથી રાંધવાની ક્રિયામાં તેનો નાશ થતો નથી. તે જ પ્રમાણે પ્રકાશમાં પણ ફેરફાર થયા સિવાય મૂળ સ્થિતિમાં રહે છે. માત્ર લાંબા સમય સુધી અલ્ટ્રાવાયોલેટ કિરણોમાં રહેતાં તે નાશ પામે છે.

દૈનિક જીવનમાં આ વિટામિનની કેટલી જરૂરિયાત છે, તે જોકે હજુ બરાબર જણાયું નથી; પણ રોજનાં ખોરાકમાં તે થોડા પ્રમાણમાં મળે તો ચાલી શકે. તેનાં અભાવથી પ્રજનન ક્રિયાપર બહુ માઠી અસર થાય છે. એમ ઉંદરોપર પ્રયોગો કરવાથી સિદ્ધ થયું છે. કેટલાક ઉંદરોને આ વિટામિન ન આપવામાં આવતાં તેમનાં ગર્ભમાં ફેરફાર થવા માંડ્યો, તેને લોહી મળતું અટકી ગયું. અને ગર્ભ મરી ગયો. પ્રજનનના અવયવોને પણ કાયમનું નુકસાન થયું. જ્યારે કેટલીક વાંઝણી ગાયોને આ વિટામિન આપવામાં આવતાં તે ગાયો ફરી ગર્ભિત થઈ.

વગેરે ખાટાં ફળોના રસ તેમ જ (તે ફળો પણ) છાલમા તેનું પ્રમાણ વધારે છે ને તેથી યે વધુ તેનું પ્રમાણ તાજા લીલા આમળા અને ગુલાબ ફળી (Rose hip)મા છે ફણગા ફૂટેલા અનાજ તેમ જ કઠોળમા સી'નુ પ્રમાણ ખૂબ વધી જાય છે ૧૯૧૯ મા બ્રિટિશ કમિટિએ બહાર પાડેલુ કે ફણગા ફૂટેલા અનાજ તેમજ કઠોળમા 'સી'નુ' પ્રમાણ વધીને શાકભાજીની બરોબરીએ આવે છે. ગાય બકરી ને બેશના દૂધમાં તથા સ્ત્રીના ધાવણમાં 'સી'નુ પ્રમાણ તે તે પ્રાણીઓના ખોરાકમા આવતા 'સી'ના પ્રમાણ પર આધાર રાખે છે. આ વિટામિન પાણીમા તરત જ ઓગળી જાય છે, પણ તેને માટે ખાસ સાવચેતી લેવાની એ છે કે હવા અથવા પ્રાણવાયુની હાજરીમા અને ખાસ કરીને 'ન્યુટ્રલ' તેમ જ 'આલ્કેલાઈન' પ્રવાહીમા અથવા થોડા જ પ્રમાણમા તાંબા તથા લોખંડની હાજરીમા ગરમ કરવાથી તે નાશ પામે છે

ફળો તેમ જ શાકભાજીમા 'એસ્કોર્બિક એસીડ ઓક્સીડેઝ' નામનો એક 'એન્ઝાઈમ' રહેલો છે તે પણ 'સી'નુ પ્રમાણ ઓછુ કરે છે માટે ફળ તથા શાકભાજી ઝાડ પરથી ઉતાર્યા પછી તરત જ વાપરવા જોઈએ. યા ઠંડકમા કે રેફ્રીજરેટરમા રાખવા જોઈએ (વાસી બીજા કે વધારે દિવસ રાખેલા બનતા સુધી ન ખાવા જોઈએ) છતા સુકવવાથી, મુરબ્બો કરવાથી, મીઠા (નીમક) કે 'સલ્ફરડાઈ' સાથે રાખવાથી તેનુ પ્રમાણ ઠીક ઠીક જળવાઈ રહે છે, અથવા તો ધીરે ધીરે ઘટતુ જાય છે

અમેરિકાની નેશનલ રીસર્ચ કાઉન્સીલની ખોરાક અને પોષણકાર્ય માટે નીમાયેલી કમિટિએ પુખ્ત વયના મનુષ્ય માટે દૈનિક સામાન્ય જરૂરિયાત તરીકે આ વિટામિન ૭૫ મિલિગ્રામ નક્કી કર્યો છે. બાળપણ, વૃદ્ધાવસ્થા, ગર્ભાવસ્થા, તેમ જ સ્ત્રીઓને દૂધ ધરાવવાના સમય દરમિયાન 'સી'ની જરૂરિયાત ઘણી જ વધારે રહે છે.

ખોરાકી પદાર્થોમાં કઠોળ, તેલીબીજ, શાકભાજી, ઘણી જાતોના મિષ્ટ અને શાકી ફળો અને પાંચેક દશકાથી નવી શોધાએલી બીટરૂટશર્કરા બક્ષનાર, દ્વિદળ સમુહ છે. જ્યારે મુખ્ય અનાજ મોટીના બીજ, શર્કરાની મોટી પેદાશ આપનાર શેરડી, અને નાળિયેરના કોપરા અને તેનું તેલ આપનાર એકદળ સમુહ છે.

અપુષ્પ સમુહના ભૂછત્ર, થોડાકની શર્કરા, ખાદ્ય છે. પણ તેઓમાં પોષક તત્વો ઓછાં હોવાથી અને થોડા પ્રમાણમાં મળતા હોવાથી વેપારિક નથી બની. પણ દરિયાઈ વનસ્પતિમાં ખનીજ તત્વો વિશેષ હોવાથી જો તેના પર ધ્યાન આપવામાં આવે તો મનુષ્ય શરીર માટે અત્યુત્તમ ખોરાક બને.

મનુષ્ય માટે પુષ્ટી વિજ્ઞાન પંડીતોએ ફેમીંગ' ઇન્કવાયરી કમીશન ફાઇનલ રિપોર્ટમાં અનાજનું પ્રમાણ રોજનું આ પ્રમાણે નક્કી કર્યું છે.

ઘઉં ચોખા આદી	૧૪	ઔંસ	દુધ	૧૦	ઔંસ
કઠોળ	૩	,,			
પાદડાની તાજી ભાજી	૪	,,			
કંદમૂળ	૩	,,			
અન્ય તરકારી શાકફળ	૩	,,			
મિષ્ટ ફળ	૩	,,	[illegible]		
શર્કરા	૨	,,	તેલ	૩	,,

ખોરાક વધુ પ્રમાણમાં ખાવાથી કે અમ્લક ખોરાકના જોઇએ તે કરતાં વધુ સેવનથી શરી ઝેર પેદા થાય છે. મળ મત્રાશય અને આંતરડાં નબળાં પડી તેમાં મળ કચરો ચોટે છે, આથી લે ભ્રમણક્રિયા પોતાનું કામ સરખી રીતે કરી શકતી નથી અને બિમારી આવે છે. આ વખતે અલ્કલ પ્રધાન ખોરાક લેવામાં આવે તો એ ઝેરને, અંદર બાઝેલાં મળ મૂત્રને, ધોઇ કાઢીને લોહી શુદ્ધ કરશે અને શુદ્ધ લોહીથી, શરીરના પાચનથી, બીજા રસો કસદાર બનશે. આ કસદાર રસોથી જ શરીર ખોરાકમાંથી સત્વોને ચૂસી શકશે. અલ્કલ પ્રધાનનું સેવન ત્યારેજ ખાધેલું ગુણકર બનશે. (સાથોસાથ એ પણ યાદ રાખવું જોઇએ કે શરીરની જીવન શકિત પ્રાણવાયુને આધારે વિકસે છે, તેથી થઇ શકે તેટલી શરીર શ્રમની, શુદ્ધ હવામાં દીર્ઘશ્વાસની અને સુર્યસ્નાન (ખુલ્લે શરીરે સવાર સાંજ સૂર્ય કિરણો શરીર પર લેવાની) પણ આવશ્યકતા રહે છે.)

મીલમાં છડેલ ચોખા પરથી ચુની નીકળી ગયેલાં ભાત ખાવાથી બેરીબેરી નામનો અત્યંત બેજાર કરનાર, વખતે જીવલેણ રોગ હિંદમાં પેદા થયો છે. ઓછામાં પૂરું ભાતને ઓસાવ્યાથી તો રહીસહી ચુની પણ નષ્ટ થઈ એકલો મેદો રહે છે, જે આંતરડામાં ચોંટી રોગ પેદા કરે છે.

---

* આ પ્રમાણ યુરોપના પુષ્ટી વિજ્ઞાનીઓએ પોતાના દેશના પુષ્ટ શરીરના માટે ઘડયું લાગે છે. આપણા હિંદ દેશમાં શરીર શક્તિનો વિચાર કરી વાપરવું. વળી દુધ મચ્છી ઇંડા સાથે આગળ મુકાબલો વાઇટલ ફેક્ટ એબાઉટ ફૂડ પુસ્તક પરથી બતાવ્યો છે તે જોતાં જણાશે કે મનુષ્ય શરીર માટે તેઓ લાભને બદલે હાનિકર્તા વધુ છે. વનસ્પતિ આહાર જ હિતકર છે.

ખાધા પછી કે કેળા ફળ અને શાકભાજીની તો આવશ્યકતા રહેજ. ગોળમાં તો કે ચૂનેન શેરડી જેટલી તો નહિ તેથી ઉતરતા પીનીને કાકડીના રસ જેટલા પણ નહિ છતાં ઠીક ઠીક અંગે ખનીજ ક્ષાર અને પ્રજીવનક રહે છે તેથી જમ્યા પછી તે ખાવું પણ સારૂ છે

ગો મધમધ સાથે ન ખાતા તેને સાથે ખાવાથી ઉદર વાયુ થઈ આવે અપાન વાયુ નીકળે કર અને ગુદા પવન છુટ્યા કરે આયુર્વેદના પુસ્તકોમાં કેટલીક આહાર કે ઔષધી વસ્તુ એક બીજાના સંયોગે વધુ હિતકર બને છે કેટલીક વિપરીત પરિણામ લાવે છે જેનું આ સારૂ દૃષ્ટાંત છે

ચોખાના દાણા પોચા અને ઉજળા હોય તેને આપણે મારા સમજીએ છીએ ચોખા જાડા હોય તે સારા ગણાય છે એ ભૂલ છે ઘઉંના દાણા જેમ કે રૂ ભારે રજવાળા અને જેમાં થુલું વધારે હોય તે તેજ ઉત્તમ છે ઉજળા મેંદાનો મોહ તજવો જોઈએ મીલો વાળા લોકોને ઉજળો કરવા ઝીણા વાયુનું મિશ્રણ કરે છે જેથી શરીરમાં ધીમી ઝેરી અસર થઈ રોગ પણ થાય છે

ચોખા મીલમાં છડ ચુની જતી રહેવાથી ઉજળા થાય પણ તેની અંદરથી કીમતી તત્વો નીકળી જાય એ મારણ હવે તો એ ચોખા ઉજળા પણ થાય અને કીમતી તત્વો પણ જળવાઈ રહે મીલોવાળા એ ચોખા મોંઘા વેચી વધુ કમાઈ શકે એ કારણ મીલોમાં છ વાથી પહેલાં ચખાને રાતે આપે છે પણ એ વરાળ આપનાર મજુરો કે જેને બીજી કમાઈ ન મળવાથી ન છુટકે એ વરાળ આપવાનું કામ કરવું પડે છે તેનું શું? રોગી અને આતુરતાથી કોણ તેની જાન તે તો જેણે એવા કારખાના જોયા હોય કે સમજ્યું જાણ્યું હોય તેજ જાણી શકે

થુલું (ભુસુ) કાઢી ઉજળા મેંદાના બનાવેલા બીસ્કીટ ઘણા દિવસ જુના નિકળે તેના ખાસ કરી ખાવા માટે તો ખૂબ જ હાનિકારક છે

ઉદભિજ્જાણુનું ખમીર (બેકીંગ પાઉડર) થી બનાવેલ પાઉં રોટી પચવામાં સારી ગણાય છે પણ જો તેમાં એ પાઉડર પૂરી સંભાળથી પ્રમાણસર નાખેલ હોય થુલા સહિતના લોટથી બનાવેલ હોય, એકાદ દિવસ રાખીને ખવાય તો હિતકર છે પણ જો પાવડર વધુ પડી જાય, કે ગરમ ગરમ ખવાય કે થુલા વગરના ખવાય કે વધુ દિવસ રાખેલા ખવાય તો ઉલટી, ચક્કર, પેટનો દુખાવો આંતરડામાં સોજો ચાંદી કબજીઆત વગેરે રોગો થાય

રોટલા રોટલી માટે જે લોટ બંધવામાં આવે છે તે પણ બાંધીને તેમાંથી તરત રોટલા ન બનાવતા જોઈએ ૪-૫ કલાક અગાઉથી બાંધેલ હોય તો હવામાના ઉદભિજ્જાણુ (બેકટેરિયાનો) ના સંયોગે તેમાં પણ થોડુ ખમીર ચડી લાભ કરે પણ એ બાંધેલ લોટ પણ બીજે દિવસે વાપરવાથી ખમીર વધુ ચડી નુકશાન કરે એ લક્ષમાં લેવું જોઈએ

પાછળ જણાવ્યા પ્રમાણે બીજનો ખોરાક દળ્યા વગર ન ખાઈ શકાય. કારણ મનુષ્યના દાંત કુદરતે ઘંટી જેવા નથી બનાવ્યા. સૂકવેલાં બીજ દાંતે ચાવી ખાતાં દાંત નબળા પડે. આથી દળવાં તો પડે, પણ અત્યારે સંચામાં દળાતાં અતિ ગતિથી તપી જઈ લોટ ગરમ બની તેની અંદરના તત્વોને હાની પહોંચાડે છે. આથી હાથ ઘંટી કે બળદ ઘંટીથી પીસાવીને જ લોટ બનાવવો જોઈએ. વળી અનાજ પર જે પડ હોય છે, તેની અંદર ઘણાં ક્ષારો અને પાચક તત્વો હોય છે. આ પડો-ભુસું, ચોખા પરની ચુની જો કાઢી નાખવામાં આવે તો એ કીમતી તત્વોનો લાભ મળી શકતો નથી. ઉલટું એકલો મેંદો શરીરને નુકસાન કરે છે.

આ રીતે વનસ્પતિ પોતાનું તો પોષણ કરે છે. સાથે દુનિયાના પ્રાણી માત્રનું પોષણ કરે અને તેથી જ કવિ સુરદાસજીએ ગાયું છે કે "વૃક્ષન સી મતલે" ધન્ય ધન્ય એ પરોપકારી.

બનાવટી ખોરાક:— યુરોપવાસીઓ અને તેઓના અનુકરણ કરનાર બીજા દેશોમાં અત્યારે ખોરાક વસ્તુઓ કારખાનાઓમાં બનાવી કે હસ્તક્રિયાથી જથાબંધ બનાવી છૂટી કે ડબાઓ ભરી વેચાય છે. તેમાં તેજાના વસાણા મસાલા નાંખી જીભને ઉત્તેજન મળે એવા સ્વાદોની બનાવવામાં આવે છે. હિંદમાં પણ શ્રીમંત વર્ગમાં તેનો મોહ વધતો જાય છે. આ ખોરાક ખૂબ જ હાનિકારક છે.

પાછળ જણાવ્યા મુજબ મનુષ્ય શરીર આશરે ૪૦ તત્વોના ચેતન ક્ષારોનું બનેલું છે. આ બધાં તત્વો શરીરરૂપી યંત્રના જુદા જુદા કાર્યો માટે મહત્વના છે. આપણા ખોરાકમાં શરીરની અંદરની શિરાઓ અને તંતુઓને સશક્ત બનાવવા માટે, ગરમી અને શક્તિની ઉત્પતિ માટે તથા અંદરની ગ્રંથીઓના સ્રવણ માટેના પાચક રસો બનાવવા માટે, આ તત્વો હોવાજ જોઈએ, એટલુંજ નહિ પણ ખોરાકની અંદર એ તત્વોમાંના અલ્કલ (Alkaline) તત્વોનો મોટો જથ્થો હોવો જોઈએ કે જે રક્તબિંદુને પ્રાણવાયુ સાથે ભળી જવાના કાર્યમાંથી વારંવાર ઉત્પન્ન થતાં ઝેરોને ઉતારી દેવા કામ લાગે છે; જીવનની વૃદ્ધિ અને ટકવાપણા માટે આ તત્વો રાસાયણિક ક્રિયાઓ સાથે બહુ ગાઢ સંબંધ ધરાવે છે; આથી શરીરની તંદુરસ્તી બક્ષે એવો અને યોગ્ય પોષણ આપે એવો સવાલ, સેંદ્રિય જનિત ક્ષારોથી શરીરના કાર્ય ઉપર પુરતુ ધ્યાન આપ્યા વિના કદી ઉકેલી શકાય નહિ

ખોરાક શરીરમાં શોષાઈ જાય છે, તેની યાંત્રિક ક્રિયા પ્રસરણ અને Osmosis ના નિયમથી સમજાવી શકાય, પણ આંતરડાની દિવાલ મરી ગયેલી ત્વચાના જેમ વરતતી નથી; દરેક અણુઓનું બિંદુ એક જીવન યંત્ર છે. ગ્રંથીઓની પ્રવૃતિ અને સ્રવણ ક્રિયા કે જે લોહીના તત્વો પસંદ કરવાની, લોહીમાંથી અમુક તત્વો લઈ લેવાની, જોડાણ અને ભેદની ક્રિયાથી તેમને બદલાવી નાંખવાની, ગ્રંથીઓની શિરાઓની અંદર તેમને મોકલી દેવાની, લોહી અને પાણીમાં નાખી દેવાની ધરાવે છે, તે ચમત્કારિક શક્તિ તો કુદરતની ચમત્કારિક શકિત છે; એ સિધ્ધ થઈ ચૂક્યુ છે કે શરીરમાંનો દરેક દરેક કોષ, સચેત વિદ્યુત એક બેટરી છે. અને વીજળી એ ગૂઢ જીવન શકિતને ટકાવી રાખે છે.

પાચનની સ્થુળ ક્રિયાને સમજાવવી હોય તો સૂકી દ્રાક્ષનું દષ્ટાંત આપીને સમજાવી શકાય. દ્રાક્ષની છાલ અખંડ હોય છે, તેમાંથી રસનો જામો પણ નીકળતો નથી. પણ તેને પાણીમાં રાખીએ તો એજ અખંડ છાલ સોસરૂં પાણી ચૂસી લેશે અને પોતે પોઢી બનશે. તેવીજ રીતે આંતરડામાં તૈયાર થયેલો અન્નરસ ચામડી સોંસરો ચૂસાય છે અને શરીર પોષણ મેળવે છે. પણ જીવતાં આંતરડાની ચામડી સૂકી દ્રાક્ષના જેવી અચેતન નથી. આંતરડાના દરેક દરેક કોષ એક નોખો જીવ છે. અને તેને સ્વતંત્ર વ્યકિતત્વ છે. તે અમુક અમુક તત્વોને અમુક અમુક પ્રમાણમાં પસંદ કરે છે અને ચૂસે છે.

ખાદ્ય પ ાથથી તા ા કુદરતી સ્થિતિમા જે તત્વા હોય છે તેવા અને તેટલા જ તત્વોને ભેગા કરીને કોઈ રસાયણશાળા કે કારખાનુ પૌષ્ટિક ખોરાક બનાવે તો પણ તે કુદરતી ખોરાકની તાને નહિ જ આવે કારણ કુદરતી ખોરાક તૈયાર કરનાર વનસ્પતિ સજીવ વસ્તુ છે તેઓ પૃથ્વી જળ વગેરે જડ તત્વોમાથી સૂયના પ્રકાશ જે રીતે પોષણ તૈયાર કરે છે તે રીત હજી છ એ સજીવ વસ્તુના અણુએ અણુમા રહેલી પ્રાણ શક્તિ જે ક્રિયા કરે છ તે વિનાનના જડ સાધનથી કદી થઈ શકતી નથી તેમજ જે અદ્ભુત રીત સજીવ દેહમા પાચનની ક્રિયાઓ થાય છે, તેનુ અનુકરણ કરવાનુ પણ જડ પ્રયોગશાળા માટે અશક્ય છે મા જીવનપ્રદ શકિતના કેન્દ્ર જીવરસ (Protoplasm) તો કુદરતી ખોરાકના મ િય તત્વો દ્વારા જ મળી શકે રાસાયણિક પ્રયોગ શાળામાથી આવતી બધી કહેવાતી ખાદ્ય જનક વસ્તુઓ એવી શક્તિ વિનાના પદાર્થોમાથી ઉત્પન્ન થાય છે કે તે જીવન ક્રિયામા ભાગ ભજવી શકે જ નહિ જેવા કે ક ઉપ ાનન સા બિન C ય ઇત્યાદિનામાન રસાયણશાળા વિધન નથી ક એ ચત ય ભના ાશ રી નામ એવા હોય છ

ય ત્ર રઘાના મહાન વિદ્વાન હૈગી ાડ પોતના ય ત્રોની પ્રશસા માટે એ ખતર નાક કામ ના ાનત ક રતા કેવી તારીફ કરી હતી જે નીચના વાકયથી સમજાશે

ય ત્રિક ક્રિયાથી બન સહેલાઈથી ગાયના દુધ જેવા જ ગુણોનુ બનેલ તત્વ કરના ચ નુ દુધ ા કે ાકે છે આ દુધ ગાયના જ જેવા ગાની હોય તમાથી નાકળી શ ે છ અને ત ગાયના દુધની અદર હ જ ાર ગ નીન ખગામ કરનાર સૂક્ષ્મ જતુઓ હોય છે તેથી વિભિ ન જાતના રોગ ગાયના દુધ ના ઉ ન થાય છે આમ ગી ય ત્રશાળામા આ વાત મ ાીત ક રવમા આવી છ

આ વાત સત્યથી તદ્દન વેગળી ગાયને એકના બીજ ખરાકમા નથી આવતા પર પૂરતા ગમા મા લીલો ચારો જોઈએ જેમાંથી આ ગાયની અ દરના તત્વો બીજ કતા જુદા આ ઉપરાંત ચારો ખુબ ઘણા કિંમતી હોય છે એ વાત બાજુએ મૂકીએ તો પણ મનુષ્ય સહિત બધા આપણા પ્રાણીઓના પાલણ માટે દુધ એક જ જરૂરી ખોરાક નથી પ્રાણી જ મોટુ થતા તેને મા નુ દુધ નથી મળતુ અને બીજ ખોરાક પર રહેવુ પડે છે રાસાયણિક ક્રિયાથી દુધ બનાવવાની રીત શોધ લોકોની આખમા ધૂળ નાખી ધન ઉપાર્જન કરવાની અને મૂર્ખતા ભરી છે આ મૂર્ખતાનો ભોગ આપણુ ભારત દેશ બની અત્યારે આ કારનુ પાઉડર દુધ ખાય છે

બીજા એક વિજ્ઞાનીએ કેટલાક વર્ષ પર છાપામા તેનુ વખાણ એવીજ મતલબનુ લખ્યુ હતુ

ડાકટર મા આસમાં રે ર યુનીવર્સીટીના ખોરાક ગવેષક ખાતાના ડિરેક્ટરે લખ્યુ હતુ કે ભવિષ્યમા એવો એક સમય આવશે કે જ્યારે દુનિયાના ખોરાકનો મોટો ભાગ કૃત્રિમ રીતે ઉત્પન્ન કરી શકાશે અને મનુષ્ય જાતન ખેતી કરવાની ખેતીની સખત મજુરીથી મુક્ત કરી શકાશે ખોરાકના તત્વો તરીકે કાર્બોહાઇડ્રેટ ચરબી અને એમીનો એસીડ વગેરે પ્રોટીન તત્વો રાસાયણિક પ્રયોગ શાળામા બનાવી શકાય મનુષ્યને ખરાકી શક્તિ માટે ખોરાકની ઉત્પત્તિના પદાર્થો સૂર્યના કિરણો ગ્રામ આપણે યાંત્રિક ક્રિયાથી સંય ાગ મીન યુનિટ્સ સમજીને હમણાની નીતિ ઝડપી પૂરી પાડી શકાશે અને જ રીતમા આવતા ડિસ ખા ાક જરૂરી જ તાકાત રહેશ ઉ જનિક દુનિયના વિકાસ મ ી રસ ાયણ ાી થઈ છ તે ખર થો સમજ છ સૂર્યનો પ્રકાશ વનસ્પતિની અંદર શકિત

[illegible]

રાસાયણિક શક્તિ અને સૂર્યના પ્રકાશની શક્તિની સમજ માટે દેખીતો છે. અને તે શક્તિ જમીનમાંથી ઉત્પન્ન થતાં પદાર્થોમાં ભરેલી હોય છે. જીવનની સંચાલક શક્તિ તે સૂર્યના પ્રકાશની શક્તિનું રૂપાંતર છે. સૂર્યના કિરણોનું રૂપાંતર જીવનરસ (Chlorophyll) બનાવવામાં વનસ્પતિના લીલા પાંદડાઓમાં દેખાય છે. પાંદડાની અંદરનો લીલ રસનો લીલા મલમ જેવો પદાર્થ જીવનનું શરૂઆતનું બિંદુ છે. લીલ રસ પોતે અસંખ્ય વર્ષોના વિકાસ પછીનું પરિણામ છે. (કેટલીક વનસ્પતિ, જેમાં લીલ રસ અથવા લીલાં પાંદડાં હોતાં નથી. તે બીજી રીતે બનેલા પદાર્થો ઉપર જીવે છે.) આ લીલ રસરૂપી ચમત્કારિક તત્વ કરોડો વર્ષો પૂર્વે સમુદ્રોમાંથી બન્યો હશે, એમ રાસાયણિકોની કલ્પના છે. સૂર્યના પ્રકાશમાંથી રાસાયણિક શક્તિ ઉત્પન્ન થાય છે, જે વડે જીવનનાં ડહાપણ કાર્યો અને રૂપરેખા બતાવે છે. આપણા શરીરને કૃત્રિમ રીતે કાઢેલા કર્બુદિત, નત્રજ, ચરબી, ખનીજ તત્વો કે વીટામીનથી પોષી શકાય જ નહિ. અતિ ગુંચવણ ભર્યું મનુષ્ય શરીર યંત્ર, જે જે જરૂરિયાત માગે છે, તે પ્રયોગશાળામાં બનાવેલ દવાઓની ગોળીઓથી કે કૃત્રિમ ખોરાકથી પૂરી પાડી શકાય જ નહિ.

ગ્રંથીઓના બિંદુઓ સાધારણ લોહીમાંથી દ્રવણ બનાવવા માટે યોગ્ય પ્રમાણમાં અમુક તત્વો ભેગાં કરે છે, જે લોહી કરતાં તદ્દન જુદા જ પ્રકારના હોય છે. આ કુદરતી ઝીણી ઝીણી ક્રિયાઓનું રાસાયણિક પ્રયોગશાળામાં અનુકરણ નજ થઈ શકે. રાસાયણ શાસ્ત્રીઓનું જીવન ધારણ કરવા અને વધારવા માટે કૃત્રિમ ખોરાક ઉત્પન્ન કરવાનું સ્વપ્નું કદી ફળીભૂત થશે નહિ. જીવનની તંદુરસ્તી માટે કુદરતે બનાવેલ ખોરાક કંઇ પણ ક્રિયા વગર ખવાય, તેના જેવી શક્તિ બીજેથી કદી પણ મળી શકે નહિ પ્રજનન તંતુઓને અનંતાએ પહોંચાડી શકે એવો જો કોઈ ખોરાક હોઇ શકે તો તે કુદરતી મહાન પ્રયોગશાળામાં વિશ્વ ચૈતન્યે બનાવેલો ખોરાક જ હશે. તેવો ખોરાક વિકાસ થતાં થતાં સ્વતઃ જ નીપજશે. એ નીપજતાં નીપજતાં અનંત કાળ જાય તો તે પણ જરૂરી હશે. મનુષ્ય શરીર માટે યોગ્ય ખોરાક તૈયાર થયો અને તે પર નિર્વાહ કરતું મનુષ્ય પ્રાણી બન્યું એ કાળ આવવાને માટે પણ સૃષ્ટિની ઉત્પતિ પછી કરોડો વર્ષો નહોતાં લાગ્યાં શું?

હાલમાં એક એવી માન્યતા છે કે હજમ થઈ જાય એટલે ખોરાકની યોગ્યતા કરી ચૂકી. પણ ખોરાકનું ખરૂં કામ સચેત વિદ્યુતના કણો પૂરા પાડવાનું છે. એ વાત પર હજી સૌનું લક્ષ ગયું નથી. હકીકત આ છેઃ— પ્રાણી શરીરમાં જે ગરમાવો અને માનસિક બળ છે, તેને કારણે જ અંગેઅંગ તાકાત અને તંદુરસ્તીથી ભરપુર રહે છે. એ ગરમી અને એ માનસિક બળ શરીરમાં રહેલી વિદ્યુત શક્તિને લીધે છે. એ વિદ્યુત શક્તિ સૂર્યના તાપમાં પાકેલાં લીલાં ફળોમાં, તેથી ઓછી સૂકાવેલા ફળોમાં કાચલા વાળાં (Nut સૂકા મેવા) બીજમાં, તેલી બીજમાં, અનાજ કઠોળમાં અને વનસ્પતિના બીજાં અંગો પાંદડાં, મૂળો વગેરેમાં સંગ્રહેલી હોય છે. અને જ્યાં સુધી તેમને કુદરતી સ્થિતિમાં રાખવામાં આવે ત્યાં સુધી જ તેમાં ટકે છે. તો પછી બનાવટી ખોરાક એ વિદ્યુત શક્તિ શી રીતે પૂરી પાડી શકશે?

છતાં જેમને શ્રદ્ધા હોય કે પુષ્ટિકારક લેખાતો બનાવટી ખોરાક પુષ્ટિ આપી શકે, તેમણે તેની પાકી અને પૂરી અજમાયશ કરી જોવી. તેમણે લાગટ બનાવટી ખોરાક ઉપર જ રહેવું અને કુદરતી ખોરાક ખાવો નહિ. આમ કરી જોતાં થોડા દિવસમાં જ તેમની ખાતરી થશે કે પુષ્ટિકારક મનાતો બનાવટી ખોરાક પુષ્ટિકારક નથી, પણ નાશકારક કે રોગકારક છે. બીજી બાજુ રોગથી પીડાતા દર્દીને

ફક્ત તાજાં સુકાં ફળ, શાકભાજીનું મ્યુબગ કે બાફીથી સીઝવેલ પર અને પચાવવાની શક્તિ આવે ત્યારે થોડા થોડા કાચવાળા બીજ પણ કે થો. કોઈ ફણગેલ અનાજ કઠોળના બીજના બાફીથી પચાવેલ ખોરાક પણ ગણવાથી ખાતરી થશે

ઉષ્માંક Calorie

પ્રાથમિક વિવરણમાં જણાવ્યા પ્રમાણે શરીરની ઘણા કોષોથી બનેલી છે અને એ કોષ ખોરાકી પદાર્થોના તત્વોથી બને છે, અમુક સમય કામ કરે છે અને ઘસાઇ જતા તેની જગાએ નવા બેસવાય છે અને એ નવા ખોરાકમાંથી બને છે એમ નિરંતર ક્રિયા ચાલ્યા કરે છે જો ખોરાકમાંથી નવા બનવા માટે અને કાર્ય કરતા કોષોને પોષણ માટે ખોરાકી તત્વોમાંથી તેને પોષણ મળતું રહે તો શરીર કુદરતે નિર્માણ કરેલા સમય સુધી ટકી શકે પણ તેમાં જો ઉણપ રહે તો સુખાકારી બગડે અકાળે મૃત્યુ થાય

કોષોના નિભાવ માટે મનુષ્ય શરીરને દરરોજ કેટલા ખોરાકની જરૂર પડે તે જાણવું આવશ્યક છે, પરંતુ મનુષ્યના કદ, પ્રકૃતિ, રહેણીકરણી આબોહવા વગેરે દરેકના સરખા ન હોય તેથી ખોરાકનું પ્રમાણ બધા માટે સરખું ન જણાવી શકાય પણ ખોરાક શાસ્ત્રીઓ કેદીઓ લશ્કર શાંતિ સમય વગેરે સમયમાં જમતા મનુષ્યોની સરેરાશ તપાસી જે આંકડા બનાવે છે તે પરથી અડસટ્ટો કાઢી શકાય. આ ગણતરી ખોરાક શાસ્ત્રીઓએ બે રીતે કરેલી છે

૧) તોલ કે માપથી

૨) જે રીતે તાપમાન થર્મોમીટરથી માપતા ઉષ્ણતાના અંશ થર્મોમીટરમાં વધારે થાય છે એ જ રીતે કેટલા ઉષ્માંક છે સૂર્યના તાપ કેટલે ઉષ્માંક છે તથા કેટલે ઉષ્માંક આવે શરીરમાં તાવનો ઉષ્માંક કેટલો છે તે જણાવવાની પદ્ધતિથી કે એવા કોઈ સાધનથી અમુક ખોરાકી તત્વો મનુષ્ય શરીરને જેટલા ઉષ્માંક આપી શકે તે આંકને કેલોરી કહે છે આ માપના જ્ઞાનથી ખોરાક શાસ્ત્રીઓએ જે જે ખોરાકમાં જેટલા ઉષ્માંક હોય તેટલું અમુક કદના મનુષ્યને જરૂરનું હોય તે બનાવેલ હોય તેથી આ તેના આધારે પદાર્થોમાં નહિ શકે તો પોતાની તંદુરસ્તી સારી રીતે જાળવી શકે

આ ઉષ્માંક મનુષ્યને ખાદ્ય જણાવેલ ત્રણ તત્વોમાંથી જે પ્રમાણમાં મળે તે આ છે —

(૧) ગ્રામ નત્રજનવાળો ખોરાક ૪.૧ કેલોરીની તાકાત આપે

(૧) ગ્રામ કાર્બોહાઇડ્રેટવાળો ખોરાક ૪.૧ કેલોરીની તાકાત આપે

(૧) ગ્રામ ચરબી તથા (Fat) વાળો ખોરાક ૯.૦ કેલોરીની તાકાત આપે

કઈ રીતે આખા દિવસમાં કેટલા જોઇએ!

ઔંસ ૫½ નત્રજનવાળો ખોરાક	૨૨ ટકા
૧૩½ કાર્બોહાઇડ્રેટવાળો ખોરાક જેમાં ૧૪½ મેદા સાકરવાળો ૩ વગેરે	૬૯ ટકા
૧½ ખનીજ ક્ષારયુક્ત	૯ ટકા
૩૪ = રતલ ૨॥	૧૦૦

ઉપરોક્ત નત્રજ, કર્બોદિત અને ખનીજયુક્ત ખોરાક પદાર્થોમાં જળ તત્વનું પ્રમાણ ૧૬ ઔંસ = ૧ રતલ હોવું જોઇએ.

રાષ્ટ્રસંઘના એક તજજ્ઞ કમીશને કેલોરીની જરૂરિયાત સંબંધી નીચેની યાદી પ્રકાશ કરી હતી.

(એ) સામાન્ય [illegible] ગાળતા, સમશીતોષ્ણ આબોહવાવાળા પ્રદેશમાં રહેતા, શ્રમ ન કરનાર, પુખ્ત ઉમરની વ્યક્તિઓની જરૂરિયાતની સરખામણી એ કમીશને કરી છે. આવા સ્ત્રીપુરૂષ માટે દૈનિક ૨૪૦૦ કેલોરીને પૂરતી ગણવામાં આવી છે.

(બી) આ જરૂરિયાત ઉપરાંત શ્રમનું કામ કરનાર માટે નીચે પ્રમાણે વધારો કરવો જોઇએ.

હળવા કામ કરનાર માટે	દર કલાકે ૭૫ કેલોરી સુધી
સાધારણ કામ કરનાર માટે	દર કલાકે ૭૫ થી ૧૦૦ સુધી
સખ્ત કામ કરનાર માટે	દર કલાકે ૧૫૦ થી ૩૦૦
અને સખ્ત કામ કરનાર માટે	દર કલાકે ૩૦૦ કે તેથી વધારે

એ કમીશને કેલોરીની જરૂરિયાતનું સરેરાસ પ્રમાણ આ પ્રમાણે જણાવ્યું છે.

૧૪ વર્ષની ઉમરના પુરુષને	૨૬૦૦ કેલોરી
૧૪ વર્ષની ઉમરની સ્ત્રીને	૨૧૦૦ કેલોરી
૧૨–૧૩ વર્ષની ઉમરના બાળકને	૨૧૦૦ કેલોરી
૧૦–૧૧ વર્ષની ઉમરના બાળકને	૨૧૦૦ કેલોરી
૬–૭ વર્ષની ઉમરના બાળકને	૧૬૦૦ કેલોરી
૪–૫ વર્ષની ઉમરના બાળકને	૧૦૦૦ કેલોરી
ગર્ભવંતી સ્ત્રીને	૨૪૦૦ કેલોરી
સ્તન પાન કરાવતી માતા કે ધાવને	૩૦૦૦ કેલોરી

દરિયાની સપાટીએ રહેનાર કરતાં પહાડો પર ઉંચાણ પ્રદેશમાં રહેનારને દોઢું કે તેથી વધારે ખોરાક જોઇએ.

આ માપ એ કમીશને યુરોપ અમેરિકાની ગોરી પ્રજા જે શીતલ આબોહવામાં રહે છે, વિજ્ઞાનમાં આગળ વધી બીજા દેશોનો કબજો લઈ સાધન સંપન્ન બની છે, તેના શરીરના બાંધા ઉપરથી સરેરાસ વજન ૧૫૦નું ગણી આંક્યું લાગે છે. પણ હિંદ તેમ બીજા દેશોની રાતી કાળી પ્રજા માટે આટલા માપની—જ્યાં સુધી એ દેશો પોતાની શરીર શક્તિ ખીલવી ન શક્યા હોય ત્યાં સુધી—જરુર ન રહે. ઉપયોગી ન બને. તેથી સમજપૂર્વક ઓછું ગણવું જોઇએ.

હિંદના ખોરાક શાસ્ત્રીઓએ બ્રીટીશ સરકાર હસ્તીમાં હતી તે વખતે હિંદની પ્રજા માટે જે અભિપ્રાય દર્શાવ્યા છે તે આ છે:—

પૂરા કદના મનુષ્યને સરેરાશ ૧ કલાકે તેના વજનના પ્રમાણમાં ૨.૨ (?) કેલોરી જોઇએ. શરીરની ગતી ઘટે નહિ એ માટે દરેક સેન્ટીગ્રેડમાંથી પાણીના ૧ કિલોગ્રામ ગરમીનું પ્રમાણ રહેવું જોઇએ. એ મોટી કેલોરી કહેવાય. દાખલા તરીકે એક મનુષ્યનું વજન ૧૫૪ એટલે ૭૦ કિલોગ્રામ હોય તો ૨૪ કલાકમાં તેને ખોરાકમાં ઓછું ૭૦ × ૨૪ = ૧૬૮૦ કેલોરી જોઇએ

નીચામા નીચુ શરીરનુ બધારણ ખરેખર શરીર ગાળનારાની સપાટી પર આધાર રાખે છે મનુષ્ય શરીરની બહુ સરખાઇ તેના વધારે પરિવર્તન પર છે પાતળા મનુષ્યનુ, લઠ્ઠ મનુષ્ય કરતા ઓછુ પરિવર્તન થાય છે પણ સરખાઈ ત્યારે જ થાય, જ્યારે ઉચાઈ અને વજન બન્ને કઈક સમાન ક્રમમા રહે માનસશાસ્ત્રના ખોરાક વિષયના સાદા અભ્યાસથી એક લઠ્ઠ મનુષ્યને શ્રમનુ કામ કરતી વખતે તે જ્યારે અંગ મહેનતનુ કામ ન કરતો હોય ત્યારે જેટલી કેલોરીની જરૂર હોય તે કરતા દરેક કલાકે ૧ કિલોગ્રામ કેલોરીની તેને વધુ જરૂર પડે એ રીતે ઉપરની પદ્ધતિએ આપણે જોઇએ કે સરેરાશ એક મનુષ્યને ૧૦૦૦ કેલોરીની જરૂર તે જ્યારે કઇ પણ અંગ મહેનતનુ કામ ન કરતો હોય ત્યારે રહેતી હોય તેને શ્રમનુ કામ કરતી વખતે બીજી વધારે કેલોરીની જરૂર રહે આ શ્રમના કામમા પણ જેવુ કામ તેવુ પ્રમાણ રહે અને તેના કામના પ્રમાણમા દર કલાકે ૪૪ ચોપડીઓ સાંધનારને ૮૧ મોચીને ૮૦ કંસારા કે ધાતુનુ કામ કરનારને ૧૪૧ કરનીચરને રંગ દેનારાને માટે ૧૪૫ સુતારને ૧૪૬ લાકડા વહેરનારને કે વટી ઓજારો ૩૭૮ કેલોરીની દર કલાકે વધુ જરુર છે

હવે સુતારનો દાખલો લઇએ તેને દર કલાકે ૧૪૬ કેલોરી વધુ જોઇએ તે કામ એ સુતાર રોજ ૮ કલાક કરતો હોય એટલે ૧૪૬×૮=૧૧૬૮ કેલેરી તેને કામ બિલકુલ ન કરતો હોય તે વખતના કરતા આ વખતે વધુ જોઇએ તેનુ વજન ૧૫૪ રતલ (એટલે ૭૦ કિલોગ્રામ) હોય તો તેને ૧૬૮૦ કેલોરી જોઇતી હોય તેને આ રીતે આઠ કલાક કામ કરતા ૧૬૮૦+૧૧૬૮=૨૮૪૮ કેલોરીની જરૂર રહે પુષ્કળ અતિ શ્રમ કરનારને શીતળ પ્રદેશમા ૩૦૦૦ કે તેથી વધુ પણ જોઇએ

સ્ત્રીઓનો બાંધો મોટે ભાગે પુરૂષના કરતા નાજુક હોય છે આથી તેને પુરૂષ કરતા સરેરાશ ૧/૫ ખોરાક ઓછો જોઇએ

બાળકને ૧૪ વર્ષ સુધી નત્રજનવાળો અને કર્બુદિતવાળો ખોરાક વધુ જોઇએ (અત્યારે અમેરિકન ખોરાક શાસ્ત્રીઓ નત્રજનવાળો ખોરાક વધુ લેવાની વિરૂદ્ધ મત ધરાવે છે ખનીજ ક્ષારોવાળા માટે આગ્રહ કરે છે જે પાલન જણાવેલ છે)

છોકરાને દશ વરસની ઉમરથી છોકરા કરતા સવાયો અને પુખ્ત ઉમરની સ્ત્રી જેટલો જોઇએ ગરમ દેશ કરતા ઠંડા પ્રદેશના લોકોને અને ઉનાળા કરતા શિયાળામા ખોરાક વધુ જોઇએ

હિંદી તજ્જ્ઞો સરેરાશ પ્રમાણ આ પ્રમાણે જણાવે છે —

	નત્રજયુક્ત ઔંસ ગ્રેન	કર્બુદિતયુક્ત ઔંસ ગ્રેન
શ્રમ ન કરનાર માટે	૨ ૬૭ (૧૮૦)	૧૯ ૬૧ (૩૮૧૬)
સાધારણ મહેનત માટે	૪ ૫૬ (૨૦૭)	૨ ૨૪ (૧૬૮૮)
સખ્ત મહેનત માટે ,	૫ ૮૧ (૩ ૧)	૩૪ ૯૭ (૬૮૨૩)

આ ઉપરથી સમજી શકાશે કે ખોરાકનો આધાર શરીરના બાંધા તેના ધંધા પ્રમાણ વય વગેરે પર આધાર રાખે છે

સામાન્ય ગણત્રી એવી છે કે પુખ્ત વયના મનુષ્યને જોઇતી કેલોરી જોઇએ તેના

૨ વરસના છોકરા	૨૦ ટકા	૮ વર્ષ સુધીના બાળકો	૬૦ ટકા
૩	૩૦ ટકા	૧૧ ,	૭૦ ટકા
૫ ,	૪૦ ટકા	૧૪ , ,,	૮૦ ટકા
૭	૫૦ ટકા	પુખ્ત ઉમરની સ્ત્રી	૮૦ ટકા

આ ખોરાક લેવામાં એ ધ્યાનમાં રાખવું જોઇએ કે જેટલી કેલોરીની આપણને જરૂર હોય તેટલી સર્વે એકજ તત્વવાળા ખોરાકમાંથી ન લેવી જોઇએ, પણ નત્રજ, વસા, કર્બુદિત, ખનીજ યુક્ત અને પ્રજીવનકોવાળા ખોરાકમાંથી મેળવવી જોઇએ.

ખાદ્ય પદાર્થોને અમ્લક અને પ્રતિ અમ્લક (અલ્કલ) એવા બે ભાગમાં વહેંચી નાખીએ તો અમ્લક ખોરાકમાંથી મળતી કેલોરી એકંદર કેલોરીના અડધા હિસ્સાથી વધવી ન જોઇએ. અને જો અમ્લક પદાર્થો એટલે અનાજ, કઠોળ, વગેરેના થુલાં કે કુશકાં કે ચોખા પરની ચુની જો કાઢી નાખવામાં આવતી હોય તો અલ્કલ પદાર્થોની કેલોરી બે કે ત્રીજા ભાગની અને અમ્લક પદાર્થોની એક ભાગની રહે, એ હિસાબે ભોજન પત્રક ગોઠવવું જોઇએ. એટલે જો ૨૧૦૦ કેલોરીની જરૂર હોય તો તેમાં ૧ થી ૩ રતલ તાજાં ફળ જેમાં ૬૦૦ કેલોરી કે ¼ શેર સૂકાં ફળ. સમાર્યા બાદ ૧ થી ૧½ રતલ રહે, તેટલાં કંદમૂળ, શાકી ફળો અને પાંદડાંની ભાજીમાંથી ૩૫૦. એઓમાં મૂળા કે ગાજર જેવાં કંદમૂળ જે રાંધ્યા વગર પણ ખાઇ શકાય તે રાંધ્યા વગર ખાવાં. બોગો, સુરણ જેવાંને ધીમી આંચે પાણીમાં બાફી ખાવાં શાકી ફળોમાં કાકડી, ચીભડાં, ટમેટાં જેવાં રાંધ્યા વગર અને રીંગણા. કોળાં જેવાંને બાફીને, પાંદડાંની ભાજીમાં કોબી, મૂળા, ધાણા, જેવાં કાચા અને તાંદળજો જેવાં રાંધીને ખાવાં.

અનાજનો દળેલો લોટ થુલું કાઢ્યા વગરનો તેમાંથી ૬૦૦ કેલોરી.

તેલ તોલા ૨½માંથી ૨૫૦ કેલોરી.

ખોરાક વસ્તુઓની અંદરના તત્વો Elementsને હિસાબે એક પુખ્ત ઉંમરના મનુષ્યને વર્ષમાં એ તત્વોના પ્રમાણ કેટલાં મળવાં જોઇએ તેના આંકડા આ પ્રમાણે મળ્યા છે.

	રતલ	ઔંસ		રતલ	ઔંસ
ઓક્ષીજન (પ્રાણવાયુ)	૯૦	૦	સલ્ફર (ગંધક)	૦	૩½
કારબન (કર્બ)	૩૫	૦	ફ્લુઓરાઇન		૨½
હાયડ્રોજન (ઉદજવાયુ)	૧૫	૦	પોટાશિયમ		૩
નાઇટ્રોજન (નત્રજ)	૨¾	૦	સોડિયમ (નીમક અને તેની બનાવટો સોડા વગેરે)		૨½
કેલશિયમ (ચુનમ)	૩¾	૦	મેગ્નેશિયમ (જેરબોરો)		૨
ફોસ્ફરસ (સ્ફુરસ)	૧½	૦	આયર્ન (લોહ)		૧½
ક્લોરાઇન	૧½	૦	સીલીકા (ચકમક રેતી)		૧
	૧૪૯½	૦	મેંગેનિઝ		૧½
					૧૭½

ઉપલા તત્વોમાંથી ફોસ્ફરસ મજ્જાતંતુઓને અને દાંતને, લોહત્રાંબાદિ ધાતુઓના અંશ માંસ, વાળ, નખ લોહીને, કેલશિયમ હાડકાં અને દાંતને બનાવનાર, વૃદ્ધિ કરનાર અને પોષણ દેનાર છે. એક પુખ્ત ઉંમરના મનુષ્યને માટે દરરોજના ખોરાકમાં આ એક ગ્રામ ચેતન તત્વોનાં અંશ મળવાં જોઇએ. જેમાં એકલું કેલશિયમ .૭૫ ગ્રામ (૬૮૦ મીલીગ્રામ) હોવું જોઇએ.

આ પ્રમાણે મનુષ્યે ખોરાકના પ્રમાણનું જ્ઞાન મેળવેલું હોય તો તે પોતાના શરીરની સુખાકારી નિરંતર સારી રાખી શકે.

અપૂર્ણ ખોરાક શરીરને મળતો રહે તો તેના શરીરમાં ધીમો પ્રસારો ચાલુ થાય. શરૂમાં તેને ભૂખનું દુઃખ સાલે, પણ થોડે વખતે જાડા ઓછા અનાજથી ટેવાઈ જાય. છતાં એ ધીમા પ્રસારાથી શરીર દિનપરદિન ક્ષીણ થતું જાય શરદી, ગરમી, શ્રમ ચેપી રોગના આંચકા સહી ન શકે અને ક્ષય રોગ ચેપી રોગ જેવા જીવલેણ રોગનો ભોગ બની મૃત્યુ પામે બીજા રોગો કરતાં ભૂખથી પીડાઈ પીડાઈ મરવું અતિ ત્રાસદાયક છે

ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડ ટાપુઓ યુરોપિયનોએ શોધ્યા ત્યારે એ પ્રદેશો ખૂબ ભાગ્યે ત્યાં ગયા ન ઉતરતા પણ શરાબખોરી પણ જુગારો થતા જેઓ ચોરી, લૂંટફાટ વગેરે ગુનાઓ કરતા તેઓ આ ટાપુઓમાં દુઃખ સહિત ધકેલતા. ત્યાં થવાની કુટેવોથી અને ખોરાકીને અભાવે તેઓ એ ટાપુઓમાં ખૂબ દુઃખી થતા, તેઓમાં અનેક તરેહના રોગો ફેલાઈ મરણ પ્રમાણ વધતું જ ગયું હતું પણ દુઃખ એ મનુષ્યનો ઉત્તમ ગુરુ છે તેઓને લાગ્યું કે હવે ખાલી જીંદગી આરામી તો ઠીક પણ આપણા બાળબચ્ચાંની પણ ખરાબી જ થાય છે તેથી દેશમાં જ જરૂરિયાતની વસ્તુઓ પેદા કરી, સાથે તંદુરસ્તી સારી રહે એવા ઉપાયો કરવા જોઈએ તેને નક્કી તેઓ સદ્ભાગ્યે એક માનવ પ્રેમી પરોપકારી દેશ મહાન કીંગ નામના ડાક્ટર મળી ગયા તેણે સરકારદ્વારા ખોરાકમાં ફેરફાર કરાવી બાળમરણ કે હજારે બસોનું હતું તેમાંથી ઘટતે ઘટતે ઠેઠ પાંચ સુધી થોડા વર્ષોમાં જ કરાવી દીધું આજે ભારતમાં પણ લગભગ ૧૫૦–૨૦૦ છે

આજે ભારતમાં ખોરાકની પરિસ્થિતિ ખૂબ વિકટ બની છે દુઃખની વાત એ છે કે તે કુદરત સર્જીત નથી, અરે બ્રિટીશ પરદેશી સરકારની પરતંત્રતાવસ્થાથી પણ નથી પરંતુ રાષ્ટ્રીય સરકારના દેશી પરદેશી મુડીવાદીઓના સ્વચ્છંદપણાને લીધે મનુષ્ય સર્જીત બની છે અને પાંચપાંચ વર્ષ થયા સ્વાધીન બન્યા છતાં જારી છે કોણ જાણે કેટલા વર્ષ હજી ચાલુ રહેશે તે વિષે વિસ્તારથી પાછળ બીજા વિષયમાં લખાઈ ગયું છે, અહીં તો ફક્ત એટલું જ જણાવું કે ભારતના થોડા શ્રીમંતો સિવાય આજે મોટા વર્ગને અનાજ અપુરતું અને કિંમતી મળે છે ગરીબ જનતાને અત્યારે જે અન્ન મળે છે તે માંડ ૧૦૦ કેલોરી ગરમી પૂરી પાડે છે આઠ કલાક શ્રમ કરનારને—૧૫૦ રતલ વજનવાળા મનુષ્યને પોતે ખરચેલી શક્તિ પાછી મેળવવા માટે નીચેના ધોરણે કેલોરી મેળવવી પડે

૫૨૦ આઠ કલાક ઉંઘવાથી ખર્ચાતી કલાકની ૬૫ કેલોરી લેખે
૧૯૨૦ આઠ કલાક શારિરીક શ્રમ કરવાથી ખર્ચાતી કલાકની ૧૪૦ લેખે
૧૦૮૦ આઠ કલાક સાધારણ શ્રમ કરવાથી ને હરવા ફરવાથી ખર્ચાતી ૧૦૮૦ લેખે

૩૫૨૦

જર્મની પ્રજા સરેરાશ ૪૦૦૦ કેલોરી ખરચે છે અને બ્રિટન તથા અમેરિકામાં નાગરિકોને ૩૫૦૦ અને સૈનિકોને ૪૫૦૦ મળે છે યુરોપના બીજા સામ્રાજ્યોમાં પણ જ્યાં સરકારો પ્રજાની તંદુરસ્તી પર ધ્યાન આપે છે ત્યાં પણ આવીજ પરિસ્થિતિ હોય છે

ભારતની આબોહવા અને અત્યારનું પ્રજાનું જીવન ઉપરોક્ત ઉષ્માંક ન પચાવી શકે પણ અત્યારની સ્થિતિએ તેના પોણા ભાગનું તો અવશ્ય જોઈએ તેને બદલે અડધું પણ મળતું નથી પરિણામે રોગ અને મૃત્યુ વધતા ચાલ્યા છે

વનસ્પતિજ ખોરાકનો માંસાહાર સાથે મુકાબલો

આ વનસ્પતિ વિષયના પુસ્તકમાં પ્રાણીજ વિષયની બાબત અસંબંધ ગણાય, પણ માંસાહાર કરતાં વનસ્પતિજ ખોરાક શ્રેષ્ઠ છે તે બતાવવા ખાતર એ ખોરાકના દોષ બતાવી વનસ્પતિજ ખોરાક જ મનુષ્ય માટે હિતકર છે તે સાબીત કરવા થોડા વિવેચનની આવશ્યકતા ધારું છું.

દુનિયામાં અત્યારે બે અબજ આશરેની વસ્તી છે, જેમાં ફક્ત ભારતના ૯ કરોડ મનુષ્યો અને બાકીની દુનિયાના ૧ કરોડ આશરે મનુષ્યો બિન માંસાહારી છે, એમ યુરોપ અમેરિકાવાસીઓએ અડસટ્ટો કાઢ્યો છે. ભારત સિવાયના ૧ કરોડ મનુષ્યોમાં પણ તેઓએ જન્મથી નહિજ ખાધું હોય એવા તો ભાગ્યેજ મળે, પાછળથી સમજપૂર્વક વર્જ્ય કરે છે.

ભારતના આર્યો માંસાહારી હતા. મહાભારત અને રામાયણના પુરાતન ગ્રંથો જોતાં પણ જોવામાં આવે છે કે તે વખતે પણ માંસાહાર કરાતો, વિરુદ્ધતા જોવામાં આવી નથી. વર્જ્ય થયાનો સમય ભગવાન બુદ્ધ અને જૈનોના મહાવીર સ્વામી જેઓ લગભગ સમાન કાળમાં લોકપ્રિય બન્યા હતા તેઓએ પશુ પર અત્યાચાર જોઈ અને માંસાહારના ખોરાકના વિપરીત પરિણામ જોઈ વર્જ્ય કરાવ્યું હોવાનું અનુમાન ઘણા કરે છે. યુરોપવાસી ગોરાઓ વિજ્ઞાનમાં ખુબ વધ્યા છે, અને એ વિજ્ઞાનનો ઉપયોગ પોતાના સ્વાર્થ કાજે કરી રહ્યા છે. છતાં તેઓમાં કેટલાક તત્વદર્શી, હૃદયદ્રાવક, પરોપકાર વૃત્તિના, અને તીવ્ર બુદ્ધિશાળી પણ મળી આવે છે. અમેરિકામાં પશુઓ પર અત્યાચાર થાય છે તેથી તો સ્હેજે જ પણ માંસાહાર મનુષ્ય પ્રાણી માટે હિતકર નથી, હાનિકર જ છે. એ સચોટ દલીલોથી બતાવનાર મી. ઓટોકાર્યુ અને તેના પત્ની શ્રીમતી ઓટોકાર્યુએ વાઈટલ ફેક્ટ અબાઉટ ફુડ નામના પુસ્તકમાં પોતાનું મંતવ્ય જણાવેલ છે, તે હું તેઓનાજ લેખનું ભાષાંતર કરાવી વાચક સમક્ષ રજુ કરું છું. આશા છે કે વાચકને તે ઉપયોગી બનશે.

***Meat–The Least Essential and Most Expensive Food* માંસ ઓછામાં ઓછી જરૂરીયાતનો અને વધુમાં વધુ ખર્ચાળ ખોરાક છે.**

ઘણાજ ઓછા ભાગના લોકો જાણે છે કે કતલખાનામાં પ્રાણીઓનો ખોરાક માટે કાપવાનો ઉદ્યોગ અમેરિકામાં સૌથી મોટામાં મોટો ઉદ્યોગ છે. તેની વાર્ષિક પેદાસ Two million dollars થી વધુ છે. અમેરિકામાં લગભગ ૧૬૦૦ મોટા કતલખાના છે. જેમાં નાના કતલખાનાની ગણત્રી કરી નથી. ૧૨૦ અબજ થી વધુ ઢોર દર વર્ષે કતલખાનામાં કપાય છે; જેમાં નાના ગામડાએ કાપવામાં આવેલ અને શિકાર થયેલ પ્રાણીઓની ગણત્રીનો સમાવેશ કરવામાં આવેલ નથી. પેક કરવાનો ઉદ્યોગ (meat packing industry) લગભગ ૫૦ સાલ પહેલાં સીનસીનાટી (Cincinnati) માં ચાલુ થયો અને અત્યારની સ્થિતિ સુધી ખીલ્યો. માથા દીઠ માંસના ખોરાકની ખાદ્ય અમેરિકામાં ૧૪૫ રતલ ૧૯૨૧માં હતી. આ ખાદ્ય ૧૯૦૦માં હતી તે કરતાં લગભગ ૨૦ રતલ ઘટી છે અને ૧૯૨૪થી ઘટતીજ આવી છે. આખી દુનિયામાં અમેરિકાથી માંસ ખાવા બાબતમાં ઘણાજ દેશો આગળ પડતા છે. અને તે ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, અને આર્જેન્ટીન છે. આ દેશોમાં માથા દીઠ ૨૦૦ રતલ માંસની ખાદ્ય છે. યુરોપમાં માથાદીઠ માંસની ખાદ્ય ૭૦ રતલ છે એમાં વધારેમાં વધારે ખાદ્યવાળો ભાગ ગ્રેટ બ્રીટનનો છે, જયારે ઓછામાં ઓછી ખાદ્યવાળો ભાગ ઇટલીનો છે. જાપાનમાં માથાદીઠ માંસની ઓછામાં ઓછી ખાદ્ય છે અને તે ૧.૫ રતલ છે. જ્યારે માછલીની ખાદ્ય ૨૫ રતલ છે.

માંસ ખાવાની શરૂઆત માણસની જાતના ઇતિહાસમાં ઘણીજ મોડી થઇ છે. કુદરતી ખોરાક કાંઇ માંસ ખાવાની વૃત્તિ સ્વાભાવિક રીતે તો થઇ આવી નથી પણ ઘણીજ જરૂરિયાત તો ઉભી થવાના સંજોગોને લીધે થઇ આવી છે. પહેલાના જે માણસે સખત ભૂખથી જાનવરો મારીને પહેલી વખત માંસ ખાવા લાગ્યો હશે તેને માંસ પહેલા તો સ્વાદિષ્ટ ખાણું નહિ લાગ્યું હોય. પણ જેમ કે તમાકુ પહેલાં બીડી-સિગારેટ પીવાથી જેવો અનુભવ થાય તેવોજ કડવો અનુભવ થયો હશે. પણ બરફ વર્ષાં વખત કે દુકાળના સમયમાં માણસને માંસ ખાવા સિવાય છુટકોજ નહતો. માંસ ખાવાની વૃત્તિ નિશ્ચિતપણે ઉત્તર ધ્રુવમાં હતી જ્યાં વનસ્પતિ પુષ્કળ ઉગે છે અને ગ્રમયા ભરપુર હશે આખા વર્ષ દરમ્યાન કોઇ પણ સમય મળી શકે એ રોગને મેં માનતા નેમ છે કે દુકાળ જેવા વખતથી જ્યારે અનાજ મળતું ન હતું ત્યારે લાચારીથી તે માંસ ખાવા લાગ્યા હશે અને પત્થરના હથિયાર સાથી શિકારી થયા હશે. જો કે આજ માંસ ખાવાથી વનાવિ રીતે માંસાહારી ગુણોનો (Carnivorous characteristics) આમ થયાં છતાં તેની શારીરિક રચના અને પ્રાણીજ વૃત્તિ anatomical structure and physiological functions બદલાયેલા નથી. આ સાબીત કરે છે કે માણસનું તે કાંઇ ખાવાનું નથી.

Meat a stimulant—

Liebig અને Voit નામના વિદ્વાન શાસ્ત્રીઓ માંસ શરીરના પોષણ માટે અગત્યનું જ તેમ માનતા હતા અને તેમાં વધારે માનતા હતી કે તે માણસમાં શક્તિ ઉત્તેજન શક્તિ પણ આપે છે. પણ તે શક્તિ તેમાં રહેલા waste products ને આભારી છે. આપણા આપણી nervous system ને માંસમાં રહેલા ઝેરી alkaloids જેવા કે theine caffein nicotin વગેરે તેવાથી પણ ઉત્તેજીત કરી શકાય. પીઅ લ્યુ અ અસર તો થાય સમય પુરતીજ થાય છે જેથી ખરેખર તો માંસની બને માઠી અસર થાય છે. માંસ ખાવાથી શરીરમાં ગરમી જણાય છે અને સ્ફૂર્તિ પણ જગાય છે પણ માંસ પાચન સ્ત્રાવમાં આંતરડાં અને મગજ સરની નાડીમાં અમલ ત્ર થવાથી માઠી અસર થાય છે. વિશેષમાં નાડીમાં ઝેર પણ ધીમે ધીમે એકઠું થતું જાય છે અને છેવટે માંસ ખાનાર માણસની ૫૦–૬૦ ની ઉમરે હૃદયરોગ heart failure arteriosclerosis apoplexy, Brights disease cancer વિગેરે દર્દોનો ભોગ બનેલ જોઇએ છીએ.

માંસ એ ઘણીજ અપૂર્ણ ખોરાક છે. તે માંસાહારી પ્રાણીઓને જ ઉપયોગી છે કારણ કે તેઓ તેમાં સાથે હાડકાં મારે મોઢા ચૂનમ lime) અને લોહી તેમ ઃ શિકારના લોહી હાડકા અને મૂઈ અસ્થિઓમાંથી મેળવી શકે છે. વિશેષમાં માંસમાં વાડી પણ ઓછા પ્રમાણમાં હોય છે.

Meat Protein subject to a rapid Putre faction

માંસનું પ્રોટીન જલદી બગડી (કોહાઇ) જાય છે. માંસનું પ્રોટીન વનસ્પતિના પ્રોટીન કરતાં જલદી બગડી જાય છે એમ પ્રયોગથી સિદ્ધ થયું છે. તાજા માંસનું પ્રોટીન સડેલા પીપમાંથી થાય છે, પણ આપણા શરીરના કોષોની ઉત્સર્ગ ક્રિયા માટે તાજા કોષોમાના પ્રાણી કરતા એ નીત રહ્યું. વિશેષ આગળ પણ એમ સાબિત થયું છે કે પાચક મની અસર થયા બાદ પણ વનસ્પતિ પ્રોટીન માંસના પ્રોટીન કરતા ઘણું જ ઓછું બગડવા સંભવ છે. આવા ખોરાકો તે માંસ ઓછી વધારે toxic છે અને માંસ પ્રોટીન અપચા મૃત્યુ થાય ? ઓમ્પીટ (Occident) ના લેખો

આવી માન્યતા હજી ધરાવે છે કે સૌથી ઉત્તમ ખોરાક આ માંસ જ છે. કારણ કે તેઓને એમ શીખવવામાં આવ્યું છે. આપણા વૈદ્યકીય પુસ્તકોમાં પણ ખોરાક બાબત આવી જુદી માન્યતાઓ છે. ઘણા લોકો શોખ ખાતર, ટેવ ખાતર અથવા પ્રતિકૂળ સંજોગોને લઇને વધારે ભાગે માંસનો ખોરાક ખાય છે. પણ આપણી પાસે એવી એક સાબિતી નથી કે આવા માણસો માનસિક કે શારિરીક વિકાસમાં આગળ પડતા છે. કારણ કે તેઓ માંસાહારી છે. Archic Zoneમાં રહેતા મનુષ્યો માંસાહારી જ છે અને તેઓ ઠીંગણા છે અને ઓછું જીવે છે, એટલું જ નહિ પણ માંસના પ્રોટીનના ઝેરની અસર Counteract કરવા સાવચેતી પણ લીધી ન હોત તો તેઓનું અસ્તિત્વ ન હોત. તેઓ ઉનાળામાં વનસ્પતિઓ અને salmon-berris ખાય છે અને એક જાતનું seaweed જે ઉત્તર તરફ પુષ્કળ થાય છે તે પણ તેઓ ખાય છે. એસ્કીમો (Eskimo) અતિ મીઠું કે મસાલા ઉમેર્યા સિવાય કાચું માંસ ખાય છે પણ તેઓ પ્રાણીનું લોહી અને બીજા અવયવો કે જેમાં વિટામીન અને ખનીજ તત્વો (mineral element) હોય છે તેનો પણ ઉપયોગ કરે છે.

માંસમાં એવું એક તત્વ નથી કે જે આપણે વનસ્પતિની ૧૦૦૦ કે તેથી વધુ તેની ઉત્પાદન માંથી ન મળે. વિશેષમાં માંસ પુષ્કળ ખર્ચાળ ખોરાક છે અને તે તંદુરસ્ત લોહી અને માંસપેશી બાંધવા સંપૂર્ણ ખોરાક નથી. Lean meat માં સરેરાશ ૭૨ ટકા પાણી, ૨૦ ટકા પ્રોટીન, ૫ ટકા fat, ૨૦ ટકા extractive matter અને ૧૦ ટકા mineral matter હોય છે. પ્રોટીન ઘણા amino-acid નું બનેલ હોય છે. પણ તે સંપૂર્ણ વિકાશ માટે પૂરતું નથી. Lean meat માં વીટામીન 'એ' અને 'બી' નથી અને વીટામીન 'બી' ઘણું જ ઓછું છે. અને એટલે જ તેની antyscorbutic કિંમત પણ ઘણી જ ઓછી છે. માંસના પેક કરેલા (Tinned) અને માંસના આથેલા (pickled) આ દૃષ્ટિએ જરા પણ ઉપયોગી નથી. Extractive matters માં વધારે ભાગે waste poisons હોય છે. જેની અસર ઉત્તેજક હોવાથી શરીરને તાકાત આપનાર તરીકે ભૂલથી મનાય છે. વિશેષમાં માંસમાં સોડિયમ, કેલસ્યમ, લોહ નથી. જરા પણ લોહનો ભાગ તેમાં જોવામાં આવે છે, તે માંસપેશીમાં રહેલ લોહીને આભારી છે. આ લોહ ફીકો અને વનસ્પતિમાં રહેલ લોહ કરતાં ઘણું જ ઓછું કિંમતી છે.

માંસના ખોરાક વિરૂદ્ધ બીજી અને સૌથી અગત્યની દલીલ એ છે કે માણસ વનસ્પતિનો ખોરાક ઘણાજ નાના વિસ્તાર (area) માંથી મેળવી શકે છે, કારણ કે તે વનસ્પતિ તેને સીધી કુદરત તરફથી મળે છે. જ્યારે માંસનો જ ખોરાક લેનારને તે વનસ્પતિ ઢોરને પહેલાં ખાવા આપવી પડે છે. દુનિયાની વસ્તી વધતી જ જાય છે; એટલે માણસને તેના ખોરાક માટે પ્રમાણમાં નાના વિસ્તારથી સંતોષ માનવો પડશે. અત્યારે જે જમીનનો શિકાર-મેદાન તરીકે ઉપયોગ થાય છે. તે પર વનસ્પતિ ઉછેરી તેનો વધારે આર્થિક ઉપયોગ થઇ શકે. એક જમીનના ટુકડામાં ઉગેલ અનાજથી જેટલા ઢોર નભી શકે અને તેના માંસથી જેટલા માણસો પોષણ મેળવી શકે તેના કરતાં તે અનાજ ઉપર ૨૦ ગણા માણસો પોષણ મેળવી શકે એમ અંદાજ કાઢવામાં આવ્યો છે.

શિયાળામાં એક બળદ ૪૫–૫૦ રતલ ઘાસ ખાય છે. અને ૧½ રતલ માંસ (muscular tissue) પેદા કરે છે. બીજા શબ્દોમાં આપણે એક બળદને ૩૦ રતલ અનાજ આપીએ ત્યારે ૧ રતલ માંસ મળે. જે જમીન એક બળદને નભાવવા જરૂરની છે તેમાં ખોરાક ઉત્પન્ન કરીએ તો તે ૧૦ માણસને પોષણ આપી શકે. વિશેષમાં માંસ acid forming છે જ્યારે આપણો ખોરાક base forming જોઇએ.

પ્રાણીઓના દુધ સાથે મુકાબલો

વનસ્પતિ વિષયના પુસ્તકમાં પ્રાણીજ વિષય લેતાં વિષયાંતરનો તો દોષ આવે પણ વનસ્પતિ ખોરાક કરતાં પ્રાણીજ ખોરાક ઉતરતો છે તેનું પ્રતિપાદન કરવા માટે અને જો મનુષ્ય જાતિનો મોટો ભાગ પ્રાણીઓના દુધ જેવો અમૃત તુલ્ય માનીતો પ્રાણીજ ખોરાક તુરત ન જ છોડી શકતો હોય તો એ દુધ માગ પ્રમાણમાં અને ચોકખું ક્યાં વનસ્પતિજ દોર ખાદ્ય ખોરાકથી મળી શકે તે દર્શાવવા દુધનું વર્ણન વિસ્તારથી કરવું આવશ્યક લાગે છે. આશા છે કે વાચક વિષયાંતરનું દોષારોપણ નહિ મુકે.

આદિ મનુષ્યને જગતમાં વસતા બિન હિંસક વનસ્પતિ આહારી પ્રાણીઓ પર પ્રેમ કરતાં તેઓ વશ થઈ શકે એવાં જણાયાથી તેઓના દુધ પીવા તમન્ના જાગી અને તેઓના બચ્ચાંના ખોરાકમાંથી ભાગ પડાવવા લાગ્યા. એ વખતે જગતમાં ઘાસ, કંદમૂળ, ફળ, બીજ પુષ્કળ હતા તેથી ઢોરોને કે તેનાં બચ્ચાંઓને હરકત આવતી ન હતી. એ મનુષ્યો તેઓના ટોળાં બનાવી જે જે સ્થળોએ ઘાસ ચારો પુષ્કળ હોય ત્યાં લઈ જઈ તેઓને ચરાવતા. પોતાની સાથે ઢોરનું પણ સારૂ પોષણ કરતા.

એ પ્રાણીઓમાં ગાય પ્રાણી તેઓને વધુ પ્રમાણમાં મળે એવાં, વધુ દુધ આપે એવાં, વધુ ગરીબ અને વધુ સુંદર દુધ હોય એવાં જણાતાં અને તેઓના ગરીબીની અને બાર ઉપકારમાં સારો જણાતાં તેઓને હિંદમાં તો માતાની કે વન કે માતાની ઉપમા અપાઈ છે અને પુજનિક મનાય છે ઈરાનથી આવેલા પારસીઓ અને બીજા દેશોના કેટલાક ગ્રંથોમાં જગતીઓ પણ તેને પુજનિક ગણી તેને મારતા નથી તેનું માંસ ભક્ષણ કરતા નથી.

જો એ પ્રાણીઓને કુદરતે તેઓના બચ્ચા માટે બક્ષેલ ખોરાકમાંથી ભાગ પડાવવો એ એક પશુઓ પર અત્યાચાર છે કુદરતી ગુન્હો છે, એમ તો કોઈક ભાગ્યેજ વર્તન જણાશે, દોહીને દુધ કાઢવાની ક્રિયા અકુદરતી છે, અને તેમાં પણ અત્યારે હિંદમાં જે રીતે દુધ મેળવવામાં આવે છે, ખાસ કરી મોટા શહેરોમાં પીવાય છે તે તો એ પ્રાણીઓ પર ક્રુરતાજ છે, પુજનિક ગણવાનો દંભજ છે અને એ રીતે મેળવેલા દુધ મનુષ્ય જાતિના શરીરને ભયંકર હાની સ્વરૂપે કરી ગયા છે, જેની સમજણ મોટા ભાગને નથી. અત્યારે આપણે ત્યાં ઢોરની આ હાલત છે.—

(૧) ઢોરો માટે ગૌચર જમીનો થોડા ગામડાંઓ કે જગતો સિવાય ભાગ્યેજ હોય છે અને જે હોય છે તે પણ સરકારો કે રાજાઓ ભારે રકમની પરવાનગી લઈ આપે. આથી તેઓને જે લીલું ઘાસ કે જેમાં ખનીજ તત્વો અને પ્રજીવકો સારા પ્રમાણમાં હોઈ તેઓના શરીરને પુષ્ટ બનાવે તે ન મળતાં સુકા ચારા–ખનીજ અને પ્રજીવકોના અભાવ કે ઉણપવાળા મળે છે.

(૨) મોટા શહેરો નજીક દુર દુર સુધી મકાનોના બંગલા અને બાગોમાં કે કારખાનાઓ માટે મોટા વિસ્તારની જમીન રોકાયેલી હોય છે આથી તેઓને નજીકના પરાઓમાં રાખવા પડે છે અને તેથી ત્યાંથી લાવતાં વધુ વખત લાગી દુધ વધુ વખત બગડી જાય, રસ્તે કે મોટર બસથી લાવતા રસ્તાના ધુળ કચરા તેમાં ભળે, જગાના અભાવે મેલ હોવાથી દુધ વધુ કે નકામું કમાણીઓ થયા છે.

(૩) ઘેર ઘેર ઢોરો રાખવાની પ્રથા—જેમાં પણ નાના શહેરોમાં ઢોર રાખવાની પ્રથા—અતિ ખરાબ છે એને લીધે ઘરોના આંગણાં કે ચોક નો ઘરમાં જ રહે છે, તેમાં મચ્છરો અને બીજા જીવજંતુઓ તેમ ખુબ મળી ગંદકીને લીધે થઈ પડે છે, જે ઢોરની તેમ માલીકોની તંદુરસ્તી બગાડે છે નાનાં પણ

રાખવાથી આગનો અને સર્પ, વીંછી વગેરે જંતુઓનો ભય રહે છે. ઢોર, ખાદ્ય અનાજ કપાસીયા, ખોળ, ભુસો રાખવાથી ઉંદરો અને બીજા ઝેરી જંતુ–સાપ, વીંછી–વગેરે થઈ પડે છે તેના મળ મૂત્ર ઢોરોના એ ખોરાકમાં ભળી તેને બિમાર કરે છે, દોહવાઈ જાય કે તરતજ છોડી મુકવાથી આ દરવાજા બહાર ઉભી અને બચ્ચાં અંદરથી બરાડા પાડ્યા કરે, આ કે બચ્ચાં માટે ગોચર ન હોવાથી બચ્ચાં આખો દહાડો ગોંધ્યાં રહે, આ રસ્તાઓમાં રઝળી પારકા ઘરોમાં અનાજ શાક બજારોમાં અને પરાયાં વાડી ખેતરોમાં પડી નુકસાન કરે ત્યાં લાકડીના માર ખાતાં અને રસ્તા પરની કે સંડાશોની મનુષ્ય વિષ્ટા ઉકરડાઓ અને કચરા ખાતાં તેના દુધ ઘટે, રોગી બને.

(૪) હિંદમાં ઘેર ઘેર પશુ રાખવાની પ્રથા ઉપર જણાવ્યા પ્રમાણે છે તે ઉપરાંત જે લોકો પોતાને ઘેર ઢોરો પાળતા નથી પણ દુધ ઘી ખાવાના પ્રેમી છે, તેઓ માટે પશુ પાલનનો ધંધો કરી તેની કમાઇમાંથી ગુજરાન ચલાવનાર વર્ગ છે. આ વર્ગ અભણ, બહુ ઓછાં સાધનવાળો, અને અણસમજુ હોય છે. આથી સરકાર, રાજશાહી અમલદારો, ધીરધાર કરનાર વ્યાજ ખાઉઓ અને વેપારીઓ વગેરે તેઓને ચૂસે છે. અને ગૌચર જમીન જંગલોની રખાલો–ની ભાડે લેવા માટે મોટી રકમ પનચરી માટે દેવી પડે છે. સારા વર્ષોમાં કઇ કમાઇ થાય તો કપરા વર્ષ માટે ઢોર ખાદ્ય ખોરાક ચારાનો સંગ્રહ ન કરતાં વધુ ઢોરો ખરીદે છે. અને કપરો વર્ષ આવે કે ધીર ધારીઓ પાસેથી નાણા ઉપાડી કરજુ બને, અથવા ઢોરો મરી જવાથી માથે હાથ દઇ રૂવે. તેઓની પોતાની વૃતિ પણ પૈસો કેમ વધુ મળે એવી હોય, તેથી દુધમાં પાણી કે બીજી તનદુરસ્તીને બગાડનારી વસ્તું ભેળવે. મોટાં શહેરોના ગવલીઓ તો એટલે સુધી નીચતા વાપરે કે ઢોરોની યોનીમાં પુંછડી ઘોંચી વધુ દુધ મેળવે, પીનારને આ દુધ ઝેરી રોગી મળે.

(૫) સરકાર રાજશાહીઓ ઢોર મરી જાય તેના ચાંમડાનો હક પોતાનો ગણી બાંભના ઇજારા આપે, આ ઈજારા લેનાર બાંભીઓ ઇજારામાં ચડસા ચડસીએ વધુ આંક દઇ ખોટમાં ઉતરે કે વધુ પૈસાની લાલચે લોઢાની આર પર ઝેર ચડાવી રખડતાં ઢોરોને છૂપી રીતે ઘોંચેઃ પરિણામે બધાં તો ન મરી જાય, બાકીના રોગોથી પીડાય, એ રોગી ઢોરોના અથવા બીજા રોગોથી પિડાતા ઢોરોના દુધ વેચાતા લઇ પીનારની તંદુરસ્તી બગડે.

૬. કુદરતે સ્તન્ય વર્ગના પ્રાણી–માતાના સ્તનમાં દુધ બચ્ચું દાંત આવી ખોરાક ખાતો થાય ત્યાં સુધી જ બક્ષ્યું છે. એક વર્ષે અથવા માતાને વચ્ચે ગર્ભ રહેતાં એ દુધ કડવું અને ઝેરી બનાવી દે છે. પણ ઢોર પાળનાર તો આવાં કડવાં ઝેરી દુધ પણ ચોકખા દુધમાં ભેળવી વેચે છે, આથી પિનાર રોગનો ભોગ બને છે.

૭. ઓછા અને અપૂર્ણ તત્વોવાળા ખોરાક ઘાસચારાથી, બચ્ચાંઓ માટે દુધ પૂરતું ન રાખવાથી, ઢોરોની તંદુરસ્તીની કંઇ પણ દરકાર ન રાખવાથી, તેઓનો કદ નાનો બનતો ગયો છે. જીંદગી પર્યંત દૂર્બળ રહે છે. દૂધ ઓછાં અને રોગી મળે છે. રસ્તામાં રખડતા માયકાંગલા સાંઢની ઓલાદ ઉતરતી થતી જાય છે.

આ હકીકતે, દુધને જો લાયક ગણીએ, તોપણ ઉપરોક્ત કારણોથી નાલાયક બને છે.

દુધને જે મહત્વત્તા અપાઇ છે તેમાં ખૂબ જ અતિશયોક્તિ છે. રાસાયણિક શાસ્ત્રીઓએ સાબિત કર્યું છે કે કુદરતે નવા જન્મના બાળકના પોષણ માટે નાની મોટી રક્તવાહિની નલિકા (Arteries

and Capillaries)ની અંદરનું નાડી જે નિરંતર શરીરમાં ફરતું રહેલું લોહી પોષણ આપે છે તે નાડની અ મગજ ગર્ભાશયમાં રહે છે થાય જ રાખતે નાડીની અ તરો હોય છે તે ઉપરાંત બીજા તત્ત્વો લોહી એ નાડીનું મ સ્થિતિમાં રૂપાંતર કરી આમાં તરે છે અને સ્વતંત્ર આરસ મ ગરે ત્યાંસુધી ગર્ભમાં હોય તેની ઓર ફરી લગભગ એક રસ અંગ માતાના જે સ્ત્ન ની ને દઈ શીખાય તો તે રખને એ દુધન હોય આ લોહી બાળકી ફ મનુ માતા મટે લિંગ નાડીઓ દુધ રાખું માતા ઉપયોગી તેણે એ ઘણી ઘ પણ મુખના ... ને મનુષ્ય શરીરની અને રેક નાડીઓ શરીરની ... કે ખોરાક મરણ મ નથી તેથી તેનાથી માતા કે સ્તનમાંથી હાવ કર ચિંતા રે નો મા પડે કે અપગ થાય ત્યાર તેનું દુધ શરી ની જાત એનો માત તે કોઈ કનુ જ નથી

અનરગે કેટલીક જાતના મનુ ન પર ની કે મનુ જાતિ માટે શરી રોગી લીટ એવા મા પચાવી શકે પ તેઓનું દુધ મનુ માટે અહિતકર જ મન તેથી દુધ જે માતાના સ્તનમાંથી સીધું તાજું જ મુખમાં આવે તે હિતકર છે પણ તે ત્યાર છૂટું પડે તો તેની અ ર ન તજ સૂક્ષ્મ જંતુ થાય રોગના ખા ... જંતુ તર રોગી આરોગીનો વિના કયા ... પશુઓનું દુધ પીવાથી પશુ ... થા થવું ... દુધને અમૃતનું રોગી ઉત્તમ ... એ સૂત છે જેમ બાકર તાજી ... પચવામાં ભારે થાય ... વગેરે કેટલી વસ્તુ સાથે શરી ... તે રોગ સમજે છે?

... વધુ અને ... ... આ રાજી ને ... (થાકરો ...) ... થાય છે ... નાડીમાં ... થી ... થાય છે

જાપાનીઝ અને ચીનાઓ ... દુધ પીએ છે હિંદમાં ઘણા લોકોને દુધ મળતું નથી છતાં તેઓની તંદુરસ્તી દુધ ઘી માખણ ખાનારાઓ કરતાં સારી હોય છે

દુધ અને તેમાંથી બનતા માખણ ઘી એ વનસ્પતિ નાજ ... આહાર છે તેમાં વનસ્પતિની ... જ ... રસાયણિક ખનીજ ક્ષાર વગેરે તત્ત્વો છે અને તે પણ અપૂર્ણ છે ... એકે નથી

દુધ સબંધમાં અમેરિકાના શ્રી એરોસકર્યું પોતાનું મંતવ્ય આ જણાવે છે

Milk essential for Infants only

બાળકોનેજ દુધ જરૂરનું છે

આપણે દુધને શરીરની તાકાત અને તંદુરસ્તી જાળવવા એક અગત્યનો ખોરાક ગણીએ છીએ એક લેખ કહે છે સદીઓથી દુધ મનુષ્યના ... માથાનું આવ્યું છે ... બીજો લેખક કહે છે કે આપણે રોજ એક ક્વાર્ટ (quart) દુધ લઈએ તો ઘણું છે બીજા કેટલાક ખોરાક કરતાં દુધના રાસાયણિક તત્ત્વોમાં ... પ્રમાણે ઘણો ફેર પડે છે ... નાના બચ્ચાને ... દુધ આપે છે અને ... તેના ... એક ... એક ... છે ... કરે છે ... એમ તો નજર રાખીએ કે ... બાળક મોટું થાય ... તંદુરસ્તી માટે ... રીતે દુધના ... થી જ ... છે તે ... પુખ્ત ... અને ... ખોરાક ... ... વધી પડતા ... થ ...

દુધ જાનવરને દોહીને કાઢવું એ અકુદરતી ક્રિયા છે. તેથી જાનવરોની તાકાત ઘટી તે દર્દનું ભોગ બને છે. બધા લોકો માટે દુધ એ એકજ ખોરાક નથી. માણસની જાતના ઇતિહાસની દૃષ્ટિએ દુધનો ઉપયોગ થોડા સમયથી થાય છે. આજે પણ જાપાનીસ લોકો જેવા લોકો છે જેઓ ભાગ્યેજ દુધ પીએ છે.

નાનાં બચ્ચાંને તેના ઉછેર માટે માના દુધ ઉપરજ આધાર રાખવો પડે છે, પણ દુધ ઉપરજ રહેવાનો સમય ઘણો ટુંકો છે અને તરતજ કુદરત તેને ખોરાક ઉપર ઉછેરવાનું રહે છે. સ્વાભાવિક રીતે મા બચ્ચાંને ઉછેરવા જે કાંઈ આપી શકે તે પ્રવાહી રૂપમાં હોવું જોઈએ. આ રીતે arteries અને capillaies માં જે લોહી mammary gland ના ભાગને પહોંચે છે ને દુધ પેદા કરે છે, જે બાળકના પોષણ પુરતા દરેક તત્વોવાળું હોય છે.

લોહીમાંથી બનવા છતાં દુધ લોહીથી રાસાયણિક રીતે અલગ છે. દુધમાં જે સાકર છે તે Lactose છે અને લોહીમાં Glucose છે. એટલે mammany glands માં રાસાયણિક ક્રિયાથી ફેરફારો થાય છે તે સ્પષ્ટ છે. સામાન્ય રીતે mammany gland બાળકને દાંત આવતા સુધીજ દુધ આપે છે. Difference in the chemical Compostion of Milk જાનવરના દુધમાં અલગ ઋતુમાં અને અલગ અલગ સ્થિતિ વચ્ચે દુધના રાસાયણિક તત્વોમાં ફેર પડે છે. વીટામીન્સ પણ એક સરખા પ્રમાણમાં દરેક વખતે હોતા નથી. અને તે ખોરાક ઉપર આધાર રાખે છે. આ વખતે જયારે લીલું ઘાસ ઉગ્યું હોય અને જાનવર તે ખાતું હોય ત્યારે દુધ આપે તેના કરતાં સુકું ઘાસ ખાતું હોય અને તે દુધ આપે તેમાં વીટામીન્સ ઘણા ઓછા પ્રમાણમાં હોય છે. બાળકોને જે દર્દો ઠંડી મોસમમાં થાય છે (આપણે ત્યાં ઉનાળાની ઋતુમા) તે વધારે ભાગે દુધના કારણે થાય છે. કારણ આ સમયમાં ગાયને ઘણો જ અપૂર્ણ ખોરાક મળે છે.

આજ રીતે બાળકની માને જે ખોરાક મળ્યો હોય તે દુધમાં રહેલા વીટામીન્સ તથા સેંદ્રીય ક્ષારો પર અસર કરે છે. ખાસ કરીને જયારે તેની મા ગુસ્સામાં, બીકમાં કે ચિંતામાં હોય. આ રીતે માના દુધમાં કડક ચા કોફી અને આલ્કોહોલીક પીણાની પણ અસર થાય છે.

વધારે પડતું દુધ પાવાથી બાળકને ઘણા દર્દો થાય છે. દુધમાં વીટામીન એ, બી, ડી, છે. પણ Dr Casomir Funk જેણે વીટામીન્સની શોધ કરી છે. તેના આ પ્રમાણે દુધમાં વીટામીન્સના પ્રમાણની અતિશયોક્તિ થયેલી છે. એવા પણ બીજા ખોરાકો છે જેમાં દુધ કરતાં વીટામીન્સ ઘણા પુષ્કળ પ્રમાણમાં છે. આપણા વીટામીન્સ માટે આપણો આધાર એકલા દુધ ઉપર તો નથી જ.

આપણે આગળ જોયું તેમ જાનવરનું કે સ્ત્રીનું દુધ કયા પ્રકારનું છે તેનો આધાર આખો ખોરાક ઉપર છે. જો ખોરાક જ અપૂર્ણ હોય તો સ્વાભાવિક રીતે જ દુધ પૂર્ણ પ્રમાણમાં elements આપી ન શકે. માટે ગાયનું દુધ તે શું ખોરાક ખાય છે તે જાણ્યા પહેલાં ઉપયોગમાં લેવું ન જોઇએ.

ગાયનું દુધ ઉકાળવાથી અમ્લ બંધક (acid forming) થઈ જાય છે. જયારે આપણો ખોરાક તો ખરેખર આથી ઉલટો જ base forming જોઇએ. દુધને તેના કુદરતી સ્વરૂપમાં જ (તુરતજ જાનવર દોયા બાદ) ઉપયોગ કરવામાં આવે તો તે base forming છે. જો આપણો ખોરાક strong allcalforming હોય તો આપણે આશ્ચર્યજનક રીતે ઓછા પ્રોટીન પર રહી શકીએ

Milk deficient Iron

પ્રાણીઓ સાથેના પ્રયોગોથી જર્મન વિજ્ઞાન શાસ્ત્રી Bunge એ સિદ્ધ કર્યું છે કે પ્રાણીના નાના બચ્ચાના લીવરમાં પૂર્ણ વિકાસ પામેલ પ્રાણી કરતાં લોહ પાંચ ગણું હોય છે. બાળકમાં લોહી બે રીતે દાખલ થઇ શકે, એક તો placenta મારફત કે Mammary gland મારફત; કુદરત પહેલો રસ્તો જ પસંદ કરે છે. કારણ કે જો તેમાં અને alimentary canal મારફત દાખલ કરવામાં આવે તો તે fermentation થી decompose થવાનો ભય રહે છે; આ રીતે કુદરત બચ્ચાંને લોહીની અપૂર્ણતાના દોષથી બચાવે છે અને તે જ બતાવે છે કે શરીરના સૌષ્ઠવ અને તંદુરસ્ત અવસ્થામાં જ પુખ્ત લોહી જરૂરનું છે. જો બાળકને તેની કુદરતી મુદત બાદ પણ ધાવણાવવાની ક્રિયા (after period of lactation) ચાલુ રાખવામાં આવે તો તે દુધમાંના લોહીની શોષણ ક્રિયા અટકવાથી વૃદ્ધિ થતી નથી, અને anemic થઇ જાય છે.

માતાનું દુધ ઉપર જ હોય ત્યારે દુધમાંથી લોહીના થોડા ભાગની જ શોષણ ક્રિયા થાય છે. મુન્ગેએ સાબીત કર્યું છે કે સસલાનું બચ્ચું ચોથા અઠવાડિયાને અંતે દૂધ ખાતું થાય છે ત્યારે પણ લોહનું પ્રમાણ આ સમય દરમ્યાન કોઇપણ વખતે તેટલું જ રહે છે. પણ બાદ લોહનું પ્રમાણ ઘટી જાય છે અને બચ્ચું anemic દેખાય છે. પણ જેવું તે ઘાસ-ચારામાં લોહ મેળવે છે તે વખતે ત્યારે haemoglobinનું પ્રમાણ વધવા લાગે છે.

દુધમાં આયોડિન નથી. છ જાતના દુધના પૃથક્કરણ કરતાં એકેમાં પણ આયોડીન નીકળ્યું નથી.

મનુષ્ય શરીર માટે દુધ કેવું અહિતકર છે તેના મારા અનુભવના ત્રણ દૃષ્ટાંત આપું.

૧. કચ્છના એક ગામડામાં એક યુવાન બાર મુંબઇથી ખૂબ કૃશ શરીરે માતૃભૂમીમાં ઉપવાસ અને હવાફેર કરવા આવ્યો હતો. તેણે મુંબઇ પાસેના એક પરામાં દુધના ઉપચારથી શરીર સુધારી શકાય, કેવી રીતે એ દુધ પીવું વગેરે બતાવનારી એક સંસ્થા તરફથી માહિતી મેળવી હતી અને તે પરથી એક મહિના સુધી એકલા દુધ પર રહેવાનો પ્રયોગ શરૂ કર્યો હતો. હું ત્યાં ગયો ત્યારે એ પ્રયોગનો દશમો દિવસ હતો. મારા પરિચયવાળો તે હતો, તેથી તેના આ ઉપચારની માહિતી મેળવવા હું તેની પાસે ગયો. એ ઉપચાર માટે તેણે બે પુખ્ત શરીરની તાજી વિયાયેલી ગાયોનું દુધ દરરોજ પોતાને મળતો રહે તેવો પ્રબંધ એક ગોવાળ સાથે કર્યો હતો. અને આખો દહાડો બની શકે ત્યાં સુધી સતત સૂર્ય ભૂંગળીથી આસ્તે આસ્તે દુધ પીતો હતો અને થોડે થોડે કરતાં દશેક રતલ વજન સુધીનું દરરોજ પીતો. પાસે કાંટો રાખ્યો હતો તેમાં તોળાતો અને દરરોજ વજન વધતું જતું હતું, શરીર જાડું થતું જતું હતું તે પર સંતોષ કાતી જણાઈ રહી હતી. મને એ ગામમાં કંઇક કામ હતું, તેથી હું પણ ત્યારે છઠ્ઠે દિવસે ત્યાં જતો.

તેના પ્રયોગથી કેટલે સુધી પરિણામ આવે છે તે જોવા ઉત્કંઠા થઇ હતી તેથી જ્યારે જાઉં ત્યારે જતો. વીશેક દિવસે તો તે ઘણો જાડો બન્યો. સહુને નવાઇ લાગતી. તે પોતે ખૂબ હર્ષિત થતો હતો. આ પછી પચીસેક દિવસે તેને પેટમાં ઉછાળા આવવા લાગ્યા. તેથી પ્રમાણ વધારવાને બદલે ઘટાડ્યું પણ તેથી બંધ ન પડ્યા. અને ૨૯-૩૦ દિવસે તો જેવું દુધ પીવા આવે ને મોઢામાં નાંખે કે જોસભેર ઉલટીઓ થવા લાગી તેથી ગભરાયો. મેં એક ઉપવાસ ખેંચી દુધને તિલાંજલી આપી અનાજ ખાવું શરૂ કર્યું. પાંત્રીસમે દિવસે હું ત્યાં ગયો ત્યારે તો તેને ઝાડા થઇ આવતા હતા. આ ઝાડા દુધને

કારણે થયા હતા કે આંતરડા દુધના એકલા આહારથી કોમળ બન્યા હતા, તેઓ અનાજ ન પચાવી શકતા તેથી થયા હતા તે કળી ન શકાયું. થોડાજ દિવસમાં તે પાછો કૃશ બન્યો હતો. અને ગભરાઇ ગયો હતો.

મેં તેને ફળો અને શાકભાજી પર રહેવા સલાહ આપતાં એ સલાહ તેને તથા કુટુંબીઓને રૂચી. શરૂમાં તો કેળાં, પપૈયાં, મોસંબી, સંત્રાં, શેરડીનો રસ, એમાંથી જે જે મળે તે થોડાં થોડાં, ખજુર, દ્રાક્ષ, આલુ, અંજીર જેવાં સૂકાં ફળ અને સાથે પાંદડાની ભાજી તાંદળજો, મેથી, સુવા, ધાણાભાજી વગેરે તથા શાકીફળ-રીંગણ દુધી વગેરે પર રાખ્યો. બીજેજ દિવસથી ઉલટી તેમજ ઝાડા તદન બંધ થઇ ગયા હતા. ઉછાળા માટે મેં લીંબુના રસમાં જરા સીંધાલુણ નાંખી લેવાનું કહેલ. તેનાથી તરતજ બંધ થઇ ગયા હતા. ચાર છ દહાડે તો તેણે મને તેડાવી "હવે ભુખ ખમાતી નથી. અનાજની છુટ આપો"નું કહેતાં મેં અનાજની છુટ ન આપી, પણ બટાટા, સકરિયાં, સુરણ જેવાં કંદમૂળો થોડાં થોડાં ચાલુ કર્યા, તે પછી ભોંયશીંગદાણા, બદામ, પિસ્તાં, કાજુ થોડાં થોડાં આપ્યાં અને બે માસ પછી થોડું થોડું અનાજ ચાલુ કર્યું. તેથી શરીર ન પહેલાં જેવું કૃશ, ન દુધથી જાડું, સફેદ અને બેડોળ થયું હતું તેને બદલે સુડોળ અને રકતાભુંવાળું બન્યું. દુધના ખોરાક વખતે દિનરાત પથારી હતી. મેં તો ચલાય એટલું સવારસાંજ ચાલવાનું અને થોડી થોડી કસરત કરવાનું બતાવ્યું હતું. એ પછી એ ભાઈને દુધ પ્રત્યે ખૂબજ અણગમો થયો હતો. અને ન પીતા છતાં શરીર સારૂં જ રહેતું.

૨. બીજો અનુભવ મને એક બાર ચૌદ વર્ષના છોકરાનો થયો છે. કચ્છમાં વાગડની અંદર ઉપરાઉપરી બે ત્રણ સખ્ત દુષ્કાળ પડતા એક માલધારી (પશુપાલક) કુટુંબની ભેંસો, ગાયો, બકરાં, ઘેટાં બધાં મરી ગયાં. આથી પાયમાલ થઇ પોતાના જાન બચાવવા મારા શહેર માંડવીમાં આવ્યા. મારા ઘરની બાજુમાં એક નાની જગા એક સખ્સની હતી તે ભાડે રાખી તેમાં રહ્યા. પુરૂષ ચુનો દેવાનું કામ જાણતો તેથી કોઈ કડીયાનો સાથ શોધી તેનું કામ કરવા જતો. બૈરાં લાકડાની કે ઘાસચારાની ભારીઓ ઉપાડવાનું મજુરી કામ કરતાં એઓને સંતાનમાં ત્રણેક છોકરી અને એક જ ઉપરોકત જણાવેલો છોકરો હતો. આ છોકરાની મુખાકૃતિ જોતાં હોંશિયાર જણાતો, પણ તેને વાઇનું દર્દ થયું હતું તેથી બેભાન જેવો થઈ ગયો હતો, જો કે શરીરે કૃશ ન હતું. તેઓની એક છોકરી મેં મારા ઘરમાં રસોઇ પાણીની સહાયમાં નોકરીએ રાખી હતી. તેથી અને પાડોશી હોતાં સારો સંબંધ બંધાયો હતો. છોકરાની માએ મને ખૂબ કરગરી આ એકનાએક દિકરાને વાઇનું દર્દ થયું છે તે મટાડવા દવાની કંઇ માગણી કરી.

દયાથી તેમ પ્રયોગની લાલચથી મેં તેની સાથે "હું બતાવું તેવો ખોરાક અને પરહેજી પાળવાં" ની સરત કરી ને કબુલાત મળતાં મેં તેને રાત્રે એક જુલાબ આપી, તેના ઝાડા પેસાબ પ્રભાતે બતાવવા સૂચના કરી. મને શક હતો કે તેના પેટમાં કૃમિ હોવા જોઈએ, બીજે દિવસે ઝાડો તપાસતાં તેની અંદર થોડાં ચપટાં કૃમિ જોવામાં આવ્યાં. મેં પુછ્યું કે એ છોકરો વાગડમાં માંસ મચ્છી જેવો ખોરાક ખાતો? તેના જવાબમાં "થુ થુ" અમે એ વસ્તુને નજરે પણ ન જોઈએ કહી તે તરફ તિરસ્કાર બતાવ્યો, સાથે કહ્યું કે એક જ દીકરો હોવાથી તેમ તેને દુધ પર પ્યાર હોવાથી અમે તો તેને ભેંસના દુધ પર જ મોટે ભાગે રાખતા કે રોટલા અને દહીં છાસ જ ખાતો. મેં પુછ્યું શાકભાજી કે ફળો ખાતો? જેના જવાબમાં જણાવ્યું કે અમારા સૂકા ગામડામાં શાકભાજી તો ચોમાસે થોડો વખત મળે. અમને તે પર ભાવ પણ ન હોય. દુધ દહીં છાસ અને બાજરા જારના રોટલા જ.

મને લાગ્યું કે એ છોકરાને આ દર્દ એમાં દૂધથી જ પડવા લાગે છે, તેજ દિવસે તેને કૃમિની દવા ગળે આપી, પ્રભાતમાં એક મજબૂત જુલાબ આપ્યો. આથી તેના પેટમાંથી સેંકડો નવા કૃમિ અને મેંઢાનો પીળો અને મારા રંગનો મળ નીકળ્યો. ખાતપીતા ખૂબ આરામ થયા. એ છોકરાને ગળામાં તો નાકડાની કે જુવા, ગોળી ની જાડ પર એકાદ બે દિવસ રાખી પાછળથી, શાકભાજી સાથ થોડા અનાજમાં ફક્ત બાજરી પર જ રાખ્યા. અને ફરી પાછા ૭ દિવસે કૃમિની દવા આપી નરણા કોઠા થોડા દિવસના પરહેજ કરીને મેં છોકરાને જે દરરોજ એક કે કડી કરી તો દર બાર વખત ઝાડા આવતી, તે બંધ પડી. રમ્ મને દહીં ઠીક હતી, તેથી આઠ દસ દિવસે દવા આપતો. સાથ અરડૂસી આપી આપી તરત બંધ કરી, બાદ ખાવા આપ્યું. તે પછી પણ છોકરો શરીરે સુધર્યો ન હતો આથી હું તેને તાજાં ફળ, નારંગી વગેરે, ખજૂર, દ્રાક્ષ જેવા સૂકા મેવા વખતોવખત ખાવા આપતો. આ શરીર સુધર્યું ન હતું

